
# અમૃત-કલશ

## (ભાગ-૪)




પ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન શ્રુતપ્રભાવના પરિવાર**

દુબઈ

શ્રી કુંદકુંદ-કહાન અક્ષરશઃ જૈન પ્રવચનમાળા પુષ્પ-૦૦૪

नमः समयसाराय

પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ શ્રી કાનજીસ્વામી વ્યાખ્યાચિત

# અમૃત-કલશ

## (ભાગ-૪)

ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત સમયસારની
શ્રી અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત 'આત્મખ્યાતિ' ટીકાના કલશ-શ્લોક
તથા તેના પર ઢૂંઢારી ભાષામાં અધ્યાત્મરસિક-પં. શ્રી રાજમલજી
'પાંડે'એ રચેલી 'ખંડાન્વય સહિત અર્થ'રૂપ ટીકાના પુણ્ય-પાપ
અધિકારના કળશ ૧૦૦ થી ૧૧૨ સુધીના ઈ.સ. ૧૯૬૫-૬૬ની
સાલના પૂજ્ય શ્રી કાનજીસ્વામીના સ્વાનુભવ મુદ્રિત ૧૦ અક્ષરશઃ
મંગલ પ્રવચનોના ભાષ્યરૂપ...

ઝરણાના પ્રવાહક

શ્રીમતી રૂપલબહેન સુનીલભાઈ ડેલીવાલા

卐

પ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન શ્રુતપ્રભાવના પરિવાર

દુબઈ

મો. નં. ૦૦૯૭૧૫૦૫૫૨૭૩૯૩

| વિક્રમ સંવત<br>૨૦૭૯ | વીર સંવત<br>૨૫૪૯ | ઈ. સન<br>૨૦૨૩ |
| --- | --- | --- |

**પ્રકાશન**

શ્રી વિષ્ણુકુમાર મુનિ દ્વારા શ્રી અકંપનાદિ ૭૦૦ મુનિવરોનો ઉપસર્ગ નિવારણ દિવસ
વાત્સલ્ય-પર્વ દિન, બુધવાર, તા. ૩૦-૮-૨૦૨૩


**પ્રાપ્તિ સ્થાન**

જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને પ્રસ્તુત પુસ્તકની નકલ જોઈતી હોય તેમણે શ્રીમતી રૂપલબહેનનો સંપર્ક કરવા વિનંતી.
મો. દુબઈ : ૦૦૯૭૧૫૦૫૫૨૭૩૯૩, અમદાવાદ : ૯૧ ૮૨૩૮૪૪૩૫૦૩

ટાઈપ સેટિંગ :
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧




# શ્રીમદ્ ભગવત્ અમૃતચંદ્રાચાર્યદેવ



# અધ્યાત્મમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

દ્રવ્ય સકળની સ્વતંત્રતા જગમાંહી ગજાવનહારા,
વીરકથિત સ્વાત્માનુભૂતિનો પંથ પ્રકાશનહારા;
—ગુરુજી જન્મ તમારો રે,
જગતને આનંદ કરનારો.

# અર્પણ

જેમનો આ પામર પર અકથ્ય અનંત અનંત ઉપકાર વર્તે છે,
જેમની પ્રત્યક્ષ સમાન પાવન છત્રછાયામાં રહીને
આ અમૃત-કલશને ગ્રંથાકાર કર્યો છે,
જેઓ સમયસાર કલશમાં ભરેલા પરમકલ્યાણકારી
આધ્યાત્મિકભાવોને ખોલીને સદ્દુપદેશ દ્વારા
વીતરાગ જૈનધર્મની મહાન પ્રભાવના કરી છે અને
સમયસાર-કલશમાં ઠેકઠેકાણે ગાયેલી આત્માનુભૂતિથી વિભૂષિત
સહજ જેમનું જીવન છે,
તે પરમ પૂજ્ય પરમ કૃપાળુ સદ્ગુરુદેવ
શ્રી કાનજીસ્વામીના ભાષ્યરૂપ અક્ષરશઃ મંગલ પ્રવચનોરૂપ પુષ્પ
પવિત્ર ચરણકમળમાં
અત્યંત ભક્તિભાવે અર્પણ કરું છું.

શ્રીમતી કોકિલાબેન ધીરૂભાઈ ગાંધી
શ્રીમતી રૂપલબહેન સુનીલભાઈ ડેલીવાલા

# સદ્‌ગુરુદેવ સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દ્દષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)


નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!



## પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન


શ્રી રાજમલ્લજી પાંડે

# પ્રકાશકીય

આ એક પરમ મંગલમય સુયોગ છે કે આજથી લગભગ બે હજાર વર્ષ પહેલા આ જ ભારતભૂમિને અલંકૃત કરવાવાળા પરમપૂજ્ય **આચાર્ય ભગવંત કુંદકુંદાચાર્યદેવે 'સમયસાર'** (—**સમયપાહુડ**) નામક ગ્રંથાધિરાજની માંગલિક રચના કરીને ભવસમુદ્રમાં ડૂબતા જીવોને સ્વરૂપની સમજણ કરાવનાર લોકોત્તર ગ્રંથની રચના કરીને મહાન ઉપકાર કર્યો છે, જેની તુલના કરવા માટે ભરતક્ષેત્રમાં આજે કોઈ ઉપમાન વિદ્યમાન નથી.

તત્પશ્ચાત્ એક હજાર વર્ષ બાદ મહાન જ્ઞાની તથા કુંદકુંદાચાર્યદેવના મર્મજ્ઞ **આચાર્ય અમૃતચંદ્ર સૂરિ** થયા, જેમણે કુંદકુંદાચાર્યદેવના પ્રમુખ પરમાગમો ઉપર જ વિવેકપૂર્ણ ભાષા-શૈલીમાં ગંભીર વ્યાખ્યારૂપ અતુલનીય ટીકાઓ લખી છે, જે વિશ્વના ટીકા-સાહિત્યમાં માન્ય છે. આમાં 'સમયસાર' ગ્રંથાધિરાજ પર '**આત્મખ્યાતિ**' નામક ટીકા સર્વોત્કૃષ્ટ છે. આ ટીકા-ગ્રંથમાં જ્યાં જ્યાં તેઓ ભાવવિભોર થયા છે, ત્યાં તેમણે પદ્યબંધ સ્વરૂપે સંસ્કૃતમાં વિવિધ છંદોમાં અનુપમ કળશ લખ્યા છે, જેને '**સમયસાર-કલશ**'ના નામથી સ્વતંત્ર રચના સ્વરૂપે મહિમા મંડિત કરવામાં આવ્યા છે.

**અમૃતચંદ્રાચાર્યદેવ** પછી લગભગ પાંચસો વર્ષ બાદ 'સમયસાર'ના આ કળશોની મૌલિકતાને પ્રમાણિત કરવાનો સર્વાધિક સશક્ત પ્રયોગાર્થ, મહાન-મનીષિ પાંડે રાજમલજીએ '**સમયસાર-કલશ-ટીકા**' નામનો અદ્ભુત વ્યાખ્યાન ગ્રંથ લખ્યો છે. જેને જૈન અધ્યાત્મ તથા તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં વિશિષ્ટ માનવામાં આવે છે. આનું મોટું પ્રમાણ એ છે કે પાંડે રાજમલજીના નિકટ કાલવર્તી હિન્દી સાહિત્યજગતના મહામનિષી **કવિવર પંડિત બનારસીદાસજીએ** 'સમયસાર' ગ્રંથાધિરાજ પર જે '**નાટક સમયસાર**' નામની કાળજયી રચના લખી છે, તેમાં મુખ્ય શ્રેય કુંદકુંદાચાર્યદેવ કે અમૃતચંદ્રાચાર્યદેવને નહિ દેતા પાંડે રાજમલજીને આપવામાં અવ્યું છે. તેઓ સ્પષ્ટ શબ્દોમાં લખે છે કે 'પાંડે રાજમલ જિનધર્મી, નાટક-સમયસારકે મર્મી'. આ ઉપરથી પાંડે રાજમલજી દ્વારા વિરચિત 'સમયસાર-કલશ-ટીકા'ની મહત્તા સમજી શકાય છે.

પાંડે રાજમલજીએ આ 'સમયસાર-કલશ-ટીકા' નામક ગ્રંથમાં અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાનનું જે ઊંડાણ દર્શાવ્યું છે, તેનો મર્મોદ્ઘાટન તેમના પછી લગભગ પાંચસો વર્ષ બાદ ભારતભૂમિ પર જૈન-અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાનના અદ્વિતીય પ્રભાવક **આધ્યાત્મિક સત્પુરુષ શ્રી કાનજીસ્વામી થયા,** જેમણે આ ટીકા-ગ્રંથ પર સ્વયંના મંગલ પ્રવચનો દ્વારા અત્યંત સરલ પરંતુ પૂર્ણ પ્રમાણિક પ્રવચનો આપ્યા અને આ પ્રવચનો એક વાર નહિ પરંતુ **ચાર વાર** જાહેરમાં પૂર્ણ શાસ્ત્ર ઉપર આપ્યા છે તથા બાકીના અલગથી ઉપલબ્ધ પ્રવચનો પણ છે.

પ્રસ્તુત પ્રવચનોમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ કલશ-ટીકા સંબંધિત અનેક વખત પ્રમોદપૂર્ણ ઉદ્દ્ગારો વ્યક્ત કરી તેમની ભાવના વ્યક્ત કરી છે કે આ એક અદ્ભુત શાસ્ત્ર કૃતિ મહાન સદ્ભાગ્યે ઉપલબ્ધ છે. જે પાઠક વર્ગને પ્રવચનો સાંભળતી વખતે ખ્યાલમાં આવી શકે તેમ છે. તેમાંથી પ્રથમ વાર ઈ.સ. ૧૯૬૫-૬૬માં તેમના મંગલમય પ્રવચનોને મંગલ પ્રવચનરૂપ ગ્રંથારૂઢ કરવાનો પાવન-ઉપક્રમ પ્રસ્તુત કરવાનું સૌભાગ્ય અમને પ્રાપ્ત થયું છે. તદર્થ અમે પરમપૂજ્ય આચાર્ય ભગવંત કુંદકુંદાચાર્યદેવને, અમૃતચંદ્રાચાર્યદેવને, પાંડે રાજમલજીને તથા પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી પ્રત્યે ચિર કૃતજ્ઞતા વ્યક્ત કરતાં, સર્વ પાઠક વર્ગને સવિનય વિનંતી કરીએ છીએ કે પ્રસ્તુત પ્રકાશનમાં જે કંઈ શ્રેય છે, તે આ ચાર મહાન વિભૂતિઓને જાય છે અને જે કંઈ ક્ષતિ રહી હોય તેનો દોષ અમારો છે. તેથી સંપૂર્ણ સાવધાની તથા ચીવટ રાખ્યા પછી પણ કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો સર્વ પાઠક વર્ગના અમે ક્ષમાપ્રાર્થી છીએ અને તે અમારા ધ્યાન ઉપર લાવે, જેથી કરીને ભવિષ્યમાં તેનું નિવારણ કરી પુનઃ પ્રકાશિત કરવામાં આવે.

વિનીત

શ્રી કુંદકુંદ-કહાન શ્રુતપ્રભાવના પરિવાર

દુબઈ

ॐ

नमः सद्‌गुरवे।

# પ્રસ્તાવના

પ્રવર્તમાન શાસન શ્રી મહાવીર ભગવાનના નામથી પ્રસિદ્ધ જિનશાસન છે. પ્રવર્તમાન જિનશાસનમાં ભગવાન મહાવીર પછી ગૌતમ ગણધરથી માંડી અનેક આચાર્ય ભગવંતોની પરિપાટી થઈ, જેઓએ સ્વયંની પવિત્ર સાધના દ્વારા જિનશાસન ટકાવી રાખ્યું. જિનશાસનમાં પ્રસિદ્ધ મંગળાચરણમાં મહાવીર ભગવાન, ગૌતમ ગણધર અને ત્યારબાદ જેમના પવિત્ર નામનો ઉલ્લેખ અને સ્મરણ કરવામાં આવે છે એવા વીતરાગતાના પરમોપાસક શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ થયા. જેઓએ વર્તમાન જીવંત સ્વામી શ્રી સીમંધરસ્વામીની પ્રત્યક્ષ દેશના શ્રવણ કરી અને ભારતવર્ષના જીવોના ઉદ્ધાર અર્થે પવિત્ર પંચ પરમાગમોની રચના કરી. ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે સ્વયંની અંતરંગ અનુભવની પરિણતિમાં કલમ બોળીને અમૃતરસના ઝરણા પરમાગમોમાં વહાવ્યા છે. તેઓશ્રીની સશક્ત અધ્યાત્મ લેખની બાબત લખવું એ સૂર્યને દીપક બતાવવા સમાન બાળચેષ્ટાથી વિશેષ કંઈ નથી.

ભગવાન કુંદકુંદાચાર્યની પરિપાટીમાં ત્યારબાદ શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ થયા, જેમણે ભગવાન કુંદકુંદાચાર્યના હૃદયમાં રહેલ ભાવોને સ્વયંની મૌલિક શૈલીમાં ટીકા તથા કલશો રચીને જિનશાસનને વિશેષ શોભાયમાન કર્યું. જ્ઞાન તથા સંયમની મૂર્તિ એવા આચાર્યદેવે અધ્યાત્મના ગૂઢ ભાવો ભરીને પરિભ્રમણમાં ભટકતા જીવોને મોક્ષમાર્ગનું રહસ્ય ખુલ્લું કરી બતાવ્યું છે. અનાદિ કાળથી જીવ પરિભ્રમણમાં સુખની ઝંખનામાં દોડતો ક્યારેય સુખ પ્રાપ્ત નથી કરી શક્યો અને નિત્ય દુઃખને જ ભોગવ્યું છે. એક સમયમાત્ર સુખનું વેદન થયું નહિ. જીવો આવી દુઃખમય પરિસ્થિતિમાંથી બહાર આવી અતીન્દ્રિય સુખને પ્રાપ્ત થાય અને સાદિઅનંત કાળ નિજાનંદ ભોગવે એવી નિષ્કારણ કરુણાથી આચાર્યદેવે સત્‌શાસ્ત્રોની રચના કરી.

જિનશાસનના અદ્વિતીય આભુષણ સમાન શ્રી સમયસાર પરમાગમની અર્થગંભીર ગાથાઓની 'આત્મખ્યાતિ' નામની ટીકા અમૃતચંદ્રાચાર્યદેવે કરી. વિદ્વતાપૂર્ણ તથા અધ્યાત્મરસ ભરપૂર સંસ્કૃત ટીકાની સાથે તેમણે અનેક કલશો પણ રચ્યા, જે તેમના અધ્યાત્મરસપૂર્ણ કવિત્વની પ્રસિદ્ધિ કરે છે. પ્રસ્તુત અર્થગંભીર કલશોને પૃથકપણે લઈએ તો સ્વયં એક અધ્યાત્મ ગ્રંથ સમાન છે. તેથી તેને 'સમયસાર-કલશ' નામ આપવામાં આવેલ છે. તેના પર અધ્યાત્મરસિક પંડિત શ્રી રાજમલ્લજી પાંડેએ ટીકા લખી છે, જેને આ શાસ્ત્રમાં 'ખંડાન્વય સહિત અર્થ' એ નામથી આપવામાં આવી છે.

## પાંડે રાજમલજી સંબંધિત...

કલશ-ટીકાના રચયિતા પાંડે રાજમલજી વિક્રમ સંવતની ૧૭મી શતાબ્દિમાં થયા હોય તેમ વિદ્વાનોનું અનુમાન છે. તેમણે આ કલશટીકા રાજસ્થાનના ઢૂંઢાર પ્રદેશમાં બોલાતી જૂની ઢૂંઢારી

ભાષામાં લખેલી છે. સાંપ્રત મુમુક્ષુજીવો અર્થગંભીર ટીકાના ભાવોને સાદી સરળ ભાષામાં સમજી શકે તેવી તેમની ટીકા છે. ટીકાકાર પંડિતજીએ પ્રત્યેક શ્લોકોની ટીકામાં પ્રાયઃ દરેક ખંડાન્વયનો અર્થ ખોલ્યા પછી સંક્ષેપમાં ભાવાર્થ લખીને, સંક્ષિપ્ત સાર ભરીને પ્રસ્તુત વિષયને આત્મસાત્ કરાવ્યો છે. શ્રી રાજમલજી વિષયક કોઈ પ્રસિદ્ધ ઈતિહાસ પ્રાપ્ત નથી.

ટીકાકારની કૃતિ અતિ રોચક શૈલીથી પૂર્ણ હોઈને અધ્યાત્મરસિક કવિવર પંડિત બનારસીદાસજીએ 'કલશ ટીકા'ના આધારે અધ્યાત્મ કવિત્વપૂર્ણ કૃતિની રચના કરી—'નાટક સમયસાર'. તેમાં તેઓ પાંડે રાજમલજીનો ઉલ્લેખ કરતાં લખે છે '**પાંડે રાજમલ્લ જૈનધર્મી, સમયસાર નાટકકે મર્મી**'. સમયસાર કલશમાં સમાવિષ્ટ અધ્યાત્મના ગૂઢ તત્ત્વો વર્તમાનમાં સમજવા એટલા સહેલાં નથી.

## અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી સંબંધિત...

પ્રવર્તમાન દુષમકાળના નામે પ્રસિદ્ધ હુંડાવસર્પિણી પંચમકાળમાં જ્યાં મોક્ષમાર્ગ પ્રાયઃ લુપ્ત થઈ ગયો હતો, તેવી ઘોર અજ્ઞાનતમ પરિસ્થિતિમાં જિનશાસનનો ફરીને ઉદ્યોત કરવા અર્થે મહાવિદેહમાં પ્રત્યક્ષ સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનું રસપાન કરી ભરતના જીવોના આત્મ કલ્યાણ અર્થે અધ્યાત્મનો યુગ સર્જ્યો, અનેકાનેક જીવોને મોક્ષમાર્ગ પ્રતિ પ્રેરિત કર્યા, ભવ્ય જીવોની સુષુપ્ત ચેતનાને જાગૃત કરી, એવા દિવ્ય અધ્યાત્મચક્ષુ, જ્ઞાનદિવાકર, સ્વાનુભવ સંપન્ન ભગવતી પ્રજ્ઞાના ધારક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ અનેક અધ્યાત્મરસ ભરપૂર ગ્રંથોનું સ્વયં રસપાન કર્યું અને ભવ્ય જીવોને પણ કરાવ્યું. વર્તમાન કાળના મુમુક્ષુ જીવો પર તેમનો અવિસ્મરણીય ઉપકાર છે. જેને કથનમાં કહી શકાય તેમ નથી. તેમના ઉપકારોને હૃદયગત કરી ભાવાન્વિત થઈને તેમના ચરણોમાં નમસ્કાર અને વંદના.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક વર્ષો સુધી સનાતન દિગંબર જૈન શાસ્ત્રોનો સ્વાધ્યાય કર્યો અને મોક્ષમાર્ગનું નિહિત રહસ્ય સમાજ સમક્ષ સ્પષ્ટ કરી મૂક્યું. તેઓશ્રીની પ્રવચન-બંસરી દ્વારા આખાય હિન્દુસ્તાનમાં તથા વિદેશમાં પણ તેઓએ મોક્ષમાર્ગનું સ્વરૂપ પ્રસિદ્ધ કર્યું. સ્વાનુભવ નિધાનથી સંપન્ન અને સમ્યક્ શ્રુતલબ્ધિના ધારક પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રના એક એક વાક્યોને અતિશય સૂક્ષ્મતાથી તથા સરળ ભાષામાં સમજાય તે રીતે પ્રવચનોમાં વ્યક્ત કરી મહાન મહાન ઉપકાર કર્યો છે.

તેઓશ્રીનો પ્રભાવના ઉદય આજે તો વર્તે છે પરંતુ પંચમકાળના અંત સુધી તેમનો પ્રભાવના ઉદય જયવંત વર્તશે, એવા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના દીર્ઘદષ્ટિ યુક્ત અર્થગંભીર વાક્ય આ પ્રસંગે સ્મરણમાં આવ્યા વિના રહેતા નથી. પૂજ્ય બહેનશ્રીના વક્તવ્ય અનુસાર પૂજ્ય ગુરુદેવશ્રીએ નિશ્ચય-વ્યવહાર, નિમિત્ત-ઉપાદાન, કારણ-કાર્ય, મોક્ષમાર્ગનું સ્વરૂપ, સમ્યગ્દર્શનનું સ્વરૂપ, મુનિદશાનું સ્વરૂપ, અરિહંત ભગવાનનું સ્વરૂપ, સાત તત્ત્વોનું સ્વરૂપ ઈત્યાદિ અનેકાનેક રત્નો તેમની પ્રવચન-ગંગામાં વહેતા કર્યા. આવા કળિકાળમાં જ્યાં મિથ્યાત્વનો ગાઢ અંધકાર છવાયેલો તેવી પરિસ્થિતિમાં જ્ઞાનપ્રકાશ કરી ભવ્ય જીવોના પથ પ્રકાશક બની અપૂર્વ કાર્ય કર્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દિવ્ય ગુણોનું કથન કરવા બેસીએ તો ગ્રંથો ભરાય એવા તેઓ ગુણોથી અલંકૃત

જિનશાસનનું એક પવિત્ર આભુષણ છે.

ભવ્ય જીવોના ઉદ્ધારક એવા પૂજ્ય ગુરુદેવશ્રીની સાતિશય દેશના આજે પ્રવચનસ્વરૂપે આપણી પાસે ઉપલબ્ધ છે. તેમના પ્રવચનો ગ્રંથારૂઢ કરવાનું કાર્ય તેઓશ્રીના પવિત્ર પ્રભાવના ઉદયે ચાલી રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપકારોથી ભીંજાયેલા હૃદયસંપન્ન મુમુક્ષુજીવોને સ્વાભાવિક જ એવા ભાવ આવ્યા વિના રહેતા નથી કે કઈ રીતે તેમના પ્રત્યે અર્પણતા કરીએ. તેમના ચરણોમાં શું અર્પણ કરીએ? તેમ છતાં ભક્તિથી પ્રેરાઈને બીજું કંઈ નહિ કરતાં તેમની સાતિશય દિવ્યવાણી શાશ્વત રહે તેવી ભાવનાથી પ્રેરાઈને શ્રીમતી રૂપલબહેન સુનીલભાઈ ડેલીવાલાને આ વિચાર ઉદ્ભવ્યો, સાથે સાથે તેમના માતુશ્રી કોકિલાબેન ધીરૂભાઈ ગાંધી તથા પિતાશ્રી ધીરૂભાઈ ગાંધીની પણ ભાવના હોવાથી અને આ વિચારને કાર્યાન્વિત કરવામાં જેમનો સંપૂર્ણ સહયોગ તથા અનુમોદના પ્રાપ્ત થઈ એવા શ્રી સુનીલભાઈ ડેલીવાલા કે જેમના વિના આ કાર્ય શક્ય ન થઈ શક્યું હોત. તેમને ઉપકૃત હૃદયથી ભીંજાયેલ ભાવ આવતાં પ્રસ્તુત ગ્રંથ 'અમૃત-કલશ' પાઠક વર્ગના હસ્તકમળમાં મૂકતાં અત્યંત રોમાંચયુક્ત હર્ષ થાય છે.

પ્રસ્તુત ગ્રંથ શ્રી 'અમૃત-કલશ'માં પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૯૬૫-૬૬ની સાલમાં 'સમયસાર કલશ' પર ચાલેલા શબ્દશઃ પ્રવચનો સૌ પ્રથમવાર પ્રકાશિત થઈ રહ્યા છે. ત્રીજા ભાગમાં કર્તાકર્મ અધિકારના ૫૪ કલશો ઉપર ચાલેલા ૩૨ પ્રવચનો લેવામાં આવેલ છે. જે પ્રવચનો હિન્દીમાં ચાલેલા છે તેમનો ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. પ્રસ્તુત પ્રવચનોને લિપિબદ્ધ કરવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને સાંભળીને કંપ્યુટરમાં ટાઈપ કરવામાં આવે છે. ત્યારબાદ ફરીને તેમને સાંભળીને જ્યાં જે પ્રમાણે આવશ્યકતા અનુસાર વાક્યરચના પૂર્ણ કરવા અર્થે કૌંસ ભરવામાં આવ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીના અર્થગંભીર ભાવોને જાળવવાની પૂર્ણ ચોકસાઈ રાખવામાં આવી છે. પ્રવચનોને ફરીને સાંભળીને તપાસવાનું કાર્ય શ્રીમતી રૂપલબહેન સુનીલભાઈ ડેલીવાલા, દ્વારા કરવામાં આવેલ છે. તેઓએ પણ પૂર્ણ ચીવટથી તથા રસ લઈને પ્રવચનો તપાસેલ છે. પ્રવચન પુસ્તકોની પી.ડી.એફ ફાઈલ www.vitragvani.com તથા www.atmadharma.com પર ઉપલબ્ધ છે.

અંતતઃ વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુના ચરણોમાં નતમસ્તક થઈ પવિત્ર વીતરાગ પ્રકાશન કાર્યમાં કોઈપણ પ્રકારની ત્રુટિ રહી જવા પામી હોય તો તેમના પ્રત્યે શુદ્ધ અંતઃકરણથી ક્ષમાયાચના કરીએ છીએ. સર્વ જીવો પવિત્ર દેશનાને આત્મસાત કરી શાશ્વત આત્મકલ્યાણને પ્રાપ્ત થાય એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

શ્રી કુંદકુંદ-કહાન શ્રુતપ્રભાવના પરિવાર
દુબઈ

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ‘ઉમરાળા’ ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ ‘કાનજી’ શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : ‘શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...’

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ.

સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્યપળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઇન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી છે. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી

રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન

પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ ઉપાસક હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે

પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# પુણ્ય–પાપ અધિકાર
## વિષયાનુક્રમણિકા


| | |
|---|---|
| કલશ-૧૦૦ | સમ્યક્જ્ઞાન પ્રાપ્તિની કળા |
| કલશ-૧૦૧ | પુણ્ય-પાપ કર્મ એકરૂપ છે તે દષ્ટાંત દ્વારા. |
| કલશ-૧૦૨ | હેતુ આદિના ભેદ વડે શિષ્યની શંકા અને તેનું સમાધાન. |
| કલશ-૧૦૩ | મોક્ષમાર્ગમાં શુદ્ધસ્વરૂપ-અનુભવનો જ ઉપદેશ. |
| કલશ-૧૦૪ | શિષ્ય-ગુરુની શંકા અને સમાધાન. |
| કલશ-૧૦૫ | સાધક દશામાં બંધ અને મોક્ષ છે. |
| કલશ-૧૦૬ | સ્વરૂપાચરણચારિત્રથી જ મોક્ષમાર્ગ અને મોક્ષ. |
| કલશ-૧૦૭ | શુભાશુભ ક્રિયારૂપ આચરણથી બંધ છે, મોક્ષ નથી. |
| કલશ-૧૦૮ | આ વિષયમાં શિષ્ય-ગુરુના પ્રશ્નોત્તર. |
| કલશ-૧૦૯ | જ્ઞાનમાત્ર મોક્ષમાર્ગ છે. |
| કલશ-૧૧૦ | જ્ઞાન અને શુભાશુભ ક્રિયાનું વર્ણન. |
| કલશ-૧૧૧ | મોક્ષમાર્ગમાં યથાયોગ્ય ક્રિયા અને જ્ઞાનથી મોક્ષ છે. |
| કલશ-૧૧૨ | પુણ્ય-પાપરૂપ ક્રિયા તથા જ્ઞાનક્રિયાનું વર્ણન. |

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | કલશ | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૭૫ | ૧૯-૦૬-૧૯૬૫ | કલશ-૧૦૦, ૧૦૧ | ૦૦૨ |
| ૭૬ | ૨૧-૦૬-૧૯૬૫ | કલશ-૧૦૨ થી ૧૦૪ | ૦૨૧ |
| ૭૭ | ૨૨-૦૬-૧૯૬૫ | કલશ-૧૦૪, ૧૦૫ | ૦૪૦ |
| ૭૮ | ૨૩-૦૬-૧૯૬૫ | કલશ-૧૦૫, ૧૦૬ | ૦૫૬ |
| ૭૯ | ૨૪-૦૬-૧૯૬૫ | કલશ-૧૦૬ થી ૧૦૮ | ૦૬૯ |
| ૮૦ | ૨૫-૦૬-૧૯૬૫ | કલશ-૧૦૮, ૧૦૯ | ૦૮૭ |
| ૮૧ | ૨૬-૦૬-૧૯૬૫ | કલશ-૧૦૯, ૧૧૦ | ૧૦૪ |
| ૮૨ | ૨૮-૦૬-૧૯૬૫ | કલશ-૧૧૦, ૧૧૧ | ૧૨૨ |
| ૮૩ | ૨૯-૦૬-૧૯૬૫ | કલશ-૧૧૧ | ૧૩૯ |
| ૮૪ | ૩૦-૦૬-૧૯૬૫ | કલશ-૧૧૧, ૧૧૨ | ૧૫૫ |

# શ્રી સમયસારજી–સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણ પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરિણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રિડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલ જ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનના, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

**—હિંતમલાલ જેઠાલાલ શાહ**

ૐ

પંડિતપ્રવર શ્રી રાજમલજી કૃત ટીકાના
ગુજરાતી અનુવાદ સહિત
શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ વિરચિત
પરમ પૂજ્ય પરમ ઉપકારી શાસનસમ્રાટ અધ્યાત્મયોગી સદ્ગુરુદેવ
શ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસાર-કલશ ગ્રંથ ઉપરના ઈ.સ. ૧૯૬૫-૬૬ની સાલના
અક્ષરશઃ પ્રવચનો

# અમૃત કલશ

(ભાગ–૪)

–૪–

## પુણ્ય–પાપ અધિકાર

(દ્રુતવિલંબિત)

तदथ कर्म शुभाशुभभेदतो
द्वितयतां गतमैक्युमुपानयन्।
ग्लपितनिर्भरमोहरजा अयं
स्वयमुदेत्यवबोधसुधाप्लवः।।१-१००।।

ખંડાન્વય સહિત અર્થઃ—‘अयं अवबोधसुधाप्लवः स्वयम् उदेति’’ (अयं) વિદ્યમાન (अवबोध) શુદ્ધજ્ઞાનપ્રકાશ, તે જ છે (सुधाप्लवः) ચંદ્રમા, તે (स्वयम् उदेति) જેવો છે તેવો પોતાના તેજઃપુંજ વડે પ્રગટ થાય છે. કેવો છે? ‘‘ग्लपितनिर्भरमोहरजा’’ (ग्लपित) દૂર કર્યો છે (निर्भर) અતિશય ગાઢ (मोहरजा) મિથ્યાત્વ-અંધકાર જેણે એવો છે. ભાવાર્થ આમ છે કે-ચંદ્રમાનો ઉદય થતાં અંધકાર મટે છે, શુદ્ધજ્ઞાનપ્રકાશ થતાં મિથ્યાત્વપરિણમન મટે છે. શું કરતો થકો જ્ઞાનચંદ્રમા ઉદય પામે છે? ‘‘अथ तत् कर्म एक्यं उपानयन्’’ (अथ) અહીંથી શરૂ કરીને (तत्

कर्म) રાગાદિ અશુદ્ધચેતનાપરિણામરૂપ અથવા જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડરૂપ કર્મ, તેમનું (एक्यम् उपानयन्) એકત્વપણું સાધતો થકો. કેવું છે કર્મ? ‘‘द्वितयतां गतम्’’ બે-પણું કરે છે. કેવું બે-પણું? ‘‘शुभाशुभभेदतः’’ (शुभ) ભલું (अशुभ) બૂરું એવો (भेदतः) ભેદ કરે છે. ભાવાર્થ આમ છે કે—કોઈ મિથ્યાદષ્ટિ જીવનો અભિપ્રાય એવો છે કે દયા, વ્રત, તપ, શીલ, સંયમ આદિથી માંડીને જેટલી છે શુભ ક્રિયા અને શુભ ક્રિયાને અનુસાર છે તે-રૂપ જે શુભોપયોગપરિણામ તથા તે પરિણામોના નિમિત્તથી બંધાય છે જે શાતાકર્મ આદિથી માંડીને પુણ્યરૂપ પુદ્‌ગલપિંડ, તે ભલાં છે, જીવને સુખકારી છે; હિંસા-વિષય-કષાયરૂપ જેટલી છે ક્રિયા, તે ક્રિયાને અનુસાર અશુભોપયોગરૂપ સંક્લેશપરિણામ, તે પરિણામોના નિમિત્તથી થાય છે જે અશાતાકર્મ-આદિથી માંડીને પાપબંધરૂપ પુદ્‌ગલપિંડ, તે બૂરાં છે, જીવને દુઃખકર્તા છે. આવું કોઈ જીવ માને છે તેના પ્રતિ સમાધાન આમ છે કે—જેમ અશુભકર્મ જીવને દુઃખ કરે છે તેમ શુભકર્મ પણ જીવને દુઃખ કરે છે. કર્મમાં તો ભલું કોઈ નથી, પોતાના મોહને લઈને મિથ્યાદષ્ટિ જીવ કર્મને ભલું કરીને માને છે. આવી ભેદપ્રતીતિ શુદ્ધસ્વરૂપનો અનુભવ થયો ત્યારથી હોય છે. ૧-૧૦૦.

## વીર સંવત-૨૪૯૧, જેઠ વદ ૫, શનિવાર,
## તા. ૧૯-૬-૧૯૬૫, કલશ-૧૦૦-૧૦૧
## પ્રવચન નં. ૭૫

૧૦૦મો. ૧૦૦મો કળશ છે. ૧૦૦. પુણ્ય-પાપનો પહેલો. શું કહે છે? કે આ આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપથી વિપરીત જેટલા પરિણામ પુણ્ય-પાપના છે અને એનાથી બંધન થાય છે શુભ-અશુભ કર્મનું. એને અનાદિથી અજ્ઞાની શુભભાવ અને અશુભભાવમાં ભેદ પાડે છે અને શુભનું ફળ શુભ બંધ અને અશુભનું ફળ અશુભ બંધ એનો પણ ભેદ પાડે છે કે શુભકર્મ અને શુભભાવ તે ઠીક છે, અશુભકર્મ અને અશુભભાવ તે ઠીક નથી. એમ અનાદિથી આત્માના શુદ્ધ સ્વરૂપની એકતાને ભૂલી અને આ પ્રકારે ભંગ ભેદ પાડે છે.

હવે એ કહે છે, ત્યાં ‘अथ तत् कर्म एक्यं उपानयन्’ ‘**અહીંથી શરૂ કરીને રાગાદિ અશુદ્ધ ચેતનાપરિણામરૂપ...**’ આત્મામાં જેટલા પુણ્ય અને પાપના ભાવ થાય, શુભ અને

અશુભ રાગ, પુણ્ય-પાપનો ભાવ એને અહીંયાં અશુદ્ધચેતનાપરિણામ કહી છે. '**અથવા જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડ...**' એમાં શાતા-અશાતા બંધાય એ બધા પુદ્‌ગલપિંડ જડ બંધાય છે. '**एक्यम् उपानयन्**' '**એકત્વપણું સાધતો થકો.**' સમ્યગ્જ્ઞાન થાય છે તો એ ચંદ્ર ઊગે છે સમ્યગ્જ્ઞાનનો એ પુણ્ય અને પાપનું પણ એકપણું જાણે છે અને બંધમાં પણ શુભ અને અશુભનું એકપણું જાણે છે, ભેદપણું જાણતો નથી. સમજાણું કાંઈ આમાં?

હવે '**કેવું છે કર્મ?**' લ્યો ત્યાં આવ્યું. '**द्वितयतां गतम्**' '**બે-પણું કરે છે.** અજ્ઞાની અનાદિથી આત્માનો શુદ્ધ ચૈતન્યસ્વભાવ એનું એકપણું ન જાણતાં એ પુણ્ય અને પાપના ભાવમાં બેમાં ભેદ પાડે છે (કે) એ પુણ્યભાવ તે ભલો અને પાપભાવ તે ભુંડો. એ મિથ્યાત્વપણું દૃષ્ટિનું છે. સમજાણું કાંઈ? શું કહે છે જુઓ. '**કેવું બે-પણું?**' '**शुभाशुभभेदतः**' '**ભલું બૂરું એવો ભેદ કરે છે.**' અજ્ઞાની ભેદ કરે છે. હવે એનો ન્યાય.

'**ભાવાર્થ આમ છે કે—કોઈ મિથ્યાદૃષ્ટિ જીવનો અભિપ્રાય એવો છે કે...**' કો'ક કો'ક પુસ્તક છે હોં છોકરાઓ મોટા, તમારે હાથમાં રાખવા હોય તો. જુઓ! પુસ્તક પડ્યા છે ઘણા. મોટા મોટા રાખો, નાના નાના ઝોલા ખાય છે. મોટા મોટા છે ને? જુઓ! પડ્યા છે બધા પુસ્તક. એ છે, ઘણા બધા પડ્યા છે. આ ખાસ ખાસ હોયને. આ કેળવણી સમજવા જેવી છે, ઓલી કેળવણી તમારે રોટલાની છે. આ રોટલા અને શરીરની જરૂર ન પડે એવી કેળવણી છે. ભિખારીપણું અનાદિનું. કહો, સમજાણું કાંઈ? અહીંયા આવો, આજ તમારો વારો છો હોંકારામાં.

શું કહે છે? કે '**કોઈ મિથ્યાદૃષ્ટિ...**' એટલે ઊંધી દૃષ્ટિવાળો. મિથ્યા નામ અસત્ય દૃષ્ટિવાળો જીવ એનો '**અભિપ્રાય એવો છે કે...**' અભિપ્રાય એટલે માન્યતા, માન્યતા એટલે આશય. કે '**દયા,...**' આ શરીરની ક્રિયામાં દયા પળે જીવની આ શરીરથી એ ક્રિયા અને '**વ્રત,...**' શરીરથી બ્રહ્મચર્ય પળે આદિ એ વ્રતની. '**તપ,...**'ની ક્રિયા શરીરમાં આહારાદિ ન રહે અને '**શીલ,...**' શરીરનો, પ્રકૃતિનો સ્વભાવ જરી શાંત (હોય), શરીરની પ્રકૃતિ હોં! '**સંયમ...**' ઈન્દ્રિયનું દમન આ જડનું. એ '**આદિથી માંડીને જેટલી છે શુભ ક્રિયા...**' આ જડની ક્રિયા શુભ. એની ટીકા આજે આવી છે જૈનદર્શનમાં. એ લોકો શરીરની ક્રિયાને જડ કહે છે. આવ્યું છે, જૈનદર્શનમાં ખૂબ ભર્યું છે આજે.

અહીં તો કહે છે જુઓ! '**મિથ્યાદૃષ્ટિ જીવનો...**' આશય—અભિપ્રાય—શ્રદ્ધા એવી છે કે આ દયા, વ્રત, તપ, શીલ, સંયમ જે શરીરની ક્રિયા અને એ શુભ ક્રિયાને અનુસાર તે રૂપ શુભઉપયોગ. એ ક્રિયા જડની એને અનુસરીને થતો, જીવમાં દયાનો, વ્રતનો, તપનો, શીલનો અને સંયમનો શુભભાવ એ પરિણામ. '**તથા તે પરિણામોના નિમિત્તથી બંધાય છે જે શાતાકર્મ-આદિથી...**' દેખો! અને જે શુભઉપયોગ છે... ત્રણ વાત કરી. એક તો

શરીરની ક્રિયા, એક તો શુભ પરિણામ અને શુભ પરિણામના નિમિત્તથી જે શાતા, અશાતા, કર્મ બંધાણું, નામ કર્મ આદિ અનુકૂળ એ '**પુણ્યરૂપ પુદ્‌ગલપિંડ, તે ભલાં છે,...**' એ બધું ભલું એમ અજ્ઞાની માને છે. શુભક્રિયા ભલી, શુભભાવ ભલો, શુભબંધ ભલો. સમજાય છે કાંઈ?

મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની આત્માના સત્યને—સ્વરૂપ સત્ય છે એને નહિ સમજનાર એ અનાદિથી અજ્ઞાની એમ માને છે કે એ શરીરની ક્રિયા જે દયા આદિ શરીરથી પળે એ ભલી છે. આ એમાં શુભભાવ થાય દયા, દાન, વ્રતનો એ મિથ્યાદૃષ્ટિ એને ભલો જાણે છે અને એ દયા, દાન, વ્રતના પરિણામથી શાતા બંધાય કે નામકર્મ બંધાય એને ભલું જાણે છે તે મિથ્યાદૃષ્ટિ છે.

**શ્રોતા** :- શરીરનો સદુપયોગ થાય તો ભલો કહેવાયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પૂછયું હતું ઢેબરભાઈએ એક ફેરી. ઢેબરભાઈએ પૂછયું હતું આ છેને નેતા. કે આ શરીરનો સદુપયોગ શું કરવો? શરીરનો સદુપયોગ થાતો હશે? કીધું. આ બધા નેતાઓ. ઢેબરભાઈ છે ને? અહીં વર્ષ બેસતું હતું અને હું બેઠો હતો અહીં. ઓલો બહાર પથરો છે ને ત્યાં બપોરે એકાંત (હતું ત્યારે) તે આવ્યા હતા. વર્ષ બેસતાને દિ'. (સંવત) ૨૦૧૫ની સાલ. રામજીભાઈ હતા, નારણભાઈ હતા. શરીરનો સદુપયોગ શું કરવો? આ જડનો શુભ ઉપયોગ થતો હશે? આ તો માટી છે. એ કીધું ને, એ અજ્ઞાની માને છે કે એનો સદુપયોગ હું કરું છું. સમજાણું કાંઈ? એ બધા નેતાઓને પણ બિચારાને ભાન ન મળે અને મોટા થઈને બેઠા અંદર. એટલે કાંઈક હલવવું તો પડે ને? અમે નિમિત્ત થઈએ, નિમિત્ત થઈએ એમ પછી બોલે. હવે બહુ નથી બોલતા. થાય ત્યાં અમે નિમિત્ત તો કહેવાઈએ ને? પણ શેના નિમિત્ત કહેવાઓ ત્યાં ધૂળમાં? થઈ શકે છે નિમિત્ત? એ તો થાય ત્યારે હોય એને નિમિત્ત તરીકેનો આરોપ દેવાય છે. અમે તો આમ થઈએ તો ત્યાં થાય, આ નિમિત્ત થાય તો ત્યાં થાય એમ વાત છે (તમારા અભિપ્રાયમાં તો).

આ જડના પરમાણુની જે કાંઈ પર્યાય થાય, જીવ મરતો હોય એને આમ બચાવવાનો. એ ક્રિયા. એ ક્રિયા એને અજ્ઞાની શુભ માને છે અને એમાં થતો દયાનો, રાગની મંદતાનો પુણ્યભાવ એને શુભ માને છે, ભલો માને છે અને એનાથી શાતા બંધાય, નામકર્મનું પુણ્ય યશોકીર્તિ આદિ બંધાય એને એ ભલું માને છે. એ મિથ્યાદૃષ્ટિ છે એને ધર્મની ખબર નથી. સમજાણું કાંઈ? ત્રણ વાત લીધી.

'**તે પરિણામોના નિમિત્તથી બંધાય છે જે શાતાકર્મ-આદિથી...**' એટલે નામકર્મ આદિ. ઘાતિકર્મ તો પાપ છે. એની તો અહીં વાત નથી. કોઈ શાતા બંધાય, ઉચ્ચ આયુષ્ય બંધાય, નામકર્મ બંધાય, ગોત્ર ઉચ્ચ બંધાય લ્યોને. એ '**માંડીને પુણ્યરૂપ પુદ્‌ગલપિંડ, તે**

**ભલાં છે, જીવને સુખકારી છે;...**' આ બધા વાંધા ઉઠ્યા છે અત્યારે જગતને. એ આમાં તો લખાણ ચોખ્ખું રતનચંદજીનું (આવ્યું છે કે) શુભઉપયોગ એ જ ચારિત્ર છે પહેલું તો. પાંચમે, છઠ્ઠે શુભઉપયોગ એ જ ચારિત્ર છે અને શુદ્ધઉપયોગ તો પછી આગળ આઠ, નવ પછી થાય. પહેલાં ક્યાંથી થતા હતા? શુભઉપયોગ સાધન છે અને શુદ્ધઉપયોગ સાધ્ય છે. ખુબ લખ્યું છે, ખુબ લખ્યું છે. અરે.. ભગવાન! શું છે? એ વાત એને બેઠી હોય છે ને. બેસી ગઈ છે ને વાત એટલે એ (એમ લખે).

ભગવાન આત્મા આમ જ્ઞાનસ્વરૂપ ચિદ્‌ઘન ચિદાનંદ છે એમાં જેટલી વૃત્તિઓ ઉઠે વિકલ્પ પુણ્ય-પાપની એ શુભ-અશુભભાવ તો અશુદ્ધચેતનાનો રાગ છે, અશુદ્ધચેતનાપરિણામ છે. એમાં ભલો કોને કહેવો? અને એના બંધમાં ભલું કર્મ કોને કહેવું? અને ક્રિયા અને જડની ક્રિયાને ભલી કેમ કહેવી? આહાહા..! બરાબર છે? મોતીરામજી!

'**જીવને સુખકારી છે;...**' ભાઈ, જીવને સુખ મળે. જુઓ! શુભભાવ થાય, શુભ બંધાય, અને અનુકૂળ સામગ્રી મળે પૈસા આ બધી ધૂળની લ્યો. કહો. સુખકારી છે એમ મૂઢ માને છે. આ તો મિથ્યાદૃષ્ટિ કીધો છે ને, જુઓ! એમાં શું લખ્યું (છે)? અસત્યદૃષ્ટિ—સત્યથી વિરુદ્ધ દૃષ્ટિ. મિથ્યાદૃષ્ટિ એટલે સત્ય સ્વભાવથી વિપરીત માન્યતાવાળો, એ એમ માને છે કે એ ત્રણે પ્રકારના ભાવ ભલા અમને તો લાગે છે. શુભભાવ, શુભક્રિયા અને શુભબંધ અમને સુખકારી છે.

હવે સામે. '**હિંસા-**' આ દેહથી હિંસા થાય ને? જીવથી હિંસા. જીવ મરી જાય, આ મરી જાય. એ ક્રિયા દેહની. એ '**વિષય...**' આ શરીરથી વિષય થાય ને? ભોગની ક્રિયા શરીરથી. '**કષાય...**' આ શરીરમાં જરી આમ લાલ ક્રોધાદિ (દેખાય). એ '**કષાયરૂપ જેટલી છે ક્રિયા,...**' આ જડની હોં! '**તે ક્રિયાને અનુસાર અશુભોપયોગરૂપ સંક્લેશ પરિણામ,...**' દેખો! સમજાણું કાંઈ? ઓલામાં કીધું હતું કે '**શુભ ક્રિયાને અનુસાર છે તે-રૂપ જે શુભોપયોગપરિણામ...**' એમ કહ્યું હતું. શુભઉપયોગ પરિણામ કહ્યું હતું. અહીં કીધું કે '**અશુભોપયોગરૂપ સંક્લેશ પરિણામ,...**' એમ. એમાં એકલો શુભઉપયોગ પરિણામ કહ્યું હતું બસ! અહીં '**અશુભોપયોગરૂપ સંક્લેશ પરિણામ,...**' એમ શબ્દ લીધો છે. સમજાય છે કાંઈ? દેહથી આ જીવ મરી ગયો, શરીરની ક્રિયા વિષયની થઈ ભોગની એ શરીરની ક્રિયા. એ એમ કે પાપ (છે અને) એ સારું નહિ, એ સારું નહિ. હિંસાના પરિણામ થયા, વિષયના પરિણામ થયા એ પરિણામ અને '**તે પરિણામોના નિમિત્તથી થાય છે જે અશાતાકર્મ-આદિથી માંડીને પાપબંધરૂપ પુદ્‌ગલપિંડ, તે બૂરાં છે,...**' એમ માને છે. દેહની ક્રિયા વિષયાદિની ખોટી, અશુભ પરિણામ ખોટા અને એનાથી બંધ પડ્યો એ ખોટો એમ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ?

**'તે બૂરાં છે, જીવને દુઃખકર્તા છે.'** ઓલામાં કહ્યું હતું કે **'જીવને સુખકારી છે;...'** આ તો દુઃખકારી છે. પાપ બંધાય, પાપના ભાવ, પાપની ક્રિયા અને પાપનું બંધન એ જીવને દુઃખકર્તા છે. **'આવું કોઈ જીવ માને છે...'** એવું કોઈ જીવ માને છે. **'તેના પ્રતિ સમાધાન આમ છે કે—જેમ અશુભકર્મ જીવને દુઃખ કરે છે...'** જેમ પાપનું બંધન દુઃખકર્તા છે એમ શુભકર્મ પણ જીવને દુઃખ કર્તા છે. એકેય કર્મ આત્માને સુખનું કારણ નથી.

**શ્રોતા :-** પ્રત્યક્ષમાં વિરુદ્ધ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રત્યક્ષમાં વિરુદ્ધ છે. આ પૈસાવાળા દેખાય સુખી, મોટરુમાં બેઠા (હોય). આજ ઓલા ભાઈ કહેતા હતા કે આહાહા..! પૂનમચંદ મોટર લાવ્યા હતા ને. તમારો .. આવ્યો હતો ને. એવી મોટર મહારાજ! આહાહા..! શું છે પણ હવે કીધું. લાખ રૂપિયાની મોટર. જરી અહીં આવ્યા હતા .. ઉપર. આવી મોટર આવી, કહે. આહાહા..! ચોંટી ગઈ છે કાળજે એને. શું છે? કીધું, ધૂળ છે એમાં. એમ કે લાખ રૂપિયાની મોટરમાં બેઠા હોય તો પાણી હલે નહિ પેટમાં. પેટમાં પાણી પડ્યું હોય તો હલે નહિ આમ. એવી ચાલી જાય. આહાહા..! કહો, આ સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, એ અજ્ઞાની **'જેમ અશુભકર્મ જીવને દુઃખ કરે છે તેમ શુભકર્મ પણ જીવને દુઃખ કરે છે.'** કહો, બરાબર હશે? આ કહે છે કે પ્રત્યક્ષ દેખાય છે ને? એમ કહે છે. આમ ઘઉંના ઘઉં મળે ધોળિયા. આમ લાડવા ઘઉંના ધોળા ગોળના ચુરમાના લાડવા થાય, આમ થાય, લ્યો પાપના ફળમાં એવું આવે? પુણ્યના ફળમાં તો લાડવા મળે, આમ બરફી મળે સમજ્યાને? ઢેબર મળે, સાટા મળે સાટા, ગળ્યા સાટા. એ પુણ્યને લઈને (મળે) તો એ સુખકારી છે કે નહિ? કહો, આ છોકરાને પૂછીએ. છે કે નહિ કોઈ? એય..! બિપીન! શું છે એ? સુખકારી છે કે નહિ? નહિ? એ દુઃખકારી નથી. એને અનિષ્ટપણું માને છે એ ભાવ દુઃખરૂપ છે. એ તો નિમિત્ત છે, એ ક્યાં (અનિષ્ટ) વસ્તુ છે? સમજાણું કાંઈ? એ તો કહેવામાં એમ આવે, વ્યવહારમાં તો એમ આવે ને, જીવને દુઃખ કરે છે. ઓલું પુદ્‌ગલ જડ દુઃખ કર્તા છે, જડની ક્રિયા દુઃખ કર્તા છે એમ ભાષા તો બોલવામાં આવે ને. એનો ભાવ દુઃખ કર્તા છે. એને ઠેકાણે ક્રિયા જડની પણ દુઃખ કર્તા છે એમ બોલાય. અને બાંધેલા પાપબંધન રજકણ પણ દુઃખના કર્તા છે. એમ ત્રણેને કહ્યું છે કે નહિ અહીં?

**શ્રોતા :-** ક્રિયા પરિણામ અને એને અનુસારે થતો બંધ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ક્રિયા, પરિણામ અને એને અનુસારે થતો બંધ. ત્રણે દુઃખકર્તા કહ્યા છે. અપેક્ષાથી વાત છે ને ત્યાં. સમજાણું? અને ઓલા ત્રણે અમને સુખકર્તા. શુભઉપયોગ, દેહની ક્રિયા ભલી ભલી આહાહા..! જીવ આમ બચે પાધરો. પાણીમાં પડ્યો હોય તો આમ

ઉપાડી લે એ દેહની ક્રિયા. એ ક્રિયા થઈ કે નહિ? અને એને અનુસારે શુભભાવ થયો એને બચાવવાનો અને એને અનુસારે પુણ્યનો બંધ પડ્યો. એને અજ્ઞાની ભલું માને, પણ એ તો બેય બંધન છે. બંધનમાં કોઈ ભાવ કે કોઈ પુદ્‌ગલ કે કોઈ ક્રિયા સારી નથી. સમજાણું કાંઈ? આહાહા..! લાકડા તો આ ગરી ગયા એવા લાકડા ગરી ગયા છે.

**'કર્મમાં તો ભલું કોઈ નથી,...'** દેખો! **'કર્મમાં તો ભલું કોઈ નથી,...'** મૂળ પાઠમાં ઓલો 'કર્મ' શબ્દ પડ્યો છેને એટલે. એ લે છે ને જુઓ! કે કર્મને ભલા ભૂંડા કીધા છે, ભાવને કીધા નથી. એમ કહે છે એ રતનચંદજી. આવ્યું હતું ને પહેલા? છાપામાં આવ્યું હતું ઘણા વખત પહેલા. શાસ્ત્રમાં કર્મને (કહ્યું છે કે) શુભકર્મ ભલું નથી, કર્મ જડ એ, પણ પરિણામ ભલા નથી એમ નહિ. આવી પણ વાત! હમણાં આવશે ને. હેતુ, સ્વભાવના ચાર બોલ આવશે. તરત જ આવે છે. એવું લખ્યું હતું લ્યો. આજે પણ લખ્યું છે. કોઈને ઉત્તર આપ્યો છે એમાં. શુભભાવ એ ચારિત્ર છે, એ જ છઠ્ઠે ગુણસ્થાને સામાયિક, છેદોપસ્થાપનીય અને પરિહાર નવમા ગુણસ્થાન સુધી છે સામાયિક અને છેદોપસ્થાપનીય. પરિહાર છે તે છઠ્ઠે અને સાતમે છે. માટે એ શુભઉપયોગ છે. એ ચારિત્ર છે. કહો, હવે આને ભારે પણ.

અહીં કહે છે કે અજ્ઞાની એવા શુભાશુભ પરિણામથી બનેલું કર્મ એક પ્રકારે છે એને દુઃખ કર્તા માનવું જોઈએ **'તેમ શુભ કર્મ પણ જીવને દુઃખ કરે છે. કર્મમાં તો ભલું કોઈ નથી,...'** આહાહા..! ઓલો અર્થ પણ જુદો કરે છે. ઓલા પ્રવચનસારમાં છે ને, પંડિતજી! ઓલું પુણ્ય-પાપનું નહિ? તમે કહેતા હતા. **'हिंडदि'** ઘોર સંસાર. એ પંડિતજીએ તો કહ્યું હતું તે દિ'. પુણ્ય-પાપને સરખા નથી માનતા. પુણ્ય-પાપમાં ફેર માને છે, ફેર કહો કે વિશેષ કહો, આંતરો પાડે છે, ફેર માને છે (એ) ઘોર સંસારમાં **'हिंडदि'**. ઓલી ફેરે કહ્યું હતું પંડિતજીએ. સમજાય છે કાંઈ? ગાથા છે હોં! પ્રવચનસાર. કેટલામી છે એ? ૭૭.

**ण हि मण्णदि जो एवं णत्थि विसेसो त्ति पुण्णपावाणं।**
**हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो।।७७।।**

પુણ્ય-પાપમાં ફેર માને છે કે પુણ્ય ભલું અને પાપ ભૂંડું, (એ) ઘોર સંસારમાં રખડશે. ચિદાનંદ સ્વરૂપ ભગવાન જ્ઞાનમૂર્તિ, એની શુદ્ધતાના અંશ વિના આત્માને શાંતિ ક્યાં છે? શુદ્ધતાના પરિણમન વિના (શાંતિ ક્યાં છે)? એ તો અશુદ્ધ પરિણમન માથે કીધું. અશુદ્ધચેતનાપરિણામ છે. પુણ્ય-પાપના ભાવ તો અશુદ્ધચેતનાનું મલિન પરિણમન છે. એ આત્માને સુખકર નથી અને એનું ફળ પણ સુખકર નથી. અનાદિથી એને ચૈતન્ય પ્રભુ એક સમયમાં શુદ્ધ આનંદનો પિંડ પ્રભુ, એની દૃષ્ટિ નથી, એની પ્રતીત—વિશ્વાસ આવતો નથી, એનો એને ભરોસો આવતો નથી કે હું એક મહાન ચૈતન્ય પ્રભુ છું. આહાહા..! બધા ભગવાન

સર્વજ્ઞસ્વભાવી પરમાત્મા છે. એમ ક્યારે બેસે? હું પણ એક સર્વજ્ઞ. સર્વજ્ઞ-જ્ઞ સ્વભાવી, સર્વજ્ઞસ્વભાવી શુદ્ધ પૂર્ણાનંદ પ્રભુ છું એવી દૃષ્ટિમાં શુભ અને અશુભમાં એકેય ભલું-ભૂંડું છે નહિ. બેય ભૂંડા છે. સમજાણું કાંઈ? મીઠાશ છે ને પણ મીઠાશ માણસને જગતને. એ ચૈતન્યના આનંદની મીઠાશનો અભાવ છે.

શુભ-અશુભભાવ શાસ્ત્રમાં એને ઝેર કહ્યાં છે. શુભને પણ ઝેર કહ્યું છે. કેમકે આત્માનું અમૃત સ્વરૂપ અતીન્દ્રિય આત્મા આનંદરસ છે એનાથી ઊલટી એ પર્યાય છે. આત્મા અમૃતસ્વરૂપ છે અતીન્દ્રિય ત્યારે ઊલટી પર્યાય તે જડ છે. એમ બેને બે ચાર જેવી વાત છે. સમજાણું? ઓલામાં કહ્યું ને ભાઈ? આત્માનું અવલોકન, દીપચંદજીએ અધર્મ કહ્યું, દીપચંદજીએ પોતે શ્લોક બનાવ્યો છે. ધર્મ-અધર્મ બે બનાવ્યા છે. આત્મઅવલોકન નામનું પુસ્તક બનાવ્યું દીપચંદજીએ. એ ગૃહસ્થોને ધર્મ-અધર્મ બે છે. ગૃહસ્થાશ્રમમાં જેટલી શુદ્ધતા પ્રગટ થઈ એટલો ધર્મ, બાકી અધર્મ એવો પાઠ લીધો. શ્લોક બનાવ્યા છે હોં બે, ત્રણ, ચાર, પાંચ બહુ સારા બનાવ્યા છે. અને એ તો એમ જ કહે છે એમાં. મુનિઓ તો વીતરાગનો જ ધર્મ, વીતરાગ વીતરાગ કરે. મૂહૂ.. મૂહૂ. વારંવાર વીતરાગતા... વીતરાગતા... વીતરાગતા મુનિઓ એ જ ઉપદેશ આપે, બીજો ઉપદેશ આપે નહિ. એવો શ્લોક છે—કળશ કળશ બનાવ્યા છે. સમજાણું કાંઈ? આત્માનું અવલોકન.

કહે છે કે, અજ્ઞાની એમ માને છે પણ કર્મમાં તો કોઈ ભલા-બૂરા છે નહિ. **'પોતાના મોહને લઈને મિથ્યાદૃષ્ટિ જીવ કર્મને ભલું કરીને માને છે.'** એ આત્માની શુદ્ધતાની ખબર વિના, એ શુદ્ધતાના માહાત્મ્ય અને મહિમા વિના અનાદિથી અજ્ઞાની શુભ-અશુભ પરિણામ અને શુભાશુભ કર્મમાં ભલા-ભૂંડા(નો) ભેદ પાડે છે, પણ ભેદ છે નહિ. આહાહા..! કહો, સમજાણું આમાં જયચંદભાઈ! એમાં નહિ પડે. કારણ કે મુંઝાઈ ગયા છે. પાપનો ઉદય પ્રત્યક્ષ દેખાય છે, ચલાતું નથી. હવે આને ભલું-ભૂડું ન કહેવું અને ઓલાને ભલું ન કહેવું શી રીતે? સમજાણું કે નહિ? એ નથી જવાબ આપતા. સલવાઈ ગયા છે અંદર. એ અહીં કહે છે કે શરીરની નિરોગતા એ સારી અને રોગ ખરાબ એ માન્યતા અજ્ઞાનીની મૂઢ છે. કહો, સમજાણું?

અને અહીં તો કહે છે કે શુભભાવ અને અશુભભાવ એ શુભભાવ ભલો અને અશુભભાવ ભૂંડો એ મૂઢ છે. શું કીધું? **'મોહને લઈને...'** ભ્રમણાને કારણે અજ્ઞાની એમ માને છે. ભલુ-ભૂંડું એમાં કાંઈ છે નહિ. પણ ફેર તો પડે કે નહિ થોડો? પણ આ ટાંગો ચાલે નહિ, પગ ચાલે નહિ, પગમાં આમ.. આમ... આમ... આમ ધ્રુજે. ઓલો જાલે છોકરો તો ધ્રુજે. અને આ મોહનભાઈ ચાલે તો આમ ફટ... ફટ.. ફટ... ચાલે. ગયા હમણા મુંબઈ. આ મલૂકચંદભાઈ ચાલે છે ને જુઓને. તો એમાં સારું ચાલે એમાં કાંઈક ભલુંપણું ખરું કે નહિ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. એ મૂઢ લોકોની માન્યતા છે. જયચંદભાઈ! એ મૂઢ લોકો એમ કહે છે. એ તો બધું સાંભળ્યું છે કે નહિ? 'શરીરે સુખી તે સુખી સર્વ વાતે.' એટલે શરીરે દુઃખી તે સર્વ વાતે દુઃખી. મૂર્ખો છે કહે છે. એ અહીં તો મોટા મૂર્ખમાં એને નાખે છે. શું કીધું?

**શ્રોતા :-** સાહેબ! મૂર્ખમાં નાખો પણ દુઃખી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ દુઃખી નથી, પ્રભુ! દુઃખ તો ભાઈ! આત્માના આનંદના સ્વભાવને ભૂલી અને આકુળતાના પરિણામ (થાય) તેને ભગવાન દુઃખ કહે છે, ભાઈ! દુઃખ કોઈ શરીરની રોગતામાં નથી અને સુખ કોઈ શરીરની નિરોગતામાં નથી. આ પાંચ-પચાસ લાખ મળ્યા તો એ સુખી નથી અને નિર્ધનતા એ દુઃખનું કારણ—નિમિત્ત છે, દુઃખરૂપ નથી. હું નિર્ધન એવી માન્યતા દુઃખરૂપ છે. હું સધન એવી માન્યતા એને દુઃખરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? પરચીજ તો પરજ્ઞેય તરીકે છે. એમાં મને રોગ. મને? મને એટલે શું? તું કોણ? તું શરીર? તે રોગ અવસ્થા શરીરમાં (થઈ) એમાં મને રોગ આવ્યું ક્યાંથી? જગતના શરીરોનું આ તત્ત્વ છે અસ્તિત્વ, એમાં કાંઈ ફેરફાર થતાં મને (થયું)? બસ! એ તો અસત્ય માન્યતા (છે). પરની અવસ્થા ફરી ત્યાં મને ફરી. માન્યતા ખોટી એની છે. એ માન્યતાનું એને દુઃખ છે. સમજાણું કાંઈ? અને શરીર જરી નિરોગ રહે અને સાંઢડા જેવું હોય આમ જુવાન હોય ૨૫ વર્ષનો. સારું કહે છે. મૂઢ છો? શરીરના અસ્તિત્વની નિરોગતામાં તારામાં શું ગરી ગયું અંદર?

**શ્રોતા :-** કેટલી હૂંફ આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શેનો હૂંફ આવ્યો? શરીરના અસ્તિત્વમાં નિરોગતા રહી અને કદાચિત્ એવા નિરોગતા ક્રિયા થઈ જાલવાની એથી તો કીધી, એ ક્રિયામાં ભલી શું થઈ એમાં? એ તો જડની પર્યાય છે. જ્ઞાનનું જ્ઞેય છે, જ્ઞાનનું જ્ઞેય છે. જ્ઞેયને જ્ઞેયમાં છાપ મારી છે અંદર કે આ જ્ઞેય ઈષ્ટ અને આ જ્ઞેય અનિષ્ટ? લાવ. જગતના પદાર્થો આ આત્મા સિવાય બીજા બધા જાણવાલાયક છે. એ જાણવાલાયક સામાન્યપણામાં ક્યાંય ઈષ્ટ-અનિષ્ટની છાપ રજિસ્ટર મારી છે? કે આ નિરોગતાનું શરીર તે જ મને ઈષ્ટ, રોગ તે અનિષ્ટ. છે એમાં કોઈ પર્યાયમાં છાપ?

**શ્રોતા :-** છાપનું શું કામ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્યારે માન્યું શી રીતે? આ મને ઈષ્ટ-અનિષ્ટ માન્યું શી રીતે? એ વસ્તુમાં ઈષ્ટપણું છે? એનું એકનું એક કપડું જાડું. જાડું કહેવાયને? એ ઉનાળામાં ઠીક ન લાગે અને એનું એ કપડું શિયાળામાં ઠીક લાગે. એ વસ્તુ ઠીક-અઠીક ક્યાં હતી? એની કલ્પના કરી છે. એનું એ કપડું એક ગરીબને મળે ત્યારે રાજી થાય અને એનું એ જાડું કપડું

જો તવંગરને અત્યારે ઓઢાડો ઉં..હૂં.. હું.. આમ થાય. ભાઈ! બળે છે. એ લૂગડાને કારણે નથી, એની કલ્પનાને કારણે છે. લૂગડું તો એક પરદ્રવ્ય છે. એમાં શરીર માથે આવ્યું આ જાતનું રોગવાળું. એ તો જ્ઞેય છે. એ દુઃખરૂપ છે? એ મને દુઃખરૂપ છે એ માન્યતા મૂઢની એના આત્માને ખૂન કરે છે. સમજાણું કાંઈ? આહાહા..!

અને એ રીતે બીજાને જોવે. પોતાને માને અને પાછો બીજાને જોવે કે જેની નિરોગતા છે તે સુખી છે, સરોગી તે દુઃખી (છે), એ દૃષ્ટિ મૂઢ છે. જેમ પોતાને જોવે છે એમ પરને પણ એ ભાળે છે એને. અમે નિર્ધન માટે દુઃખી, બીજા સધન માટે સુખી એ તો મૂઢ માને છે. દૃષ્ટિની વિપર્યાસવાળો માને છે. સધનપણું સુખ અને નિર્ધનપણું દુઃખ એ વસ્તુમાં છે? અજ્ઞાની એ ચૈતન્ય આનંદસ્વરૂપને ભૂલી, નિજ સંપદા આનંદને ભૂલી અને એ ચીજોમાં અનુકૂળ-પ્રતિકુળતાની કલ્પના ઊભી કરે છે એ જ મૂઢતાનું દુઃખ છે એને.

**શ્રોતા :-** એનો મતલબ કે એ ગાંડો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાગલ છે અજ્ઞાની. જયચંદભાઈ!

જુઓ! શું લખ્યું જુઓ! છે પુસ્તક હાથમાં? શું લખ્યું જુઓ. '**પોતાના મોહને લઈને...**' શું કહે છે? એ પોતે નથી તેનો ભાવ ઉઠાવે છે. મોહભાવ ફોગટભાવ. મોહ એટલે ફોગટ, નિરર્થક ભાવ ઉઠાવે છે. એને લીધે '**મિથ્યાદૃષ્ટિ જીવ કર્મને ભલું કરીને માને છે.**' અર્થ તો જુઓ. છે શબ્દ? બોલો જોઈ.

**શ્રોતા :-** પોતાના મોહને લઈને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** '**પોતાના મોહને લઈને...**' એનો અર્થ છે આ. એટલે શું કીધું? એણે ઉઠાવેલી ઉઠાવગીરી મોહ. આ મને ઠીક નહિ અને આ મને અઠીક એવા મોહને લીધે '**મિથ્યાદૃષ્ટિ જીવ કર્મને ભલું કરીને માને છે.**' છે ને? ચોપડા અને નામા જોવો તો, ચોપડામાં જોવે છે ને? ભાઈ! સંસારમાં નામા મેળવે છે કે નહિ? આ મેળવો તો ખરા. ભગવાનના ચોપડાના નામા છે આ.

ભાઈ! '**પોતાના મોહને લઈને...**' જુઓ! એમાં કર્મનું કાંઈ કારણ આપ્યું નથી. સંયોગને કારણે નહિ. એ '**પોતાના મોહને લઈને,...**' ભાષા કેવી બનાવી છે! કર્મ શુભ તે ભલું અને અશુભ તે ભૂંડું એવો ભેદ તો છે નહિ. ત્યારે ભેદ કરે છે કેમ? '**પોતાના મોહને લઈને,...**' સ્વરૂપ શુદ્ધ સ્વરૂપને ભૂલી અને અસાવધાનીપણું સ્વરૂપમાં કરી, પરમાં સાવધાનપણાના ભાવથી એ '**મિથ્યાદૃષ્ટિ જીવ કર્મને ભલું કરીને માને છે.**' કહો, બરાબર છે?

'**એવી ભેદપ્રતીતિ...**' જુઓ હવે ખુલાસો. '**એવી ભેદપ્રતીતિ શુદ્ધસ્વરૂપનો અનુભવ થયો ત્યારથી હોય છે.**' એ બેમાં ભેદ એટલે કાંઈ... '**એવી ભેદપ્રતીતિ...**' એટલે? પોતા સિવાયનું બધું તે એક દુઃખરૂપ જ છે એવું ભેદ નામ પોતાથી જુદાની પ્રતીતિ, એકરૂપે

જુદા બધા. પુણ્ય-પાપ પણ એકરૂપે જુદા, બાંધેલું કર્મ એકરૂપે જુદું અને ભાવપણ એકરૂપ અને શરીરની ક્રિયા એકરૂપ. **'આવી ભેદપ્રતીતિ શુદ્ધસ્વરૂપનો અનુભવ થયો ત્યારથી હોય છે.'** શુભભાવ ભલો નહિ, અશુભભાવ ભૂંડો નહિ, બધું એકરૂપ છે એમ સમ્યગ્જ્ઞાન થાય ત્યારે તેને ભાસે છે. કહો, સમજાણું આમાં?

**'એમ જે કહ્યું કે કર્મ એકરૂપ છે, તેના પ્રતિ દૃષ્ટાન્ત કહે છે :- '** લોકોને સમજાય એવો દાખલો આપે છે. કહો, આ તો વાત સાદી છે. આમાં કાંઈ બહુ ઝીણી વાત નથી ન સમજાય એવી. આ કહીએ છીએ આ શું કીધું આ? ભગવાન આત્મા એકરૂપે શુદ્ધ ચૈતન્ય પ્રભુ, એ એક સ્વરૂપી એની દૃષ્ટિ અને અંતર એકાગ્ર થતાં એ શુભ અને અશુભ બેય ભાવ એકરૂપ બંધનનું કારણ, દુઃખનું કારણ (જણાય). દેહની ક્રિયા એ જ્ઞેયની પર્યાય (છે), એ નિમિત્ત છે એમાં કાંઈ નહિ. અને પરવસ્તુ બંધ થયું એ દુઃખનું નિમિત્ત છે. ખરું દુઃખનું કારણ એ નથી. બધું એક જ દુઃખની દશામાં જાય છે. એ આત્માના આનંદમાં એનો એક અંશ પણ મદદગાર અને સહાયક નથી. આહાહા..!

લ્યો, ઓલા (કહે છે), શુભભાવ છે એ ચારિત્ર છે અને એનાથી શુભ થાય. અરે.. ભગવાન! બહુ સાહસ કર્યું હોં! બહુ સાહસ કર્યું. શાસ્ત્રના આવા અર્થને આવા કરવા સાહસ બહુ છે. 'જન્મઅંધનો દોષ નહિ આકરો...' ભાઈ કહે છે યશોવિજય. સમજાણું? 'જન્મ અંધનો .. દોષ નહિ આકરો, જે જાણે નહિ અર્થ મિથ્યાદૃષ્ટિ રે તેથી આકરો, કરે અર્થનો અનર્થ.' ધીરૂભાઈ! યશોવિજય થઈ ગયા છે ને શ્વેતાંબરમાં? 'જન્મ અંધનો દોષ નહિ આકરો...' બિચારાને આંખ નથી એ ક્યાંથી જોવે શબ્દોને, શું કરે? પણ 'મિથ્યાદૃષ્ટિ એથી આંધળો આકરો કે શાસ્ત્રના અર્થના અનર્થ કરે.' કહો, બરાબર સમજાય છે કે નહિ? તેથી 'મિથ્યાદૃષ્ટિ આકરો કરે અર્થના અનર્થ.' શાસ્ત્રમાં લખ્યું કે શુભભાવ બંધનું કારણ (છે). ત્યારે આ કહે કે ના. ના. એમાં થોડો પણ ભાગ, થોડો શુદ્ધનો અંશ છે, એમાં સંવર-નિર્જરા છે. આવા અર્થ કરે, ભગવાન! એ છૂટવાના આરા તને કઠણ પડશે હોં! એ કાંઈ બીજા કોઈ મદદ કરે એવું નથી. હવે દાખલો આપે છે.

---

(મન્દાક્રાન્તા)

एको दूरात्त्यजति मदिरां ब्राह्मणत्वाभिमाना–
दन्यः शूद्रः स्वयमहमिति स्नाति नित्यं तयैव।
द्वावप्येतौ युगपदुदरान्निर्गतौ शूद्रिकायाः
शूद्रौ साक्षादपि च चरतो जातिभेदभ्रमेण।।२–१०१।।

**ખંડાન્વય સહિત અર્થ :—''द्वौ अपि एतौ साक्षात् शुद्धौ'' (द्वौ अपि) વિદ્યમાન**

બંને (एतौ) એવા છે—(साक्षात्) નિઃસંદેહપણે (शूद्रौ) બંને ચંડાળ છે. શાથી? ''शूद्रिकायाः उदरात् युगपत् निर्गतौ'' કારણ કે (शूद्रिकायाः उदरात्) ચંડાલણીના પેટથી (युगपत् निर्गतौ) એકીસાથે જન્મ્યા છે. ભાવાર્થ આમ છે કે—કોઈ ચંડાલણીએ યુગલ બે પુત્ર એકીસાથે જણ્યા; કર્મોના યોગથી એક પુત્ર બ્રાહ્મણનો પ્રતિપાલિત થયો, તે તો બ્રાહ્મણની ક્રિયા કરવા લાગ્યો; બીજો પુત્ર ચંડાલણીનો પ્રતિપાલિત થયો, તે તો ચંડાળની ક્રિયા કરવા લાગ્યો. હવે જો બંનેના વંશની ઉત્પત્તિ વિચારીએ તો બંને ચંડાળ છે. તેવી રીતે કોઈ જીવો દયા, વ્રત, શીલ, સંયમમાં મગ્ન છે, તેમને શુભકર્મ બંધ પણ થાય છે; કોઈ જીવો હિંસા-વિષય-કષાયમાં મગ્ન છે, તેમને પાપબંધ પણ થાય છે. તે બંને પોતપોતાની ક્રિયામાં મગ્ન છે, મિથ્યા દષ્ટિથી એમ માને છે કે શુભકર્મ ભલું, અશુભકર્મ બૂરું; તેથી આવા બંને જીવો મિથ્યાદષ્ટિ છે, બંને જીવો કર્મબંધકરણશીલ છે. કેવા છે તેઓ? ''अथ च जातिभेदभ्रमेण चरतः'' (अथ च) બંને ચંડાળ છે તોપણ (जातिभेद) જાતિભેદ અર્થાત્ બ્રાહ્મણ-શૂદ્ર એવા વર્ણભેદ તે-રૂપ છે (भ्रमेण) ભ્રમ અર્થાત્ પરમાર્થશૂન્ય અભિમાનમાત્ર, તે-રૂપે (चरतः) પ્રવર્તે છે. કેવો છે જાતિભેદભ્રમ? ''एकः मदिरां दूरात् त्यजति'' (एकः) ચંડાલણીના પેટે ઊપજ્યો છે પરંતુ પ્રતિપાલિત બ્રાહ્મણના ઘરે થયો છે એવો જે છે તે (मदिरां) સુરાપાનનો (दूरात् त्यजति) અત્યંત ત્યાગ કરે છે, અડતો પણ નથી, નામ પણ લેતો નથી,—એવો વિરક્ત છે. શા કારણથી? ''ब्राह्मणत्वाभिमानात्'' (ब्राह्मणत्व) 'હું બ્રાહ્મણ' એવો સંસ્કાર, તેના (अभिमानात्) પક્ષપાતથી. ભાવાર્થ આમ છે કે—શૂદ્રાણીના પેટે ઊપજ્યો છું એવા મર્મને જાણતો નથી, 'હું બ્રાહ્મણ', મારા કુળમાં મદિરા નિષિદ્ધ છે' એમ જાણીને મદિરા છોડી છે તે પણ વિચારતાં ચંડાળ છે; તેવી રીતે કોઈ જીવ શુભોપયોગી થતો થકો—યતિક્રિયામાં મગ્ન થતો થકો—શુદ્ધોપયોગને જાણતો નથી, કેવળ યતિક્રિયામાત્ર મગ્ન છે, તે જીવ એવું માને છે કે 'હું તો મુનીશ્વર, અમને વિષયકષાયસામગ્રી નિષિદ્ધ છે' એમ જાણીને વિષયકષાયસામગ્રીને છોડે છે, પોતાને ધન્યપણું માને છે, મોક્ષમાર્ગ માને છે, પરંતુ વિચાર કરતાં એવો જીવ મિથ્યાદષ્ટિ છે, કર્મબંધને કરે છે, કાંઈ ભલાપણું તો નથી. ''अन्य तया एव नित्यं स्नाति'' (अन्य) શૂદ્રાણીના પેટે ઊપજ્યો છે, શૂદ્રનો પ્રતિપાલિત થયો છે, એવો જીવ (तया) મદિરાથી (एव) અવશ્યમેવ (नित्यं स्नाति) નિત્ય સ્નાન કરે છે અર્થાત્ તેને અતિ મગ્નપણે પીએ છે. શું જાણીને પીએ છે? ''स्वयं शूद्रः इति'' 'હું શૂદ્ર, અમારા કુળમાં મદિરા યોગ્ય છે' એવું જાણીને. આવો જીવ, વિચાર કરતાં, ચંડાળ છે. ભાવાર્થ આમ છે કે—કોઈ મિથ્યાદષ્ટિ જીવ

**અશુભોપયોગી છે, ગૃહસ્થક્રિયામાં રત છે—'અમે ગૃહસ્થ, મને વિષય-કષાય ક્રિયા યોગ્ય છે' એવું જાણીને વિષય-કષાય સેવે છે તે જીવ પણ મિથ્યાદૃષ્ટિ છે, કર્મબંધ કરે છે, કેમકે કર્મજનિત પર્યાયમાત્રને પોતારૂપ જાણે છે, જીવના શુદ્ધ સ્વરૂપનો અનુભવ નથી. ૨-૧૦૧.**

## કલશ-૧૦૧ ઉપર પ્રવચન

एको दूरात्त्यजति मदिरां ब्राह्मणत्वाभिमाना-
दन्यः शूद्रः स्वयमहमिति स्नाति नित्यं तयैव।
द्वाप्येतौ युगपदुदरान्निर्गतौ शूद्रिकायाः
शूद्रौ साक्षादपि च चरतो जातिभेदभ्रमेण।।१०१।।

**'ખંડાન્વય સહિત અર્થ :-'** '**द्वौ अपि एतौ साक्षात् शुद्धौ**' દાખલો છે હોં. '**વિદ્યમાન બંને...**' (एतौ) '**એવા છે—(साक्षात्) નિઃસંદેહપણે બંને ચંડાળ છે.**' એક ચંડાલણીને પેટથી બે દીકરા જન્મ્યા. ચંડાલણી એને પેટથી બે દીકરા જન્મ્યા. (एतौ) '**એવા છે—**' (द्वौ अपि) '**વિદ્યમાન બંને એવા છે—નિઃસંદેહપણે...**' (साक्षात्)ની વ્યાખ્યા કરી. (शूद्रौ) '**બંને ચંડાળ છે. શાથી?**' '**शूद्रिकायाः उदरात् युगपत् निर्गतौ**' '**કારણ કે ચંડાલણીના પેટથી...**' વળી એક સમયમાં સાથે એમ. એકસાથે. '**युगपत् निर्गतौ**' '**એકીસાથે જન્મ્યા છે.**' ચંડાલણી બાઈ હોય અને બે પુત્રનો એકસાથે જન્મ થયો.

'**ભાવાર્થ આમ છે કે—કોઈ ચંડાલણીએ યુગલ બે પુત્ર એકીસાથે જણ્યા;...**' આગળ-પાછળ નહિ હોં! એકીસાથે. નહિતર અત્યારે તો કેટલાકને અડધો કલાક પછી એક આવે છે. આથ તો એકસાથે જન્મ્યા. '**કર્મોના યોગથી એક પુત્ર બ્રાહ્મણનો પ્રતિપાલિત થયો,...**' કોઈ બ્રાહ્મણ લઈ ગયું એકને. '**તે તો બ્રાહ્મણની ક્રિયા કરવા લાગ્યો;...**' એ હતી ચંડાલણી એના બે દીકરા. એક બ્રાહ્મણને દીકરો નહોતો (તો) લઈ ગયો ખાનગી. લઈ જાય છે ને અત્યારે ઘણા? રાજાઓમાં ઘણો ફેરફાર થાય છે અંદર. સમજાણું? ફેરફાર કરીને કો'કનું છોકરુ કો'ક લઈ જાય. એમ ઓલા બ્રાહ્મણને છોકરો નહિ (એટલે) આ લઈ ગયો એની પાસેથી.

'**બ્રાહ્મણનો પ્રતિપાલિત થયો,...**' તે પહેલેથી બ્રાહ્મણનો પ્રતિપાલિત થયો. '**તે તો બ્રાહ્મણની ક્રિયા કરવા લાગ્યો;...**' જનોઈ પહેરે, ચાખડી પહેરે, સ્નાન કરે, આમ કરે,

તેમ કરે, મોટા ટીલા કરે, આમ કરે.

**શ્રોતા :-** ઘડી ઘડી સ્નાન કરી કરીને ચોખ્ખો થઈ ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** :- ધૂળમાં ચોખ્ખો થયો નથી. ચંડાલણીના પેટમાંથી જન્મેલો ચોખ્ખો ક્યાંથી આવ્યો હવે? સમજાણું?

**'કર્મોના યોગથી...'** જોયું! કર્મનો યોગ કીધું. એવા કોઈ પુણ્ય લઈને આવ્યો જરી તો બ્રાહ્મણને ત્યાં જાય છે. રાજામાં નથી જાતા કેટલાક સાધારણ હોય છે બાળકો, રાજા લઈ લ્યે અને રાજા મોટા પાળે એને. એને ખબર હોય પછી મોટો થાય કે આ મારા મા-બાપ હતા ને ફલાણું. એ બધું ચાલે. **'બ્રાહ્મણની ક્રિયા કરવા લાગ્યો;...'** છે ચંડાલણીનો દીકરો, બ્રાહ્મણને ઘરે ઉછર્યો અને એ બધા ટીલા ને ટપકાં ને નારાયણ... નારાયણ... નારાયણ... ફલાણું કરે. **'બીજો પુત્ર ચંડાલણીનો પ્રતિપાલિત થયો,...'** ચંડાલણીને ઘરે પળ્યો. **'તે તો ચંડાળની ક્રિયા કરવા લાગ્યો.'** કહો, આ સમજાય છે કે નહિ? આ દૃષ્ટાંત તો સમજાય છે ને છોકરાઓને? દૃષ્ટાંત સમજાય એવું છે. હવે એનો સિદ્ધાંત. **'હવે જો બંનેના વંશની ઉત્પત્તિ વિચારીએ તો બંને ચંડાળ છે.'**

**'તેવી રીતે કોઈ જીવો દયા, વ્રત, શીલ, સંયમમાં મગ્ન છે,...'** આહાહા..! કોઈ જીવ દયા, વ્રત, શીલ, કષાય મંદ, બ્રહ્મચર્ય અને સંયમ, ઈન્દ્રિયદમન શુભભાવ (એમાં) મગ્ન છે. **'તેમને શુભકર્મબંધ પણ થાય છે;...'** દયા, વ્રત, શીલ, સંયમમાં મગ્ન છે. **'તેમને શુભકર્મબંધ પણ થાય છે; કોઈ જીવો હિંસા-વિષય-કષાયમાં મગ્ન છે,...'** પાંચ ઈન્દ્રિયના વિષયો, કષાયો, હિંસામાં. **'તેમને પાપબંધ પણ થાય છે. તે બંને પોતપોતાની ક્રિયામાં મગ્ન છે.'**

**'મિથ્યા દૃષ્ટિથી એમ માને છે કે શુભકર્મ ભલું, અશુભકર્મ બૂરું;...'** બ્રાહ્મણને ઘરે પળ્યો એ જાણે કે હું બ્રાહ્મણ છું, હું બ્રાહ્મણ છું, પવિત્ર થઈ ગયા અમે. ચંડાળ છે એ તો નહિ, એ તો અડવા લાયક નથી, સ્પર્શ કરવા લાયક નથી એમ માને છે. એમ શુભકર્મ કરીને ભલા જાણે છે, અશુભકર્મ બૂરા માને છે. **'તેથી આવા બંને જીવો મિથ્યાદૃષ્ટિ છે,...'** એ વિભાવરૂપી ચંડાલણીના બે દીકરા છે. સમજાણું કાંઈ? ભાઈ! એની ચીજને બાપુ સમજવા માટે એને પ્રયત્ન ઘણો જોશે. એ એમને એમ સાધારણ ક્રિયા શુભ કરે અને ધર્મ થઈ જાય અને પરંપરા થઈ જશે (એમ) ત્રણ કાળમાં થતું નથી.

**'બંને જીવો કર્મબંધકરણશીલ છે.'** ભાષા નાખી જોયું! **'બંને જીવો કર્મબંધકરણશીલ છે.'** બંધનો કરવાવાળો એનો સ્વભાવ છે. એ દયા પાળે, વ્રત પાળે, શીલ પાળે, સંયમ, ઈન્દ્રિય દમન અને હિંસા, વિષય કષાય બેય બંધના કારણ છે. એમાં કોઈ આત્માના મોક્ષના અબંધ પરિણામ નથી, દ્રવ્યસ્વરૂપ તે અબંધ છે. એની દૃષ્ટિ કર્યા વિના અબંધ પરિણામ

કોઈ દિ' પ્રગટ થાય નહિ. કહો, સમજાણું કાંઈ?

'કેવા છે તેઓ?' **'अथ च जातिभेदभ्रमेण चरतः' 'બંને ચંડાળ છે તોપણ (जातिभेद) અર્થાત્ બ્રાહ્મણ-શૂદ્ર એવા વર્ણભેદ તે-રૂપ છે...'** (भ्रमेण) **'ભ્રમ અર્થાત્ પરમાર્થશૂન્ય અભિમાનમાત્ર,...'** ભાન વિનાનો. એલા પણ પુત્ર તો ચંડાલણીનો છો. બ્રાહ્મણને ત્યાં પળ્યો એટલે કાંઈ ચંડાલણીનો પુત્ર વયો ગયો? એ **'પરમાર્થશૂન્ય અભિમાનમાત્ર, તે-રૂપે પ્રવર્તે છે.'** જુઓ! બેય પ્રવર્તે છે. બ્રાહ્મણ છીએ, અમારે આમ છે, અમારે આમ અડાય નહિ, દારૂને અડાય નહિ, ફલાણાને અડાઈ નહિ, .. અડાઈ નહિ. ઓલો કહે કે અમારે હરકત નહિ. ચંડાળ કહે. બંને ચંડાળ તો છે. બ્રાહ્મણ-શૂદ્ર એવો વર્ણભેદ છે નહિ.

'કેવો છે **જાતિભેદભ્રમ?' 'एकः मदिरां दूरात् त्यजति' 'ચંડાલણીના પેટે ઊપજ્યો છે પરંતુ પ્રતિપાલિત બ્રાહ્મણના ઘરે થયો છે એવો જે છે તે સુરાપાનનો અત્યંત ત્યાગ કરે છે,...'** નહિ, અમારે પીવાય નહિ. એક બિંદુને અડાય નહિ. દારૂના બિંદુને અડાય નહિ. **'અડતો પણ નથી, નામ પણ લેતો નથી,-'** ભાષા જુઓ! દારૂનું નામ અમારે ન હોય, અમે બ્રાહ્મણ છીએ. નામ લે તો અભડાઈ જઈએ અમે. સ્પર્શે નહિ, અડે નહિ. (છે) ચંડાળ. **'નામ પણ લેતો નથી,—એવો વિરક્ત છે,...'** ભાષા ઓલી. પાપના પરિણામથી વિરક્ત બતાવવું છે ને?

'શા કારણથી?' **'ब्राह्मणत्वाभिमानात्' 'હું બ્રાહ્મણ'** અમે બ્રાહ્મણ. **'એવો સંસ્કાર, તેના પક્ષપાતથી.'** અભિમાન નામ પક્ષપાત, એનો પક્ષપાત (કે) અમે બ્રાહ્મણ છીએ, અમે બ્રાહ્મણ છીએ. **'ભાવાર્થ આમ છે કે—શૂદ્રાણીના પેટે ઊપજ્યો છું એવા મર્મને જાણતો નથી,...'** એ શૂદ્રીના પેટથી ઉપજ્યો એના મર્મને જાણતો નથી. **'હું બ્રાહ્મણ, મારા કુળમાં મદિરા નિષિદ્ધ છે'** હું તો બ્રાહ્મણ, મારી જાતમાં મદિરા (હોય નહિ). મદિરા એટલે સમજાય છે? દારૂ-દારૂ. અમારે દારૂને અડાય નહિ, અમારે દારૂને પીવાય નહિ. **'એમ જાણીને મદિરા છોડી છે...'** અમારા કુળમાં મદિરા નિષેધ છે એમ જાણીને મદિરાને છોડે છે. **'તે પણ વિચારતાં ચંડાળ છે;'**

**'તેવી રીતે કોઈ જીવ શુભોપયોગી થતો થકો—'** એમ કોઈ શુભ પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિના કરનારો, એ **'યતિક્રિયામાં મગ્ન થતો થકો—'** સાધુની ક્રિયામાં શુભઉપયોગમાં મગ્ન છે એ પણ બંધનું જ કારણ છે. ચંડાલણીનો પુત્ર છે એ. વિભાવરૂપી ચંડાલણી. આહાહા..! **'શુભોપયોગી થતો થકો—યતિક્રિયામાં મગ્ન થતો થકો— શુદ્ધોપયોગને જાણતો નથી,...'** પણ એ શુભપરિણામ રહિત ભગવાન ચિદાનંદ શુદ્ધ છે એની અંતર દૃષ્ટિ અને આચરણને જાણતો નથી. શુદ્ધ ઉપયોગસ્વરૂપ ભગવાન આત્મા ચિદાનંદ

સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રભુ પૂર્ણાનંદથી ભર્યો, એના ઉપયોગ નામ એના આચરણને જાણતો નથી. શુભ આચરણ છે ખરું ને? એ અશુદ્ધરૂપ આચરણ છે. છતાં એને એકને ઠીક અને બીજાને અઠીક માને છે.

**'કેવળ યતિક્રિયામાત્ર મગ્ન છે,...'** બસ! શુભઉપયોગ. દયા, વ્રત, ભક્તિ, તપ, અપવાસ કરી કરીને મરી જાય બિચારા. આગળ કહેશે, નિર્જરામાં કહેશે. ચૂરો થઈ જાય. નિર્જરામાં. છેને મહાવ્રત ભારેણ. **'भग्ना'**. ઓહોહો..! ભગવાન આત્મા ત્રિકાળ શુદ્ધ આનંદકંદ નિરાકુળ નિર્લેપ વસ્તુ, એવી ચીજને અંતરમાં જાણતો નથી, એને આદરતો નથી, એનામાં આચરણરૂપે ઠરતો નથી અને એ આ ફક્ત શુભઉપયોગી વ્રત ને તપ ને ક્રિયાના શુભરાગમાં મગ્ન છે.

**'કેવળ યતિક્રિયામાત્ર મગ્ન છે,...'** જુઓ! કેવળ કેમ લીધું? ઓલો નિશ્ચયનો તો ઉપયોગ છે નહિ, એકલા શુભની ક્રિયામાં મગ્ન છે. ભાઈ! ઓલા નિશ્ચય વિનાનું એકલો વિકલ્પ એમ કહેવું છેને. આહાહા..! કહો, આ કાંઈ ઘરની નથી હોં! આચાર્યો કહે છે એ કહ્યું છે. વળી કોઈ કહે એ તો ગૃહસ્થનું લખેલું છે. મૂળ પાઠમાં તો આમ છે. કર્મની વાત છે. મૂળ પાઠ. ભાઈ! કર્મની પણ અમૃતચંદ્રાચાર્યે કર્યું છે કે નહિ? ચાર બોલ નાખ્યા છે કે નહિ? એ તો સ્પષ્ટ કર્યું છે. જે એના પેટમાં હતું એને ખોલીને મૂક્યું છે ટીકા. ટીકાનો અર્થ એ કે જે છે એને વિશેષ સ્પષ્ટીકરણ કરવું. અમૃતચંદ્રાચાર્યે જે મૂળ પાઠમાં મૂક્યું છે કુંદકુંદાચાર્યે (લખ્યું છે) એનું સ્પષ્ટીકરણ (કર્યું છે). પાઠમાં એમ છે કે શુભકર્મ ભલું માનવું, અશુભ ભૂંડું અજ્ઞાની કહે છે. પણ એમાં એ આવી ગયું. શુભકર્મનું કારણ શુભઉપયોગ અશુભનું કારણ અશુભઉપયોગ એ બધું એકરૂપ છે એને નથી માનતો એ મૂઢ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે.

એકલી યતિક્રિયા, સાધુની ક્રિયા, અઠ્યાવીશ મૂળગુણ. એ અઠ્યાવીશ મૂળગુણ ચોખ્ખા પાળે. ચોખ્ખા સમજાય છે? નથી સમજાતું? એ ઠીક. એય.. વસંતીલાલજી! દોષ ન આવવા દે, લ્યો. એના માટે બનાવ્યું હોય, ચોકા કર્યા હોય, ઉદ્દેશિક હોય એ લે નહિ. એવો શુભભાવ બરાબર અઠ્યાવીશ મૂળગુણના છે. છતાં એ બંધનનું કારણ છે, ધર્મ નહિ. સવારે ભલામણ કરતા હતા ભાઈ પંડિતજીને. જંગલ જવા વખતે. ફૂલચંદજી અને તમે પંડિત એમ કે હવે કરો કાંઈક. કહેતા હતાને તમને. સવારે નહિ? એમ કે આ બધી ગડબડ થઈ ગઈ છે બહુ. વ્યાખ્યાન પછી. વાત સાચી. ગડબડ ઘણી થઈ ગઈ છે હોં. ઘણી ગડબડ. અરે..! વીતરાગનો માર્ગ છે એને શ્રદ્ધામાં એમ ને એમ ન રાખે તો વીતરાગ માર્ગ રહેશે શી રીતે? સમજાણું કાંઈ? શ્રદ્ધા જે વસ્તુની સ્થિતિ છે એને શ્રદ્ધામાં બરાબર દૃઢતામાં નહિ રાખે તો માર્ગ જૈન માર્ગ કાંઈ બહારમાં રહેતો હશે? ધર્મ તો પર્યાયમાં હોય, માર્ગ પર્યાયમાં હોય, કહ્યું નથી પંદરમાં? જૈનશાસન એણે દેખ્યું. જૈનશાસન ક્યાં રહેતું હશે?

આત્મા શુદ્ધ ભગવાન પૂર્ણાનંદ એને પરથી અબંધ દેખવો, સામાન્ય દેખવો, એકરૂપે

અંદરમાં દેખવો, પરથી તો નાસ્તિથી વાત કરી પણ અંદર એકરૂપે જાણવો, એવી જે દૃષ્ટિ અને ભાવશ્રુતજ્ઞાનનું પરિણમન એનું નામ જૈનશાસન. જૈનશાસન ક્યાંય બહાર રહેતું નથી. સમજાણું કાંઈ? આહાહા..! ન ધર્મો ધાર્મિક વિના આવે છેને? ધર્મ કાંઈ ધર્મી જીવને બહાર હોતો નથી.

અહીં તો ચોખ્ખી વાત કરી છે કે '**કેવળ યતિક્રિયામાત્ર મગ્ન છે, તે જીવ એવું માને છે કે હું તો મુનીશ્વર, અમને વિષયકષાયસામગ્રી નિષિદ્ધ છે...**' અમારે વિષય ન ખપે, આ નહિ ખપે, એ નહિ ખપે. એય.. ચામડાનું રાખ્યું છે તે? ચામડાનું નહિ ખપે. એ ચામડાનું રાખે છેને? શું કહે? પટ્ટો. ઘડિયાળનો પટ્ટો. નહિ. શું છે પણ ધીરો થાને. સમજાણું? બરાબર એમ લે છે, આમ લે છે. કહે છે, ભગવાન! એ તો બધો શુભભાવ છે. સમજાય છે? '**અમને વિષયકષાયસામગ્રી નિષિદ્ધ છે...**' અમારે વિષય નહિ, અમારે નહિ. અમારે સ્ત્રી સામું જોવાય નહિ, ફલાણુ થાય નહિ. વાત તો.. '**વિષયકષાયસામગ્રી નિષિદ્ધ છે...**' સમજ્યાને? નહિ. એવા .. છોડી દે.

'**તે જીવ એવું માને છે કે હું તો મુનીશ્વર,...**' '**એમ જાણીને વિષયકષાયસામગ્રીને છોડે છે,...**' છોડે છે. '**પોતાને ધન્યપણું માને છે,...**' ભાષા કેવી કરી છે. ભાઈ! એ તો એક શુભભાવ છે, પણ એમાં ધન્યપણું માનવું એ તો અભવિને પણ એવો ભાવ તો અનંતી વાર આવે છે. એ કાંઈ નવી ચીજ નથી. અભવિને પણ એવો શુભભાવ નગ્ન મુનિ થાય, દિગંબર મુનિ હજારો રાણીનો ત્યાગ કરે, અભવિ. ત્યારે વળી દાખલો આપ્યો છે બંધ અધિકારમાં ભાઈ! અભવિનો. (તો કહે છે), એ તો અભવિને લાગુ પડે, ભવિને ન લાગુ પડે. અરે..! એ તો દાખલો આપ્યો છે. એલા! અભવિ પણ આવું અનંત વાર કરે છે. અભૂતાર્થ ધર્મ. પાઠ છે ને એમાં? તો તું પણ કરે તો તને ક્યાંથી ધર્મ થયો? એમ દાખલો આપવા કહ્યું છે. ત્યારે એ કહે કે નહિ, એ વ્રત નિયમ પાળે એ અભવિને માટે છે. ભવિ તો વ્રત, નિયમ પાળે એને તો ધર્મ જ થાય. આરે.. આરે..! ભારે પણ અર્થમાં.

**શ્રોતા** :- આગિયાનું દૃષ્ટાંત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, આગિયા. હા એ લીધું હતું.

**શ્રોતા** :- વાંદરો પણ કરવા લાગ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વાંદરો કરતો હતો. વાંદરો હતો ને. પંડિતજીએ સાંભળ્યું હશે. વાંદરો હતો જંગલમાં. તો મનુષ્યોએ દિવાસળી સળગાવી તો વાંદરો કહે લાવ હું પણ અગ્નિ કરું. તો બહુ થાય હોં ત્યાં આગિયા. ત્યાં અમે ઉતર્યા હતા ને મધુવનમાં બહાર, ઓલા વિસપંથીની ધર્મશાળા બહાર. આમ કેટલાય ઊડે હોં! બીજાને બીક લાગે કે કો'ક દેવી હશે

વ્યંતરી. એટલા ઉડતા હતા. ત્યાં સૂતા હતા ને ત્યાં આઠ દિ' બહાર જંગલમાં. ઓલા વિસપંથીની છે ને બહાર? સમ્મેદશિખરની બહાર. આપણે ઉતર્યા હતા. મધુવનની બહાર. વીસપંથીની કોઠી ત્યાં સૂતા હતા રાતે આઠ દિ'. અહીં બહુ માણસો ખરુંને. એટલા ઊડે તો બીજાને એમ લાગે કે ભૂતડું હશે. હવે ભૂત-બૂત નથી કીધું આ તો આગિયા છે, સાંભળને હવે. હજારો ઊડે ચારે કોર.

એ તો વાંદરાએ ઓલા ટાઢ બહુ વાય માણસને. ઘાસ ભેગું કરીને દીવાસળી મૂકી. ભડકો થયો. ઓલા માણસે. વાંદરો કહે, ભડકો થયો આ. એણે ઘાસ ભેગું કરીને અને ... પકડ્યું એ બે-ચારને પકડ્યા અને મૂક્યું ઘાસમાં. પણ એ તો ઉડતો જીવ છે. કાંઈ જીવથી ઘાસ સળગતા હશે? અનુકરણ કર્યું. સમજ્યા વિના અનુકરણ કર્યું. એમ અનુકરણ કરે કાંઈ વસ્તુને સમજ્યા વિના થઈ જતું હશે? દિવાસળી પડતી મૂકી. થાકી ગયો વાંદરો. બે-ચાર પકડીને મૂક્યા, દસ આમ પકડીને મૂક્યા. કાંઈ સળગે નહિ. પણ શેના સળગે? દીવાસળી હોય તો સળગે. એ તો જીવ છે. એ તો બેઠો ત્યાં બેઠો પ્રકાશ પડે. હોય નહિ બીજું કાંઈ. આ નથી જીવ થાતા શું કહેવાય? આગિયા જીવ. રાતે હોયને નાના ઝીણા? ત્યાં બહુ હતા. એમ કહે છે કે એકબીજાનું અનુકરણ કરે સમજ્યા વિના. અમને વિષયકષાય ન ખપે.

**'પોતાને ધન્યપણું માને છે, મોક્ષમાર્ગ માને છે,...'** દેખો! અમે મોક્ષમાર્ગી છીએ. જુઓ! અમને ખપે છે કાંઈ? તમે દુકાને બેઠા પાપ કરો છો એકલા. વિષયભોગ કાંઈ છોડી શકો છો? કેટલું છોડીને બેઠા છીએ અમે. શું છે કાંઈ અમારે બીજું? માથે લોચ કરવા, ઊના પાણી પીવા, પગે ચાલવા, પાંચ-પાંચ, દસ-દસ ગાવ ઉનાળામાં સમજ્યાને? શું કહેવાય? ઉનાળો સહન કરવો, શિયાળામાં ટાઢ સહન કરવી, ચોમાસામાં વરસાદ ધોધ પડતો હોય તો અમારે કાંઈ આહાર લેવા જવાય છે? કેટલું સહન કરીએ છીએ!

**'પોતાને ધન્યપણું માને છે,...'** ભાઈ! એ તો બહારલક્ષીનો ભાવ છે પ્રભુ! એ કાંઈ અંતરલક્ષી કોઈ પરિણામ છે નહિ. સમજાણું કાંઈ? અને **'મોક્ષમાર્ગ માને છે,...'** એ બધુ બાકી છે. મોક્ષમાર્ગમાં છીએ, અમે મોક્ષમાર્ગમાં છીએ. ભાઈ! મોક્ષમાર્ગ બાપા, એ પ્રભુ નિત્ય સ્વરૂપ છે એને આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટે. આ તો બહારલક્ષી, બહાર દિશાફેરે ભાવ છે. બહારની દિશાફેરે ભાવ ઉત્પન્ન થાય એ દશા આત્માની મોક્ષમાર્ગની નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આ કળશમાંથી બહાર કાઢવા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કળશમાંથી બહાર ક્યાં કાઢવું છે, એના ભાવમાંથી કાઢને એને. ઝીણી વાત છે. વસ્તુ જ્ઞાનાનંદ પ્રભુ, એને મૂકીને જેટલો શુભભાવ થાય એમાં બંધ ન માનતા મોક્ષમાર્ગ માને એ મૂઢ જીવ અજ્ઞાની છે. કહો, બરાબર છે.

**'પરંતુ વિચાર કરતાં એવો જીવ મિથ્યાદષ્ટિ છે,...'** લ્યો! થોડો વિચાર કરતા પણ જે ઓલો ચંડાળનો દીકરો છે, બ્રાહ્મણ નામ ધરાવે છે. એમ **'વિચાર કરતાં એવો જીવ મિથ્યાદષ્ટિ છે, કર્મબંધને કરે છે, કાંઈ ભલાપણું તો નથી.'** આહાહા..! ત્યારે કહે, એવો શુભભાવ ક્યારે છૂટે? અત્યારે છોડવાનું કહો છો? પણ હજી અહીં તો શ્રદ્ધાની વાત કરે છે. છૂટી ક્યારે જાય? એ તો શુદ્ધઉપયોગ થાય ત્યારે છૂટે. પણ પહેલાં શ્રદ્ધામાં, અનુભવ દૃષ્ટિમાં એ શુભરાગ આદરણીય નથી, બંધનું કારણ છે એમ ભેદ પડ્યા વિના દૃષ્ટિ સાચી થશે ક્યાંથી? પછી છૂટે તો સર્વથા શુદ્ધઉપયોગ જ્યારે થાય ત્યારે શુભઉપયોગ રહે નહિ, પણ શુભઉપયોગ હોવા છતાં એનાથી ભિન્ન મારી ચીજ છે, એનાથી કંઈ પણ મને ભલું નથી એવી દૃષ્ટિ બતાવવા આ વાત કરી છે.

**શ્રોતા :-** આવો નિર્ણય કરવામાં જ તકલીફ ઊભી થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમાં જ.. આહાહા..! એને એમ થઈ જાય કે હાય.. હાય..! અરે.. ભાઈ! તારા ઘરની ચીજ છે ને પ્રભુ! એ નિર્વિકલ્પ શાંતરસથી ભરેલો પદાર્થ છે. એમાં એ વિકલ્પની વૃત્તિ ઉઠે છે, હોય છે, પણ એ બધું બંધનું જ કારણ છે. એ અશુદ્ધચેતના છે, એ કર્મચેતના છે, એ શુભભાવની ક્રિયા તે કર્મચેતના છે. એ જ્ઞાનચેતના, ધર્મચેતના નથી. સમજાણું કાંઈ?

**'કાંઈ ભલાપણું તો નથી.'** વળી પાછું એમ. કાંઈ ભલાપણું તો નથી. થોડું તો કહો. પરંપરાએ ક્યાં કહે અને કોને કહે? એ તો સમ્યગ્દૃષ્ટિ હોય, અનુભવ થયો હોય એને શુભભાવ હોય એને પરંપરા આરોપ દઈને વ્યવહારથી કહેવાય. આને તો કેનો પરંપરા આવ્યો? અનંત વાર એવું કર્યું છે એણે. નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો છે. 'મુનિવ્રત ધાર અનંત બૈર...' વળી એનો અર્થ બીજો કરે છે. એ તો ભવિને માટે છે એ શ્લોક. કોણ જાણે શું કરે છે? આચાર્યે તો કહ્યું,

મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો,
પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.

ભગવાન આત્મા શાંત અકષાયસ્વભાવ એની દૃષ્ટિ અનુભવની તેં કરી નહિ. એથી આવા મુનિવ્રતના અનંત વાર વ્રતો લીધા પણ એનાથી કાંઈ તારી ગરજ સરી નહિ, એક પણ ભવ ઘટ્યો નહિ. બંધ થયો. ભેખ ફર્યો, ભેખ ફર્યો. નવમી ગ્રૈવેયકનો દેવ થયો અને કાં રાજા (થાય). ઓલો રાંક થાય અને નારકી થાય. આ રાજા અને આ દેવ. ભેખ ફર્યો, વસ્તુ ફરી નહિ. સમજાણું કાંઈ?

**'કાંઈ ભલાપણું તો નથી.'** 'अन्याः तया एव नित्यं स्नाति' હવે બીજો. **'શૂદ્રાણીના પેટે ઊપજ્યો છે, શૂદ્રનો પ્રતિપાલિત થયો છે,...'** હવે બીજો ચંડાળ લીધો. ઓલો

બ્રાહ્મણનો દાખલો (હતો) એની (વાત) પૂરી થઈ. હવે શૂદ્રીના પેટથી ઊપજ્યો અને શૂદ્રીને ત્યાં રહ્યો. **'એવો જીવ મદિરાથી અવશ્યમેવ નિત્ય સ્નાન કરે છે અર્થાત્ અતિ મગ્નપણે પીએ છે.'** બસ! અમારે શું છે? અમારે તો ખપે છે. બ્રાહ્મણને ન ખપે. **'શું જાણીને પીએ છે?' 'स्वयं शूद्रः इति' 'હું શૂદ્ર, અમારા કુળમાં મદિરા યોગ્ય છે...'** અમારા કુળમાં તો મદિરા હોય છે. **'એવું જાણીને. આવો જીવ, વિચાર કરતાં, ચંડાળ છે.'**

**'ભાવાર્થ આમ છે કે—કોઈ મિથ્યાદષ્ટિ જીવ અશુભપયોગી છે...'** જુઓ! દાખલાનો સિદ્ધાંત. **'ગૃહસ્થ ક્રિયામાં રત છે–'** ઓલો યતિ ક્રિયામાં રત હતો શુભભાવવાળો. આ ગૃહસ્થ ક્રિયામાં વિષય-ભોગ... વિષય-ભોગ.. વિષય-ભોગ. **'ગૃહસ્થક્રિયામાં રત છે—અમે ગૃહસ્થ, મને વિષય-કષાય ક્રિયા યોગ્ય છે એવું જાણીને વિષય-કષાય સેવે છે...'** સમજાણું? ઓલામાં કહ્યું હતું ને વિષય-કષાય અમારે ન હોય. કહ્યું હતુંને એમાં? અમારે વિષય કષાય નહિ એવું જાણીને વિષય-કષાયને છોડે છે. છેને અંદર આવ્યું હતું એ. છે જુઓ! **'અમને વિષયકષાયસામગ્રી નિષિદ્ધ છે એમ જાણીને વિષયકષાયસામગ્રીને છોડે છે,...'** આ કહે છે કે અમારે વિષયકષાય સેવે છે. અમને ત્યાગ છે નહિ. **'તે જીવ પણ મિથ્યાદષ્ટિ છે, કર્મબંધ કરે છે,...'** અશુભભાવમાં મગ્ન છે, એ ચંડાળના પુત્ર જે ઘરે પળ્યા એના જેવો છે. બ્રાહ્મણને ઘરે ગયો પણ ક્રિયા બધી કરે પણ શુભભાવ છે એવો બ્રાહ્મણને ઘરે પળ્યો ભલે શુભભાવમાં પણ બંધનું જ કારણ છે.

**'કર્મબંધ કરે છે, કેમકે કર્મજનિત પર્યાયમાત્રને પોતારૂપ જાણે છે,...'** વસ્તુ એક સમયમાં શુદ્ધ ચૈતન્ય પ્રભુ એની તો દષ્ટિ છે નહિ, અનુભવ છે નહિ, આશ્રય છે નહિ, અવલંબન સ્વનું છે નહિ. એકલા પરજનિત પર્યાયમાં પોતારૂપ જાણે છે. **'જીવના શુદ્ધ સ્વરૂપનો અનુભવ નથી.'** લ્યો! એ રાગ જે કર્મજનિત વિકારી અશુદ્ધ પર્યાય વિભાવભાવ કર્મચેતના, એમાં પોતાનું ભલુપણું માને છે. બેય એક જાતના છે. એમાં કોઈ શુદ્ધ સ્વરૂપની દષ્ટિ અને અનુભવ નથી. બેય બંધના જ કારણને સેવે છે. માટે એને કોઈ ધર્મ-બર્મ છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત-૨૪૯૧, જેઠ વદ ૭, સોમવાર, તા. ૨૧-૬-૧૯૬૫, કલશ-૧૦૨ થી ૧૦૪ પ્રવચન નં. ૭૬

પુણ્ય-પાપ અધિકાર છે. એમાં શંકાકારની શંકા પુણ્ય-પાપમાં એમ હતી કે શુભાશુભ પરિણામમાં બેમાં ફેર છે. એક શુભ પરિણામ વિશુદ્ધરૂપ છે અને એક પરિણામ સંક્લેશરૂપ છે. તો બંધના કારણમાં બે પરિણામમાં ફેર છે, માટે ફેર હોવો કારણમાં ફેર છે. એનો ઉત્તર આપ્યો અહીંયાં.

'**એવા બંને પરિણામ અશુદ્ધરૂપ છે, અજ્ઞાનરૂપ છે;...**' ભગવાન આત્મા ચૈતન્ય પ્રજ્ઞાસ્વરૂપ એનાથી વિરુદ્ધ શુભ-અશુભ પરિણામ સંક્લેશ હો કે વિશુદ્ધ હો, બેય એક જાતના અશુદ્ધપણામાં ખતવવામાં આવે છે. એક શબ્દ અને બીજો '**અજ્ઞાનરૂપ છે;...**' એમ કેમ મૂક્યું? કે જ્ઞાનસ્વરૂપ ચૈતન્યથી તે વિરુદ્ધ છે. શુદ્ધતાથી વિરુદ્ધ છે અને જ્ઞાનસ્વરૂપથી તે વિરુદ્ધ છે. અજ્ઞાન છે. શુભ-અશુભ પરિણામમાં ચૈતન્યચમત્કાર ભગવાન આત્મા એના પ્રકાશનો તે શુભાશુભભાવમાં અભાવ છે. માટે તે શુભાશુભ પરિણામ અજ્ઞાનરૂપ છે. '**તેથી કારણભેદ પણ નથી,..**' કારણભેદ નથી. એક જ કારણ છે. '**કારણ એક જ છે.**' અજ્ઞાનરૂપ કારણ શુભાશુભ પરિણામ અશુદ્ધ એક જ કારણ છે. કહો, સમજાણું કાંઈ? સમજાય છે? ન સમજ્યા? ઠીક!

શિષ્યે એમ કહ્યું કે શુભ અને અશુભભાવ છે ને, શુભ છે તે શુદ્ધ છે અને અશુભ છે તે સંકલેશ—મલિન છે, એ બેમાં ફેર છે. માટે બેમાં ફેર કહો. ત્યારે આચાર્ય જવાબ આપે છે કે બેય પરિણામ અશુદ્ધ છે, બેય અજ્ઞાનની જાતના છે. માટે કારણ બે પ્રકાર નથી, એક જ કારણ છે, બંધનું જ કારણ છે.

**શ્રોતા :-** વ્યવહારનો નિષેધ થયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારનો નિષેધ થયો તો એ વ્યવહાર એટલે કે છે, પણ એ વસ્તુના સ્વરૂપમાં એ ભાવ નથી. એનાથી વિરુદ્ધ ભાવ છે એમ અહીં સિદ્ધ કરવું છેને. વસ્તુમાં ક્યાં હતો એ. એ કહેશે છેલ્લે. '**કર્મ સર્વથા બંધમાર્ગ છે.**' માટે બંધરૂપ જાય છે પુદ્ગલપિંડમાં. છેલ્લો શબ્દ કહેશે.

હવે બીજી વાત. સ્વભાવભેદ છે એમ અજ્ઞાનીએ કહ્યું હતું. કેમકે પુદ્ગલ બંધાય એમાં કોઈ શાતા-અશાતા (રૂપે બંધાય છે). કોઈ શાતારૂપે બંધ પડે, કોઈ અશાતારૂપે બંધ પડે.

પુદ્‌ગલના બંધમાં સ્વભાવમાં ભેદ છે. એમ મિથ્યાવાદીનો પ્રશ્ન હતો, એનો ઉત્તર કહે છે. '**શુભકર્મ-અશુભકર્મ એવાં બંને કર્મ પુદ્‌ગલપિંડરૂપ છે,...**' શાતા બંધાવ કે અશાતા બંધાવ. શુભ નામ બંધાવ કે અશુભ નામ કર્મ બંધાવ, શુભ ગોત્ર બંધાવ કે અશુભ ગોત્ર એટલે કે ઊંચ-નીચ બંધાવ, '**બંને કર્મ પુદ્‌ગલપિંડરૂપ છે,...**' એમાં ક્યાંય એમાં ભેદ છે નહિ.

'**તેથી એક જ સ્વભાવ છે,...**' એ કારણે પુદ્‌ગલનો એક પ્રકારનો જ સ્વભાવ છે. એમાં બે પ્રકારનો સ્વભાવ માને છો એ યથાર્થ છે નહિ. '**સ્વભાવભેદ તો નથી.**' બે વાત કરી. '**अनुभव**' '**રસ તે પણ એક જ છે,...**' ઓલાએ કહ્યું કે અનુભવમાં ફેર છે. એય..! પ્રેમચંદભાઈ! આ અનુભવમાં ફેર છે ઓલો કહે છે. પુણ્યના ફળમાં મોટરું મળે, પૈસા મળે, લાડવા મળે ઘઉંના, સાકર મળે, ઘી મળે. અને પાપનો ઉદય હોય ત્યાં માથુ ચડે, ઓલું થાય, પ્રતિકૂળતા થાય. એ રસમાં ફેર છે હોં, મહારાજ! શિષ્ય કહે છે. કાંઈક ફેર અનુભવમાં ફેર તો લાગે છે.

'**રસ તે પણ એક જ છે,...**' અરે..! સાંભળ ભાઈ! બેય રસ એક જ છે. '**રસભેદ તો નથી. વિવરણ—શુભકર્મના ઉદયે જીવ બંધાયો છે,...**' ભાષા જુઓ કરી ભાઈએ. '**બંધાયો છે, સુખી છે;...**' એમ એક એવી શૈલી કરી છે, કે ભાઈ! શુભકર્મના ઉદયથી જીવ બંધાયેલો સુખી. બંધાયેલો સુખી? સમજાય છે કાંઈ? એ શૈલી કે શુભકર્મથી બંધાયેલો સુખી? અને અશુભકર્મના ઉદયથી બંધાયેલ એ દુઃખી? એ બધું એક જ છે. બંધનો ભાવ, રસનો અનુભવ એક જ છે, બે છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

એના કારણ ફેર? કહે છે ના. પુદ્‌ગલના બાંધવાના સ્વભાવ ફેર? કહે છે, ના. ત્યારે કહે છે, એના અનુભવ ફેર? કહે ના. બેયમાં દુઃખરૂપનો અનુભવ છે, પુદ્‌ગલનો જ અનુભવ છે. શાતાનો ઉદય હોય તોપણ પુદ્‌ગલનો અનુભવ છે, એ આકુળતાનો અનુભવ છે ને ત્યાં એ પુદ્‌ગલ જ છે ખરેખર એ. સમજાણું કાંઈ? કેમ હશે આમાં? રાજમલજી! આ બધા પૈસાવાળા (સુખી દેખાય છે).

**શ્રોતા :-** પૈસાવાળા છે માટે નહિ, પૈસાની મમતા છે માટે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મમતાથી દુઃખી છે. જ્ઞેય તો જ્ઞેય છે પણ એમાં રસ જે ભોગવે છે ને? એ બધોય આકુળતાનો જ ભાવ છે. બંધાયેલો સુખી એમ નાખ્યું ભાઈએ. બંધાયેલો સુખી? અરે..! બંધાયેલો સુખી અને બંધાયેલો દુઃખી. બેય બંધાયેલો છે. એ સુખ-દુઃખ ફેર છે નહિ. સમજાય છે?

'**વિશેષ તો કાંઈ નથી.**' બસ! ત્રણ બોલ થયા. હવે આ સાઈડ. '**ફળની નિષ્પત્તિ, તે પણ એક જ છે, વિશેષ તો કાંઈ નથી. વિવરણ—શુભકર્મના ઉદયે સંસાર,...**' દેખો! ફળ. '**શુભકર્મના ઉદયે સંસાર, તેવી જ રીતે અશુભકર્મના ઉદયે સંસાર; વિશેષ**

**તો કાંઈ નથી.**' સમજાય છે કાંઈ? અને અમૃતચંદ્રાચાર્યે તો એ ખુલાસો કરી દીધો કે ભાઈ! શુભ મોક્ષમાર્ગ એ જીવમય છે. અશુભ બંધમાર્ગ કેવળ પુદ્‌ગલમય છે. શુભ મોક્ષમાર્ગ કેવળ જીવમય છે, અશુભ બંધમાર્ગ કેવળ પુદ્‌ગલમય છે. બે અનેક છે. અનેકમાં એક ક્યાંથી આવ્યું? એ શુભ એટલે શુદ્ધ.

**શ્રોતા :-** સાચો શુદ્ધ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ શુદ્ધ છે સાચો. શુભ મોક્ષમાર્ગ કેવળ જીવમય હોવાથી ભિન્ન છે અને અશુભ બંધમાર્ગ કેવળ પુદ્‌ગલમય હોવાથી બેની અનેકતા છે, બે એક છે નહિ. સમજાણું કાંઈ? એ જ કહે છે.

'**શુભકર્મના ઉદયે સંસાર, તેવી જ રીતે અશુભકર્મના ઉદયે સંસાર; વિશેષ તો કાંઈ નથી. આથી એવો અર્થ નિશ્ચિત થયો...**' માટે એ નિર્ણય નક્કી થયો '**કે કોઈ કર્મ ભલું, કોઈ કર્મ બૂરું એમ તો નથી,...**' ભગવાન શુદ્ધસ્વરૂપ તે ભલો છે એમ કહે છે. આહાહા..!

**શ્રોતા :-** એ ... કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, કહેશે ને હમણા.

તેથી '**બધુંય કર્મ દુઃખરૂપ છે.**' ઓહોહો..! ભાઈ! તીર્થંકરપ્રકૃતિ(નો) બંધ પડે એ તો સુખરૂપ ખરી ને? ના. એ તો વિષવૃક્ષનું ફળ છે. આહાહા..! ઓલામાં કહે, પુણ્યફલા અર્હંતા. એ તો એને બતાવ્યું છે, ભાઈ! એને ક્યાં છે પણ? જે જીવને વિકલ્પ એવો આવ્યો અને તીર્થંકર પ્રકૃતિનો બંધ પરમાણુની યોગ્યતાથી થયો તે પુણ્યના વિકલ્પ તો તે વખતે આસ્રવરૂપ છે, દુઃખરૂપ છે, અનાકુળ આનંદથી વિપરીત છે. એ શુભવિકલ્પ એને લાભદાયક નથી. લોકો એમ કહે કે આહાહા..! તીર્થંકરપ્રકૃતિ બાંધીને? તીર્થંકરપ્રકૃતિ બાંધી એટલે નિશ્ચય મોક્ષ જશે. પણ તીર્થંકરપ્રકૃતિને લીધે જશે? અને જે ભાવે વિકલ્પ આવ્યો એ ભાવે મોક્ષ જશે? એ તો વિકલ્પને તોડી જ્યારે નિર્વિકલ્પ વીતરાગદશા પ્રગટ કરશે ત્યારે કેવળજ્ઞાન પામશે. ત્યારે ઓલી પ્રકૃતિનો બંધ છે એ તેરમે ગુણસ્થાને વિપાકરૂપ પાક આવશે. નહિતર તીર્થંકરપ્રકૃતિનો ઉદય તેરમે જ આવે છે. નીચે આવતો નથી. પછી શું કર્યું એણે?

**શ્રોતા :-** સમવસરણ થયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમવસરણ થયું એ સંયોગ થયો બહાર. આત્મામાં શું થયું? આહાહા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** શંકાકારે દલીલ તો ઠીક કરી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ કહે છે કે શંકાકારે દલીલ તો ઠીક કરી હતી. પણ આચાર્યે ઉડાડી દીધી. એમ કે પુણ્યથી આ મીઠાશ લાગે, પાપમાં હડો હડો થાય. હડો-હડો સમજો

છો? તિરસ્કાર. પાપનો ઉદય હોય તો તિરસ્કાર તિરસ્કાર (થાય) અને પુણ્યનો ઉદય હોય તો પધારો પધારો (થાય). આહાહા..! કેટલો ફેર છે! શિષ્યે ફેર તો બતાવ્યો હતો સારો પણ આચાર્યે ઉડાડી દીધો બધો. સમજાણું? ધૂળમાંય ફેર નથી સાંભળને. જ્યાં ભગવાન આત્મા અમૃતનો ઘન લૂંટાય છે એવા ભાવના બેમાં ફેર કહેવો કેમ? અને બહાર અનુકૂળ પ્રતિકૂળ સામગ્રીમાં એને લઈને ફેર કહેવો કેમ? બેયના લક્ષે આકુળતા ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? એવું છે ભાઈ!

'પ્રભુનો માર્ગ છે શુરાનો.' નીચે કહેશે, નીચે જ કહેશે એ. સર્વવિદો એમ કહે છે. નીચે જ કહેશે હવે. સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા એમ ફરમાવે છે તો એ પ્રભુનો માર્ગ, બાપુ! શુરાનો છે, એ કાંઈ કાયરના કામ નથી. ધ્રુજે ત્યાં, આમ આમ થાય. આહાહા..! અરેરે..! અમારું પુણ્ય જાશે હોં! પણ પુણ્ય જાશે તો પવિત્રતા થાશે. રાડ શેનો નાખે છે પણ તું? હાય.. હાય.. અમારો ભાવ ગયો, એ અમારો શુભભાવ મફતમાં ગયો? મફત કોણ કહે છે? દુઃખરૂપ થયો.

**શ્રોતા :-** ફળ આવ્યા વગર ક્યાંથી રહે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ફળ આવ્યા વિના રહે? ભગવાન આત્મા અનાકુળ આનંદસ્વરૂપ પ્રભુ એની તેં દૃષ્ટિ અને જ્ઞાન કર્યા નહિ અને આ ભાવથી તેં ફેર માન્યો એ બધો સંસારભાગ છે. કહો, સમજાણું?

'**કોઈ કર્મ બૂરું એમ તો નથી, બધુંય કર્મ દુઃખરૂપ છે.**' '**तत् एकम् बन्धमार्गाश्रितम् इष्टं**' દેખો! (तत्) '**કર્મ...**' (एकम्) '**નિઃસંદેહ–**' એકની વ્યાખ્યા કરી. '**तत् एकम्**' તે કારણે એક નિઃસંદેહ. (**बन्धमार्गाश्रितम्**) શુભ અને અશુભ પરિણામ બેય બંધમાર્ગને આશ્રિત ઉત્પન્ન થાય છે અને બેય બંધને કરે છે. '**इष्टं**' અર્થ કેવો કર્યો? '**ગણધરદેવે એવું માન્યું છે.**' આહાહા..! ત્રણલોકના નાથ પરમાત્મા એના વજીર, દિવાન—ગણધર ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના જાણનાર, અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના કરનાર, અંતર્મુહૂર્તમાં ચાર જ્ઞાન. ત્રણ જ્ઞાન તો હતા પહેલેથી. દીક્ષિત થયા એટલે મનઃપર્યયજ્ઞાન પ્રગટ થયું. ચાર સમયમાં એકદમ. ભગવાનને પહેલા એકસાથે ચાર જ્ઞાન... ઓહોહો..! એ એમ માને છે. ઈષ્ટ એમ કરે છે. શુભ અને અશુભભાવ બેય સંસાર, બેય સંસાર, બેય બંધ અને બેય આકુળ, બેય પુદ્ગલના બંધ કરનારા અને બેય પુદ્ગલનો અનુભવ કરાવનારા. એમાં આત્માનો અનુભવ કરવામાં એકેય વસ્તુ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

'**इष्टं**' '**ગણધરદેવે એવું માન્યું છે.**' એમ. ગણધરદેવને એ ઈષ્ટ છે એમ કહે છે. આહાહા..! અહીં ગણધરદેવને (કહ્યું) પછી ભગવાનનું નાખશે. '**શા કારણથી? કારણ કે** ' '**खलु समस्तं स्वयं बन्धहेतुः**' જુઓ! '**खलु समस्तं स्वयं बन्धहेतुः**' '**નિશ્ચયથી સર્વ કર્મજાતિ**

**પોતે પણ બંધરૂપ છે.'** ખરેખર કર્મ જાતિ જેટલા કર્મ પડે એ બધા સ્વયં બંધરૂપ **'પોતે પણ બંધરૂપ છે.'**

**'ભાવાર્થ આમ છે કે—પોતે મુક્તસ્વરૂપ હોય તો કદાચિત્ મુક્તિને કરે;...'** એનું સ્વરૂપ જો મુક્તસ્વરૂપ હોય તો મુક્તરૂપ કરે. **'કર્મ જાતિ પોતે સ્વયં બંધપર્યાયરૂપ...'** કર્મની જાત જડ અજીવ એ તો સ્વયં બંધ અવસ્થારૂપ પરમાણુની પર્યાય માટીની **'પુદ્‌ગલપિંડપણે બંધાયેલી છે,...'** જડ. પછી કોઈપણ પ્રકૃતિ હો, આહારક શરીરની પ્રકૃતિ હો, તીર્થંકરની પ્રકૃતિ હો, ઉચ્ચ આયુષ્ય ૩૩ સાગરનું સર્વાર્થસિદ્ધનું બંધાય, બધો બંધ સ્વયં **'સ્વયં બંધપર્યાયરૂપ પુદ્‌ગલપિંડપણે બંધાયેલી છે, તે મુક્તિ કઈ રીતે કરશે?'** એ બંધરૂપ પર્યાય મુક્તિ કઈ રીતે કરશે? **'તેથી કર્મ સર્વથા બંધમાર્ગ છે.'** લ્યો! સર્વથા લીધું છે અહીંયાં. કથંચિત્ શુભભાવ બંધનો માર્ગ, કથંચિત્ અબંધ માર્ગ. પંડિતજી કહે છે, સર્વથા? પણ સર્વથા... ત્યારે કથંચિત્ સુખરૂપ અને કથંચિત્ દુઃખરૂપ એમ છે? બિલકુલ કર્મ સર્વથા બંધમાર્ગ છે. એમાં કોઈ મોક્ષમાર્ગની ગંધ પણ નથી. ગંધ નથી, ગંધ નથી. એવી વાત છે. આવે છેને? અષ્ટપાહુડમાં આવે છે. એક ગાથામાં આવે છે. ગંધ નથી એમ શબ્દ આવે છે હોં. ગંધ શબ્દ આવે છે. ગંધ કેવી ત્યાં? ભગવાન આત્માના માર્ગની અંદરમાં બંધમાર્ગમાં શાંતિની ગંધ કેવી? ગંધ નથી ગંધ. સમજાણું કાંઈ? જુઓ! આ આકરું પડે છે અત્યારે હોં માણસને બધા. વિરોધ એનો ઘણો થાય છે. ઘણો વિરોધ. ભાઈ! પણ ભગવાન (પાસે) કહે વાત. બાપુ! બીજું શું ત્યાં (થાય)? પંડિતજીએ કહ્યું હતું (સંવત) ૨૦૧૩મી સાલમાં.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા એ. હવે એ આવ્યું. અને પંડિતજીએ કહ્યું હતું ત્યાં ૧૩મી સાલમાં, ખબર છે? ભાઈ જુઓ, તમે વિરોધ અહીંયાં કરો તો કુંદકુંદાચાર્યની સાથે વિરોધ કરો એમ કહ્યું હતું મધુવનમાં. આ તો ચીજ કાંઈ કોઈના ઘરની ચીજ છે? વસ્તુ માર્ગ જ એવો છે. ગણધરો આમ માને છે, કેવળી એમ કહે છે, સંતો અનુભવીએ આમ કહ્યું છે, સમ્યગ્દૃષ્ટિ આવો જ અનુભવ કરે છે. સમજાણું કાંઈ? આહાહા..!

હવે જરી જોર આપે છે ભગવાનનો આધાર (આપીને). જુઓ! આચાર્યને પણ.. છે તો પોતે અમૃતચંદ્રાચાર્ય પણ એને એમ છે કો'કને એમ થાય કે અરર..! આ શુભભાવમાં કાંઈ નહિ? શુભભાવમાં કાંઈ નહિ? પણ ભાઈ! એ અમે નથી કહેતા, અમારી કલ્પનાની વાત નથી. એટલે જરી ભગવાનનું અવલંબન લઈ એને આશ્રયે વાત કરે છે. નહિતર પોતે સમર્થ છે. આચાર્ય પોતે જ કહેવા માટે સમર્થ છે અને પોતાને આધારે જ વાત છે. પરિણામ આવે છે ને. શું આવે છે? નથી આવતું ધવલમાં ક્યાંક? પરિણતિ પરિણતિ પર્યાય એ પોતે પ્રમાણ છે પોતાનું. જયધવલમાં આવે છે.

**શ્રોતા :-** સાચું પ્રમાણ એ એક જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રમાણ એક જ સાચું છે એવો આવે છે પાઠ. પોતાનો પર્યાય સમ્યક્ થયો એ જ સાચું પ્રમાણ છે એવો પાઠ આવ્યો છે. જયધવલમાં છે. પ્રમાણમાં પ્રમાણ ક્યુ? કે પોતાનું જે સમ્યગ્જ્ઞાનરૂપી પરિણમન થયું એ ન્યાયે જે વાત ઉઠે એ જ પ્રમાણ છે. પ્રમાણ બીજું કોઈ પ્રમાણમાં આ પ્રમાણ છે. બહુ સરસ વાત છે. કાઢજો પછી. જયધવલમાં છે. શ્લોક છે હોં અંદર.

**શ્રોતા :-** આધાર આપે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આધાર આપે છે.

---

(સ્વાગતા)

कर्म सर्वमपि सर्वविदो यद्
बन्धसाधनमुशन्त्यविशेषात्।
तेन सर्वमपि तत्प्रतिषिद्धं
ज्ञानमेव विहितं शिवहेतुः।।४-१०३।।

**ખંડાન્વય સહિત અર્થ :—** ''यत् सर्वविदः सर्वम् अपि कर्म अविशेषात् बन्धसाधनम् उशन्ति'' (यत्) જે કારણથી (सर्वविदः) સર્વજ્ઞ વીતરાગ, (सर्वम् अपि कर्म) જેટલી શુભરૂપ વ્રત-સંયમ-તપ-શીલ-ઉપવાસ ઈત્યાદિ ક્રિયા અથવા વિષય-કષાય-અસંયમ ઈત્યાદિ ક્રિયા તેને (अविशेषात्) એકસરખી દૃષ્ટિથી (बन्धसाधनम् उशन्ति) બંધનું કારણ કહે છે, [ભાવાર્થ આમ છે કે—જેવી રીતે જીવને અશુભ ક્રિયા કરતાં બંધ થાય છે તેવી જ રીતે શુભ ક્રિયા કરતાં જીવને બંધ થાય છે, બંધનમાં તો વિશેષ કાંઈ નથી;] ''तेन तत् सर्वम् अपि प्रतिषिद्धं'' (तेन) તે કારણથી (तत्) કર્મ (सर्वम् अपि) શુભરૂપ અથવા અશુભરૂપ (प्रतिषिद्धं) નિષિદ્ધ કર્યું અર્થાત્ કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ શુભ ક્રિયાને મોક્ષમાર્ગ જાણીને પક્ષ કરે છે તેનો નિષેધ કર્યો; એવો ભાવ સ્થાપિત કર્યો કે મોક્ષમાર્ગ કોઈ કર્મ નથી. ''एव ज्ञानम् शिवहेतुः विहितं'' (एव) નિશ્ચયથી (ज्ञानम्) શુદ્ધસ્વરૂપ-અનુભવ (शिवहेतुः) મોક્ષમાર્ગ છે, (विहितं) અનાદિ પરંપરારૂપ એવો ઉપદેશ. ૪-૧૦૩.

---

## કલશ-૧૦૩ ઉપર પ્રવચન

कर्म सर्वमपि सर्वविदो यद्
बन्धसाधनमुशन्त्यविशेषात्।
तेन सर्वमपि तत्प्रतिषिद्धं
ज्ञानमेव विहितं शिवहेतुः।।१०३।।

ઓહોહો..! **'यत् सर्वविदः सर्वम् अपि कर्म अविशेषात् बन्धसाधनम् उशन्ति'** ગયા કારણ પરમાં. **'જે કારણથી...'** (**सर्वविदः**) દેખો નાખ્યું. ઓહોહો..! આચાર્યને એમ કહેવું પડે. અરે..! પ્રભુ! સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ જેની એક સમયની પર્યાય પૂર્ણ પ્રગટ થઈ ગઈ એને કાંઈ જાણવું રહસ્ય બાકી રહ્યું નહિ. એવા ભગવાન **'સર્વજ્ઞ વીતરાગ,...'** **'सर्वम् अपि कर्म'** જુઓ! એ કેવા ભગવાનને લે છે? કે જેની વાણી હોય. સમજાણું કાંઈ? બંધ કારણ કહે છે એમ કહેવું છેને. સિદ્ધ ભગવાન તો ક્યાં ઉતરે છે વાણી માટે? આણે એવા લીધા. **'સર્વજ્ઞ વીતરાગ...'** (**बन्धसाधनम् उशन्ति**) સમજાણું કાંઈ? આહાહા..!

અરે.. ભાઈ! તીર્થંકરદેવ, જેને અરિહંતપદ સર્વજ્ઞપદ પ્રાપ્ત છે અને જેને વાણી ત્યાં છે હજી, વાણીનો યોગ છે એ સર્વજ્ઞ વીતરાગ. **'सर्वम् अपि कर्म'** એમાં શું બાકી રહી ગયું? શુભ હો કે અશુભ હો, ઉચ્ચ ગોત્ર કે નીચ ગોત્ર, કોઈપણ કર્મ હો. **'જેટલી શુભરૂપ વ્રત-સંયમ-તપ-શીલ-ઉપવાસ ઈત્યાદિ ક્રિયા...'** એ શુભરૂપ અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યના પરિણામ વ્રતના, એ ઈન્દ્રિયના દમનના બાહ્યથી આમ દમે એવો વિકલ્પ અને તપ—ઈચ્છાનિરોધનો નિશ્ચય નહિ પણ વ્યવહાર વિકલ્પ ઉઠ્યો કે હું અપવાસ કરું કે આ. અને શીલ—પ્રકૃતિની મંદતાનો રૂડો સ્વભાવ અને **'ઉપવાસ ઈત્યાદિ ક્રિયા...'** દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય તપમાં આવી જાય છે, બધું આવી જાય છે. કારણ કે તપમાં અનશન, ઉણોદરી આવે છે ને? અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ, પ્રાયશ્ચિત શુભ વિકલ્પ હોં ત્યાં લેવો. મૂળ ઓલો ઈચ્છાનિરોધનો નહિ. શુભ વિકલ્પરૂપી જે વિનય આદિ જેટલા ભાવ, ક્રિયા.

અને **'વિષય-કષાય-અસંયમ ઈત્યાદિ ક્રિયા...'** આહાહા..! વિષય પાંચ ઈન્દ્રિયના, ભોગ અશુભ પરિણામ કે કષાયના અશુભ પરિણામ કે અસંયતના પરિણામ એ **'ક્રિયા તેને...'** (**अविशेषात्**) **'એકસરખી દૃષ્ટિથી...'** (**अविशेषात्**) સામાન્યપણે એકરૂપ જ છે બેય. એમ ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા ફરમાવે છે. ભાઈ! તને સર્વજ્ઞ પરમાત્મા આમ કહે છે અને તને માન્ય નથી? કહો, સમજાણું? બાપુ આમ કહે છે. ઓલા છોકરા બે ભાઈઓ લડે તો કહે, બાપા આમ ના પાડે છે કે નહિ જાશો ત્યાં. હવે તારે શું કરવું છે? આ ફિલમ જોવાની ના પાડે છે આજે. બે છોકરા હોય ને. ના પાડે છે ગામમાં તકરાર છે,

લડાઈ છે મુસલમાન અને હિન્દુની. માટે બાપા ના પાડે છે આજે જવાય નહિ. રહેવા દે. એમ અહીં ભગવાન ના પાડે છે ત્રણ લોકના નાથ કે પુણ્ય પરિણામમાં ધર્મ છે અને પાપમાં અધર્મ (છે) એમ ભગવાન ના પાડે છે. બેય એક જાત છે. પુણ્ય-પાપના પરિણામ એક જ અધર્મની જાત છે. અધર્મની જાત, હોં!

**શ્રોતા** :- બેય અધર્મની જાત?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ શું લખ્યું? '**એકસરખી દૃષ્ટિથી બંધનું કારણ કહે છે,...**' તો બંધનું કારણ ધર્મ હશે? સમજાણું કાંઈ? જોયું! '**बन्धसाधनम् उशन्ति**' ત્રિલોકનાથ સર્વજ્ઞ પ્રભુ, જેટલો શુભ વિકલ્પ ઉઠે છે, દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, જપ અને ગિરનાર અને સમ્મેદશિખરની જાત્રા અને આ પડિમાનો વિકલ્પ.

**શ્રોતા** :- ઈ આમાં આવ્યો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમાં આવી ગયું બધું. વ્રતમાં આવી ગયું એ.

શુભરાગનો વિકલ્પ, એ વિકલ્પ ઉઠે એની વાત, શુભરાગની વાત છે ને. અને વિષય, કષાય, અસંયમ એ બધી ક્રિયા ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા '**એકસરખી દૃષ્ટિથી બંધનું કારણ કહે છે,...**' એક જ રીતે બેયને બંધનું કારણ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? હવે જે બંધનું કારણ હોય એ અબંધ પરિણામ થાય? અથવા અબંધ મોક્ષનું કારણ થાય? મોક્ષ એટલે અબંધ પરિણામી પૂર્ણ દશા. મોક્ષ એટલે અબંધ પરિણામની પૂર્ણ દશા, એનું નામ મોક્ષ અને એ મોક્ષનું કારણ અબંધ પરિણામની અપૂર્ણ દશા. અબંધ પરિણામની અપૂર્ણ દશા એ તો મોક્ષનું કારણ થાય. બંધ પરિણામ મોક્ષનું કારણ થાય? સમજાણું કાંઈ? પણ ઓલા વ્યવહાર સાધનને નાખ્યું છે ખરું ને. ભેદાભેદ રત્નત્રય આવ્યું હતું સવારમાં? અને એ પંચાસ્તિકાયમાં આવ્યું હતું. એ હમણાં આમાં પણ આવ્યું છે. આ પંચાસ્તિકાય એમ છે ને, કો'કનું હમણા છપાઈને ન આવ્યું? અરે..! તમે વાંચો.. વાંચો. સોનગઢવાળાને ભલામણ કરે છે. આ પંચાસ્તિકાય વાંચો વાંચો. એકાંત તમે ના પાડો છો શુભમાં નહિ. એમાં બધું કહ્યું છે. આજે ભલામણ છે જૈન ગેજેટમાં. બિચારા ભલામણ કરે. એને દયા આવે ને. આ પંચાસ્તિકાયમાં શુભભાવ બધી ક્રિયાને સાધન કહ્યું છે અને તમે એકાંત સાધનને ઉડાવો છો. પંચાસ્તિકાય નિરાંતે મધ્યસ્થ રીતે વાંચો.

**શ્રોતા** :- આવો આપ પધારો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો ઘણા આવતા હતા, તમે ના પડાવી. કહો, સમજાણું? આહાહા..! ભાઈ! તું વિચાર કરને ભાઈ! ઈ કહેશે હમણાં કહેશે હોં! બહુ સરસ કહેશે.

'**એકસરખી દૃષ્ટિથી બંધનું કારણ કહે છે, [ભાવાર્થ આમ છે કે—જેવી રીતે જીવને અશુભ ક્રિયા કરતાં બંધ થાય છે...**' હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના,

માન, આબરુ, કીર્તિ એનાથી જેમ બંધ થાય છે **'તેવી જ રીતે શુભ ક્રિયા કરતાં...'** એમ દયા, દાન, વ્રત, સંયમ **'કરતાં જીવને બંધ થાય છે,...'** ભગવાન અબંધસ્વરૂપીને બંધ થાય છે એમ કહે છે મૂળ તો. **'બંધનમાં તો વિશેષ કાંઈ નથી;]...'** બેના બંધનમાં કાંઈ ફેર નથી. **'तेन तत् सर्वम् अपि प्रतिषिद्धं'** **'તે કારણથી...'** (तत्) નામ **'તે કર્મ શુભરૂપ અથવા અશુભરૂપ...'** (सर्वम् अपि) (प्रतिषिद्धं) કહો, સમજાય છે? **'કોઈ મિથ્યાદષ્ટિ જીવ શુભ ક્રિયાને મોક્ષમાર્ગ જાણીને પક્ષ કરે છે...'** ખુલાસો કર્યો.

**શ્રોતા :-** ...નો અર્થ કર્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એનો અર્થ કર્યો.

**'કોઈ મિથ્યાદષ્ટિ જીવ શુભ ક્રિયાને મોક્ષમાર્ગ જાણીને પક્ષ કરે છે તેનો નિષેધ કર્યો;...'** રાડ નાખી જાય, બહાર. આવી ગયું પણ એના ... હશે. એ ખોટું ઠરાવશે. **'એવો ભાવ સ્થાપિત કર્યો...'** એવો ભાવ સ્થાપિત કર્યો **'કે મોક્ષમાર્ગ કોઈ કર્મ નથી.'** શુભાશુભ પરિણામ કે બંધન એ કોઈ મોક્ષમાર્ગ નહિ. નિષેધ કર્યો. હવે અસ્તિ કરે છે.

**'एव ज्ञानम् शिवहेतुः विहितं'** (एव) **'નિશ્ચયથી શુદ્ધસ્વરૂપ-અનુભવ...'** જ્ઞાન શબ્દે રાગ નહિ એમ. જ્ઞાન શબ્દે એકલું જ્ઞાન એમ નહિ. જ્ઞાન એટલે રાગ વિકલ્પ શુભાશુભ નહિ. જ્ઞાન, એનું દર્શન, એની શાંતિ—ચારિત્ર, એનો આનંદ એ બધી પરિણતિને અહીંયાં જ્ઞાન કહેવામાં આવે છે. મોક્ષના માર્ગની પર્યાયને અહીંયાં જ્ઞાન કહેવામાં આવે છે. એકલું જ્ઞાન એમ નહિ. અહીં તો જ્ઞાન એટલે રાગ નહિ. શુભાશુભ વિકલ્પ તે મોક્ષમાર્ગ નહિ. આ નહિ એટલે જ્ઞાનમાર્ગ. જ્ઞાન એટલે અનંત ગુણનો પિંડ પ્રભુ એનું સમ્યગ્જ્ઞાન, એની સમ્યક્ શ્રદ્ધા, એના સમ્યક્ સ્થિરતા, એમાં સમ્યક્ શાંતિના આનંદનું વેદન એવી જે જ્ઞાનની ક્રિયા એ રાગની ક્રિયા નહિ એવો **'નિશ્ચયથી શુદ્ધ સ્વરૂપ-અનુભવ...'** વ્યાખ્યા જ આ કરી. સમજાણું કાંઈ? **'एव ज्ञानम्'** **'નિશ્ચયથી...'** (एव) છે ને? **'નિશ્ચયથી શુદ્ધસ્વરૂપ-અનુભવ...'** (शिवहेतुः) **'મોક્ષમાર્ગ છે,...'** જુઓ! (विहितं) **'અનાદિ પરંપરારૂપ એવો ઉપદેશ છે.'** આહાહા..! અનંત તીર્થંકરોનો ભરતમાં, ઐરાવતમાં, મહાવિદેહ ક્ષેત્રમાં અનાદિ તીર્થંકરોનો અનાદિ પરંપરા આવો ઉપદેશ છે. કહો, ધર્મચંદજી! બહુ ભાઈ તકરાર કરે છે.

**શ્રોતા :-** કાંઈક નવી જાતનો ઉપદેશ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નવી જાતનો ઉપદેશ! આ ઊંધો ચલાવે એ કાંઈ ભગવાનનો માર્ગ કહેવાય? અનાદિ પરંપરા સત્ય માર્ગ મહાવિદેહ ક્ષેત્રમાં, ભરતમાં, કે ઐરાવતમાં **'शिवहेतुः'** **'विहितं'** દેખો! (विहितं) એવો **'અનાદિ પરંપરારૂપ એવો ઉપદેશ છે.'** (विहितं) કહ્યો છે એમ. આહાહા..! બે મોક્ષમાર્ગ છે જ નહિ. એક જ મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? લખે છે ખુબ. આજે ખુબ લખ્યું છે જૈન ગેજેટમાં. આવ્યું (છે), જૈનસંદેશ છે. બધું લખે બિચારા.

આ મુનિમૂર્તિ કાંઈક એનો પણ વિરોધ કર્યો છે. મુનિમૂર્તિ કરે છે ને આ હમણા કાંઈક શું કહેવાય? મૂનિમૂર્તિ એવું કાંઈક કરે છે. શું કહેવાય એ? ...બાવલું. એનો વિરોધ કર્યો છે. કહે, ન હોય એવું. બાબુલાલ તમારો છે ને. એ મખનલાલજી ને ભેગા થયા છે. એ વાતું ઘણી કરી છે એમાં. તકરાર બહારની વાતું. હજી મૂળ ચીજની દૃષ્ટિ ન મળે અને બહારના ઝઘડા. આહાહા..!

**શ્રોતા :–** બહારના ઝઘડામાં જ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બહારના ઝઘડા.

જયસેનાચાર્યનો જે પ્રતિષ્ઠા પાઠ છે એમાં તો પાંચ પરમેષ્ઠીની પ્રતિમા ચાલી છે. પણ કોણ? પ્રતિષ્ઠાનો પાઠ છે વસ્તુબિંદુ. પણ કોણ? એ તો ભગવાન સર્વજ્ઞ થયા એ પહેલા કોઈ મુનિ હતા એ મુનિઓની પણ પ્રતિમા હોઈ શકે છે. એની જરી (વાત કરી) છે. સમજાણું? આવા કુંદકુંદાચાર્ય જેવા ધર્મના સ્તંભ, જેનું નામ લેતા મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, તો એની પ્રતિમાનું ક્યાંય મંદિર થયું નહિ. આપણે જે આ રાખ્યું છે ને એ આપણને ખબર નહિ, પણ છતાં અહીં તો અંતરની શૈલીથી આમ ઊભા છે. એવી જ પ્રતિમા બડવાનીમાં માથે છે. આ જ રીતે. પછી દેખી. બડવાની ગયા. છે ને? જોયું છે બડવાની? નીચે નહિ? બાવનગજા. બાવનજાનો ઉપર પર્વત છે. અમે તો એમ જ થઈ હતી કુદરતે. કારણ કે ભગવાન પાસે આમ કરીને ઊભા છે ને આમ સાંભળવા. એવી જ પ્રતિમા ત્યાં છે. માથે બાવનગજા ઉપર નહિ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મંદિર.. પણ અંદર માંડ આમ જઈને દેખાય. આમ બહારથી દેખાય, પણ અંદર જઈને દેખાય. બે પ્રતિમા છે. જૂની પ્રતિમા એક છે સામે, પછી ઘસાઈ ગઈ છે તો આની કોર એક કરી છે આ બાજુ. આ રીતે જ હોં! કુદરતે. ભગવાન સામે આમ (હાથ જોડીને) કુંદકુંદાચાર્ય ઊભા (છે). જેવું અહીં કર્યું છે એવું. અહીં તો અમને એ કાંઈ ખબર નહોતી. બડવાની જોયું નહોતું. પણ આ તો વસ્તુસ્થિતિ એવી હતી ત્યાં આગળ આમ ભગવાન પાસે એવા જ પ્રતિમા ત્યાં છે બડવાની. લ્યો. પહેલું મેં જોયું, કીધું જુઓ ભાઈ આમાં છે આ. પછી બધો સંઘ જોવા ગયો હતો અંદર. પર્વતના એક બાજુ છે ઉપર. પર્વત. ભાઈ! ગયા હતા ત્યાં કે નહિ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, પહેલું જ કીધું કે જુઓ આ રહી. જુઓ આ પ્રતિમા! આપણને તો ખબર પણ નથી કે ઓલો ભાગ અંદરમાં (છે). જુઓ આ કુંદકુંદાચાર્યની પ્રતિમા, જુઓ આ. એમ રાખ્યું છે. પ્રભુના ભક્ત તરીકે અમે ચિહ્ન બતાવ્યું છે આમ હાથ જોડીને.

**શ્રોતા** :- પૂજક તરીકે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, પૂજક તરીકે, સેવક તરીકે. એ બરાબર પંડિતજી (બોલ્યા). પંડિતજીએ કહ્યું એ બરાબર કહ્યું. એ પૂજક ભગવાનનો પૂજક છે એમ સિદ્ધ કર્યું છે કે આવા આચાર્યો પણ ભગવાનના ભક્ત અને પૂજક છે. વાત બરાબર છે. ત્યાં અને પછી આપણું અનુકરણ ત્યાં કર્યું સમવસરણ. ચાંદમલ. કેવું? ચાંદખેડી. ચાંદખેડીમાં હમણા બનાવ્યું સમવસરણ. એ આમાં નમુનો આપણો કર્યો હતો ને એ જોઈ ગયા હતા. એ ત્યાં ઊભા છે સમવસરણમાં. એ હમણાં નવું કર્યું છે હોં! અમારા પછી કર્યું. .. સમવસરણમાં આમ ઊભા છે.

અહીં કહે છે કે, ભાઈ! પંચ પરમેષ્ઠી પરમાત્મા એમાં પણ સર્વજ્ઞ ત્રિલોકનાથ એમ ફરમાવે છે કે આ પુણ્ય અને પાપના વિકલ્પો એ મોક્ષનો માર્ગ ત્રણ કાળમાં નથી. ભગવાનના પરંપરાના ઉપદેશમાં એ આવ્યું નથી. અનાદિ પરંપરા ઐરાવતમાં તીર્થંકરો હો, ભરતમાં હો, મહાવિદેહમાં હો, સંતો હો એ અનાદિ '**शिवहेतुः**' જ્ઞાનની ક્રિયા. એ ચૈતન્ય પ્રભુ એમાં જ્ઞાન અને આનંદમાં શાંતિમાં એકાકાર થાય વિકલ્પ વિના એવી નિર્વિકલ્પ વીતરાગી પર્યાયને મોક્ષનો હેતુ ભગવાને અનાદિ પરંપરાના ઉપદેશમાં દિવ્યધ્વનિ દ્વારા ઈન્દ્રોની ઉપસ્થિતિમાં ફરમાવ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? શું છે શુકલચંદજી! શું છે આ દેખો? બરાબર છે? (**विहितं**).

**શ્રોતા** :- એક મોક્ષમાર્ગ ત્યાં હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એક જ થયો. બીજો બે ક્યાં થયા? એ તો બેનું કથન છે. ભાઈએ જે ટોડરમલજીએ કહ્યું છે એ બહુ શબ્દનું.. વસ્તુનું વ્યવહારો અભૂતાર્થ એ ગાથા પણ મૂકી છે એમણે ત્યાં સિદ્ધ કરવા. ભગવાન તો આમ કહે છે કે વ્યવહાર તે અભૂતાર્થ છે અને વ્યવહાર બધોય '**अभूतम् अर्थं प्रद्योतति**' અન્યને અન્ય કહેવું એ વ્યવહારનું લક્ષણ છે. એમ કહીને ત્યાં લખ્યું છે ને ત્યાં ગાથા આપીને. પણ આ ભગવાનને આધારે તો વાત થાય છે આ. '**ववहारोऽभूदत्थो**' જુઓ ૭મો, ૭મો (અધિકાર) જુઓ. આપણે આ .. એમાં જ આવ્યું. જુઓ.

'નિશ્ચય-વ્યવહાર બંનેને ઉપાદેય માને છે તે પણ ભ્રમ છે. બે મોક્ષમાર્ગ માનવા મિથ્યા છે. કારણ કે નિશ્ચય વ્યવહારનું સ્વરૂપ તો પરસ્પર વિરુદ્ધતા સહિત છે. સમયસારમાં પણ એમ કહ્યું છે કે..' એના ઘરનું નહિ, આધાર આપીને કહે છે. '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।**' વ્યવહાર અભૂતાર્થ છે, સત્ય સ્વરૂપને નિરૂપતો નથી. પણ કોઈ અપેક્ષાએ ઉપચારથી અન્યથા નિરૂપે છે. નિશ્ચય શુદ્ધનય ભૂતાર્થ છે. કારણ કે તે જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું જ નિરૂપે છે. એ પ્રમાણે બંનેનું સ્વરૂપ તો વિરુદ્ધતા સહિત છે. તો બે વિરોધ છે એને બેયને સરખા માનવા અને બેયને ઉપાદેય માનવા એ વસ્તુના સ્વરૂપમાં

છે નહિ. દાખલો એ જ ગાથા ૧૧નો આપીને જ કહ્યું છે. વ્યવહાર અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. એ મોક્ષનો માર્ગ વ્યવહારથી કહ્યો પણ એ અસત્યાર્થ માર્ગ છે, અભૂતાર્થ માર્ગ છે. સમજાણું કાંઈ? એ તો બંધમાર્ગમાં કહ્યુંને અભવિને દાખલે. અભૂતાર્થ ધર્મને સાધતો અભવિ ચાર ગતિમાં (ભ્રમણ કરે છે). અભવિ લીધો.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. એ. અભૂતાર્થ ધર્મને સાધે. જુઓ! એ શબ્દો તો શાસ્ત્રની શૈલીના ચારે બાજુ એક સંધિ કરે છે. અભૂતાર્થ ધર્મને સાધે છે અભવિ. ભૂતાર્થ ધર્મ જ્ઞાન એવો શુદ્ધ (એનું) ભાન એને નથી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, કાઢીને આ. ટોડરમલે કાઢીને મૂકી છેને, હું તો એમ કહું છું અહીંયાં. ટોડરમલે આ તો પહેલા ઘણા વર્ષોથી કહ્યું છે. ૮૨માં જોયું હતું પહેલું. સંવત્ ૧૯૮૨. કેટલા વર્ષ થયા? ૩૯ વર્ષ. હાથમાં જ્યારે આવ્યું હતું, તો જેમ ઘરની ચીજ આવે એવી ધૂન ચડી ગઈ હતી. ન ભાવે ખાવું, ન ભાવે પીવું, ન ભાવે બોલવું, ન ભાવે વ્યાખ્યાન કરવું. એવું થઈ ગયું હતું એ વખતે. એટલી ધૂન ચડી ગઈ હતી રાજકોટમાં. આ ભાઈએ પુસ્તક.. દામોદરભાઈએ. દામોદરભાઈ ગુજરી ગયા ને? લાખાણી. એ લોકો રાખતા હતા. એ લાખાણી છે ને? હીરાચંદ રહે છે. લાખાણી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ ત્યાં રહેતા હતા અને મેડી ઉપર બધા પુસ્તક હતા. ૮૨ની સાલમાં કીધું, મોક્ષમાર્ગ પ્રકાશક જોવે છે. બીજે ક્યાંય દેખાતું નહોતું. ત્યાં હતું. ઓહોહો..! દામોદર શેઠ ભાષા બહુ સારી. ડોસા જીવતા હતા તે દી. ચત્રભુજભાઈ હતા ડોસા. ઉપર ગયા દામોદરભાઈ લ્યો. ઓલા .. પૂછતા હતા, હોં! લાહોરનું. આમ. એવું મળ્યું હતું. આમ. એક એક વાત અંદર એટલી યુક્તિ ન્યાયથી કીધું કહી છે આ. ઓહોહો..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ઢુંઢારી ભાષા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઢુંઢારી-ઢુંઢારી. ભાષા તો ઢુંઢારી. પણ લાહોરથી છપાયેલી છે એક પ્રત. એક બીજી પ્રત છે. બધી બધી છે ને. આખા બધા ઘણી જાતથી વાંચેલા છે. એ તો કેટલાય વર્ષના. પણ આ વાત કીધું માર્ગ આ છે. આહાહા..! એકલો ચૈતન્ય પ્રભુ. શુભાશુભ વિકલ્પ અભૂતાર્થ છે. ખરું સ્વરૂપ નથી. વસ્તુ ચૈતન્ય પ્રભુ, એનો અંતરની દૃષ્ટિ અને અનુભવ એક જ મોક્ષનો માર્ગ છે. બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી. જુઓને! આચાર્ય શું કહે છે અહીંયાં? આ તો કુંદકુંદાચાર્ય પછી અમૃતચંદ્રાચાર્ય તો હમણા થયા કહેવાય ૯૦૦ વર્ષ પહેલા. એમના તો શ્લોક છે અને એમાં 'રાજમલ પાંડે રાજમલ જૈનધર્મી સમયસાર નાટક કે મર્મી.' એણે

સુગમ કરી દીધી ટીકા. આવે છે એમાં હોં! સમયસાર નાટકમાં. બનારસીદાસ. અનાદિ પરંપરા આવો ઉપદેશ છે. ભરતમાં હો, ઐરાવતમાં હો કે મહાવિદેહમાં હો, એમાં બીજો ઉપદેશ હોઈ શકે નહિ. કહો, બરાબર છે? અને ક્યાંક ઓલું સાધન લખ્યું છેને? એથી બિચારાને એમ થઈ ગયું કે અરેરે..! એ એકાંત થઈ જાય છે હોં! એમ થઈ જાય એને. એનાથી પણ થાય અને પછી નિશ્ચયથી થાય. પહેલા વ્યવહારથી થાય, પછી નિશ્ચયથી થાય. અનાદિવાસિત બુદ્ધિ કીધીને પંચાસ્તિકાયમાં? એટલે અનાદિવાસિત બુદ્ધિવાળો તો પહેલો વ્યવહારથી જ મોક્ષમાર્ગ પામે છે એમ. અરે..! એ તો નિશ્ચયનો આશ્રય થયો ત્યારે એને વિકલ્પને વ્યવહાર કહેવામાં આવ્યો છે. અનાદિવાસિત બુદ્ધિ શું, એ વિકલ્પ પણ અનાદિવાસિત છે ને? કોઈ દિ' વિકલ્પ રહિત થઈ ગયો છે અનંત કાળમાં?

**શ્રોતા** :- ભેદવાસના છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા. ભેદવાસના અનાદિથી છે. સમ્યગ્દર્શન થયું તોપણ એ રાગ છે એ તો અનાદિનો એમ ને એમ વાસિત છે. પહેલો સ્વરૂપની દૃષ્ટિનો અનુભવ થયા વિના વિકલ્પને અને શુભને વ્યવહાર કહેવાની તાકાત અજ્ઞાનીને હોઈ શકે નહિ. વ્યવહાર આંધળો છે.

અહીં તો ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા સર્વવિદ, અનંતચક્ષુ. લ્યો, કેવળીને અંનતચક્ષુ કીધા છે ને? પ્રવચનસાર. આહાહા..! અસંખ્ય પ્રદેશે અનંતચક્ષુ ખુલી ગયા છે. એકલો સૂર્ય ચૈતન્ય ત્રણ કાળ ત્રણ લોક જેને પર ઉપયોગ વિના સ્વના ઉપયોગમાં જણાઈ જાય છે. એવા સર્વવિદ્ ભગવાન એનો અનાદિનો ઉપદેશ તો પ્રભુ આ છે હોં! એનાથી જો વિરુદ્ધ કરીશ તો તારો માર્ગ હાથ નહિ આવે. સમજાણું કાંઈ?

હવે પાંચમો એનો. પુણ્ય-પાપનો પાંચમો. સ્પષ્ટ કરે છે વધારે.

---

(શિખરિણી)

निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल
प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः सन्त्यशरणाः।
तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणं
स्वयं विन्दन्त्येते परमममृतं तत्र निरताः।।५-१०४।।

**ખંડાન્વય સહિત અર્થ** :—અહીં કોઈ પ્રશ્ન કરે છે કે શુભ ક્રિયા તથા અશુભ ક્રિયા સર્વ નિષિદ્ધ કરી, તો મુનીશ્વર કોને અવલંબે છે? તેનું આમ સમાધાન કરવામાં આવે છે-''सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि निषिद्धे'' (सर्वस्मिन्) આમૂલાગ્ર અર્થાત્ સમગ્ર (सुकृत) વ્રત-સંયમ-તપરૂપ ક્રિયા અથવા શુભોપયોગરૂપ પરિણામ, (दुरिते) વિષય-કષાયરૂપ ક્રિયા અથવા અશુભોપયોગરૂપ સંકલેશ પરિણામ-એવાં (कर्माणि)

કાર્યરૂપ (निषिद्धे) મોક્ષમાર્ગ નથી એવું માનતા થકા, ''किल नैष्कर्म्ये प्रवृत्ते'' (किल) નિશ્ચયથી (नैष्कर्म्ये) સૂક્ષ્મ-સ્થૂલરૂપ અંતર્જલ્પ-બહિર્જલ્પરૂપ સમસ્ત વિકલ્પોથી રહિત નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યમાત્રપ્રકાશરૂપ વસ્તુ મોક્ષમાર્ગ છે એવું—(प्रवृत्ते) એકરૂપ એવો જ છે એવું—નિશ્ચયથી ઠરાવતા થકા, ''खलु मुनयः अशरणाः न सन्ति'' (खलु) ખરેખર, (मुनयः) સંસાર-શરીર-ભોગથી વિરક્ત થઈ ધારણ કર્યું છે યતિપણું જેમણે તેઓ (अशरणाः न सन्ति) આલંબન વિના શૂન્યમન એવા તો નથી. તો કેવા છે? ''तदा हि एषां ज्ञानं स्वयं शरणं'' (तदा) જે કાળે એવી પ્રતીતિ આવે છે કે અશુભ ક્રિયા મોક્ષમાર્ગ નથી, શુભ ક્રિયા પણ મોક્ષમાર્ગ નથી, તે કાળે (हि) નિશ્ચયથી (एषां) મુનીશ્વરોને (ज्ञानं स्वयं शरणं) જ્ઞાન અર્થાત્ શુદ્ધસ્વરૂપનો અનુભવ સહજ જ આલંબન છે. કેવું છે જ્ઞાન? ''ज्ञाने प्रतिचरितम्'' જે બાહ્યરૂપ પરિણમ્યું હતું તે જ પોતાના શુદ્ધસ્વરૂપે પરિણમ્યું છે. શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં કાંઈ વિશેષ પણ છે. તે કહે છે—''एते तत्र निरताः परमम् अमृतं विन्दन्ति'' (एते) વિદ્યમાન જે સમ્યગ્દૃષ્ટિ મુનીશ્વર (तत्र) શુદ્ધસ્વરૂપના અનુભવમાં (निरताः) મગ્ન છે તે (परमम् अमृतं) સર્વોત્કૃષ્ટ અતીન્દ્રિય સુખને (विन्दन्ति) આસ્વાદે છે. ભાવાર્થ આમ છે કે શુભ-અશુભ ક્રિયામાં મગ્ન થતાં જીવ વિકલ્પી છે, તેથી દુઃખી છે; ક્રિયાસંસ્કારથી છૂટીને શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં જીવ નિર્વિકલ્પ છે, તેથી સુખી છે. ૫-૧૦૪.

## કલશ-૧૦૪ ઉપર પ્રવચન

निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल
प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः सन्त्यशरणाः।
तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणं
स्वयं विन्दन्त्येते परमममृतं तत्र निरताः।।१०४।।

જુઓ! આ ગાથામાં 'न खलु मुनयः सन्त्यशरणाः' એમ કહ્યું છે. પણ બનારસીદાસે આ શ્લોકનો અર્થ શ્રાવક અને મુનિ બેયને માટે નાખ્યો છે. સમજાણું કાંઈ? આ શ્લોકના અર્થમાં બનારસીદાસ છે ને? બેય નાખ્યા છે એણે. મોક્ષમાર્ગનો નિષેધ કરો છો તો પછી શ્રાવક અને મુનિને શરણ શું? સમજાણું?

**શ્રોતા :-** મુનિને કીધું એમ બધાને લાગુ પડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. પણ ઓલા કહે કે મુનિને લાગુ પડે, ફલાણાને લાગુ પડે.

ભાઈ! એ તો મુનિને ઉદ્દેશીને વાત છે. વસ્તુ તો બેયને લાગુ પડે છે. જુઓ! છેને? નિષેધ છે. જુઓ.

સિષ્ય કહૈ સ્વામી તુમ કરની અસુભ સુભ,
કીની હૈ નિષેધ મેરે સંસૈ મન માંહી હૈ,
મોખકે સધૈયા ગ્યાતા દેસવિરતી મુનીસ,
તિનકી અવસ્થા તૌ નિરાવલંબ નાંહી હૈ.

દેશવિરતી નાખ્યા છે. આ શ્લોકમાં હોં! '**निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते**'.

કહે ગુરુ કરમકૌ નાસ અનુભૌ અભ્યાસ,
ઐસૌ અવલંબ ઉનહીકૌ ઉન પાંહી હૈ.
નિરુપાધિ આતમ સમાધિ કોઈ સિવરુપ,
ઔર દૌર ધૂપ પુદ્ગલ પરછાંહી હૈ.

જોયું! '**અણુવ્રતી શ્રાવક અથવા મહાવ્રતી મુનિ તો નિરાવલંબી નથી હોતા...**' એને આલંબન છે અંદરનું જ્ઞાનસ્વરૂપનું. જુઓ! આમાં એક નાખ્યું. બેય એમ જ આવે છે. ભક્તિમાં આવે છે.

'**અહીં કોઈ પ્રશ્ન કરે છે કે શુભ ક્રિયા તથા અશુભ ક્રિયા સર્વ નિષિદ્ધ કરી,...**' મહારાજ! મુનિને શું પાળવું ત્યારે હવે? જ્યારે આપે તો અશુભને છોડાવ્યું અને શુભને પાળવું નહિ, એમાં પણ ધર્મ નહિ. પણ હવે એને કરવું શું? હતું તો બેય એ. એક અશુભ, અને અશુભ છોડીને (શુભ). હવે ત્રીજું છે શું? તો એને શરણ શું હવે? '**અહીં કોઈ પ્રશ્ન કરે છે કે શુભ ક્રિયા તથા અશુભ ક્રિયા સર્વ નિષિદ્ધ કરી,...**' તો શ્રાવક અને '**મુનીશ્વર કોને અવલંબે છે? તેનું આમ સમાધાન કરવામાં આવે છે-**' '**सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि निषिद्धे**' '**આમૂલાગ્ર...**' સર્વવિશુદ્ધનો શબ્દ આવ્યો. '**આમૂલાગ્ર...**' મૂળમાંથી ઉખેડી નાખ્યું છે.

**શ્રોતા :—** દાઝ કાઢી નાખી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** દાઝ કાઢી નાખી. વસ્તુ તો એવી છે ને ભાઈ! આહાહા..! એના ઘરમાં અનંત શાંતિ અને જ્ઞાનમૂર્તિ પડી છે, આખો શરણ છે. એક વિકલ્પ કૃત્રિમ ઉભો થયો એ જ શરણ હતું તારે? એ કૃત્રિમ નહોતો અને ઊભો થયો એ શરણ હતું? આખું શરણ પડ્યું છે ચિદાનંદ ધ્રુવ. તારી નજરને આળસે શરણ રહી ગયું છે. બાકી છે શરણ. અંતર શરણ છે. દેહાદિ વાણી તો છોડી દે પણ શુભ અને અશુભ પરિણામ, હે ભગવાન! આપે તો સર્વ નિષેધ કર્યા તો શ્રાવક અને '**મુનીશ્વર કોને અવલંબે છે?**'

'**તેનું આમ સમાધાન કરવામાં આવે છે-**' '**सर्वस्मिन्**' '**આમૂલાગ્ર...**' એક કોઈપણ

અંશ વિકલ્પ શુભનો કે અશુભ બિલકુલ. (सुकृत) એની વ્યાખ્યા કરે છે હવે. '**વ્રત-સંયમ-તપરૂપ ક્રિયા અથવા શુભોપયોગરૂપ પરિણામ,...**' ક્રિયા એટલે દેહની. આ દેહમાં અહિંસા દેખાયને? આ ક્રિયા ન થાય, શીલ દેખાય શરીરનું. '**વ્રત-સંયમ-તપરૂપ ક્રિયા...**'

'**અથવા અશુભપોયગોરૂપ પરિણામ, વિષયકષાયરૂપ ક્રિયા...**' જડની. આ વિષય ન સેવે ને? જડાદિ અથવા વિષય સેવે એ પર્યાય જડની. '**અશુભોપયોગરૂપ સંકલેશ પરિણામ-એવા કાર્યરૂપ...**' '**निषिद्धे**' '**મોક્ષમાર્ગ નથી એવું માનતા થકા,...**' મોક્ષમાર્ગ નથી એમ માનતા થકા. શું કહે છે? ધર્મી જીવ—સમ્યગ્દૃષ્ટિ, શ્રાવક કે મુનિ એ શુભ અને અશુભ પરિણામની બહારની જડની ક્રિયા કે પરિણામ, બેયને મોક્ષમાર્ગ નથી એવું માનતા થકા. એવું માનતા થકા શું કરવું છે હવે? '**એવું માનતા થકા,...**' '**किल नैष्कर्म्ये प्रवृत्ते**' એ (किल) '**નિશ્ચયથી સૂક્ષ્મ-સ્થૂલરૂપ અંતર્જલ્પ-બહિર્જલ્પરૂપ સમસ્ત વિકલ્પોથી રહિત...**' સૂક્ષ્મ વિકલ્પ, ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ સૂક્ષ્મ, સ્થૂળ અહિંસા, સત્ય આદિનો વિકલ્પ અને અંતર્જલ્પ વિકલ્પ ઉઠે અંદર મનમાં ને મનમાં, બહિર્જલ્પ—વાણી આદિ. અને એમાં બહિર્જલ્પ થાતા જે વિકલ્પ ઉઠે એ '**વિકલ્પોથી રહિત...**' રાગ લેવો છે હોં આ વિકલ્પ એટલે.

'**નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યમાત્રપ્રકાશરૂપ વસ્તુ મોક્ષમાર્ગ છે એવું—એકરૂપ એવો જ છે એવું—નિશ્ચયથી ઠરાવતા થકા,...**' શુભરૂપ અશુદ્ધરૂપ મોક્ષમાર્ગ નહિ એવી માન્યતા થવા છતાં '**किल नैष्कर्म्ये प्रवृत्ते**' '**સૂક્ષ્મ-સ્થૂલરૂપ...**' આદિ વિકલ્પ રહિત '**નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યમાત્ર...**' ઓલો તો નિષ્કર્મ એ સિદ્ધ કરવું છે પણ એમાં સ્થૂળ, સૂક્ષ્મ એવી વ્યાખ્યા કરી નિષેધની અને નિષ્કર્મની વ્યાખ્યા ઈ થઈ. નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યમાત્ર પ્રકાશ. નિષ્કર્મની વ્યાખ્યા આ થઈ. ઓલી તો ફક્ત એણે વ્યાખ્યા કરી કે જ્યારે શુભ-અશુભ પરિણામ મોક્ષમાર્ગ નહિ એમ માનતો થકો '**किल नैष्कर्म्ये प्रवृत्ते**' '**નિશ્ચયથી...**' (नैष्कर्म्ये) નામ '**નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યમાત્રપ્રકાશરૂપ વસ્તુ મોક્ષમાર્ગ છે એવું-એકરૂપ એવો જ છે એવું—**' છે ને? (प्रवृत्ते) '**એવું-નિશ્ચયથી ઠરાવતા થકા,...**'

'**खलु मुनयः अशरणाः न सन्ति**' '**खलु मुनयः अशरणाः न सन्ति**' આહાહા..! અરે..! શુદ્ધ અને અશુદ્ધના પરિણામ છૂટ્યા અને અવલંબન ન રહ્યું, આશ્રય ન રહ્યો તો મુનિ અશરણ નથી. (किल) નિષ્કર્મદશા ત્યાં શરણભૂત છે. આહાહા..! સમજાણું કાંઈ? એ મોટા ડુંગરની ઓથે ગયો છે અંદર. આ કૃત્રિમ પુણ્ય-પાપના વિકલ્પ હતા એમાં થયું કે આ માર્ગ નહિ, એથી અશરણ નહિ. ભગવાન ચૈતન્યસ્વરૂપ એના શરણે જતાં '**નિશ્ચયથી ઠરાવતા થકા,...**' કે આમાં માર્ગ છે. એ '**खलु मुनयः अशरणाः न सन्ति**' '**ખરેખર, સંસાર-શરીર-ભોગથી વિરક્ત થઈ ધારણ કર્યું છે યતિપણું...**' મુનિની વ્યાખ્યા કરી. '**સંસાર-**

**શરીર-ભોગથી વિરક્ત...'** ઉદયથી, શરીરથી અને અનુભવથી **'વિરક્ત થઈ ધારણ કર્યું છે યતિપણું જેમણે...'** સંસાર, શરીર અને ભોગ. ચાર ગતિ સંસાર, શરીર અને અનુભવ એનાથી અથવા ચાર ગતિના ઉદયનું કર્તાપણું કે શરીરનું કરવાપણું કે એનાથી કોઈ લક્ષ થઈને ભોગવવાપણું એ ઉપભોગ એનાથી વિરક્ત થઈને. મુનિ તો એનાથી વિરક્ત છે. આહાહા..! ઉદયભાવથી વિરક્ત છે, શરીરથી વિરક્ત છે અને રાગ-દ્વેષના અનુભવથી મુનિ વિરક્ત છે. સમજાણું કાંઈ? શુભાશુભ પરિણામ નિશ્ચયથી મોક્ષમાર્ગ નથી, નિષેધ કર્યો દૃષ્ટિએ, એ માન્યતામાં આવ્યું, એ માન્યતા અશરણ છે એને એમ નથી. એ માન્યતાને શરણ ચૈતન્ય પ્રભુ (છે). કેવો છે એ મુનિ? કે જેને ઉદય, શરીર અને ભોગથી તો નિવૃત્ત દૃષ્ટિ થઈ છે અંદરમાં. એવું જેણે યતિપણું (ધર્યું છે), આવું કરીને ધર્યું છે યતિપણું. એમને એમ યતિપણું નથી લીધું એમ કહે છે. ભાઈ! આહાહા..!

જેને સંસાર ચાર ગતિનો ઉદયભાવ, અસિદ્ધભાવ, શરીર અને ભોગ એનાથી અંતરથી તો વિરક્ત છે એ. હરખ-શોકનું ભોગવવું અને હરખ-શોકનો ઉદય થવો અને શરીરનું લક્ષ એ બધાથી વિરક્ત છે. આહાહા..! સમજાણું કાંઈ? એનું નામ યતિ છે. આહાહા..! સ્વરૂપની યતના કરે છે, સ્વરૂપની યતના કરે છે, જયણા કરે છે. સ્વરૂપની જયણા કરે તે જતિ. વિકાર અને શરીર-ભોગથી વિરક્ત તે જતિ. એટલું કહ્યું પણ હજી એનું વિશેષ કહેશે. કારણ કે ઓલું તો અહીંથી ના પાડીને?

**'વિરક્ત થઈ ધારણ કર્યું છે યતિપણું જેમણે...'** એ **'अशरणाः न सन्ति' 'આલંબન વિના શૂન્યમન એવા તો નથી.'** શૂન્ય થઈ ગયો કે આ કાંઈ નથી. ઓલા કહે છે ને? શૂન્ય થઈ જાવ. પણ અસ્તિ શું? અસ્તિની દૃષ્ટિ થયા વિના શૂન્ય નહિ થાય. શૂન્ય થઈ જાવ, વિકલ્પથી શૂન્ય થઈ જાવ. શું પણ શૂન્ય થાય? વિકલ્પથી શૂન્ય થઈ જાઓ. પણ શૂન્ય થઈને જાવું ક્યાં? ક્યાંય ગયા વિના શૂન્ય થાય શી રીતે? આ બધું અત્યારે આ યોગને નામે બધું ચાલ્યું છે ને. શું રાજમલજી! યોગને નામે આમ બસ કરવું. વિકલ્પ ઉઠવા ન દેવો. પણ વિકલ્પ ઉઠવા ન દેવો, પણ વસ્તુ શું કે જ્યાં જતા વિકલ્પ ન ઉઠે? સમજાણું? એ તો પતંજલિ પણ કહે છેને. 'એકાગ્ર ચિંતા...' એકાગ્ર ચિંતા એ કહે છે. પણ એ તો આમનું કહ્યું, વસ્તુ શું? એકાગ્ર ચિંતા તો આપણું છે હોં! એનો શબ્દ 'ચિંતા નિરોધ.' એ કહે છે. એને એકાગ્ર નથી. શબ્દ ન હોય એને.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. એ. પણ અહીં તો એકાગ્ર ચિંતા. અહીં તો એકાગ્ર ચિંતાનો અર્થ એક અગ્ર મુખ્ય કરીને આમ વસ્તુને મુખ્ય કરી છે. ઓલા કહે, યોગ નિરોધ. યોગ નિરોધનો શું અર્થ? વસ્તુની ખબરથી તો એ શૂન્ય થઈ જવાના, મૂઢ થઈ જવાના. જરીક

વિકલ્પ મંદ દેખાશે એને. મૂઢ થઈ જવાના મૂઢ. આહાહા..!

આમ વસ્તુ છે, ચૈતન્યમૂર્તિ પૂર્ણાનંદ અનંત ગુણનો ધામ, એકલો શુદ્ધ કંદ, અનાદિઅનંત મહંત, સંત પરમાત્મા પોતે છે એવું પહેલું ખ્યાલમાં લીધું છે. એના તરફ જઈને વિકલ્પથી શૂન્ય થાય છે. સમજાણું કાંઈ? એકાગ્ર ચિંતા. એક અગ્ર. એક મુખ્યમાં વસ્તુ દૃષ્ટિમાં (લીધી છે). પહેલું જાણપણું કર્યું છે ને નય, નિક્ષેપ, પ્રમાણથી (કે) કેવો આત્મા હોય? કેવી રીતે હોય? એવું જ્ઞાન તો પહેલું હોય. એનાથી વિરુદ્ધ જે કહેનારા હોય છે એનાથી ખસી ગયો છે. પણ અહીંયાં વિકલ્પમાંથી ખસવા માટે કે આ કહે છે '**अशरणाः न सन्ति**' વિરક્ત આમ થઈ ગયા આ બાજુથી પણ અહીં આલંબન છે.


'**આલંબન વિના શૂન્યમન એવા તો નથી.**' કેવી વાત છે! જુઓ! ખુલાસો કર્યો. વસ્તુ શું? જ્ઞાનમાં શું? ભલે વિકલ્પસહિત પહેલું, પણ જ્ઞાનમાં જ્ઞેય કેવું છે એ શી રીતે તેં નક્કી કર્યું છે? સમજાણું કાંઈ? જ્ઞાનની પર્યાયમાં, શ્રદ્ધાની દશામાં, કેવો જ્ઞેય, કેવડો, ક્યાં, કેટલે ક્ષેત્રમાં, કેટલા કાળથી, કેવા ભાવથી? એ શું ચીજ છે? એના જ્ઞાનનું યથાર્થપણું નક્કી કર્યા વિના અંતરમાં અવલંબનમાં જઈને શૂન્ય થઈ શકશે નહિ. સમજાણું કાંઈ? જાગૃત છે. કાંઈ ઊંઘ નથી (કે) ન્યાં પ્રમાદ આવી જાય. આમ જતા જાગૃત થાય છે અંદર. ઓલો તો આમ વિચાર કરતાં કરતાં જોલું આવી જાય. પછી શૂન્ય થઈ જાય. એમ કહે છે. સમજાય છે કાંઈ? મહાસત્તા જેણે દૃષ્ટિમાં લીધી છે. ચૈતન્યપ્રભુ જ્ઞાન અને આનંદથી ભગવાન પૂર્ણ ભરેલો છે.

'**તો કેવા છે?**' '**तदा हि एषां ज्ञानं स्वयं शरणं**' લ્યો! અસ્તિથી લીધું. '**જે કાળે એવી પ્રતીતિ આવે છે કે અશુભ ક્રિયા મોક્ષમાર્ગ નથી, શુભ ક્રિયા પણ મોક્ષમાર્ગ નથી,...**' શું કહે છે? '**જે કાળે...**' (तदा) શબ્દ પડ્યો છેને? '**જે કાળે એવી પ્રતીતિ આવે છે કે...**' અશુભ પરિણામ મોક્ષમાર્ગ નહિ, શુભ પરિણામ પણ મોક્ષમાર્ગ નહિ '**તે કાળે નિશ્ચયથી મુનીશ્વરોને...**' (**ज्ञानं स्वयं शरणं**) લ્યો હવે. જ્ઞાન એટલે આત્મા એમ હોં. અહીં તો જ્ઞાન શબ્દથી (કહ્યું છે). '**શુદ્ધસ્વરૂપનો અનુભવ સહજ જ આલંબન છે.**' દેખો! ભગવાન જ્ઞાનમૂર્તિ જ્ઞાયકસ્વભાવ એના શરણમાં ગયો છે એથી એનો અનુભવ પરિણતિ પ્રગટ થઈ છે. એને પરનું કાંઈ લક્ષ છે નહિ. કહો, સમજાણું આમાં?

જુઓ! આ સર્વજ્ઞ ભગવાનનો કહેલો આત્મા, દુનિયા કલ્પનાથી આત્માની વાતું કરે એ નહિ. એ અત્યારે ઘણું ચાલ્યું છે, ધ્યાન કરો... ધ્યાન કરો. પણ શેના ધ્યાન? ધ્યાન કરો. શું પણ વસ્તુ શું? તારા જ્ઞાનમાં યથાર્થપણું ન આવે અને ત્યાં સુધી આમ શુભપરિણામ પણ મોક્ષમાર્ગ નથી એમ જ્યાં નક્કી કરવા જાય ત્યાં વસ્તુ આખી છે એનું અવલંબન આવ્યા વિના રહે નહિ એમ કહે છે અહીં જુઓને.

(तदा) '**જે કાળે એવી પ્રતીતિ આવે છે કે અશુભ ક્રિયા મોક્ષમાર્ગ નથી, શુભ ક્રિયા પણ મોક્ષમાર્ગ નથી, તે કાળે...**' 'हि' 'तदा हि' 'तदा हि' 'तदा हि' (एषां) સંતોને '**શુદ્ધસ્વરૂપનો અનુભવ સહજ જ આલંબન છે.**' લ્યો! એકલો ભગવાન શુદ્ધ સ્વરૂપ એ જ અંદર આલંબન પર્યાયમાં આવે છે અને એ જ પર્યાય નિરાલંબી રાગરહિત નિરાલંબી થઈ છે પણ સ્વરૂપનું અવલંબન એને છે, એનું નામ મુક્તિનો માર્ગ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)


ૐ
આત્માનું બળ એટલે કે વીર્ય એમાં
એવી તાકાત છે કે તે આત્મ સ્વરૂપની રચના
કરે છે અને તેજ તેનો સ્વભાવ છે. તે વિકાર
ને રચે કે પરને રચે તેવું તે વીર્યનું સ્વરૂપ જ નથી.
પરમજ્ઞાની આત્માની દિવ્ય શક્તિઓ-
નું વર્ણન કરતાં જણાવે છે કે આત્મામાં
દ્રવ્ય ગુણ પર્યાયની રચનાના સામર્થ્ય રૂપ
એક વીર્ય શક્તિ છે કે જેનું શક્તિવાન એવા
આત્મ દ્રવ્ય ઉપર નજર જતાં દ્રવ્ય ગુણપર્યાય
એ ત્રણેમાં વ્યાપવું થાય છે.

## વીર સંવત-૨૪૯૧, જેઠ વદ ૮, મંગળવાર,
## તા. ૨૨-૬-૧૯૬૫, કલશ-૧૦૪-૧૦૫
## પ્રવચન નં. ૭૭

સમયસાર કળશ, પુણ્ય-પાપ અધિકાર શ્લોક-૧૦૪. અહીંથી છે જુઓ! નીચેથી સાત લીટી. '**तदा हि एषां ज्ञानं स्वयं शरणं**' શું કહે છે? આ પુણ્ય-પાપનો અધિકાર છે ત્યારે એમ કહ્યું કે જ્યારે શુભ અને અશુભભાવ આત્મામાં થતા એ ધર્મ નથી. અને એનો નિષેધ કર્યો તો શિષ્ય પૂછે છે, પ્રભુ! એને શરણ શું? જે કાંઈ કરવાનું હતું એ શુભ અને અશુભ પરિણામમાં હતું, એ તો તમે નિષેધ કરાવ્યો કે એમાં ધર્મ નથી. ત્યારે કાંઈ બીજી કોઈ ચીજ છે એ સિવાય?

એનો ઉત્તર આપ્યો કે હા. '**तदा हि एषां ज्ञानं स्वयं शरणं**' '**तदा**' નો અર્થ શું કર્યો? '**જે કાળે એવી પ્રતીતિ આવે છે...**' જે કાળમાં એવી પ્રતીતિ આવે આમ આત્મામાં કે '**અશુભ ક્રિયા મોક્ષમાર્ગ નથી, શુભ ક્રિયા પણ મોક્ષમાર્ગ નથી,...**' દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ મોક્ષમાર્ગ નહિ એમ જ્યારે પ્રતીતમાં આવે '**તે કાળે નિશ્ચયથી મુનીશ્વરોને જ્ઞાન અર્થાત્ શુદ્ધસ્વરૂપનો અનુભવ સહજ જ આલંબન છે.**' જુઓ! અહીં શું કહ્યું? અંતરમાં ભગવાન આત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાનનો ભંડાર પ્રભુ આત્મા વસ્તુ તરીકે ધ્રુવ અનાદિઅનંત (છે). પર્યાયમાં—અવસ્થામાં શુભ અને અશુભ રાગ એ ધર્મ નહિ એમ કરીને જ્યારે તેનું લક્ષ છોડે છે, નિષેધ કરે છે એટલે એનું લક્ષ છોડે છે ત્યારે તેને અંતર સ્વરૂપ ભગવાન આત્માનું શરણ તેને તે કાળે જ હોય છે. સમજાય છે કાંઈ?

'**तदा**' '**જે કાળે એવી પ્રતીતિ આવે છે કે...**' શુભ અને અશુભભાવ જે થાય છે એ સ્વરૂપ મારું નથી અથવા એનાથી મને શાંતિ અને શરણ નથી એમ જ્યાં લક્ષ જ્યાં પરથી બદલાય છે એટલે એનો અર્થ કે નિષેધ થાય છે. એનો અર્થ નિષેધ (થાય છે). સમજાણું કાંઈ? દેહની ક્રિયા તો જડની છે, એની અહીં (વાત નથી). અંતરમાં પર્યાયમાં પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ (થાય એમાં) અશુભ પહેલો લીધો છે કે અશુભનો નિષેધ થયો, પણ શુભના પરિણામ દયા, શીલ, બ્રહ્મચર્ય આદિના વિકલ્પ શુભ, વ્રતનો (વિકલ્પ) એ પણ મારા અસ્તિત્વમાં નથી એથી એ નિષેધ છે એમ જ્યાં લક્ષ કરવા જાય છે ત્યાં નિષેધ લક્ષ જતાં એ લક્ષ છૂટે છે એ જ કાળે જ્ઞાનાનંદ સ્વરૂપનું શરણ અવલંબનમાં આવે છે. સમજાણું કાંઈ?

જ્યારે '**શુભ ક્રિયા પણ મોક્ષમાર્ગ નથી, તે કાળે...**' જ્યાં દૃષ્ટિ ઉઠી ગઈ. અસ્તિપણું શુભ પરિણામનું હોય છે પણ એનાથી મોક્ષમાર્ગ નહિ એટલે કે એ છૂટવાનો રસ્તો નહિ, એટલે કે તે સંવર-નિર્જરાનું કારણ નહિ, એટલે એ શરણ કરવા અને આશ્રય કરવા લાયક નથી. એમ જ્યાં અંતરમાં લક્ષ પરથી છૂટે છે એટલે કે નિષેધ થયો. ત્યારે '**નિશ્ચયથી..**' એ જ કાળમાં '**एषां ज्ञानं स्वयं शरणं**' એ લક્ષ છોડનારને સમકિતી હો કે પંચમ ગુણસ્થાને (હો કે) મુનિ (હો), શુદ્ધ સ્વરૂપનો અનુભવ એ જ કાળમાં અંતરમાં વીર્યએ, શ્રદ્ધાએ એનું લક્ષ છોડ્યું એટલે સ્વભાવ તરફના લક્ષમાં શુદ્ધ સ્વરૂપના અનુભવમાં સહજ આલંબન આવ્યું. સહજ શબ્દ કેમ વાપર્યો? સ્વયં શબ્દ વાપર્યો છે ને? '**ज्ञानं स्वयं शरणं**' એમ કેમ કહ્યું? કે જ્યારે ઓલો વિકલ્પ શુભ છે એનું પણ લક્ષ છૂટ્યું ત્યારે એના કારણે શુદ્ધનો અનુભવ થયો એમ ન રહ્યું. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- ચાર શરણ છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ આ શરણ છે આત્મા. એમ (કહે છે) કે આ મંગલિકમાં ચાર શરણ આવે છે ને? અરિહંતા શરણં, સિદ્ધા શરણં, સાહુ શરણં, કેવળી (પણત્તો ધમ્મો શરણં). આ વળી પાંચમું ક્યાંથી આવ્યું? એ કેવળી પણત્તો ધમ્મો શરણં એ આ આવ્યું. સમજાણું કાંઈ? એ પાંચમું નથી, ચારમાં આવી જાય છે એ.

અહીં તો એ વાત સિદ્ધ કરીને...

**निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल**
**प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः सन्त्यशरणाः।**
**तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणं**
**स्वयं विन्दन्त्येते परमममृतं तत्र निरताः।।५-१०४।।**

અહીંયાં તો બહુ શ્લોકો આ તો તદ્દન અધ્યાત્મના અંતરની અનુભવની દૃષ્ટિને સ્પર્શીને નીકળેલા છેને. સમજાણું કાંઈ? વિકલ્પ આવ્યો છે પણ અંતરમાં સ્વરૂપનો અનુભવ વર્તે છે એમાંથી એની વિધિની રીત બતાવે છે એમાં કે ભાઈ! જ્યારે ભગવાને પુણ્ય અને પાપના બેય ભાવ નિષેધ્યા ધર્મને માટે (કે) એ ધર્મ નહિ. તો ધર્મી જીવ એ શુભ અને અશુભ બે ભાવ ધર્મ નથી એમ જ્યાં પ્રતીતિ એની થાય છે, ત્યારે શુભભાવથી પણ ધર્મ નથી એથી શુભભાવમાં અટકવું લક્ષ એનું છૂટી જાય છે. સમજાણું કાંઈ? શુભભાવ પણ ધર્મ નથી એમ જ્યારે ભગવાને નિષેધ કર્યો તો એ આત્મા પોતે જ્યારે નિષેધ કરવા જાય છે, ભગવાને તો સમજાવ્યું પણ એ આત્મા એનો આમ નિષેધ કરવા જાય છે કે આ શુભ વિકલ્પ છે એ ધર્મ નહિ એટલે કે મોક્ષમાર્ગ નહિ. એમ કહ્યું છે ને? એ મોક્ષમાર્ગ નહિ. એટલે કે એ છૂટવાનો માર્ગ નહિ. એમ જ્યાં પ્રતીત થાય છે, એ ભરોસો એ કાળે ત્યાંથી

લક્ષ છોડીને સ્વભાવના અવલંબનમાં આવે છે. એ સહજ સ્વયં એ વિકલ્પના આલંબન વિના, કે ઓલો વિકલ્પ શુભરાગ હતો તો એને કારણે એટલી સહાયથી ત્યાં મોક્ષના માર્ગનું અવલંબન આવ્યું એમ છે નહિ. સમજાણું કાંઈ?

**'ज्ञानं स्वयं शरणं'** એમ શબ્દ મૂક્યો છે ને? આ તો એક એક શબ્દો અધ્યાત્મના છે અને કિંમતી છે. આ તો વાચ્ય અંદર જે છે, વાચ્ય એટલે ભાવ એને બતાવનારું આ તો વાચક છે. **'एषां ज्ञानं'** નિશ્ચયથી શુદ્ધ ભગવાન સ્વરૂપ, પ્રતીતિમાં જ્યાં ઊડી ગઈ કે આ શુભભાવ એ મોક્ષનો માર્ગ નહિ, એમ સૂક્ષ્મ દૃષ્ટિ વડે ધીરજથી જ્યાં શુભભાવનું લક્ષ છોડે છે ત્યાં એનું લક્ષ શુદ્ધ સ્વરૂપમાં અવલંબનનું આવી જાય છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ આમાં?

**'શુદ્ધસ્વરૂપનો અનુભવ સહજ જ આલંબન છે.'** સ્વયં શબ્દ વાપર્યો છે ને? એ સ્વયંનો અર્થ કર્યો સહજ. આમ ગુલાંટ ખાઈ જાય છે. જે રાગના શુભભાવ પ્રત્યે બહાર તરફની વલણવાળી વૃત્તિ (હતી), વૃત્તિ એટલે ભાવ એ મોક્ષમાર્ગ નહિ એવી જ્યાં પ્રતીતિ દૃઢ થાય છે ત્યાં એ શુભભાવથી લક્ષ, આશ્રય, ધ્યેય છૂટી જાય છે. છૂટતા અહીં સ્વભાવ શુદ્ધ તરફનું ધ્યેય આવી જાય છે. તેથી શુદ્ધનો સહજનો સ્વયં રાગના મનના અવલંબન વિના, એ પહેલો શુભભાવ હતો તો પછી આ શુદ્ધનું શરણ આવ્યું એમ ત્યાં છે નહિ. સમજાણું કાંઈ? ભારે વાંધા. તકરાર.. તકરાર. એ શુભ જોઈએ.. શુભ જોઈએ.. બીજો કહે, કે શુભ પહેલો અને શુદ્ધ પછી. મોટી તકરાર બે સંપ્રદાય વચ્ચે. દિગંબર સંપ્રદાય અનાદિથી એમ ચાલ્યું આવે છે કે નિશ્ચય હોય તો પછી ત્યાં વિકલ્પ જે હોય છે એને વ્યવહાર કહેવામાં આવે. ઓલા કહે, નહિ. પહેલો વિકલ્પ શુભરાગ ક્રિયા હોય તો પછી નિશ્ચય થાય. પછી નિશ્ચય થાય. એમ છે કે નહિ? પછી નિશ્ચય થાય ને? એ માટે સ્પષ્ટ કર્યું છે. કારણ કે એ વખતે સંપ્રદાય તો નીકળી ગયેલો હતો. આ તો અમૃતચંદ્રાચાર્યનો શ્લોક છે. શ્વેતાંબર સંપ્રદાય તો નીકળેલો હતો, ઘણા વખતથી નીકળી ચુક્યો હતો.

ભાઈ! જ્યારે ભગવાને સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ જિનચંદ્ર પરમેશ્વરે અશુભ જેમ મોક્ષમાર્ગમાં નિષેધ્યો, એવો વ્રત, નિયમ આદિના વિકલ્પ દયા, દાન, ભક્તિ, વિનય બહારનો એવા વિકલ્પના ભાવને પણ મોક્ષમાર્ગનો નિષેધ કર્યો, તો એ નિષેધને સમજનાર આત્મા એને નિષેધનું લક્ષ છૂટી જાય છે એટલે સદ્ભાવ સ્વયં જ્ઞાનાનંદ પ્રભુ શુદ્ધ દ્રવ્યસ્વભાવ જે ત્રિકાળ એકરૂપ છે, એક સમયની પર્યાયના અવલંબનમાં એ આવી જાય છે. એક સમયની પર્યાયમાં એ દ્રવ્યનું આલંબન આવે છે. એથી સ્વરૂપનો અનુભવ સહજ જ આલંબન છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** સમ્યગ્દૃષ્ટિની વાત છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સમકિતદૃષ્ટિ જ્ઞાની. અહીં તો મુનિની વાત કરી છે. મુનિ છે ને. મુનિ પ્રધાનતાની વાત છે. મુનિ પ્રધાનતાથી વાત છે. શ્રાવકનું પહેલું લીધું ને કાલે. શ્રાવક પણ હતો આ શ્લોકમાં બનારસીદાસમાં. કાલે બતાવ્યું હતું. આ શ્લોકનું બતાવ્યું હતું. એમાં બેય લીધા છે. બતાવ્યું હતું કાલે. એને સમકિતી... સમકિતીની વાત છે. એ તો પણ મુનિ પોતે છે એટલે મુનિને ઉદ્દેશીને વાત કરી છે.

**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।**
**पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं।।२।।**

કેટલામી? .. એ આવ્યું જોયું? કાલે આપણે વાંચ્યું હતું. '**निषिद्धे सर्वस्मिन्**' એમાં એમ કર્યું છે પોતે બનારસીદાસે.

સિષ્ય કહૈ સ્વામી તુમ કરની અસુભ સુભ,
કીની હૈ નિષેધ મેરે સંસૈ મન માંહી હૈ,
મોખકે સધૈયા ગ્યાતા દેસવિરતી મુનીસ,

બેય લીધા છે. એમાં આ કળશટીકાકાર જ્યાં જ્યાં મુનિ હોય ત્યાં સમકિતદૃષ્ટિ કહી દે. આગળ આવશે. મુનિ હોય તો સમ્યગ્દૃષ્ટિ, સાધુ હોય તો સમ્યગ્દૃષ્ટિ.

મોખકે સધૈયા ગ્યાતા દેસવિરતી મુનીસ,
તિનકી અવસ્થા તૌ નિરાવલંબ નાંહી હૈ.
કહે ગુરુ કરમકૌ નાસ અનુભૌ અભ્યાસ,

એ કર્મ શુભ વિકલ્પનું જ્યાં ધ્યેય અને લક્ષ છૂટ્યું ત્યાં અનુભવ અભ્યાસ સ્વભાવનો...

ઐસૌ અવલંબ ઉનહીકૌ ઉન પાંહી હૈ.

...

નિરુપાધિ આતમ સમાધિ કોઈ સિવરુપ,
ઔર દૌર ધૂપ પુદગલ પરછાંહી હૈ.

શ્રાવકનું લઈ લીધું. એ તો અહીં સમકિતનું .. અહીં આવશે સમકિત.. બધે. મુનિ શબ્દે કહે છે તો સમકિતી (સમજવું). સમજાય છે કાંઈ?

'**एषां**' પૂછયું હતું કે શરણ કોનું ત્યારે? તમે બધું નિષેધ કરો છો તો પછી શરણ કોનું? સમજાણું? .. શરણ સમકિત.. ..

**निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल**
**प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः सन्त्यशरणाः।**

નિષ્કર્મદશા થતાં.. નિષ્કર્મદશા થતાં મુનિ અશરણ નથી. એ વિકલ્પનું કર્મ જે કર્તવ્ય કીધું છે એનું જ્યાં પ્રતીતમાંથી ઊઠી ગયું લક્ષ જેનાથી એને ભગવાન શુદ્ધ ચિદાનંદનું શરણ અને

અનુભવ શરણ છે, આલંબન છે, બીજું કોઈ આલંબન ત્યાં છે નહિ. કહો, સમજાણું? અહીં સુધી તો કાલે આવ્યું પણ હવે જરી... તે કાળે એનું વજન થોડું હતું મગજમાં.

**'કેવું છે જ્ઞાન?' 'ज्ञाने प्रतिचरितम्'** જ્ઞાન શબ્દે શુદ્ધ સ્વરૂપ જે ત્રિકાળ વસ્તુ એમાં **'चरितम्'** નામ રમે છે એથી શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ ત્રણેને અહીંયાં જ્ઞાનની દશા કહેવામાં આવે છે. **'ज्ञाने प्रतिचरितम्' 'જે બાહ્યરૂપ પરિણમ્યું હતું...'** જુઓ! ગુલાંટ ખાય છે હવે. **'જે બાહ્યરૂપ પરિણમ્યું હતું...'** જુઓ! અહીંથી ઉપાડી છે વાત ભાઈ! આમ શુભ ઉપર હતો. આમ મોક્ષમાર્ગ... આમ બાહ્ય **'જે બાહ્યરૂપ પરિણમ્યું હતું...'** તે શુભ વિકલ્પનો રાગ ભાગ આ મને સહાયક છે એ મોક્ષમાર્ગ એવી માન્યતા હતી અને એ માન્યતામાં આવ્યું કે આ મોક્ષમાર્ગ બાહ્યરૂપ વિકલ્પ તે નહિ, **'જે બાહ્યરૂપ પરિણમ્યું હતું તે જ પોતાના શુદ્ધસ્વરૂપે પરિણમ્યું છે.'** સમજાણું કાંઈ? અહીં તો બહિરાત્માની વૃત્તિ શુભ ઉપર હતી એ ગુલાંટ ખાઈને અંતરાત્મા થાય છે. બસ! એની વાત છે. સમજાણું આમાં?

**'ज्ञाने प्रतिचरितम्'** તો **'ज्ञाने प्रतिचरितम्'**નો અર્થ અહીં કર્યો કે **'તે જ પોતાના શુદ્ધસ્વરૂપે પરિણમ્યું છે.'** ભાઈ! પણ જ્ઞાની પહેલો શું હતો? પહેલી વાત કરી. વાત તો એ કહેવી છે પહેલી કે એને અંદરમાં વસ્તુ ત્રિકાળ, એક સમયની પર્યાય. વસ્તુ દ્રવ્ય... દ્રવ્ય.. દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ ત્રિકાળ, પર્યાય એક સમયની. એક સમયની પર્યાયમાં જે શુભભાવ પણ મુક્તિમાર્ગ છે, સહાયક છે એવી જે પ્રતીતિ બહિરાત્મામાં મિથ્યાદૃષ્ટિને હતી એ પ્રતીત છૂટે છે. આ વિકલ્પ બહિર્બુદ્ધિએ જે આવે છે એ શુભભાવ પણ મુક્તિનો માર્ગ નથી, એટલે છૂટવાનો રસ્તો એ નથી. એટલે કે ત્યાંથી એની રુચિ છૂટી જાય છે અને રુચિ શુદ્ધ ચૈતન્ય પ્રતિ વળે છે. એથી બાહ્ય રૂપ પરિણમ્યો હતો. ટીકા એવી સરસ કરી છેને.

**'તે જ પોતાના શુદ્ધસ્વરૂપે...'** જુઓ! બીજી ગાથાએ કહ્યું કે શુભરાગરૂપ અશુદ્ધ જે પરિણમન હતું.. ચૈતન્યગોળો દ્રવ્ય તે ધ્રુવ એકલો અખંડ આનંદનો અમૃતરસનો પિંડ આખો અનાદિ અનંત ધ્રુવ. પણ એની વર્તમાન અવસ્થામાં એટલે અશુદ્ધરૂપ. બાહ્યરૂપ તે અશુદ્ધરૂપ, પુણ્યના પરિણામે અશુદ્ધરૂપ વિકલ્પનું પરિણમન હતું તે અંતરમાં પરિણમન થઈ ગયું. **'તે જ પોતાના શુદ્ધસ્વરૂપે પરિણમ્યું છે.'** તે જ નો અર્થ? એ પર્યાય તો એમ ને એમ પણ પરિણમનારો.. .. નહિતર તો એમ કહે જે બાહ્યરૂપે પરિણમ્યો હતો તે જ પર્યાય પોતાની શુદ્ધરૂપ પરિણમી. તે દ્રવ્ય છે તે વસ્તુ છે એક સમયના અનંત સિદ્ધનો જ્ઞાન અને આનંદ પિંડ પ્રભુ એ પરિણમ્યો છે પર્યાયમાં. વસ્તુ તો ધ્રુવ ત્રિકાળ વસ્તુ સત્. મહાશીલા જ્ઞાન અને આનંદનું સત્ અનંત એનું ત્રિકાળ છે. તે દ્રવ્ય જે બાહ્યરૂપ અશુદ્ધના પરિણામ મોક્ષમાર્ગ છે એમ માનીને મિથ્યાદૃષ્ટિપણે પરિણમ્યો હતો, બાહ્યરૂપે પરિણમ્યો હતો એ બહિરાત્મપણે

પરિણમ્યો, અશુદ્ધપણે પરિણમ્યો છે, એની પરિણતિમાં અશુદ્ધતા હતી. એ જ દ્રવ્ય, પ્રતીતિ .. છે છતાં એ દ્રવ્યમાં જાય છે ત્યારે સિદ્ધરૂપે તે દ્રવ્ય પરિણમે છે. સમજાણું કાંઈ? ... શું કહે છે?

અહીં તો આત્માની વાત છે. ભગવાન આત્મા અંદર છે એવો બાહ્ય.. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય બધા પરમ આત્માના પિંડ જ પડ્યા છે. આવે છે ને સર્વવિશુદ્ધ અધિકારમાં. શરૂઆતમાં. કર્તા નથી સ્વભાવ નથી. ત્યાંથી એકેન્દ્રિયથી માંડીને બધા એ એક સમયનો પર્યાય લક્ષમાં ન લે એને આ દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... ત્રિકાળ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... સિદ્ધ... સિદ્ધ... સિદ્ધ... આનંદ.. આનંદ.. આનંદ... જ્ઞાયકમૂર્તિનું દ્રવ્ય અનાદિ અનંત બધા પડ્યા છે. ટીકામાં લીધું ને. એકેન્દ્રિયથી માંડીને. જયસેનાચાર્યની ટીકામાં લીધું. એમ કર્તા નથી થઈ ગયું. કર્તા નથી તેમ ભોક્તા નથી પણ ક્યાંથી? એકેન્દ્રિયથી માંડીને.

પર્યાયમાં અજ્ઞાનપણું ઊભું કર્યું એણે કર્તૃત્વ. રાગનું કર્તૃત્વ. વસ્તુના સ્વભાવમાં તો એવો ગુણ છે જ નહિ. રાગનું કરવું કે રાગનું ભોગવવું એ ભગવાન વસ્તુના સ્વભાવમાં શક્તિની સત્ત્વરૂપ જેવું કોઈ છે નહિ. એક સમયની પર્યાય ઊભી કરી. એ રીતે પરિણમ્યો હતો પર્યાયમાં. વસ્તુ.. વસ્તુની.. રાગને કરવું કે રાગ પરિણતિને પુણ્યને મોક્ષમાર્ગ માનવો એમ એ જ્યાં લક્ષ છૂટ્યું એથી બાહ્યરૂપ જે પરિણમન થયું **'તે જ પોતાના શુદ્ધસ્વરૂપે પરિણમ્યું છે.'** એ જ દ્રવ્ય પોતે રાગની એકતામાં શુભભાવમાં મુક્તિને છુટકારો માર્ગ માનીને અટકેલું પરિણમન થયું, તે જ્યાં પ્રસિદ્ધ ભરોસો પલટે છે એથી એ જ દ્રવ્ય શુદ્ધપણે પરિણમે છે. પછી શુદ્ધની પરિણતિ એ મોક્ષનો માર્ગ છે. કહો, સમજાણું આમાં? ઝીણું બહુ. એથી આ લોકોને બહારમાં.. રાડ પાડે છે. હજી ચારિત્ર.. અરે.. તમે આ પંચાસ્તિકાય વાંચો આ વ્યવહારમોક્ષમાર્ગ કીધો છે પહેલો. એમ કે પહેલે, ચોથે, પાંચમે, છઠ્ઠે એ મોક્ષમાર્ગ વ્યવહાર. મોક્ષમાર્ગ છે, પછી આ પાધરો તમે કહો કે આ નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... એકાંત છે.. એકાંત છે... એ ભગવાન તો છે ને? પણ એ પર્યાયની એક સમયની ભૂલ આ બધી કરાવે છે. અને પલટે તો એ પણ ભગવાન થાય એવો છે. એ કાંઈ બીજો થાય એવો નથી.

જ્ઞાનીને તો ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમેથી એટલે વ્યવહાર મોક્ષમાર્ગ છે. એમાં શુદ્ધતા-શુદ્ધતાનું આખું નાખવા જાય, શુદ્ધમાર્ગ અને શુદ્ધ ઉપયોગને. પણ શ્રાવકની શુદ્ધ પરિણતિ એ જ મોક્ષનો માર્ગ છે. સમ્યગ્દ્રષ્ટિને શુદ્ધની પરિણતિ એટલો જ મોક્ષનો માર્ગ, એટલે અશુદ્ધભાવથી જેટલો અશુદ્ધભાવ અહીં પુણ્ય-પાપ છે ને? કર્મધારા, જ્ઞાનધારા આવશે બે. સમજાણું કાંઈ? આમ વસ્તુ અસંખ્ય પ્રદેશે ક્ષેત્ર ત્રિકાળ રહેનારું તત્ત્વ, અનંતગુણનો ભાવ પર્યાય એક સમયની. ઓહોહો..! આમ ત્રિકાળ આમ એક સમય એટલે શું? વસ્તુ એકરૂપ ત્રિકાળ, પર્યાય એક સમયની. પ્રદેશ અસંખ્ય અનંતગુણ, એની અંદરમાં આ પર્યાયમાં મુક્તિ

વિકલ્પમાં છે અથવા માર્ગ છે એવી જે પ્રતીત હતી એ આખી ગુલાંટ અસંખ્ય પ્રદેશમાં અનંતગુણનો પ્રતીત આમ સ્વમાં આવે છે એ અનંતાગુણોનું અંશે સમ્યક્ શુદ્ધપણે પરિણમન સમ્યગ્દર્શનના કાળમાં સાથે થાય છે. આ વળી શુદ્ધસ્વરૂપ પરિણમ્યા છે એમ કીધું ને? તો પરિણમ્યામાં શું આવ્યું? એકલું સમ્યગ્દર્શનનું હતું એમ નહિ. સમ્યગ્જ્ઞાન, સમ્યક્ શાંતિ એટલે સ્વરૂપાચરણ, સમ્યક્ આનંદનો અંશ. એ રીતે એક સમયમાં આમ બહિરૂપ પરિણમનમાં લક્ષ હતું અને જ્યાં એનો નિષેધ થયો. નિષેધ એટલે લક્ષ છૂટ્યું એ વસ્તુના સ્વરૂપની દૃષ્ટિ થઈ એ દ્રવ્ય અનંતા શુદ્ધગુણે અંશે પણ પરિણમવા લાગ્યું આ એને મોક્ષમાર્ગ કહે છે. સ્વરૂપાચરણ ત્યાંથી શરૂ થઈ ગયું. સમજાણું કાંઈ? આગળ કહેશે એ સ્વરૂપાચરણ સર્વવિશુદ્ધ અધિકારમાં, મોક્ષ અધિકારમાં. સ્વરૂપાચરણ ચોથેથી છે. પણ બહિર્ આચરણ શુભાશુભ પરિણમનનું નથી અનાદિથી? ત્યારે આમ ગુલાંટ દૃષ્ટિએ ખાધી ત્યારે આચરણમાં ફર્યું શું? એવી શ્રદ્ધા થઈ ગઈ, શ્રદ્ધા થઈ ગઈ. એમ. શું પણ શ્રદ્ધા થઈ? શ્રદ્ધા નિર્વિકલ્પ શ્રદ્ધા વીતરાગી શ્રદ્ધા થાય. વસ્તુ અખંડ પૂર્ણ છે એમ અંતર દૃષ્ટિ થતાં એ દૃષ્ટિના વીતરાગી પરિણતિ પર્યાય શ્રદ્ધાની ઉત્પન્ન થઈ, ભેગું વીતરાગી સ્વસંવેદન જ્ઞાન આવ્યું, ભેગું અરાગી કહો વીતરાગી સ્વરૂપ આચરણનો કણ જાગ્યો. સમજાણું કાંઈ? આહાહા..! તકરાર મોટી. આવો માંડ અવસર મળ્યો, એમાં આમાં અટકેલા.

કહે છે '**જે બાહ્યરૂપ પરિણમ્યું હતું...**' કોણ? દ્રવ્ય. '**તે જ પોતાના શુદ્ધસ્વરૂપે પરિણમ્યું છે.**' બસ. વસ્તુ તો એવી રહી. પરિણમનની પર્યાયમાં ફેર પડ્યો. બદલો-પલટો થયો. બસ હવે '**ज्ञाने प्रतिचरितम्**' કેવું છે જ્ઞાન? કહ્યુંને? (**ज्ञानं स्वयं शरणं**) એટલે હવે કહે છે '**કેવું છે જ્ઞાન?**' '**ज्ञाने प्रतिचरितम्**' '**બાહ્યરૂપ પરિણમ્યું હતું તે જ પોતાના શુદ્ધસ્વરૂપે પરિણમ્યું છે. શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં કાંઈ વિશેષ પણ છે. તે કહે છે-**' શું થયું ત્યારે કાંઈ આનંદ આવ્યો કે નહિ એની આકુળતા હતી તે?

'**एते तत्र निरताः परमम् अमृतं विन्दन्ति**' '**एते** '**વિદ્યમાન જે સમ્યગ્દૃષ્ટિ મુનીશ્વર...**' સમ્યગ્દૃષ્ટિ મુનીશ્વર (**तत्र**) '**શુદ્ધસ્વરૂપના અનુભવમાં...**' (**निरताः**) મિથ્યાદર્શનમાં શુભભાવ આદિમાં રત હતો. એ આવી ગયું છે માથે. રત હતો. જ્ઞાની શુભભાવમાં રત નથી. એ શુદ્ધભાવમાં રત છે. સમજાણું કાંઈ? '**શુદ્ધસ્વરૂપના અનુભવમાં...**' '**निरताः**' '**મગ્ન છે...**' શુભભાવમાં જે મગ્નતા હતી, રતા રતપણું હતું તે છૂટ્યું એ '**શુદ્ધસ્વરૂપના અનુભવમાં મગ્ન છે તે...**' (**परमम् अमृतं**) '**સર્વોત્કૃષ્ટ અતીન્દ્રિય સુખને આસ્વાદે છે.**' જેની સુખની ગંધ ઈન્દ્રના ઈન્દ્રાણીઓમાં અને ઈન્દ્રના આસનમાં નથી. એવો ભગવાન આત્મા અતીન્દ્રિયનું ભાન, અતીન્દ્રિય સ્વામી સહજાત્મસ્વરૂપ એવો અતીન્દ્રિય આનંદ, એને અતીન્દ્રિય સુખ એવું સુખ જગતમાં ત્રણકાળમાં ક્યાંય નથી. એમ '**આસ્વાદે છે.**' એ સમ્યગ્દર્શન થતાં

એ પરમ અતીન્દ્રિયના સુખને આસ્વાદે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ આગળ લેશે. એ આ શુદ્ધનો પ્રકાર લેશે ને? એ હવે જ આવશે. હવે આવશે. ૧૪૪. એમ કે શુદ્ધતા વધતી જાય છે ને? એમાં અનંતા પ્રકાર. શુદ્ધતા પછી આવશે. આ પ્રત્યક્ષ આત્મા.. સમજાણું કાંઈ?

**'આસ્વાદે છે.'** શું કહ્યું? જે અનાદિનો આત્મા પોતાના પરમ આનંદના ધામમાં વસ્તુ તરીકે રહેલું તત્ત્વ એ પોતે પુણ્ય અને પાપના મલિન અશુદ્ધ પરિણામને પરિણમીને આકુળતા વેદતો હતો એ જ્યારે પુણ્યમાં મુક્તિમાર્ગ નથી, એ દૃષ્ટિ થતાં ત્યાંથી લક્ષ છૂટીને ભગવાન આત્મા ઉપર દૃષ્ટિ ગઈ ત્યારે તેમાં લીન થયો, તેથી અતીન્દ્રિય આનંદના સુખનો આસ્વાદ વેદન આવ્યું. સમજાણું કાંઈ? આ કહે છે ક્યાંની ક્યાં વાત હશે. આઠમાંની, નવમાંની અને દસની.

ભાઈ! એ ભગવાન જ્યાં ઘરમાં આવ્યો તે ઘરમાં આનંદનો સ્વાદ લેવા માંડ્યો. એ ઘરમાં બાહ્ય ઓલો બાહ્ય ચલો હતો. શુભાશુભ વિકલ્પ તો બાહ્ય ચલો.. બાહ્ય ચલો.. ભાવ હતો. બહાર ચલો તમારે કહે છે? અહીં તો ઘરમાં આવ્યો. ઘરમાં તો આનંદ પડ્યો છે. અતીન્દ્રિય આનંદ. જેવો સિદ્ધનો આનંદ પ્રગટ છે એવો અહીં અપ્રગટ આખો આનંદ દૃષ્ટિ જ્યાં પડી અને પરિણમન થયું ત્યાં આનંદનો સ્વાદ પર્યાયમાં આવ્યો. સમજાણું કાંઈ? જેવો આકુળતામાં પુણ્ય-પાપમાં વિલિન હતો ત્યારે બહિર્ બુદ્ધિએ આકુળતાના વેદનનો સ્વાદ હતો, દૃષ્ટિ જ્યારે પરના વિષયથી, પ્રતીતથી ફરે છે ત્યારે સ્વની પ્રતીત અને સ્વનો વિષય કરે છે ત્યારે શુદ્ધનું પરિણમન થતાં તેમાં લીન દ્રવ્યમાં થતા અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે, આ એને સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રનો અંશ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે શુભ-અશુભ ક્રિયામાં મગ્ન થતાં જીવ વિકલ્પી છે,...'** જુઓ એ પોતે ખુલાસો કરે છે. શુભ-અશુભ ક્રિયા.. એ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ અશુભ પરિણામ અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ શુભ એ ક્રિયામાં મગ્ન થતો જીવ. અહીંયાં મગ્ન લીધું છે ને? લીન થતો થકો. જ્ઞાનીને એ વિકલ્પ આવે ખરો પણ એમાં મગ્ન નથી. સમજાણું કાંઈ? **'શુભ-અશુભ ક્રિયામાં મગ્ન થતાં જીવ વિકલ્પી છે,...'** જીવ વિકલ્પ નામ વસ્તુની વાસના કરનારો છે. **'તેથી દુઃખી છે;...'** ખુલાસો કર્યો ઓલા **'परमम् अमृतं'**નો.

**'ક્રિયા સંસ્કાર છૂટીને...'** જુઓ! શુભ અને અશુભ પરિણામની રુચિ છૂટી અને એના સંસ્કાર છૂટ્યા, **'શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં...'** ભગવાન શુદ્ધ સ્વરૂપનો અનુભવ, સમ્યગ્દર્શનથી માંડીને **'થતાં જીવ નિર્વિકલ્પ છે,...'** વસ્તુ તો નિર્વિકલ્પ છે, પર્યાયમાં નિર્વિકલ્પતા થઈ ગઈ. સમજાય છે કાંઈ? **'ક્રિયા સંસ્કાર છૂટીને શુદ્ધસ્વરૂપનો અનુભવ...'**

અનુભવ તો હતો ક્રિયાનો, શુભાશુભ પરિણામનો. એ છૂટ્યો, આમ ભગવાન આત્મા ઉપર દૃષ્ટિ પડતાં એને અનુભવ આનંદનો જે થયો એ નિર્વિકલ્પ આનંદ છે. તેથી તેને સુખી કહેવાય છે. **'તેથી સુખી છે.'** સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આ આટલી મોટી વ્યાખ્યા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ આટલી વ્યાખ્યા. ચક્રવર્તી આવે છે કે નહિ? નરકમાં નથી આવતું ઓલું પહેલા શેઠ આવ્યા ત્યારે પહેલે દી રહ્યા હતા. આ 'બહાર કૃત નરક દુઃખ ભોગવે અંતર સુખની છટાછટી' શું કીધું એ? હા એ. બહાર નારકીકૃત ભોગવે અંતર સુખની ગટાગટી. ત્યારે નારકીને ક્યાં છે પાંચમું, છઠ્ઠું પછી? એ પહેલું અહીં શેઠ બોલ્યા હતા. ત્યારે આવ્યા ને એકની સાલમાં. .. બીજું કાંઈ ન મળે. બહાર બોલ્યા હતા. બહાર બેઠા. પણ આ શું કહે છે આ?

બહાર નારકીકૃત દુઃખ ભોગત દેખાય છે સમકિતીને, લોકોને, પણ અંતર સુખની ગટાગટી. શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે એથી એટલા આનંદનો ગટાગટી. ગટાગટ જેમ ઓલો પીવેને પાણી? શું કહેવાય છે એ ગટાગટી કહેવાય છે? આપણે ગટાગટી કહેવાય છે. તમારે કહેવાય હિન્દીમાં? અમારે તો કહે ગટ ગટ પાણી પીવે છે આમ. 'અંદર સુખની ગટાગટી...' નારકીને. સાતમી નરકનો નારકી હોય તોય. સમકિતી તે શું ચીજ છે! આ ગુલાંટ ખાઈ ગયોને આખી વાતનો. પડખું ફરી ગયું. પડખું સમજ્યાને? કરવટ. આમ જ્યાં વિકલ્પની લાગણી અને વૃત્તિ ઉપર પ્રીતિ, રુચિ ઉપર એકાગ્રતા હતી એ ગુલાંટ ખાઈને દ્રવ્ય સ્વભાવની પ્રીતિ, રુચિની પરિણતિ થઈ કહે છે કે ગટાગટી. બહારના દુઃખનો પાર નહિ. અંદરમાં આનંદ છે. આહાહા..! અને છ ખંડનો ચક્રવર્તી ખમ્મા અન્નદાતા, હીરાના સિંહાસનમાં બેઠો હોય અને રાણી આમ પંખા નાખે અને બત્રીસ હજાર રાજા સેવા કરતા હોય, મિથ્યાદૃષ્ટિ પુણ્ય-પાપમાં એકાકાર નિરત છે. એકલો દુઃખી, દુઃખી ને દુઃખી છે. આહાહા..! આ પણ વાત શી રીતે કરે? ઓલા હીરાના સિંહાસનમાં બેઠો હોય હોં. અને ચક્રવર્તી બ્રહ્મદત્ત મિથ્યાદૃષ્ટિ હતો ને. એને ૬૪ સરા હાર હોય છે. હરા હરા મોટી કિંમતના. ચક્રવર્તીને ઘરે ૯-૯ નિધાન દુઃખી છે એ. એ શુભ-અશુભ વિકલ્પની જાળમાં પડ્યો છે એ દુઃખી છે. આહાહા..! એ બેઠા ત્યારે આમ સિંહાસનમાં બેઠો છે આમ. બે બાજુ ચૌદ હજાર દેવ છે ને એમાં બે હજાર તો એના અંગરક્ષક હોય છે. અંગરક્ષક. ખમ્મા અન્નદાતા. બીવે હોં. ઓલો દુઃખી છે અંદર. આ તે પણ માપ શી રીતે કરવા? એય..!

.. આમ શરીર મળી ગયું છે, .. મળી ગયા છે. .. છૂટી ગઈ . એકાદ જરી રહી ગઈ. અંતરમાં આનંદમાં ગટાગટી. અરે.. નારકી. નારકીને તો કેટલા જન્મથી સોળ રોગ. જન્મથી સોળ રોગ. આ શું કહેવાય કંથવા. રોગ-રોગ. ... તમારી ભાષા .. છે ને. જન્મથી કંથવા,

ભગંદર, આ અત્યારે શું કહે છે કેન્સર-ફેન્સર એ બધા પહેલેથી હોય એને. જન્મથી. છતાં આહાહા..! એ સોનાના જેમ .. બેઠો હોય ચક્રવર્તી સિંહાસનમાં. દેવ બે હજાર અંગરક્ષક. દુઃખી. એ આકુળતાની જાળમાં ઘુંટાઈ. નીરત.. નીરત.. વિશેષે ની રત થઈ ગયો છે. સાતમી નરકનો નારકી સ્વરૂપની દૃષ્ટિમાં એકાકાર છે વિરક્ત છે. સમજાય છે કાંઈ? અમૃત પીવે છે ઈ એ. ચોથે ગુણસ્થાને અહીંયાં ગટાગટી. ઘણા શબ્દ આવ્યા છે. ચિન્મૂર્તિ દગધારિની..

**શ્રોતા :-** ચિન્મૂરત દગ ધારીકી મોહૈ રીતિ લગત હૈ અટાપટી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. અટાપટી. એ શેઠ કાલે આવ્યા હતા ને એણે ગાયું હતું. પણ ભાઈ એ વસ્તુ શું છે? સમજાણું? સમ્યગ્દષ્ટિ ચારિત્રનું એમાં આવે છે ને? ઈ એમાં નહિ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચટાપટી હા એ. ચારિત્ર ફારિત્ર ત્યાં નથી. પણ ચારિત્ર દૃષ્ટિમાં એને રમણતા કેમ ઉત્કૃષ્ટ થઈ ગઈ એની ચટાપટી લાગી છે. કરી શકે ન ભલે. ૩૩ સાગર સુધી નારકીમાં થોડો. થોડો. કારણ કે જન્મે ત્યારે મિથ્યાદૃષ્ટિ હોય, નીકળે ત્યારે સાતમી નરકનો. પણ એટલા કાળમાં એટલો ગટાગટી કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! એ તો કોને લઈને? એ ભગવાન અખંડાનંદ અમૃતનો પિંડ પ્રભુ છે ને. આમ એના સમીપમાં પડખે જતાં આનંદની ધારા ઉઠે છે કહે છે. આમ જ્યાં પુણ્ય અને પાપના જાળમાં સમીપમાં જાય છે એના સમીપમાં જાય છે તો દુઃખમાં જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

હવે આમાં પૈસાવાળાને લાડવા થાય એની તો વાત જ ન આવી. પૈસાવાળાને કારણે દુઃખી નહિ. ઓલી આકુળતા ઊભી કરે શુભાશુભ પરિણામની અને ઓલાને ૨૪ કલાક આકુળતા જ હોય લ્યો. આહાહા..! આકુળતા.. આકુળતા... આકુળતા...

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. કહેતો હતો. એવું .. એય.. અમૃતના સાગરમાંથી જઈને ઝેરના કૂવામાં જઈએ છીએ. ઝેરના કૂવામાં જઈએ છીએ. ચોવીસ કલાક ત્યાં તો વિકલ્પની જાળ. આ છે.. આ છે... આ છે... આ છે... આ .. આ .. ઓલો વધી ગયો. હતો કે નહિ ભરત? મૂક્યુ હતું ને એ?

બાપુ! આહાહા..! ઓલી આવે છે ને મૃગા પુત્રની વાત આવે છે. મૃગા. પુત્રની નહિ આ શ્વેતાંબરમાં આવે છે. એક રાણી હતી. વૈરાગ્ય થઈ જાય, જાતિસ્મરણ થઈ ગયું. એવી વાત આવે છે એમાં. ... પછી એમ કહે કે હે માતા! .. 'હવે ... મા.' હે માતા! મને એકવાર રજા આપ હવે. મને દુઃખ સંસારના લાગ્યા છે મને મોક્ષમાર્ગ જોઈએ છે હે મા! મને રજા આપ. જનેતા! એ બીજી જનેતા હવે નહિ કરું, બીજાને નહિ રોવરાવું. એમ બોલે છે. પંડિતજી! રજા માગે ને? મા! મને એકવાર રજા દે. એથી મને શાંતિના આદરમાં અમને

રજા દે. તને રોવરાવીશ નહિ. આ શું કહે રોવું. મા! બીજી મા નહિ કરું હવે. બીજી માને નહિ કરું હવે. બીજી માને નહિ રોવરાવું. મને રજા આપ, માતા! મારી એક વાત સુન, બાપા! અનંતકાળને ટાળવાની આ ક્ષણ મળી છે. અનંતકાળને ટાળવાને આ એક એક પળ મને મળી છે, માતા! મારી પળ જાય છે. એમ કહે છે. આ તો બીજાની વાત છે ને એટલે તત્ત્વની વાતમાં ફેર છે. સમજાણું કાંઈ? વૈરાગ્યની વાત તો બહુ હોયને. વ્યાખ્યાનમાં ચાલતું હતું જ્યારે આ. લોકો તો બિચારા રોવે હોં કેટલાક તો. મૃગા પુત્રની વાત આવે. માતા એમ કહે છે.

'માતા! હવે હું નહિ આવું ફરી સંસારમાં.' હે માતા! હવે હું સંસારમાં નહિ આવું હોં. તમે એમ માનો છો કે અરેરે.. આ આ દિકરો આ ૩૨ રાણી, આ મણિરત્નની પાટું, આ શીલાના મકાન. મકાન હોં આ શીલા પાથરી છેને શું કહેવાય આ? લાદી. લાદીયું મણિરત્નની પાટ. નીકળે છે ત્યારે, મા! હવે મને જવા દે હોં. આહાહા..! મારે સંસાર હવે મારે નથી જોઈતો. હવે સંસારમાં ફરીને આવવું નથી. ફરી માને નહિ રોવરાવું હો બા! પણ એકવાર રજા આપને બા. આહાહા..! .. દીકરા! તું એ રસ્તો લે અને અમને એ રસ્તો હજો. માતા કહે છે. એવી વાતું તો ઘણી આવે ને બધી વ્યાખ્યાનમાં. અમને પણ એ રસ્તો હજો. .. આમાં એ વાત છે એ. ભાઈએ એ બાધા લીધીને બ્રહ્મચર્યની? ..ભાઈએ. ત્યાં રખડ્યા. નાની ઉંમરની ૩૬ વર્ષની. ૮ વર્ષથી તો બ્રહ્મચર્ય પાળતા હતા. એક છોકરો તો ૮ વર્ષ પહેલા થયો એ મરી ગયો. એક જ છોડી... પછી .. .. બે ભાઈ નાના. પછી .. બાએ કહ્યું એના પિતાજીએ કે ભાઈ! આપણા ગામમાં કરશું અને પાંચ હજાર માણસ બોલાવશું. .. પિતાજી! અમને આ મહારાજની હાજરી છે, આ ભગવાનની પધરામણી કરી છે, આજના દિવસ. તમે મને બ્રહ્મચર્ય લેવા દ્યોને. પછી .. ભાઈ ઉભા થયા. મેં કીધું .. આજ્ઞા.. આજ્ઞા .. છે? એમ કહ્યું. નાની ઉંમર હજી. એટલે બે ભાઈઓ ઊભા થયા જોડે બિચારા. મહારાજ! ગળ ગળે આંખે હોં. આંસુ ટપકે. મહારાજ! રજા છે અમને. અમને એ માર્ગ હજો. અમે પણ એ રસ્તે ચાલીએ. આ શબ્દો બોલ્યા છે એ. વેદી પ્રતિષ્ઠાનો દિવસ હતો. થોડી વાતું ઘણી આપણે અહીં વ્યાખ્યાનમાં આવી ગઈ હોય ને એટલે કોક એ જાતનું અનુકરણ કરે. આહાહા..! એ તો આમ બાહ્યમાં એવું લાગતું પણ મુનિની દશા. આહાહા..!

એ જંગલમાં જઈને, જંગલમાં મંગલના માંડવા નાખે. આહાહા..! એકલો અંદર આનંદના ધૂન. ઓલો સિંહ જેમ ઘુઘરાવે એમ અંદરમાં આનંદને ઘુઘરાવે અંદરથી. જોર કરીને અંતરથી વિરૂદ્ધથી આનંદને અનુભવે છે. છોડ સંસારને દુઃખ ને વિકલ્પ મારા સ્વરૂપમાં નથી. જ્યાં અમે છીએ ત્યાં સંસાર નથી. જ્યાં વિકલ્પ છે ત્યાં અમે નથી. સમજાણું કાંઈ? માતા! હવે દે. જા ભાઈ. એમ કહે. સાચી વાત છે ભાઈ! તારું કલ્યાણ થજો. ચારિત્ર લઈને મુક્તિ

હજો. અમે પણ ભાઈ એ જ ભાવના ભાવીએ છીએ. આહાહા..!

અહીં કહે છે. આ તો જરી જીતુ બોલતો થોડું સમજાવ્યું હતું. આ જીતુ બહુ ગળગળો થઈ ગયો હતો જતાં. એ કહેતો મારે ભણવું નથી પણ હું એકનો એક દીકરો, મારા બાપ તો હજી કદાચિત્ સમાધાન કરે પણ મારી માને આઘાત લાગી જાય. આ ભણીને હજી આમાં શું કરે? આ આત્માની કરવાની વાત છે. માંડ મળ્યો છે આવો વખત.

અહીં કહે છે કે આત્મા એ '**ક્રિયાસંસ્કાર છૂટીને શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં જીવ નિર્વિકલ્પ છે,...**' એ નિર્વિકલ્પપણું એ જ સુખી છે. કહો, સમજાણું કાંઈ? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ દુઃખરૂપ છે. કોણ સ્વીકારે? એ જ્ઞાન વિના એ સ્વીકાર આવે નહિ. ઓલાને તો ગલગલીયા થાય કે આહાહા..! તીર્થંકર થાશું. તીર્થંકર ન થાય એ. સમ્યગ્દૃષ્ટિ તીર્થંકર થવાને લાયક એનો એવો કોઈ દ્રવ્યના સ્વભાવે ક્રમમાં એવો વિકલ્પ ચારિત્રમોહનો આવે અને એ પ્રકારનો એને આવે, બીજા લાવવા માગે એ તો દ્રવ્યની યોગ્યતા એવી હોય છે. એને એ વાત ક્રમમાં એવો વિકલ્પ આવી જાય, પણ એ જાણે છે કે આ દુઃખરૂપ છે. આહાહા..!

અહીં તો ષોડશકારણ ભાવના ભાવો. પછી એમાં પૂજામાં આવે છે ને? 'ષોડશકારણ ભાવના ભાયે...' શું આવે છે? 'દર્શનશુદ્ધિ ભાવના ભાયે, સોળ તીર્થંકરપદ પાયે કમ પરમગુરુ હો. જય જય નાથ પરમ ગુરુ હોં. હોય.' આવે છે ને? જય જયનાથ ભગવાન! પણ એમાં શું છે એ જરી, બોલવાની વાત એ તો ઠીક છે પણ અંદર ભાવ શું છે? એ પણ વિકલ્પ ભાવના ભાવે છે એ કાંઈ સમકિતી એની ભાવના નથી કરતો, એ તો વ્યવહારથી વાત કરી છે. એને એવો વિકલ્પ આવી જાય છે અંદરથી. છતાં એને જો આ વિકલ્પથી તે દુઃખી.. આહાહા..! અરે.. તારા ચૈતન્યની શીલાના આનંદની વાતું જુદી છે. આ તો બધા વચ્ચે વિકલ્પો આવે એને દુઃખી કહે છે. આહાહા..! ૧૦૪.

એકફેરી ન કીધું એ? સંસારમાં એકફેરી નાટક જોવા ગયા હતા. ધ્રુવ-ધ્રુવ. થિયેટરમાં આવ્યું હતું ને? પ્રહલાદ અને ધ્રુવ. નાની ઉંમરમાં. એ દુકાનથી આવ્યા ભાવનગર. ૬૬ની સાલ ૬૮, ૬૯. ૬૯ની સાલ છે લ્યો. તો ભાવનગરમાં છે ને એક મોટું થિયેટર છે. હું હતો તે દીનું થિયેટર છે. અમે જોવા ગયા નાટક આમ. વૈરાગી હોય એટલે જોવા જતાં. વૈરાગી. ગૃહસ્થાશ્રમની વાત છે. ધ્રુવ નાની ઉંમરમાં હો. એ હોય લાકડું એમાં. બેસે. પછી આમ પડદા લીલા. નાટકમાં તો પડદા આમ ફાડે. અડધું આમ જાય અને અડધું આમ જાય. ઓલો બેઠો હતો અંદર. એમાં ઉપરથી બે ઈન્દ્રાણી સ્ત્રી બે ઉતરે છે. લાકડા હોય છે ને બે દોરી રાખે ઉપર. એક બાજુ આમ ઉતરે, એક બાજુ આમ ઉતરે. એમાં એને લલચાવે છે રાજકુમારને. દેવીયું.

હે રાજકુમાર! આ શરીર તો જુઓ! આ અવયવ જુઓ, આ મોઢા જુઓ, આ તેજ જુઓ સુંદર કેવા છે! ખૂબ લલચાવે છે. પછી ગઈ આંખ ઊંચી કરતો નથી. એલા પણ નજર તો કર આ અમે કોણ છીએ? ક્યાંથી આવ્યા? દેવમાંથી આવ્યા છે આ માણસ નથી. માણસ નથી અમે દેવમાંથી આવ્યા છે. આમ નજર કરે છે. દેવ બોલે છે. આહાહા..! તારા શરીર સુંદર ઘણા લાગે છે, મા! પણ મને એવો ભાવ છે કે જો મને એકાદ ભવ હોય તો તારી કૂખે અવતરીશ બાકી બીજું છે નહિ હવે. આહાહા..! આ તેદી સાંભળેલું હોં ૬૬માં પંડિતજી! આવા નાટક વૈરાગના ઘણા જોવા જતાં. પહેલાં વૈરાગના ઘણા હતા. આ તો થોથા ફીલમના વ્યભિચારી માળાં કાળા કેર થઈ ગયા. ઓલું તો આમ વૈરાગ ફાટી જાય અંદરથી. ઓલી બે આમ બોલે છે. અડધો કલાક સુધી હોં! ત્યારે ઓલો જરી આંખ આમ ઉંચી કરે છે. મા! માડી! તમારા શરીર તો સુંદર લાગે છે, મા! મોઢુ, શરીર, કદાચિત એક અવતાર કરવો હશે તો આપને પેટે જ અવતરીશ. મા કરીશ. બીજું કાંઈ નહિ કહે હવે. આ તે દીની વાત છે. ૬૬ની વાત છે. ભાવનગરમાં છે. ખબર છે? ... ત્યાં ઓલા સ્ટેશન ઉપર છે. થિયેટર છે મોટું. ઘણા વર્ષ થઈ ગયા. પછી જોવા કોણ ગયું હોય? આમ અંદરથી. આહાહા..! તે દી પાછો પાવર અંદર વૈરાગનો ઘણો હતો ને. કીધું જોયું ને અન્યમતિમાં પણ કેવા વૈરાગ... વૈરાગ... તત્ત્વની દૃષ્ટિ ક્યાં હતી? સમજાણું કાંઈ?

વૈરાગ એને કહે છે. એ કહ્યું હતું પુણ્ય-પાપના અધિકારમાં. નિરાલંબ. ૧૫૦ ગાથા છે ને? કહ્યું નહોતું? ૧૫૦ ગાથા છે ને આની? પુણ્યની-પુણ્યની. જુઓ!

**रत्तो बंधदि कम्मं मुच्चदि जीवो विरागसंपत्तो।**
**एसो जिणोवदेसो तम्हा कम्मेसु मा रज्ज।।१५०।।**

હા એ શ્લોક આના પછી છે જુઓ! ૧૫૦ ગાથા છે ને? એનો જ આ કળશ છે. આપણે જે વંચાય છે ને (ગાથા) ૧૫૦. એ એનો કળશ છે જુઓ. હવે ઓલું કર્મફળ આવશે. ૧૫૧માં આવશે. જુઓ એમાં જ એ ગાથા આવી જોયું! '**रत्तो बंधदि कम्मं**' પુણ્ય અને પાપના વિકલ્પમાં એકાગ્ર થનારો જ કર્મને બાંધે છે. '**मुच्चदि जीवो विरागसंपत्तो।**' શુભ અને અશુભ બે વિકલ્પથી વૈરાગ ખસીને સ્વભાવ સન્મુખ આવે છે એ જ વૈરાગી તેના અસ્તિત્વમાં દૃષ્ટિ મૂકતો નિશ્ચયને પામે છે. એને વૈરાગ્ય કહીએ. એ જ આવી હોં! ૧૫૦ છે. એના બે શ્લોક છે. '**कर्म सर्वमपि सर्वविदो**' એ એક શ્લોક અને એક આ. બે શ્લોક છે આના. આપણે જે આ ચાલ્યો.

હવે ત્રીજો આવે છે શ્લોક એ તો અસ્તિ-નાસ્તિનો. એ તો ૧૫૩ ગાથાનો શ્લોક આવે છે.

**वदणियमाणि धरंता सीलाणि तहा तवं च कुव्वंता।**
**परमट्ठबाहिरा जे णिव्वाणं ते ण विंदंति।।१५३।।**

હવે શ્લોક એનો આવે છે. જુઓ આમાંજ આવ્યું હો આ. શું કહ્યું સમજાણું? એ શુભ અને અશુભ પરિણામનો પ્રેમ તે અવૈરાગી છે. તે રાગી છે, તો વૈરાગી નથી. અને શુભ અને અશુભના પ્રેમ છૂટ્યા છે અને સ્વભાવના પ્રેમની એકતા થઈ છે એને ત્રિલોકનાથ કહે છે કે હે જિનેન્દ્રનો ઉપદેશ છે. કુંદકુંદાચાર્ય કહે છે અરે.. જિનેન્દ્રનો આ ઉપદેશ છે. ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વરને આ વાણીમાં ધૂન આવી છે કે પુણ્ય અને પાપના વિકલ્પથી ખસે છે અને સ્વભાવ સન્મુખમાં જાય છે એને અમે વૈરાગી કહીએ છીએ. પુણ્યને ભલા માને અને પાપથી ખસે એને અમે વૈરાગી કહેતા નથી. એ બધા રાગના રતવાળા અજ્ઞાની કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

(શિખરિણી)

यदेतद् ज्ञानात्मा ध्रुवमचलमाभाति भवनं
शिवस्यायं हेतुः स्वयमपि यतस्तच्छिव इति।
अतोऽन्यद्बन्धस्य स्वयमपि यतो बन्ध इति तत्
ततो ज्ञानात्मत्वं भवनमनुभूतिर्हि विहितम्।।६–१०५।।

ખંડાન્વય સહિત અર્થ :—''यत् एतत् ज्ञानात्मा भवनम् ध्रुवम् अचलम् आभाति अयं शिवस्य हेतुः'' (यत् एतत्) જે કોઈ (ज्ञानात्मा) ચેતનાલક્ષણ એવી (भवनम्) સત્ત્વસ્વરૂપ વસ્તુ (ध्रुवम् अचलम्) નિશ્ચયથી સ્થિર થઈને (आभाति) પ્રત્યક્ષપણે સ્વરૂપની આસ્વાદક કહી છે (अयं) એ જ (शिवस्य हेतुः) મોક્ષનો માર્ગ છે. શા કારણથી? ''यतः स्वयम् अपि तत् शिवः इति'' (यतः) કારણ કે (स्वयम् अपि) પોતે પણ (तत् शिवः इति) મોક્ષરૂપ છે. ભાવાર્થ આમ છે—જીવનું સ્વરૂપ સદા કર્મથી મુક્ત છે; તેને અનુભવતાં મોક્ષ થાય છે એમ ઘટે છે, વિરૂદ્ધ તો નથી. ''अतः अन्यत् बन्धस्य हेतुः'' (अतः) શુદ્ધસ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ છે, એ વિના (अन्यत्) જે કાંઈ છે શુભ ક્રિયારૂપ, અશુભ ક્રિયારૂપ અનેક પ્રકાર (बन्धस्य हेतुः) તે બધો બંધનો માર્ગ છે; ''यतः स्वयम् अपि बन्धः इति'' (यतः) કારણ કે (स्वयम् अपि) પોતે પણ (बन्धः इति) બધોય બંધરૂપ છે. ''ततः तत् ज्ञानात्मा स्वं भवनम् विहितं हि अनुभूतिः'' (ततः) તે કારણથી (तत्) પૂર્વોક્ત (ज्ञानात्मा) ચેતનાલક્ષણ એવું છે (स्वं भवनम्) પોતાના જીવનું સત્ત્વ તે (विहितम्) મોક્ષમાર્ગ છે, (हि) નિશ્ચયથી (अनुभूतिः) પ્રત્યક્ષપણે આસ્વાદ કરવામાં આવતું થકું. ૬–૧૦૫.

## કલશ-૧૦૫ ઉપર પ્રવચન

નીચે કહ્યો છે. છઠ્ઠો. ૧૫૩નો શ્લોક છે.

यदेतद् ज्ञानात्मा ध्रुवमचलमाभाति भवनं
शिवस्यायं हेतुः स्वयमपि यतस्तच्छिव इति।
अतोऽन्यद्बन्धस्य स्वयमपि यतो बन्ध इति तत्
ततो ज्ञानात्मत्वं भवनमनुभूतिर्हि विहितम्।।१०५।।

ભગવાને તો આ કહ્યુ છે કહે છે લ્યો! આહાહા..!

**શ્રોતા :-** અન્યમતિ એમ કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. ભગવાને શાસ્ત્રમાં અનંત મોક્ષનો માર્ગ કહ્યો છે. અરે.. ભગવાન! આવા સમય આવ્યા, મનુષ્યપણા મળ્યા. આવા ટાણે માંડ પાંચ-પચાસ વર્ષનુ આયુષ્ય એમાંથી આ મફતનો ઝઘડાં ગોદડાં એમાં ક્યાય માલ નહિ મળે. આહાહા..! આ લીલફુગના ગોદડા નો દાખલો આવે છે ને? લીલફુગના ગોદડાં આમ ગોદડાં માથે તળા ઉપર. એમાં ઓલા કાચબા અંદર હોય કાચબા. કાચબા હોય છે ને. કછુઆ. કુટુંબના એમાં કોઈ એના કુટુંબમાં કોઈ દી જોયું નહિ કે આમાં માથે ગોદડા હોય ને કે આમાં ચંદ્રમા હશે. ઓલા માથે લીલફુગ હોય ને બહુ? લીલફુગ સમજ્યા? કાય-કાય. કાય હોય છે ને અંદર તળાવ ઉપર બહુ ઊંચી ઊંચી કાય થાય. પછી અંદર કાચબા અને કછુઆ બહુ જનાવર. કોઈ દી જોયું નહિ શું છે? કોઈવાર આમ .. એમાં એક ફાટ્યું જોયું એ આ શું? અમારા કુટુંબમાં કોઈ દી સાંભળ્યું નથી. આ કાંઈક લાગે છે પ્રકાશ. માથે જોયું ને ચંદ્ર ને તારા. એ જ્યાં આના કુટુંબને કહેવા ગયો ત્યાં ઓલો સંતાઈ ગયો. અહીં જ્યાં આવે દેખાય નહિ. ખોટો તું છે. અરે.. ભાઈ! ખોટો નથી મેં કાંઈક દેખ્યું છે અંદરથી. રાજમલજી! આ તો અમારા કુટુંબના કુટુંબ કોઈ દી કહેતા કરતા નથી ને? પણ ભાઈ પણ મેં જોયું છે ને હું જોઈને કહેવા આવ્યો છું. હાલ હાલ.. મૂર્ખ છો, છે. કોઈ દી નહિ ને એક પ્રકાશ.. આ પ્રકાશ.. એની સાથે પ્રકાશના ઘડા ઘણા બીજા હતા. એ શું હતું એ મને કાંઈ ખબર નથી કહે છે. પણ એવું જોયું છે. એ દાખલો આપ્યો હતો એક ભાઈ આવ્યો. એ. વેરાવળમાં આપ્યો હતો. સમજાણું કાંઈ?

એમ માંડ માંડ મનુષ્યપણું સંસારમાંથી તડ છૂટી ને અત્યારે માણસ થયો છે એમાં જે આ દષ્ટિને જોવે અને ભાળે ભાઈ ઓલો બીજાને કહેવા જાય આપણો આત્મા. અરે.. હાલ... હાલ.. આવું હોય? અત્યારે અનુભવ હોય? અત્યારે આનંદ હોય? એવો અનુભવ હોય નહિ. આહાહા..! બિપીનને પૂછ્યું હતુંને ઘણા વર્ષ પહેલા. કહે એલા અનુભૂતિ અનુભવની ઘરમાં લીધા વિના હોય નહિ કીધું. કહે ના જૈનમાં નહિ. આનંદ એ અનુભવ નહિ. અરે.. ભગવાન! કીધું આ શું કરે છે? સંપ્રદાયનો સાધુ છે. આ.. ચોથે ગુણસ્થાને સ્વસંવેદન ન હોય, અનુભવ

ન હોય, આનંદ ન હોય, ચોથે ન હોય. ચોથે, પાંચમે, છઠ્ઠે તો શુભભાવ જ હોય.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વાત સાચી. સમજાણું કાંઈ?

અહીં કહે છે આચાર્ય મહારાજ. અમૃતચંદ્રાચાર્ય મહારાજ લ્યો. આહાહા..!

'**ખંડાન્વય સહિત અર્થ** :—' '**यत् एतत् ज्ञानात्मा भवनम् ध्रुवम् अचलम् आभाति अयं शिवस्य हेतुः**' દેખો! 'જે કોઈ...' (यत् एतत्) (यत्) જે 'एतत्' કોઈ (ज्ञानात्मा) '**ચેતનાલક્ષણ...**' દેખો! એ કાંઈ શુભ-અશુભ વિકલ્પ કાંઈ આત્માનું લક્ષણ નથી. તો એના લક્ષણે લક્ષમાં આવ્યો આત્મા. એમ કહેવા માગે છે. સમજાણું કાંઈ? એ તારા લાખ વ્રત ને નિયમને ભક્તિને પૂજાના વિકલ્પ છે એ કાંઈ ચેતનનું લક્ષણ નથી. એ તો આકુળતા અને રાગનું લક્ષણ છે. એક હે છે.

(ज्ञानात्मा) '**ચેતનાલક્ષણ એવી...**' (भवनम्) '**સત્ત્વસ્વરૂપ વસ્તુ...**' એ ચેતનાલક્ષણ એ સત્ત્વ એ વસ્તુ. ચેતનદ્રવ્ય અને ચેતનાલક્ષણએ સત્ત્વસ્વરૂપ વસ્તુ. ચેતના એ વસ્તુ છે. ચેતન એ વસ્તુ છે. નહીં કે પુણ્ય-પાપનો વિકલ્પ એ વસ્તુ છે. સમજાણું કાંઈ? આહાહા..! (ध्रुवम् अचलम्) '**નિશ્ચયથી સ્થિર થઈને...**' શું કહે છે? ભગવાન ચૈતન્ય એનું ચેતનાલક્ષણ જાણવું-દેખવું એ એનું સત્ત્વ નામ એનું સત્ત્વ અને રસ છે. એ ચેતનનો એ રસ છે, ચેતના લક્ષણ. એ ભગવાન ચેતનનો રસ કાંઈ શુભ અને અશુભ પુણ્ય-પાપના પરિણામ એ ચૈતન્યનો રસ છે? એ એનું સત્ત્વપણું છે? એ એનું ભાવપણું છે? નહિ. સમજાણું કાંઈ?

'**જે કોઈ ચેતનાલક્ષણ એવી...**' (भवनम्) એટલે '**સત્ત્વસ્વરૂપ વસ્તુ...**' એમ. એનું સત્ત્વ. (ध्रुवम् अचलम्) '**નિશ્ચયથી સ્થિર થઈને પ્રત્યક્ષપણે સ્વરૂપની આસ્વાદક કહી છે...**' પ્રત્યક્ષરૂપથી (आभाति) છે ને? એ જ્ઞાન ચેતનાલક્ષણમાં લક્ષિત એનું ચેતના એકલું સત્ત્વ છે, અનાદિ અનંત છે, એવા લક્ષણે ભગવાન આત્માને લક્ષમાં લઈ અને ઠરે છે. એમ કહે છે. '**નિશ્ચયથી સ્થિર થઈને પ્રત્યક્ષપણે સ્વરૂપની આસ્વાદક કહી છે એ જ મોક્ષનો માર્ગ છે.**' અરે.. શાંતિથી આવા અમૃત જેવા પુસ્તકો પડ્યા છે. એને શાંતિથી ધીમેથી જોવે નહિ. શું થાય? આ બધા શાસ્ત્રના અર્થ સરખા કરવાની રીત ન આવડે એને આત્માને અર્થ પકડવાની રીત આવડે.. સમજાણું કાંઈ? લ્યો!

'**પ્રત્યક્ષપણે સ્વરૂપની આસ્વાદક કહી છે એ જ...**' (शिवस्य हेतुः) ભગવાન ચેતનાલક્ષણવાળું સત્ત્વ એની એકાગ્રતા થતાં, નિશ્ચયપણું થતાં, જે પ્રત્યક્ષ રાગ વિના, મન વિનાનો સ્વરૂપનો આનંદનો સ્વાદ કહો એ આનંદનો સ્વાદ તે જ મોક્ષનો માર્ગ છે. એ આનંદના સ્વાદમાં પ્રતીતિ જ્ઞાનની લીનતાપણે આ મોક્ષનો આ એક માર્ગ છે, બીજો માર્ગ નથી. પુણ્ય-પાપ નિશ્ચય આમાં સિદ્ધ કરવું છે ને? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત-૨૪૯૧, જેઠ વદ ૯, બુધવાર, તા. ૨૩-૬-૧૯૬૫, કલશ-૧૦૫-૧૦૬ પ્રવચન નં. ૭૮

૧૦૫ કળશ. પાંચ લીટી થઈ. સાડા ચાર. જુઓ! આ શું કહે છે? પુણ્ય-પાપ અધિકાર છે. અહીંયાં કહે છે કે '**પ્રત્યક્ષપણે સ્વરૂપની આસ્વાદક કહી છે એ જ મોક્ષનો માર્ગ છે.**' સર્વજ્ઞ પરમાત્માએ અથવા સંતોએ આત્માનું શુદ્ધ સ્વરૂપ પરમાનંદની મૂર્તિ એનો સ્વાદ અનુભવ સ્વઆશ્રય કરીને કરવો એથી એમાં મોક્ષનો હેતુ નામ કારણ છે એમ કહ્યું છે. છે ને? આસ્વાદક કહી છે. (**आभाति**) આસ્વાદ. '**आभाति**' '**आभाति**' એટલે ભાસે એમ એકલું જ્ઞાન નહિ એમ. '**आभाति**' ભાસે એમ નહિ. શુદ્ધ સ્વરૂપ ચિદાનંદ... અહીં તો પુણ્ય-પાપનો અધિકાર છે ને? એટલે પુણ્ય-પાપના રાગ રહિત કે જે સ્વરૂપના આસ્વાદનરૂપ મોક્ષમાર્ગ ભગવાને કહ્યો છે. એ એક જ મોક્ષમાર્ગ છે.

કુંદકુંદાચાર્યે કહ્યું જુઓ પાંચમી ગાથામાં. અમારા ગુરુએ તો અમે તો શુદ્ધાત્માને ઉપદેશ કર્યો છે. સર્વજ્ઞથી માંડીને પરઅપર ગુરુ બધા એક જ અમને પરંપરાએ કહેતા અમારા ગુરુએ પણ અમને એમ કહ્યું છે. શુદ્ધાત્માનો ઉપદેશ અમને આપ્યો. એટલે કે શુદ્ધાત્માનો અનુભવ કરો એમ અમને અમારા ગુરુએ ઉપદેશ આપ્યો છે. શુદ્ધાત્માનો અનુભવ કરો એમ મુનિ પોતે અમારા ગુરુએ આમ કહ્યું તો ગુરુ છદ્મસ્થ હતા. પંચમ આરાના મુનિ છે. એ કાંઈ કેવળી નહોતા. શ્રેણીમાં નહોતા ચડેલા. અને મુનિ પોતે કહે છે કે અમને અમારા ગુરુએ અનુગ્રહ કરીને શુદ્ધ પરમાત્મા મારું શુદ્ધ પવિત્ર સ્વરૂપ એનો અમને ઉપદેશ આપ્યો એટલે કે એનો અનુભવ કરવો એમ અમને અમારા ગુરુએ કહ્યું છે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ... એ તો પછી બીજો બોલ આવે છે. આ તો એક બોલમાં. પાંચ બોલ લીધા છે ને? એ તો છેલ્લો લીધો છે અમારા પ્રત્યક્ષ સ્વસંવેદન, પ્રચુર સ્વસંવેદન છે એનાથી જેનો જન્મ છે. એ. લ્યો એ જન્મ છે એ તો અહીંયાં વર્તમાન મુનિ પોતે કહે છે. વર્તમાન પંચમકાળમાં અમૃતચંદ્રાચાર્ય એમ કહે છે. કહો, સમજાણું કાંઈ?

શુદ્ધ સ્વરૂપનો અનુભવ એનું નામ મોક્ષનો માર્ગ એ પંચમકાળમાં પણ એ જ માર્ગ છે. બીજો કોઈ માર્ગ છે નહિ. તો અહીં પણ એ જ કહ્યું. (**शिवस्य हेतुः**) '**શા કારણથી?**' જુઓ! કારણ શું? કે '**यतः स्वयम् अपि तत् शिवः इति**' જુઓ એ ખૂબી છે જરી.

કે જે **'કારણ કે પોતે પણ મોક્ષરૂપ છે.'** કોણ? આત્મા. એટલે. જુઓ કહે છે. **'ભાવાર્થ આમ છે—જીવનું સ્વરૂપ સદા કર્મથી મુક્ત છે;...'** ભગવાન આત્મા કર્મ અને પુણ્ય-પાપના વિકલ્પ દ્રવ્યકર્મ અને ભાવકર્મ એનાથી ચૈતન્યસ્વરૂપ મુક્ત છે. તો મુક્તનો અનુભવ કરે મુક્તતા થાય. એમ કહે. એની પુણ્ય-પાપ એની ચીજ નહોતી. **'જીવનું સ્વરૂપ સદા કર્મથી મુક્ત છે; તેને અનુભવતાં મોક્ષ થાય છે...'**

ભગવાન આત્મા તદ્દન પુણ્ય-પાપના... પુણ્ય-પાપનો અધિકાર છે ને? એનું કરવું નામ કર્તવ્ય નામ વિકલ્પથી પણ મુક્ત છે. એટલે સ્વરૂપ જ મુક્તસ્વરૂપ છે અને મુક્તસ્વરૂપ પોતે છે એ સ્વરૂપ એને આશ્રયે, અને અવલંબે મુક્તિનો હેતુ પ્રગટ થાય છે. એનો આનંદનો અનુભવ કરતા મુક્તિનો માર્ગ થાય છે. કહો, સમજાણું આમાં?

**'જીવનું સ્વરૂપ સદા કર્મથી મુક્ત છે;...'** **'तत् शिवः इति'** નો અર્થ કરે છે. (**तत् शिवः इति**) **'પોતે પણ મોક્ષરૂપ છે.'** કોણ? આત્મા. વર્તમાને. એ પર્યાયમાં મુક્ત થવા માટે છે. વસ્તુ તો મુક્ત સ્વરૂપ જ છે. વાત સાચી. એ મુક્તસ્વરૂપ છે તો પછી મુક્તિનો ઉપાય શું? પણ અહીં તો સિદ્ધ કરવું છે કે **'એ જ મોક્ષનો માર્ગ છે.'** પણ એ સિદ્ધ કરવું કે આત્મા કોણ? કે **'शिवः इति'** એ પોતે શિવસ્વરૂપ નિરૂપદ્રવસ્વરૂપ, નિરૂપદ્રવ્યસ્વરૂપ છે, વિકારરહિત સ્વરૂપ છે, મુક્તસ્વરૂપ છે, પુણ્ય-પાપ વિકલ્પ કર્મ નિમિત્ત સંયોગથી મુક્તસ્વરૂપ છે. એ મુક્તસ્વરૂપનો અનુભવ કરવાથી મુક્તિનો માર્ગ થાય, પર્યાયમાં. આ ત્રિકાળ. આ પર્યાય નહિ. દ્રવ્ય. **'तत् शिवः इति'** દ્રવ્ય. એવું નિરૂપદ્રવ. પહેલો જે કીધો શિવ હેતુ એ પર્યાય. **'शिवस्य हेतुः'** એ પર્યાય. પણ કેમ **'शिवस्य हेतुः'** થયો પર્યાય? કે પોતે જીવ **'શા કારણથી?'** **'शिवस्य हेतुः'** વસ્તુસ્વરૂપ જ શિવ છે. નિરૂપદ્રવ છે. વિકલ્પના રાગ વિનાની ચીજ છે. એ ચિદ્સ્વરૂપ છે માટે ચિદ્નો હેતુ અંતરમાં એકાકાર થતાં મોક્ષનો હેતુ તે થાય એ મોક્ષહેતુ પૂર્ણ પર્યાય. પૂર્ણ નિર્મળ પર્યાય તે મોક્ષ, એનો હેતુ પર્યાય નિર્મળ નિર્વિકારી એ શિવનો હેતુ થાય છે. કોણ? કે જીવ. કેમ? કે મુક્તસ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ?

શિવસ્વરૂપ. જુઓ! **'शिवस्य हेतुः'** કોણ? **'स्वयम् अपि तत् शिवः इति'** **'यतः स्वयम् अपि'** શિવ હેતુ. એક વાત વસ્તુ વસ્તુ કોણ છે? કે વસ્તુ જ પોતે શિવસ્વરૂપ છે. મુક્તસ્વરૂપ-દ્રવ્યસ્વરૂપ હોં. ત્રિકાળ દ્રવ્ય મુક્તસ્વરૂપ જ છે. એ મુક્તસ્વરૂપ છે એનો અનુભવ કરીને પૂર્ણ મુક્તિનો હેતુ પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે—જીવનું સ્વરૂપ સદા કર્મથી મુક્ત છે; તેને અનુભવતાં મોક્ષ થાય છે એમ ઘટે છે,...'** એમ કહે છે. ભગવાન નિર્મળાનંદ શુદ્ધ મુક્ત તે સ્વરૂપ દ્રવ્ય, એને અનુભવતાં. એ અનુભવ એ પર્યાય છે. મોક્ષ થાય છે એ પણ પૂર્ણ નિર્મળ પર્યાય છે. **'એમ ઘટે છે,...'** એવી વાત ઘટે છે. **'વિરુદ્ધ તો નથી.'** વિરોધ તો નથી. કહો,

સમજાય છે આમાં?

'**अतः अन्यत् बन्धस्य हेतुः**' હવે બીજી વાત કરે સામી. '**अतः अन्यत् बन्धस्य हेतुः**' '**શુદ્ધસ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ છે, એ વિના જે** (अन्यत्) **કાંઈ છે શુભ ક્રિયારૂપ, અશુભક્રિયારૂપ અનેક પ્રકાર...**' (**बन्धस्य हेतुः**) '**તે બધો બંધનો માર્ગ છે;...**' પુણ્ય ને પાપ ને વિકલ્પ એ બંધનો માર્ગ છે. આ વ્યવહાર રત્નત્રનયનો વિકલ્પ પણ બંધનો માર્ગ છે. કેમકે એ બંધરૂપ છે માટે બંધનો માર્ગ છે એમ. સમજાણું કાંઈ? '**શુદ્ધસ્વરૂપનો અનુભવ...**' ભગવાન આત્મા પવિત્રધામ મુક્તસ્વરૂપ, શિવસ્વરૂપ જ છે એનું દ્રવ્ય. એ દ્રવ્ય તો મુક્તસ્વરૂપ છે. એમાં અનુભવ કરે મુક્તની પર્યાય પ્રગટ થાય છે. '**એ વિના જે કાંઈ છે શુભ ક્રિયારૂપ,...**' દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપની વૃત્તિ, વિકલ્પ ઉઠે છે શુભક્રિયા. એ તો બધા કહે પુણ્યમાં તો મિથ્યાત્વ આવી '**અનેક પ્રકાર તે બધો બંધનો માર્ગ છે;...**'

હવે કહે છે. '**यतः स्वयम् अपि बन्धः इति**' ઓલામાં એમ કહ્યું હતું ને? '**यतः स्वयम् अपि तत् शिवः इति**' આ કહે છે. '**यतः स्वयम् अपि बन्धः इति**' '**કારણ કે પોતે પણ બધોય બંધરૂપ છે.**' વિકાર પોતે બંધસ્વરૂપ જ છે. મલિનરૂપ જ છે. આ તો નિર્મળાનંદ સ્વરૂપ છે. એથી શિવનો હેતુ એ થાય છે અને આ પુણ્ય અને પાપના વિકલ્પો ભાવબંધ, ભાવબંધસ્વરૂપ જ ભાવબંધસ્વરૂપ છે. ભાવબંધસ્વરૂપમાંથી બંધનું કારણ એ થાય છે. સમજાણું કાંઈ? લ્યો આ પુણ્ય-પાપનો અધિકાર છે. એ પુણ્ય-પાપના ભાવ બંધરૂપ, બંધસ્વરૂપ જ છે. એ મુક્તિનું કારણ કેમ થાય? મોટા વાંધા એ જ દેખાય છે. અરે.. ભગવાન! તારી સાથે વાંધા. ભગવાન છોડને હવે. એમ બિરાજે આખો .. છે હવે એ વિકલ્પ નવો ઉઠે એને આળસે તને એ ચીજનું કારણ થાય એ બંધ તે બંધરૂપ છે. બંધરૂપ તે બંધનો અભાવરૂપ કેમ કારણ થાય? સમજાણું કાંઈ?

(**बन्धस्य हेतुः**) શું? '**यतः स्वयम् अपि**' (यतः) નામ જે કારણે પોતે પુણ્ય-પાપના ભાવ '**પોતે પણ બધોય બંધરૂપ છે.**' કહો, સમજાણું કાંઈ? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પોતે બંધરૂપ છે. એ બંધરૂપ મોક્ષનું કારણ કેમ થાય? બંધરૂપ છે માટે. બંધરૂપ માટે. અને આ મુક્તરૂપ છે. ભગવાન મુક્તસ્વરૂપ નિર્મળાનંદ નિર્વિકલ્પ કંદ, મુક્તસ્વરૂપમાંથી મુક્તનો હેતુ થાય, આ બંધરૂપ માટે બંધનું કારણ થાય. એને માહાત્મ્ય સ્વરૂપના ન આવે.

**શ્રોતા :-** તીર્થંકર થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તીર્થંકર શું થાય પણ? તીર્થંકર ..

**શ્રોતા :-** તીર્થંકર નામકર્મ બાંધે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ તીર્થંકર એટલે શું? એ તો સંયોગી ચીજનો સમવસરણ

આદિ. એમાં કેવળજ્ઞાન જે થયું એ શુભવિકલ્પનું કારણ થયું છે? એ ઉદયભાવ છે એ તો. અને પ્રત્યક્ષથી બંધ પડ્યો છે જડ એ તો પરમાણુની પર્યાય છે જડની. એનાથી કેવળજ્ઞાન થયું છે? એ બંધ હેતુ બંધરૂપ એમાંથી મોક્ષનો હેતુ થાય છે? સમજાણું કાંઈ?

અહીં તો ભાઈ સ્પષ્ટ વાત એવી છે. ભગવાન આત્મા એક સમયમાં **'शिवः इति'** શિવસ્વરૂપ જ છે પૂર્ણાનંદ. જોડે વિકલ્પ ઉઠે એ બંધરૂપ છે. શિવસ્વરૂપ તે શિવનો હેતુ થાય. બંધરૂપ તે બંધનો હેતુ થાય.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં .. ઉઠીને... ધીમે ધીમે. શું ..જી! શું છે? ચક્કીનો આટો ખાવો, ગાળેલું પાણી પીવું, બ્રહ્મચર્ય પાળવા છે કે નહિ પરિણામ? ધૂળમાંય મદદ કરતો નથી. આહાહા..! બહુ વાત કરી.

**'यतः स्वयम् अपि बन्धः इति'** ... **'यतः स्वयम् अपि तत् शिवः इति'** કેટલી સ્પષ્ટ વાત આમાં. સૂરજ ઊગે એવી વાત છે. પ્રકાશ ચિદાનંદ પ્રકાશ તારો સ્વભાવ એ શુભપ્રકાશ જ પ્રકાશના પૂર્ણ પર્યાયનું કારણ થાય. પોતે શુદ્ધસ્વરૂપ એનો જ મોક્ષનો હેતુ પણ શુદ્ધ અને એમાં શુદ્ધ પરિણતિ અને મોક્ષ પણ શુદ્ધ પૂર્ણની પરિણતિ. ત્રણે એમાંને એમાં થાય છે. અને પુણ્ય અને પાપ બંધરૂપ, બંધનું કારણ. એ આત્માના મોક્ષના કારણ માટે કિંચિત્ પણ કારણ કરતું નથી. અકિંચિત્કર છે. બરાબર છે?

અનાદિનું કીધું નહિ? આપણે આવ્યું નહોતું? અનાદિ પરંપરા.. ઉપદેશ છે. ચોથા કળશમાં આવ્યું. જુઓ ... ભગવાન ત્રિલોકનાથની પરંપરાથી.. આપણે તો આનું જ કાઢ્યું ને? કુંદકુંદાચાર્યનું કહ્યું નહિ? એમાં શું આ પાંચમી ગાથાનું કહ્યું નહિ સવારે? ત્યારે બીજી વાત તે વળી આ એક અમને તો અમારા ગુરુએ અમને આપ્યું છે. લ્યો .. ઉપદેશમાં આપ્યું છે કે હે જીવો! ... પ્રગટ કરવા માટે. એમ. .. અમને પ્રગટ કરવા માટે અમારા ગુરુએ આ કીધું લ્યો. વળી કેવો છે અમારો વૈભવ? કે નિર્મળ વિજ્ઞાનઘન જે આત્મા, તેમાં અંતર નિમગ્ન જે પરમગુરુ સર્વજ્ઞદેવ. કૌંસમાં લીધું પરમગુરુ. અન્ય અપર ગુરુથી માંડીને અમારા ગુરુ સુધી.

**શ્રોતા :-** ગુરુ પણ અંતર નિમગ્ન?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અંતર નિમગ્ન. બેય અંતર નિમગ્ન. બધી વ્યાખ્યા થઈ ગઈ કાલે બધી. એમ નથી કે આ સર્વજ્ઞ અંતર્મગ્નમાં ગુરુ છદ્મસ્થ હતા માટે બહિરનગ્ન. એ વ્યાખ્યા બધી ઉતરી ગઈ છે. અહીં જુઓ પાઠ શું છે? આ તો સંસ્કૃત ટીકા છે એ તો. સમજાણું? છે ને પુસ્તક? અંતરમગ્ન છે ને તો. છદ્મસ્થ ગુરુ અમારા ગુરુ અંતરમગ્ન છે એમ કહે. અહીંથી એમ કહે છે આ જુઓ.

નિર્મળ વિજ્ઞાનઘન અંતર્મગ્ન પરઅપર ગુરુ પ્રસાદી. '**निर्मलविज्ञानघनान्तर्निमग्न-परापरगुरुप्रसादीकृत**' શુદ્ધાત્મા તત્ત્વાનુસાર '**शुद्धात्मतत्त्वानुशासनजन्मा**'. આહાહા..! એક ટૂકડે તો કેટલી વાત સિદ્ધ કરી છે. એક તો એક નિર્મળ વિજ્ઞાનઘન અંતરનિમગ્ન. જેવા સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકર અનાદિના ગણધરો અંતરનિમગ્ન છે. પર અને અપર. પર એટલે સર્વજ્ઞ આદિથી અને અપર એટલે ગણધરથી માંડીને. એ અપર ગુરુ પ્રસાદી. ત્યાંથી માંડીને અમારા ગુરુ સુધી અમે ચોક્કસ કહીએ છીએ કે એ અમારા ગુરુ અને પરઅપર ગુરુ. પર ગુરુ અને અપરગુરુ એ અંતરનિમગ્ન હતા અને એ અંતર નિમગ્ન એ પ્રસાદીકૃત અમારા ઉપર અનુગ્રહ કરીને '**शुद्धात्मतत्त्वानुशासनजन्मा**' અનુશાસન એ. સર્વજ્ઞે કહ્યું છે, ગણધરોએ કહ્યું છે, અમારા ગુરુ એકધારા ચાલી આવે છે. એમ થાય છે કે નહિ એવો અર્થ? આ પંડિતજી બેઠા પંડિતજી. બે પંડિતજી સામસામે. જુઓ તમે. આહાહા..! એમાં કેટલા સિદ્ધાંતો સિદ્ધ થાય છે કે સર્વજ્ઞ પરમાત્માને અંતર નિમગ્ન કહ્યા, ત્યાંથી માંડીને પંચમ આરાના પોતાના ગુરુ પોતે અંતર નિમગ્ન કહ્યા. એ વિકલ્પ છઠ્ઠે એની અહીંયાં ગણતરી નથી. સમજાણું? અંતર નિમગ્ન એમણે શું કહ્યું? અમારી ઉપર પરમગુરુ પ્રસાદ. અપરગુરુ અમારા ઉપર પ્રસાદી કરી છે એમ કહે છે. ભગવાન વર્ધમાનથી મહેરબાની કરી. એ તો કહે છેકથી અમારા ઉપર મહેરબાની ચાલી આવે છે એમ કહે છે. વર્ધમાનથી તે અત્યાર સુધી. ભગવાનથી તો અત્યાર સુધી અમને તો અમારી પ્રસાદી મળી છે અમને તો છેકથી. સર્વજ્ઞથી શું? તો સર્વજ્ઞથી મળી છે પરંપરાથી અમને મળી છે. આહાહા..! સમજાણું કાંઈ? ટીકા પણ તે ટીકા છે ને. આમ સાક્ષાત્ ભગવાન બતાવી દીધા.

અરે.. ત્રણ લોકના નાથની ધ્વનિમાં એ આવ્યું છે શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ. આ બધો ઉપદેશ કર્યો હતો ને? એ બધો આના માટે કર્યો હતો. 'લાખ વાતની વાત...' ઓલામાં આવે છે ને? 'નિશ્ચય ઉર આણો.' એમાં આમાં કરોડ વાતની વાત એવું આવે છે આમાં. એ .. નું. એનું છે ને. બુદ્ધજન્મ. એમાં વળી કરોડ વાતની વાત એવી આવે છે હોં. એ ક્યાંક આવે છે ખરી. .. આ વળી શું નાખ્યુ એણે? એ નાખ્યું છે. નાખ્યું છે ખરા. કેટલામું? આ રહ્યું. એ કરોડ વાતની વાત એમ કહ્યું છે હોં. છે ખરું. અહીં કહ્યું જુઓ. ... અનુભવ કરના .. જપ-તપ વૃથા નાહિ કરના. બહુ વિદ્વાનો આદિ પહેલાના પંડિતો બહુ મૂળ વસ્તુ મૂકી આ ગડબડ થઈ ગઈ. પછી શું? થઈ ગયો. 'યા દિન જપ-તપ વૃથા કષ્ટકે નાહી પડના, કોટી બાત કી બાત અરે બુધજન ઉર ધરના.' ઓલા ભાઈ લાખની વાત કીધી છે. બસ એ લાખની વાત નિશ્ચય ઉર કરના. અહીં 'કોટી બાત કી બાત અરો બુધ જન ઉર ધરના, મન-વચન-તન યહો જિન મતકા ચરણા.' આ છેલ્લી લીટી હોં આની. .. ઓલી. છેલ્લી. એનું લીધું છે. આ હમણા .. વાંચી ગયો હતો એ. પણ ઓલી લીટી ભેગી ને.. પણ

આ અટકીને તેમાં નાખ્યું. .. કાંઈક વાંચ્યું.

કરોડ વાતની વાત. કહે છે અમારા ગુરુએ અમારા ઉપર પ્રસાદ કરી લાખ વાર સંભળાવ્યું. સાંભળને કહે છે. બાર અંગની અંદરમાં અમારા દેવ ત્રિલોકનાથે અમને કહ્યું એમની જ અમારા ઉપર કૃપા વર્તે છે. આહાહા..! એમ કહે છે ને ભાઈ! એમ નથી? આમ આવે છે ને ઓલા .. ઓલા ..નો શ્લોક આવે છે ને કૃપા.

**શ્રોતા :-** નિયમસારમાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. એ. એ. નિયમસારમાં આપણે આવે છે. .. એમાં આવે છે. .. હા એ. કીધું હતું નહિ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. એ. છે આમાં શ્લોક એ જ છે ક્યાંક. શરૂઆતમાં હશે. ... કહ્યું છે. .... ... .. ઈષ્ટ ફળની સિદ્ધિનો ઉપાય તો .. છે. ઈષ્ટ ફળની સિદ્ધિનો ઉપાય સુબોધ નામ મુક્તિની પ્રાપ્તિનો ઉપાય તો સમ્યગ્જ્ઞાન છે. સુબોધ-સુશાસ્ત્રથી નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે ને. સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તથી થાય છે. માટે તેમના પ્રસાદને લીધે. જુઓ અહીં પણ કીધું છે. ભગવાન કીધું છે. અહીં પણ પ્રસાદ.. તેમના પ્રસાદને લીધે આપ્તપુરુષ બુધ જનો વડે પૂજવા યોગ્ય છે. મુક્તિ સર્વજ્ઞદેવની પ્રતાપનું ફળ હોવાથી સર્વજ્ઞદેવ જ્ઞાની વડે પૂજનીય છે. પણ તે .. અવતારને સાધુ પુરુષો એ શુદ્ધનયે ભૂલતા નથી. એ શબ્દ કુંદકુંદાચાર્યે નાંખ્યું બધું સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માથી માંડીને અમારા ગુરુએ અમારા ઉપર પરમ કૃપા કરી છે અને અમને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો છે. એની સાથે એ આપ્તનું કહેલું એ અમને ઉપકાર તરીકે વર્તે છે. સમજાણું કાંઈ? જુઓ! એટલી વાત ક્યાંથી આવી? તમે છદ્મસ્થ છો ને. એટલું બધું ક્યાંથી જાણ્યું? એ તો વળી કહે કે જાણે આ .. કર્યું છે ને સમિતિ.. ..નું સૂત્ર. કુંદકુંદાચાર્યે. એ ટીકા કરી છે. વિદ્યાનંદે... વિદ્યાનંદ કહે છે.. કુંદકુંદ.. ટીકા કરી.

એમ આ ટીકા બધી આવી આમ... ઓહોહો..! શુદ્ધાત્મ. કેટલું એમાં ભર્યું છે! શુદ્ધાત્મા અમને અમારા સંતો, ગુરુ, સર્વજ્ઞથી પર્યાય અશુદ્ધ હતી, અશુદ્ધનું વેદન અનાદિથી હતું, અશુદ્ધમાં નિમિત્ત પણ નિશ્ચય બીજી ચીજ હતી, હવે એ અશુદ્ધપણું પલટી શકે છે, તે પર્યાય પલટી શકે છે એવો જે આત્મા વસ્તુએ કાયમ રહી શકે છે એને એ શ્રદ્ધા જ્ઞાન, શ્રદ્ધા જ્ઞાન આદિના ભેદ પર ઉપર હતા એ બધા શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, ચારિત્ર, આનંદના ભેદ સ્વ ઉપર આવ્યા એ અનેકગુણની શક્તિનું પરિણમન પલટે છે અને દ્રવ્ય કાયમ રહે છે એના એક શબ્દોમાં તો અનેક સિદ્ધાંતો ઊભા થાય છે. આહાહા..!

અમને અમારા ગુરુએ કૃપા કરીને શુદ્ધાત્માનું.. હવે બીજું શું જોવે છે એને? એ બધું પલટીને કર્યું છે તો એવું. સારા શાસ્ત્રનો સાર વીતરાગતા છે. વીતરાગતાનો અર્થ? .. તમે

રાગ અને ભોગની ઉપેક્ષા કરી, અભેદ ચિદાનંદ સ્વરૂપની અપેક્ષા કરવી એ સારા શાસ્ત્રનો સાર છે. સમજાણું કાંઈ? એ સમજે એ બધું સમજે. એક આત્મા જાણ્યો એણે બધું જાણ્યું. કહો,.. તેનાથી જેનો જન્મ છે. પછી પોતાનો અનુભવ નાખ્યો. અહીં તો નિમિત્ત પહેલું લેવું. પછી નિરંતર ઝરતો સુંદર જે આનંદ એની છાપ મહોરવાળું છે. છાપ મારી છે. અનુભવની છાપ મારી છે આનંદની. આહાહા..!

પ્રચુર સ્વસંવેદનસ્વરૂપ સ્વસંવેદન. એકલું સ્વસંવેદન નહિ. એનાથી અમારો અનુભવ તે અમારો જન્મ છે. જેમાં છાપ મારેલી છે, અતીન્દ્રિય અનાકુળ આનંદની. એવો અમારા વૈભવનો જન્મ આવા છાપવાળો છે. કહો, સમજાણું કાંઈ? આ તો ટીકા છે એ તો આખી મહાસિદ્ધાંતો ભર્યા છે. ઓહોહો..! એક એક એના શબ્દોનો વિચાર કરતાં એના ઊંડા જાય તો એને એટલું મળે કે આ તે શું કહે છે આ? એટલી મહામુનિ છે, સંતો છે. છદ્મસ્થ છે પણ મુનિ છે કે નહિ? વિજ્ઞાનઘનમાં નિમગ્ન છે કે નહિ? નિમગ્ન છે. વ્યવહાર છે કે નહિ? કહે એની અહીં વાત નથી. વ્યવહારથી જાણેલો પ્રયોજનવાન. નિમગ્ન છે સ્વભાવમાં. એક જ વાત કરી છે. અને ઉપદેશ આપતા વખતે પણ એ નિમગ્ન વિજ્ઞાનઘનમાં છે. આહાહા..! . પણ આ ઉપદેશ આપે છે ને? ઉપદેશ તો વિકલ્પ છે ને. સાંભળને. એ વિકલ્પને જાણવું બે ભિન્ન છે. પણ આ ચૈતન્યના વિજ્ઞાનઘનમાં નિમગ્ન છે એવા સંતોએ અમને ઉપદેશ આપ્યો છે. તર્ક કરવો હોય તો એમ કહે કે નિમગ્ન ઈ વિકલ્પ ક્યાંથી બોલે? હવે સાંભળને.

વ્યવહારનો વિકલ્પ ઉઠે છે, વાણી વાણીને કારણે નીકળે છે. કહે છે કે અમને અમારા ગુરુ, સર્વજ્ઞગુરુથી માંડીને હોં. સંધી જોડી દીધી. એકધારા. અમારી સંધિ સત્‌ની તૂટી નથી અત્યાર સુધી. એમ કહે છે. આહાહા..! છેકથી ચાલી આવે છે અમારા ગુરુથી. એમ કહે છે. એવો શિવસ્વરૂપ ભગવાન આત્મા શુદ્ધાત્મા, એનો અનુભવ કરો. શુદ્ધાત્મા ઉપદેશ આપે એનો અર્થ એ કે એક કરો શુદ્ધાત્માનો અનુભવ. બસ એ અનુભવ કરવો એ જ મોક્ષનો માર્ગ છે. કહો, સમજાણું કાંઈ? શું કહે છે આ?

'**કારણ કે પોતે પણ બધોય બંધરૂપ છે.**' જુઓ ભાષા એ બંધરૂપી શબ્દ પડ્યો છે ને? તો આ વળી થોડોક વધારે સ્પષ્ટ કરે છે. '**બધોય બંધરૂપ છે.**' ભારે ટીકા પણ. પાઠ ... મોક્ષ... '**બધોય બંધરૂપ છે.**' વિકલ્પ કોઈપણ પ્રકારનો ઉઠે એ બધું બંધરૂપ છે, બંધરૂપ છે તે શિવનો હેતુ કેમ થાય? સમજાણું? જુઓ બંધરૂપીની વ્યાખ્યા થઈ એ. '**यतः स्वयम् अपि बन्धः इति**' છે ને? '**બધોય બંધરૂપ છે.**'

'**ततः तत् ज्ञानात्मा स्वं भवनम् विहितं हि अनुभूतिः**' '**તે કારણથી પૂર્વોક્ત**' '**(ज्ञानात्मा)**' ચેતનાલક્ષણ એવું છે પોતાના જીવનું સત્ત્વ. (**स्वं भवनम्**) ચેતનાલક્ષણ એનું '**स्वं भवनम्**' એનું એ સત્ય છે. તેનો અનુભવ (**विहितम्**) '**મોક્ષમાર્ગ છે,...**' કહો,

સમજાણું આમાં? 'તે **મોક્ષમાર્ગ** છે.' '**નિશ્ચયથી પ્રત્યક્ષપણે આસ્વાદ કરવામાં આવતું થકું.**' મોક્ષમાર્ગ છે એમ લેવું. સમજાણું કાંઈ?

મોક્ષસ્વરૂપ છે એની પરિણતિ એને આશ્રયે મોક્ષના કારણરૂપ પરિણતિ પ્રગટે અને એના આશ્રયે જ મોક્ષરૂપી પર્યાય પૂર્ણ પ્રગટે. ખલાસ અહીં કારણે ત્યાં .. શકે ત્યાં પણ મોક્ષ પર્યાયને કારણ ભલે આ કહ્યું, પણ મોક્ષ વખતે મોક્ષની પર્યાયનું કારણ તો એ દ્રવ્યસ્વભાવ જ છે. આ તો કહ્યું, મોક્ષની પરિણતિ શિવહેતુ. શિવસ્વરૂપ ભગવાન, એની પરિણતિ તે મોક્ષનું કારણ. એ પણ વ્યવહાર કહ્યો એક ન્યાયથી. બાકી ખરેખર જે મોક્ષદશા થાય છે, એનું કારણ પણ શિવસ્વરૂપ છે, ત્યાં ઠરી શકે એય તે. એમાંથી મોક્ષની દશા આવે છે. મોક્ષની કારણરૂપ પરિણતિ છે તો વ્યય થઈ જાય છે. સમજાણું કાંઈ? અહીં તો બંધથી મુક્તિ નથી એવું બતાવવા અહીં મોક્ષના કારણરૂપ એનો માર્ગ છે, એનાથી મોક્ષ થાય છે એમ સિદ્ધ કરવા માગે છે. સમજાણું કાંઈ?

'**પોતાના જીવનું સત્ત્વ તે મોક્ષમાર્ગ** છે.' એ જીવનું સત્ત્વ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્વિકલ્પ અનુભવ એ જીવનું સત્ત્વ, એ જીવમય સ્વભાવ. મોક્ષમાર્ગ છે. પહેલેથી કહ્યું છે ને એ. શુદ્ધ તે મોક્ષમાર્ગ જીવમય છે. અશુદ્ધ તે બંધમાર્ગ પુદ્‌ગલમય એકલા પુદ્‌ગલમય છે. માટે બે અનેક છે. બે ભિન્ન છે. બેમાં એકપણું કોઈ દી છે નહિ. '**નિશ્ચયથી...**' '**अनुभूतिः**' '**પ્રત્યક્ષપણે આસ્વાદ કરવામાં આવતું થકું.**' મોક્ષમાર્ગ છે. એમ ભગવાન સર્વજ્ઞ ફરમાવે છે. લ્યો! છઠ્ઠો શ્લોક થયો.

---

(અનુષ્ટુપ)

**वृत्तं ज्ञानस्वभावेन ज्ञानस्य भवनं सदा**
**एकद्रव्यस्वभावत्वान्मोक्षहेतुस्तदेव तत्।।७-१०६।।**

**ખંડાન્વય સહિત અર્થ** :—''**ज्ञानस्वभावेन वृत्तं तत् तत् मोक्षहेतुः एव**'' (**ज्ञान**) **શુદ્ધ વસ્તુમાત્ર, તેની** (**स्वभावेन**) **સ્વરૂપનિષ્પત્તિ, તેનાથી જે** (**वृत्तं**) **સ્વરૂપાચરણચારિત્ર** (**तत् तत् मोक्षहेतुः**) **તે જ, તે જ મોક્ષમાર્ગ છે;** (**एव**) **આ વાતમાં સંદેહ નથી. ભાવાર્થ આમ છે—કોઈ જાણશે કે સ્વરૂપાચરણચારિત્ર એવું કહેવાય છે કે આત્માના શુદ્ધ સ્વરૂપને વિચારે અથવા ચિંતવે અથવા એકાગ્રપણે મગ્ન થઈને અનુભવે. પણ એવું તો નથી, એમ કરતાં બંધ થાય છે, કેમ કે એવું તો સ્વરૂપાચરણચારિત્ર નથી. તો સ્વરૂપાચરણચારિત્ર કેવું છે? જેમ પાનું (સુવર્ણપત્ર) તપાવવાથી સુવર્ણમાંની કાલિમા જાય છે, સુવર્ણ શુદ્ધ થાય છે, તેમ જીવદ્રવ્યને અનાદિથી અશુદ્ધચેતનારૂપ રાગાદિ પરિણમન હતું તે જાય છે, શુદ્ધસ્વરૂપ માત્ર શુદ્ધચેતનારૂપે જીવદ્રવ્ય પરિણમે**

છે, તેનું નામ સ્વરૂપાચરણચારિત્ર કહેવાય છે; આવો મોક્ષમાર્ગ છે. કાંઈક વિશેષ—તે શુદ્ધ પરિણમન જ્યાં સુધીમાં સર્વોત્કૃષ્ટ થાય છે ત્યાં સુધીના શુદ્ધપણાના અનંતભેદ છે. તે ભેદો જાતિભેદની અપેક્ષાએ તો નથી; ઘણી શુદ્ધતા, તેનાથી ઘણી, તેનાથી ઘણી—એવા થોડાપણા-ઘણાપણારૂપ ભેદ છે. ભાવાર્થ આમ છે કે જેટલી શુદ્ધતા હોય છે તેટલી જ મોક્ષનું કારણ છે. જ્યારે સર્વથા શુદ્ધતા થાય છે ત્યારે સકળકર્મક્ષયલક્ષણ મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. શા કારણથી? ''सदा ज्ञानस्य भवनं एकद्रव्यस्वभावत्वात्'' (सदा) ત્રણે કાળે (ज्ञानस्य भवनं) આવું છે જે શુદ્ધચેતના પરિણમનરૂપ સ્વરૂપાચરણચારિત્ર તે આત્મદ્રવ્યનું નિજ સ્વરૂપ છે, શુભાશુભ ક્રિયાની માફક ઉપાધિરૂપ નથી, તેથી (एकद्रव्यस्वभावत्वात्) એક જીવદ્રવ્યસ્વરૂપ છે. ભાવાર્થ આમ છે કે—જો ગુણ-ગુણીરૂપ ભેદ કરીએ તો આવો ભેદ થાય છે કે જીવનો શુદ્ધપણું ગુણ; જો વસ્તુમાત્ર અનુભવ કરીએ તો આવો ભેદ પણ મટે છે, કેમ કે શુદ્ધપણું તથા જીવદ્રવ્ય વસ્તુએ તો એક સત્તા છે. આવું શુદ્ધપણું મોક્ષકારણ છે, એના વિના જે કાંઈ ક્રિયારૂપ છે તે બધું બંધનું કારણ છે. ૭-૧૦૬.

---

## કલશ-૧૦૭ ઉપર પ્રવચન

સાતમો.

वृत्तं ज्ञानस्वभावेन ज्ञानस्य भवनं सदा
एकद्रव्यस्वभावत्वान्मोक्षहेतुस्तदेव तत्।।१०६।।

એવો અર્થ છે કે જેને છૂટવાનો કામી છે. છૂટવાનો કામી એને છૂટવાની વાત રુચશે. મોક્ષસ્વરૂપ છે એ છૂટવું છે અને એ છૂટવું હિતાર્થી. ત્યાં પર્યાયથી છૂટવું, પોતાને છૂટવું નથી. ભૂતાર્થથી છૂટવું છે. એ ભૂતાર્થથી છૂટવું છે તો અવિકારપણે થાવું છે. તો અવિકારપણે થાવું એનું અવિકારી રુચિ અને અવિકારી દ્રવ્ય-ગુણ-પર્યાય જ રુચશે એને. સમજાય છે કાંઈ? જેને ગોઠતો નથી મોક્ષમાર્ગ એને બંધમાર્ગ રુચે છે તો બંધમાર્ગને રુચશે અને કરશે એ તો અનાદિથી કરતો આવે છે. એમાં કાંઈ સમજાવાનું રહેતું નથી. એ તો સમજીને બેઠો અનાદિથી. આનાથી થાશે અને આનાથી થાશે.

'**ખંડાન્વયસહિત અર્થ** :— '**ज्ञानस्वभावेन वृत्तं तत् तत् मोक्षहेतुः एव**' (ज्ञान) એટલે '**શુદ્ધ વસ્તુમાત્ર,...**' બસ એ એટલું જ્ઞાન તે લઈ જાય એટલે જ્ઞાન એટલે '**શુદ્ધ વસ્તુમાત્ર,...**' ઉપર લીટી ઉપર. ૮૮ પાને. સમજાણું કાંઈ? '**ज्ञानस्वभावेन वृत्तं तत्**

**तत् मोक्षहेतुः एव**' એનો અર્થ ચાલે છે. જ્ઞાન એટલે શુદ્ધ વસ્તુ ભગવાન પરમાનંદ મૂર્તિ આત્મા, પુણ્ય-પાપના વિકલ્પ અને નિમિત્ત વિનાની ચીજ, એવો જે વસ્તુ શુદ્ધસ્વભાવ '**તેની સ્વરૂપનિષ્પત્તિ,...**' એવા શુદ્ધમાત્ર વસ્તુની '**स्वभावेन**' (**स्वभावेन**) સ્વરૂપની પ્રાપ્તિ, '**તેનાથી જે સ્વરૂપાચરણચારિત્ર...**' જુઓ હવે આવ્યું. આ સ્વરૂપાચરણચારિત્રની વ્યાખ્યા કરે છે. અને બધા શુદ્ધતાના અનંતા ભેદ પણ કહેશે. આહાહા..! શું કહે છે?

કે '**સ્વરૂપનિષ્પત્તિ, તેનાથી જે...**' (वृत्तं) '**સ્વરૂપાચરણચારિત્ર...**' અહીં વ્રત શબ્દ આવે અને ત્યાં પણ વ્રત શબ્દ આવશે પછી પણ, પણ એ આસ્રવની ક્રિયાને વ્રત કહેશે ત્યાં ચારિત્ર. આ છે તે સ્વરૂપાચરણરૂપ ચારિત્ર. '**तत् तत् मोक्षहेतुः**' '**તે જ, તે જ મોક્ષમાર્ગ છે;...**' શુદ્ધ ભગવાન પરમ પવિત્રધામ આત્મા એવો જે સ્વરૂપ, તેનું આચરણ. એવું જે સ્વરૂપ તેનું આચરણ. આ તો આવી ગયું ને શુદ્ધવસ્તુમાત્ર અને સ્વરૂપનિષ્પત્તિ. સ્વરૂપની પ્રાપ્તિ એનું જે સ્વરૂપાચરણ ચારિત્ર આ મોક્ષનો માર્ગ. '**तत् तत् मोक्षहेतुः**' '**તે જ, તે જ મોક્ષમાર્ગ છે;...**' સમજાય છે કાંઈ?

વાત એ છે કે વસ્તુની અંતર મહત્તા નહિતર તો બધો વ્યવહાર વિકલ્પ વચ્ચે પરંપરા કારણ છે એમ નાખે ત્યાં એ બીજી વાત છે. એ તો જાણવા માટે છે. આહાહા..! ભારે ગડબડ કરે છે. કથનની પદ્ધતિ શું છે એ સમજે નહિ. એટલે એમાંથી કાંઈક કાઢે માણસ ઓશિયાળો છે ને ભિખારી એટલે કાંઈક... કાંઈક... કાંઈક.. ઓલો મેલભાગ આવે ને શુભભાવ એ પણ મદદ કરશે. મદદ કરશે.

હવે એક જણો તો કહેતો હતો હમણા ઈન્દોરમાં સાંભળ્યું હતું, કે શુભભાવમાં એમાં શું કીધું? ત્યાં એનો થાક ઉતારે છે અને બળ વધે છે. શુભભાવમાં આત્મા એક માણસ કહેતો હતો એક બ્રહ્મચારી. એણે સીધું કહ્યું નહોતું. કોકને કહ્યું હતું. એ એમ કહે છે કે શુભભાવમાં વિશ્રામ મળે છે. એમાંથી બળ મળે છે. એટલું આગળ જવાય છે. ભાઈ આ વાત કરે છે બધી શુભની પણ એમાં આટલું રહી જાય છે. ત્યાં મકાનમાં ઉતર્યા હતા ને શેઠના? તો ત્યાંથી એક જણાએ કહ્યું હતું. નીકળ્યો હતો.. એક.. બ્રહ્મચારી કહે છે કે .. પણ શુભભાવમાં વિશ્રામ મળે છે અને એમાંથી બળ વધે છે અને બળ વધવાથી એની શુદ્ધતામાં આગળ જવાય છે. શુભભાવનો એવો તર્ક કર્યા કરે કાંઈક ને કાંઈક. શું કીધું? આ ફેરી ગયા હતા ને બે દી?

અહીં કહે છે જેટલી શુદ્ધતા થાય એટલું જ મોક્ષનું કારણ છે. '**જ્યારે સર્વથા શુદ્ધતા થાય છે ત્યારે સકળકર્મક્ષયલક્ષણ મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.**' જુઓ! છેક સુધી લઈ લીધું. સર્વજ્ઞ. '**સર્વથા શુદ્ધતા થાય છે...**' ચૌદમામાં પણ હજી અશુદ્ધ ભાવનો ઉદય છે. ચૌદમામાં પણ અશુદ્ધભાવનો અશુદ્ધભાવ છે. આહાહા..! શું કીધું? એ ચૌદમા ગુણસ્થાનમાં

અશુદ્ધરૂપ ઉદયભાવ તે અશુદ્ધ છે. એટલે શુભમાં ને એમાં ફેર છે. '**જ્યારે સર્વથા શુદ્ધતા થાય છે ત્યારે સકળકર્મક્ષયલક્ષણ મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.**' પૂર્ણ પરમપારિણામિક શુદ્ધભાવ પૂર્ણ શુદ્ધ પરિણમ્યો, બસ એ જ ક્ષણે મોક્ષ છે. સમજાણું કાંઈ? આ શબ્દ નાખ્યો હોં પાછો. સકળકર્મક્ષયલક્ષણ. એનો અર્થ કે અશુદ્ધતાનો નાશ અને કર્મનો પણ નાશ. '**મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.**'

એને અંદર આમ જાણે કંઈક.. કંઈક.. અંદર. બીજું હોય ને.. બીજું હોય ને... પણ તું આખો એમાં હો એ જો ને હવે શું કામ છે તારે? આખો ભગવાન પરમાત્મા જેટલો અંતર્મુખમાં ગયો અને એકાકાર થયો એટલી શુદ્ધિ પ્રગટી. એ શુદ્ધિ તે મુક્તિને મોક્ષસ્વરૂપ પોતે છે એના આશ્રય તે મુક્તિનું કારણ છે. જેટલો બહિર્મુખ વિકલ્પ છે તે મુક્તિનું કારણ નથી. સમજાણું? એનો અર્થ થયો કે વ્યવહારરત્નત્રયની બહિર્મુખની વૃત્તિ મોક્ષનું કારણ નથી. એ તો નિમિત્તનું કથન કરીને વાત કરી છે.

'**સકળકર્મક્ષયલક્ષણ મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. શા કારણથી?**' '**सदा ज्ञानस्य भवने एकद्रव्यस्वभावत्वात्**' (**सदा**) નામ '**ત્રણે કાળે...**' (**ज्ञानस्य भवनं**) '**આવું છે જે શુદ્ધચેતનાપરિણમનરૂપ...**' હવે ખુલાસો કર્યો. '**સ્વરૂપાચરણચારિત્ર...**' એ શુભચેતના પરિણમન. જ્ઞાનચેતનાનું પરિણમન. એટલી જ્ઞાનની એકાગ્રતા વધી. કર્મચેતના અને કર્મફળચેતના એમ પણ નહિ. જેટલી શુદ્ધચેતના પર્યાયની વાત ચાલે છે. જે ત્રિકાળ જ્ઞાયકભાવ છે એના અવલંબે જેટલી શુદ્ધચેતનાપરિણમનરૂપ .. કર્યું. '**શુદ્ધચેતનાપરિણમનરૂપ સ્વરૂપાચરણચારિત્ર તે આત્મદ્રવ્યનું નિજ સ્વરૂપ છે,...**' લ્યો એ પરિણતિ પણ આત્મદ્રવ્યનું નિજસ્વરૂપ છે. સમજાણું કાંઈ?

પુણ્ય-પાપનો વિકલ્પ અને અશુદ્ધભાવ જેટલો અશુદ્ધભાવ એ આત્મદ્રવ્યનું સ્વરૂપ નથી. તેરમે ગુણસ્થાને પણ જેટલા ચાર અઘાતિ રહ્યા એ તો એને કારણે પણ હજી ઉદયભાવ પોતાને પરિણમન છે ને? ... કેમ .. સમજાણું? એ પોતાને એટલી અશુદ્ધતા છે. '**જે શુદ્ધચેતનાપરિણમનરૂપ સ્વરૂપાચરણચારિત્ર તે આત્મદ્રવ્યનું નિજ સ્વરૂપ છે,...**' વસ્તુ સ્વરૂપમાં હતું એ પર્યાયમાં પ્રગટ્યું. હોય એ પ્રગટે. કૂવામાં હોય એ અવેડામાં આવે. અવેડો સમજો છો? બહાર પાણી નાખે, પાણી કાઢે છે ને પાણી પીવાને. કૂવામાં પાણી હોય એ આવે. એમ અંદરમાં ભગવાન શુદ્ધ ભગવાન પૂર્ણાનંદથી પડ્યો છે. સમજાણું?

કહે છે ને. આ જૈનદર્શનનો માર્ગ છે એની સાથે બીજાની સાથે મેળવવું છે. કે જો ભાઈ! આચાર્ય હમણા લાવ્યા હતા ને કોણ ભાઈ? .. એના ગુરુ નહોતો કોક. પોપ મુંબઈમાં. એટલું માન, એટલી સરકારે આપ્યું, બીજાએ આપ્યું. અને કેટલા રૂપિયા આપ્યા એને. રૂપિયા કેટલી ચીજો ... આખી .. ભરેલી. .. કહે આહાહા..! જુઓ આવા ગુરુ. એને પૈસા આપ્યા

એ બધા ગરીબોને આપી દીધા. લોકો કહે આહાહા..! અરે.. ભગવાન! એ તો બહારમાં ઠાઠ છે એમાં આત્મા ક્યાં આવ્યો?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમાં ધૂળમાં.. ક્યાંય ન આવ્યો. કેટલા લાખનું મોટું ઉપાડ્યું હતું ઓલું. મોટર. .. મરી ગયા બે-ચાર જણા. ખૂબ ભીંસ પડી ગઈને. એ તો ફોટાવાળો મરી ગયો છાપામાં આવ્યું. ફોટો પાડતા હતા મરી ગયો. એને બહુ પૈસા આપ્યા. ... ઘણા રૂપિયા આપ્યા એને બાયડીને. મોટો... કેટલા ઉદાર! અને કેટલા ગુરુ આવા. આપણે જૈનમાં પણ આમ કરવું. એવો એક લેખ આવ્યો હતો. અરે.. ભાઈ! જૈન એટલે તો અંદરમાં સમાવ એને કહે છે. બહારમાં ઊભા એ તો પ્રકૃતિના ચાળા છે.

અહીં તો વિકલ્પ આવે એ પણ પ્રકૃતિનો ચાળો આત્મા નહિ. હવે બહારના છાપ ને ધૂળ ને માન ને આ હોળી એ તો બધી પુદ્ગલનું પરાવર્તન. એમાં આત્મા ક્યાં આવ્યો? સમજાય છે કાંઈ? અહીં તો કહે છે કે '**सदा ज्ञानस्य भवने एकद्रव्यस्वभावत्वात्**' એમ કહે છે. જોયું! '**શુદ્ધચેતનાપરિણમનરૂપ સ્વરૂપાચરણચારિત્ર તે આત્મદ્રવ્યનું નિજ સ્વરૂપ છે,...**' (**एकद्रव्यस्वभावत्वात्**) આ વિકલ્પ તો પરદ્રવ્યસ્વભાવ, પુદ્ગલમયસ્વભાવ છે. વ્યવહાર મોક્ષમાર્ગ પણ એ પરદ્રવ્ય પુદ્ગલમય સ્વભાવ છે એ ક્યાં આત્માનો સ્વભાવ છે. હવે બહારના લૂગડા છૂટ્યા અને નગ્ન થયો, આ થયું, ધૂળ થયું એ તો બધી પુદ્ગલની પર્યાય છે. એમાં આત્મા ક્યાં આવ્યો? એની સત્તામાં સત્ત્વમાં જેટલી શુદ્ધતા પડી છે એ શુદ્ધતાનું અવલંબીને જેટલી શુદ્ધતા પ્રગટ થાય અને પૂર્ણ શુદ્ધતા પ્રગટી એ દ્રવ્યનું સ્વરૂપ છે. એ દ્રવ્યનું પરિણમનસ્વરૂપ છે.


કહ્યું હતું ને? (**एकद्रव्यस्वभावत्वात्**) એક જીવદ્રવ્યનો જ એ સ્વભાવ સ્વરૂપાચરણ પૂર્ણ થયું એ એનો સ્વભાવ છે. વિકલ્પ આવી ઉઠે એ દ્રવ્યસ્વભાવ છે નહિ. માટે તે મુક્તિનું કારણ વિકલ્પાદિ નથી. ભગવાન એક દ્રવ્યનું નિરાલંબી સ્વભાવને આશ્રયે જે શુદ્ધચેતનાની પરિણતિ પ્રગટ કરી એટલો મોક્ષનો માર્ગ છે. બાકી બધો મોક્ષનો માર્ગ છે નહિ. હવે આ એકાંત લાગે છે લ્યો! આહાહા..! એકાંત છે રે એકાંત છે. જરી એમાં વ્યવહાર નાખો. વ્યવહારથી હોય તો સ્વભાવ નિશ્ચયનયનું સાધન કહ્યું છે. એ ભગવાન સાંભળ બાપુ ભાઈ! એ એકાંત છે. અનેકાંત નહિ. અનેકાંત એટલે શું ત્યારે? કે આવે, સ્વદ્રવ્યને આશ્રયે રાગ થાય અને શુદ્ધ વિકલ્પને આશ્રયે લાભ થાય એનું નામ અનેકાંત. અરે.. ભાઈ! જેનામાં આત્માના અમૃત જ્યાં પ્રગટે એના જ્યાં વિકલ્પ છે એ તો ઝેર છે. તો એનાથી કલ્યાણ થાય અને આનાથી થાય એવું અનેકાંત હોય? અનેકાંત તો એ છે કે સ્વરૂપની પરિણતિથી મોક્ષ થાય, વિકલ્પની પરિણતિથી ન થાય. એનું નામ અનેકાંત છે. આ તો આનાથી થાય અને આનાથી

થાય. એમાં કહે તમારો એકાંત છે. અમારું નહિ આ તો ભગવાનના ઘરનું છે. સમજાણું કાંઈ? આહાહા..! જરી વાત જ્યાં આવે ત્યાં એમ કે એને સ્થાપે. પણ આમાં વાત જ એ હોય બીજી શી રીતે? આમાં છે બીજી વાત?

**શ્રોતા** :- વ્યવહાર સાધન જોઈએને..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ સાધન કઈ અપેક્ષાએ છે એ નિશ્ચય સાધન જોઈએ ને? એ વ્યવહારનયે વ્યવહારને સાધન કહ્યું છે. નિશ્ચય સ્વભાવના સાધન વખતે એવો વિકલ્પ છે એને આરોપ કરીને સાધન તો એક જ પ્રકારે છે, પણ સાધનના નિરૂપણ, કથન બે પ્રકારે છે એથી એ સાધન વિકલ્પને વ્યવહારથી કહ્યું છે. એ સાધન બે પ્રકારના નથી, એનું કથન બે પ્રકારે છે. હવે એ ન સમજે. ભગવાન! શું થાય? એ પણ પ્રભુ છે ને. ના પાડે તો આખી દુનિયા ફરે તોપણ માને નહિ પાછો અને સાતમા પછી પછી મોટા અનંતી ઉપદ્રવ્યની પ્રતિકુળતા અને સાતમી નરક.. એ કથન ફરે નહિ. એવી તાકાતવાળો છે. આ એને શુદ્ધ પરિણમન એ જ મોક્ષનું કારણ. એ શુભાશુભ ક્રિયા એના સમાન કોઈ ઉપાધિ નહિ. શુભ અને અશુભ વિકલ્પ તો ઉપાધિ છે. દ્રવ્યના સ્વરૂપનું આચરણ છે એ તો નિરૂપાધી છે અને નિરૂપાધી ચારિત્ર મુક્તિનું કારણ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



## વીર સંવત-૨૪૯૧, જેઠ વદ ૧૦, ગુરુવાર,
## તા. ૨૪-૬-૧૯૬૫, કલશ-૧૦૬ થી ૧૦૮
## પ્રવચન નં. ૭૯

આ સમયસાર કળશ. પુણ્ય-પાપ અધિકાર. ૮૮ પાનું નીચેથી પાંચમી લીટી, ભાવાર્થ છે. જુઓ શું કહે છે? કે આત્મા શુદ્ધસ્વરૂપ જે છે, શુદ્ધ અનંત ગુણનો પિંડ પ્રભુ નિર્મળ શુદ્ધ એનું જે આચરણ છે એ શુદ્ધ સ્વરૂપઆચરણ છે. પુણ્ય-પાપના ભાવ એ ઉપાધિ છે એવું આ સ્વરૂપ નથી. આત્મા શુદ્ધ સ્વરૂપ પૂર્ણાનંદ એના અંતર્મુખમાં દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થઈ એ તો શુદ્ધ સ્વરૂપના આચરણરૂપ પરિણતિ નિર્મળ થઈ, એ જ મોક્ષસ્વરૂપ છે. એ એક જીવદ્રવ્યસ્વરૂપ છે, એક જીવદ્રવ્યસ્વરૂપ છે. કારણ કે એની પરિણતિ અભેદ થાય છે એટલે એ જીવદ્રવ્યસ્વરૂપ જ છે. એ કાંઈ શુભાશુભ ક્રિયા સમાન ઉપાધિ નથી. ત્યાં સુધી આવ્યું છે. (**एकद्रव्यस्वभावत्वात्**) ભગવાન આત્મા... અહીં પુણ્ય-પાપનો અધિકાર છે એટલે શુભ-અશુભભાવ રહિત શુદ્ધ અખંડ આનંદનો અંતર અનુભવ એકાગ્રતા નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા એ સ્વરૂપાચરણ એ દ્રવ્યનો સ્વભાવ છે માટે તે મુક્તિનું કારણ છે. હવે એને જરી બે ભેદ પાડ્યા છે એને ટૂંકું કરે છે.

'**ભાવાર્થ આમ છે કે—જો ગુણ-ગુણીરૂપ ભેદ કરીએ તો આવો ભેદ થાય છે...**' શુદ્ધ આચરણરૂપી પરિણતિ અને પરિણતિ કરનારો ગુણી દ્રવ્ય. ગુણી એ દ્રવ્ય અને ગુણ એટલે આ પર્યાય નિર્મળ. શુદ્ધ સ્વરૂપની પરિણતિ રાગ-દ્વેષ રહિત એમ શુદ્ધપણાની પરિણતિ અને શુદ્ધ દ્રવ્ય એમ ભેદ કરીએ તો એવો ભેદ થાય છે. '**કે જીવનો શુદ્ધપણું ગુણ;...**' છે. ભગવાન શુદ્ધસ્વરૂપ એની પરિણતિ નિર્મળ શુદ્ધ છે, એમ ગુણ-ગુણીનો અથવા પર્યાય અને પર્યાયવાનનો ભેદ કરીએ તો એ પ્રમાણે જણાય છે. સમજાણું? '**જો વસ્તુમાત્ર અનુભવ કરીએ તો આવો ભેદ પણ મટે છે,...**' આ પરિણતિ શુદ્ધ કરું છું કે આ શુદ્ધ દ્રવ્ય કર્તા છે એવો ભેદ શુદ્ધ સ્વભાવના અવલંબનમાં અભેદમાં રહેતો નથી. સમજાણું કાંઈ? જુઓ!

'**જીવનો શુદ્ધપણું ગુણ;...**' અને ગુણી એ તો ભેદ પાડો તો. '**વસ્તુમાત્ર અનુભવ કરીએ તો આવો ભેદ પણ મટે છે,...**' અથવા ત્રિકાળ શુદ્ધ સ્વભાવ અને દ્રવ્ય શુદ્ધ સ્વભાવવાન એવો પણ ભેદ કરો તો ઉઠે. વસ્તુના સ્વરૂપમાં ભેદ છે નહિ. '**કેમકે...**' જુઓ! અહીં તો મોક્ષની વાત છો હોં! '**કેમકે શુદ્ધપણું તથા જીવદ્રવ્ય વસ્તુએ તો એક સત્તા**

છે.' શુદ્ધપણું અને જીવદ્રવ્ય વસ્તુ તો એક સત્તા છે. એટલે શું? કે વસ્તુ જે ત્રિકાળ શુદ્ધ જ્ઞાયક ચિદાનંદ આદિ અનંત ગુણ અને એની પરિણતિ નિર્મળ થવી એ બધી વસ્તુ તો એક જ છે. સમજાણું?

**'આવું શુદ્ધપણું મોક્ષકારણ છે,...'** લ્યો! એવી જે જ્ઞાયકભાવનું અવલંબન લઈને પ્રગટેલી શુદ્ધ પૂર્ણ નિર્વિકલ્પદશા એટલે એ સંબંધી દશા એ જ મોક્ષનું કારણ છે. **'એના વિના જે કાંઈ ક્રિયારૂપ છે તે બધું બંધનું કારણ છે.'** એ વિના જેટલો વિકલ્પ ઉઠે છે એ કરતૂતીરૂપ છે. ભલે કર્તૃત્વબુદ્ધિ ન હોય પણ પરિણમન રાગનું છે ને? એ બધું પરિણમન એ સમસ્ત બંધનું જ કારણ છે. એમાં જરીએ મોક્ષનું કારણ છે નહિ. કહો, સમજાણું આમાં? હવે આમાં બે મોક્ષમાર્ગ નથી રહેતા. ધર્મચંદજી! એક જ રહે છે?

શુદ્ધ સ્વરૂપ એની પરિણતિ શુદ્ધ એ મોક્ષનું કારણ. એ શુભ અને અશુભ પરિણામમાં શુભાદિ રાગનો વિકલ્પ ઉઠે એ બધી કરતૂતી બંધનું કારણ છે. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જે નિમિત્તનો આરોપ કરીને કહેવામાં આવતું એ પણ બંધનું જ કારણ છે. એમાં જરીએ શુદ્ધતાનો અંશ છે નહિ.

**શ્રોતા :-** પુરુષાર્થસિદ્ધિમાં બે લખ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં બે લખ્યા છે? એ તો બે મોક્ષના કારણ તરીકે લખ્યા છે. બે કારણ તરીકે. નિમિત્ત અને ઉપાદાન, બે. એમ કે બેથી મોક્ષ થાય. મોક્ષના કારણ કહ્યા. બેથી મોક્ષ થાય એટલે કે થાય છે એકથી.

**શ્રોતા :-** આ લખ્યું છે ને કેમ ન થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના ના. શું થાય? બેથી થાય. શ્લોક છે, પાઠ છે ખબર છે ને. બેથી થાય એટલે જેમ આ મોક્ષમાર્ગ બે કહ્યા એમ બેથી એક કાર્ય થાય એમ કહ્યું. પણ થાય તો એક જ સ્વભાવને આશ્રયે મુક્તિ થાય, નિમિત્તથી થતી નથી. પણ આરોપ દઈને કથન કર્યું હતું. એમાં પણ નથી આવ્યું? જેટલે અંશે શુદ્ધ તેટલે અંશે.. શ્લોક આવ્યો છે. લખ્યો છે, એ શ્લોક છે ને. બે મોક્ષમાર્ગથી મોક્ષ થાય છે એવો શ્લોક છે. એ તો પાઠ જ એમાં મોક્ષમાર્ગ બે કહે છે. એમ. લાવોને ગાથા ક્યાં છે? છે, છે. એ તો બધી ગાથાઓ ખબર છે ને. બે છે. લખ્યું છે. પણ લખ્યું છે એનો અર્થ આ છે. લખ્યો છે પાઠ. તેથી નાખે છે ને. એ નાખે છે એ બધું નાખે છે એ બધી ખબર છે અમને. એ શ્લોક પણ એણે નાખ્યો છે ઘણીવાર કે આ લખ્યું અહીં. ભાઈ! એ લખ્યું છે એ તો પ્રમાણનું જ્ઞાન કરવા કહ્યું છે. લખે. લખે તો શું? કઈ ગાથા ખબર છે? કઈ ગાથા છે? લખેલું હશે ઓલામાં હોં! લખે લખે બધું. તત્ત્વાર્થસારમાં છે. પાછળ શ્લોકો છે ને. આહાહા..! બસ હા એ. પણ આ શ્લોક છે હોં આખો. ૨૨૨ છે ને? ૨૨૨ છે. જુઓ!

सम्यक्त्वबोधचारित्रलक्षणो मोक्षमार्ग इत्येषः।
मुख्योपचाररूपः प्रापयति परं पदं पुरुषम्।।२२२।।

છે. ૨૨૨. '**इत्येषः मुख्योपचाररूपः प्रापयति परं पदं**' છે. છે. એ આવી ગયું. છે ને એમાં? છે ને આમાં લખ્યું. એ તો એમ જ કહે ને. વ્યવહારથી જ્યારે પ્રમાણથી કહેવું હોય તો એમ કહેવાય. જુઓ! '**सम्यक्त्वबोधचारित्रलक्षणो मोक्षमार्ग**' તે મુખ્ય ઉપચારથી એટલે નિશ્ચય અને વ્યવહારરૂપ એ આત્માના પરમપદને પ્રાપ્ત કરે છે. એનો અર્થ એક ઉપચાર છે અને એક મુખ્ય છે. બે શબ્દ પડ્યા છે કે નહિ? એક મુખ્ય એટલે નિશ્ચય છે અને ઉપચાર એટલે વ્યવહાર છે. બે જેમ કારણ કહ્યા એક મોક્ષમાર્ગના, માર્ગ બે નથી એક જ છે, એમ બેનું ફળ એક કીધું. એટલે કે ફળ તો એકનું જ છે પણ બેનું કીધું. એમાં કાંઈ (નહિ), એની એ વાત છે અંદર. ૨૨૨ છે ભાઈ. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- બે પ્રકારનો જ આત્માને મોક્ષ પહોંચાડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ એ લખે. શબ્દ ન લખે તો શું છે? પણ પાઠમાં છે તો શું કહે? મોક્ષમાર્ગ બે પ્રકારે છે, કથન બે પ્રકારે છે. તો કથન બે પ્રકારે પછી એનું ફળ કીધું, કે બેનું ફળ મોક્ષ છે. અને ૨૨૦. લ્યો જુઓ. '**आस्रवति यत्तु पुण्यं शुभोपयोगऽयमपराधः।।**' ૨૨૦માં છે. એ શુભઉપયોગ છે એ આત્માનો અપરાધ છે. અહીં બેને ફળ તરીકે પરમ કીધું. અહીં ૨૨૦માં ખુલાસો કર્યો છે.

रत्नत्रयमिह हेतुनिर्वाणस्यैव भवति नान्यस्य।
आस्रवति यत्तु पुण्यं शुभोपयोगऽयमपराधः।।२२०।।

૨૨૦ ગાથા છે.

**શ્રોતા** :- અનેકાંતથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો નિમિત્તથી કથન. પણ અનેકાંતનો અર્થ શું? સ્યાદ્વાદ કથન છે. કાંઈ વસ્તુનું સ્વરૂપ એ રીતે માની લે તો એમ વસ્તુ છે નહિ. કહો, સમજાણું આમાં? ભાઈ સામા દલીલ કરતા હોય એ પણ આપણે આધારેય શાસ્ત્રનો રાખવો તો જોઈએ કે નહિ? ત્યાં કહ્યું ચોખ્ખું. શું? મુખ્ય ઉપચારને કારણે પરમપદ પ્રાપ્તિ થાય. એય.. રાજમલજી! વકીલ છો ને વકીલ તમે? જુઓ! ત્યાં એવું લખ્યું અંદર. એટલે કે એનો અર્થ કે મુખ્ય નિશ્ચયથી થાય અને ઉપચારથી કહ્યો એટલે એનાથી થાય નહિ એમ એનો અર્થ સમજવો જોઈએ. એનો અર્થ સમજવો જોઈએ. સમજ્યા વિના લખાણ કરે શું કરે એમાં?

**શ્રોતા** :- એવું જ નિમિત્ત હોય, બીજું નિમિત્ત હોય નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હોય નહિ એ બતાવવા માગે છે. લ્યો ૧૦૬ થઈ.

(અનુષ્ટુપ)

वृत्तं कर्मस्वभावेन ज्ञानस्य भवनं न हि।
द्रव्यान्तरस्वभावत्वान्मोक्षहेतुर्न कर्म तत्।।८–१०७।।

ખંડાન્વય સહિત અર્થ :—‘‘कर्मस्वभावेन वृत्तं ज्ञानस्य भवनं न हि’’ (कर्मस्वभावेन) જેટલું શુભ ક્રિયારૂપ અથવા અશુભ ક્રિયારૂપ આચરણલક્ષણ ચારિત્ર, તેના સ્વભાવે અર્થાત્ તે-રૂપ જે (वृत्तं) ચારિત્ર તે (ज्ञानस्य) શુદ્ધ ચૈતન્યવસ્તુનું (भवनं) શુદ્ધસ્વરૂપપરિણમન (न हि) હોતું નથી એવો નિશ્ચય છે. ભાવાર્થ આમ છે કે—જેટલું શુભ-અશુભ ક્રિયારૂપ આચરણ અથવા બાહ્યરૂપ વક્તવ્ય અથવા સૂક્ષ્મ અંતરંગરૂપ ચિંતવન, અભિલાષ, સ્મરણ ઈત્યાદિ છે તે સમસ્ત અશુદ્ધત્વરૂપ પરિણમન છે, શુદ્ધ પરિણમન નથી; તેથી બંધનું કારણ છે, મોક્ષનું કારણ નથી. તેથી જેમ કામળાનો સિંહ ‘કહેવાનો સિંહ’ છે તેમ આચરણરૂપ (ક્રિયારૂપ) ચારિત્ર ‘કહેવાનું ચારિત્ર’ છે, પરંતુ ચારિત્ર નથી, નિઃસંદેહપણે એમ જાણો. ‘‘तत् कर्म मोक्षहेतुः न’’ (तत्) તે કારણથી (कर्म) બાહ્ય-અભ્યંતરરૂપ સૂક્ષ્મ-સ્થૂલરૂપ જેટલું આચરણ (ચારિત્ર) છે તે (मोक्षहेतुः न) કર્મક્ષપણનું કારણ નથી, બંધનું કારણ છે. શા કારણથી? ‘‘द्रव्यान्तरस्वभावत्वात्’’ (द्रव्यान्तर) આત્મદ્રવ્યથી ભિન્ન પુદ્ગલદ્રવ્ય તેના (स्वभावत्वात्) સ્વભાવરૂપ હોવાથી અર્થાત્ આ બધું પુદ્ગલદ્રવ્યના ઉદયનું કાર્ય છે, જીવનું સ્વરૂપ નથી, તેથી. ભાવાર્થ આમ છે કે—શુભ-અશુભ ક્રિયા, સૂક્ષ્મ-સ્થૂલ અંતર્જલ્પ-બહિર્જલ્પરૂપ જેટલું વિકલ્પરૂપ આચરણ છે તે બધું કર્મના ઉદયરૂપ પરિણમન છે, જીવનું શુદ્ધ પરિણમન નથી; તેથી બધુંય આચરણ મોક્ષનું કારણ નથી, બંધનું કારણ છે. ૮-૧૦૭.

---

## કલશ-૧૦૭ ઉપર પ્રવચન

૧૦૭.

वृत्तं कर्मस्वभावेन ज्ञानस्य भवनं न हि।
द्रव्यान्तरस्वभावत्वान्मोक्षहेतुर्न कर्म तत्।।१०७।।

જુઓ! ઓલામાં હતું ને? ‘वृत्तं ज्ञानस्वभावेन’ હતું. અહીં બસ ‘कर्मस्वभावेन’.

‘ખંડાન્વય સહિત અર્થ :—’ ‘कर्मस्वभावेन वृत्तं ज्ञानस्य भवनं न हि’ ‘જેટલું શુભ ક્રિયારૂપ અથવા અશુભ ક્રિયારૂપ આચરણ-લક્ષણ ચારિત્ર,...’ જુઓ ભાષા.

ઓલામાં હતું સ્વરૂપચારિત્રલક્ષણ ચારિત્ર. સ્વરૂપાચરણ ચારિત્ર એમાં હતું. 'वृत्तं' નો અર્થ જુઓ બીજી લીટી. '**સ્વરૂપાચરણચારિત્ર...**' અહીં 'वृत्तं'નો અર્થ કર્યો કેવો? કે '**कर्मस्वभावेन**' જેટલો શુભ રાગ અને અશુભ રાગ ક્રિયારૂપ '**આચરણ-લક્ષણ ચારિત્ર, તેના સ્વભાવે અર્થાત્ તે-રૂપ જે ચારિત્ર તે શુદ્ધ ચૈતન્યવસ્તુનું શુદ્ધસ્વરૂપપરિણમન હોતું નથી...**' સમજાણું કાંઈ? શુભ અને અશુભ પરિણામ એ ક્રિયારૂપ આચરણ-લક્ષણ ચારિત્ર એટલે વિકલ્પ રાગ એ સ્વભાવે ચારિત્ર એ શુદ્ધ ચૈતન્યવસ્તુનો (भवनं) '**શુદ્ધસ્વરૂપપરિણમન...**' (भवनं न हि) શુભરાગની ક્રિયાથી શુદ્ધ સ્વરૂપનું પરિણમન નથી. '**હોતું નથી એવો નિશ્ચય છે.**' 'न हि' શબ્દ પડ્યો છે. (न हि) '**નથી એવો નિશ્ચય છે.**' નથી એમ નિશ્ચય છે. ૮૯ પાને ત્રીજી લીટી ઉપર.

'**ભાવાર્થ આમ છે કે—જેટલું શુભ-અશુભ ક્રિયારૂપ આચરણ અથવા બાહ્યરૂપ વક્તવ્ય...**' વાણી-બાણી એ બધું બંધનું કારણ છે—નિમિત્ત. ઓલો કહે કે વાણીથી આપણે ઉપદેશ આપીએ એમાંથી આપણને ધર્મ થાય, એમાંથી સંવર-નિર્જરા થાય. ધૂળમાંય ન થાય. વાણીથી શું થતા હતા? '**સૂક્ષ્મ અંતરંગરૂપ ચિંતવન, અભિલાષ, સ્મરણ...**' એ સૂક્ષ્મ અંતરંગ ચિંતવન અંતરમાં મન દ્વારા. બહાર નહિ. અંતર ચિંતવન આ આત્મા શુદ્ધ છે, આનંદ છે એવું અંતરંગ સૂક્ષ્મ ચિંતવન. '**અભિલાષ,...**' ઈચ્છા થાય કે આ શુદ્ધ છે એમાં જાઉં, શુદ્ધ છે એમાં થાઉં. '**સ્મરણ...**' એ શુદ્ધની યાદગીરી કરી છે પહેલી ધારણા એનું સ્મરણ કરે. એ '**સ્મરણ ઈત્યાદિ છે તે સમસ્ત અશુદ્ધત્વરૂપ પરિણમન છે,...**' સમજાણું કાંઈ? કેટલા બોલ મૂક્યા?

એક તો શુભ-અશુભ ક્રિયારૂપ આચરણના પરિણામ. બીજું, બાહ્યરૂપ વક્તવ્ય વાણી એ વખતે બોલાય નીકળે આદિ એ. એ તો રાગમાં નિમિત્ત છે. સૂક્ષ્મ અંતરંગ ચિંતવન. ભગવાન આખો ચિદ્‌ઘન એને અંદરમાં મનના, ચિત્તના સંગે ચિંતવન કરે કે આ આત્મા આવો છે એવો જે વિકલ્પ. એનો અભિલાષ—સ્વરૂપમાં ઠરવું, આ સ્વરૂપ આવું એવો જે અભિલાષ એ વિકલ્પ છે. એ સ્મરણ, એની યાદગીરી કરવા જાય ત્યાં વિકલ્પ ઉઠે છે. એટલે એ '**સ્મરણ ઈત્યાદિ છે તે સમસ્ત અશુદ્ધત્વરૂપ પરિણમન છે,...**' એ બધું મલિન પરિણમન છે એ બંધનું કારણ છે. મોક્ષનું સંવર-નિર્જરાનું કારણ નથી. ઓહોહો..! કહો, ભગવાનભાઈ! આટલા વર્ષ સાંભળ્યું પણ આટલું, લ્યો. ઘણા વર્ષ સાંભળ્યું? એનું એ કરો કે આ પોષા ને સામાયિક ને પડિક્કમણા અને આ જાવ થઈ જશે ધર્મ. અરે..! એ પણ ક્યાં છે? એના વ્યવહારના પણ ઠેકાણા ક્યાં છે? જે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર એની શ્રદ્ધા, વાસ્તવિક તત્ત્વની શ્રદ્ધા વ્યવહારથી હોં! અને પંચ મહાવ્રતાદિના પરિણામ પણ ચોખ્ખા અને શાસ્ત્રનું જ્ઞાન પણ વ્યવહારે, વ્યવહાર લક્ષણે ચોખ્ખું એવું હોય ત્યારે તો એને શુભરાગ તરીકે કહેવાય

છે અને એ શુભરાગ પણ આત્માને બંધનનું કારણ છે. કહો, સમજાણું કાંઈ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શું કિંમતી મળી? બંધન થયું.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, તો નવું બંધન પડ્યું.

અહીં તો ભગવાન શુદ્ધ સ્વરૂપનો પિંડ પ્રભુ, એમાં એકાકાર થઈને જેટલી શુદ્ધ પરિણતિ પ્રગટ કરે એટલું જ મોક્ષનું કારણ. બસ! એક જ વાત. એ લાખ ચિંતવન કરે, આવો આત્મા ને આવો આત્મા ને આવો આત્મા એ બધા વિકલ્પની જાળ. એ બધું અશુદ્ધ પરિણમન. બીજાની વાત તો ક્યાંય રહી ગઈ. એ અશુદ્ધ પરિણમન શુદ્ધ પરિણમન નહિ.

**શ્રોતા :–** આત્મચિંતવન તો નજીક પર્યાય છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બિલકુલ નહિ.

**શ્રોતા :–** કેટલા ટકા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અંશ પણ નહિ. અભાવ. એનો અભાવ કરે ત્યારે જાય. એને ભાવમાં સાથે પકડીને રાખે, વિકલ્પને પકડીને રાખીને અંદરમા જાય (એમ) બિલકુલ નહિ.

**શ્રોતા :–** વિકલ્પ છોડવાનો ભાવ હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ વિકલ્પ છોડવાનો ભાવ એ પણ વિકલ્પ છે. છોડવાનો ભાવ શું? આ છોડું. છોડું તો એ પર્યાય અને વિકલ્પ—રાગ ઉપર, પર્યાય ઉપર બુદ્ધિ જાય છે. છોડે કોને? કોને છોડે? ગ્રહણ-ત્યાગ છે જ ક્યાં વસ્તુમાં? આ છોડું અને આ ગ્રહું એ પણ વિકલ્પ છે. ઓહોહો..! જુઓ! સમજાણું?

નિશ્ચય તો છે ઈ છે. એ તો ભાઈએ નથી કહ્યું? ટોડરમલજીએ લખ્યું છે. ચરણાનુયોગમાં લખ્યું છે. નિશ્ચયમાર્ગ તો જે છે એ વીતરાગ (છે). પણ નીચે ગ્રહણ-ત્યાગ છૂટતો નથી એટલે એવો શુભવિકલ્પ ચરણાનુયોગની વિધિનો આવે છે. પણ એ છે વ્યવહાર બંધનું કારણ. વીતરાગતાની પરિણતિ જેટલી પ્રગટ થાય દૃષ્ટિ-જ્ઞાન અને આચરણ અંતર સ્વરૂપ શુદ્ધમાં એટલો સંવર, નિર્જરા અને મોક્ષનો માર્ગ છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' એમાં બીજું કાંઈ છે નહિ. એમ એણે પાકો નિર્ણય અંતરમાં કરવો જોઈએ.

'**તેથી બંધનું કારણ છે, મોક્ષનું કારણ નથી.**' બબ્બે વાર તો કરે છે અનેકાંત. '**અશુદ્ધત્વરૂપ પરિણમન છે, શુદ્ધ પરિણમન નથી;...**' જુઓ! અનેકાંત કર્યું. '**તેથી બંધનું કારણ છે, મોક્ષનું કારણ નથી.**' એમ અનેકાંત કર્યું.

**શ્રોતા :–** અશુદ્ધ પરિણમન પહેલું શુદ્ધ પરિણમન.. અનેકાંત થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ અશુદ્ધ પરિણમન એ છે, એ શુદ્ધ પરિણમન એ નહિ. અને

બંધનું કારણ એ છે, એ મોક્ષનું કારણ એ નહિ. ત્યારે અનેકાંત થાય. અનેકાંત કેમ થાતું હતું? શુભભાવમાં પણ કાંઈક અબંધ પરિણામ છે, બંધ પણ છે અને અબંધ છે. એમ અનેકાંત હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

**'તેથી જેમ કામળાનો સિંહ...'** એ તો દાખલો આપે છે હોં! **'સિંહ કહેવાનો સિંહ છે...'** કામળાનો સિંહ. કામળાનો સિંહ શું હશે? આ કામળી? આ ચિત્રો કરે એ. આ ધાબળા. આહાહા..! શું કહેવાય આપણે? બનુસ. આ બનુશ નથી આવતા ઓઢવાના? એમાં સિંહ આવડા હોય છે. આહાહા..! **'તેથી જેમ કામળાનો સિંહ કહેવાનો સિંહ છે...'** સિંહ છે સિંહ? આ મોટો આમ કેસરી ચીતરે ઓલો. આવે છે ને બનુસ પર?

**શ્રોતા :-** છોકરાને તો બીવડાવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છોકરાને બીવડાવતા હોય એ સિંહ પણ સાચો સિંહ છે?

**'તેમ આચરણરૂપ (ક્રિયારૂપ) ચારિત્ર કહેવાનું ચારિત્ર છે,...'** એ લૂગડામાં ચીતરેલો સિંહ એ કહેવામાત્ર સિંહ છે. સાચો સિંહ છે નહિ. એમ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ શુભ, વ્યવહારરત્નત્રયના શુભ કહેવામાત્ર ચારિત્ર છે, એ ચારિત્ર છે નહિ. બહુ સ્પષ્ટ! હજી તો ૧૧૦માં તો ખુબ લેશે. **'પરંતુ ચારિત્ર નથી,...'** દેખો! કહેવા માટે ચારિત્ર છે. ચારિત્ર નથી એને ચારિત્ર કહેવું એનું નામ વ્યવહારનય છે. જુઓને! ચોખ્ખા શબ્દ એણે નાખ્યા છે અંદર. **'નિઃસંદેહપણે એમ જાણો.'** કહો, સમજાણું આમાં? ક્યાં ગયા પ્રેમચંદજી ગયા છે? ભાવનગર.

**'નિઃસંદેહપણે એમ જાણો.'** શું? ભગવાન આત્માના શુદ્ધ પરિણતિ સિવાય જે કાંઈ શુભ આદિ વિકલ્પ ઉઠે એ બિલકુલ ચારિત્ર છે જ નહિ. અચારિત્ર છે. એ ચારિત્ર નથી અને કહેવાનું નામ ચારિત્ર છે. જેમ કહેવામાં કામળામાં—બનુસમાં સિંહ નામ છે. સમજાણું કાંઈ? **'નિઃસંદેહપણે એમ જાણો.'** નક્કી નિઃશંક થાવ, નિઃશંક થાવ. ભગવાન શુદ્ધ ચૈતન્ય પ્રભુ એની અંતર્મુખની જેટલી શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એક જ મોક્ષનું કારણ, તે બંધનું કારણ નહિ.

**'तत् कर्म मोक्षहेतुः न'** જોયું! **'તે કારણથી બાહ્ય-અભ્યંતરરૂપ સૂક્ષ્મ-સ્થૂલરૂપ...'** બાહ્ય દેહની ક્રિયા અભ્યંતર વિકલ્પ આદિ. સૂક્ષ્મ-બહુ સૂક્ષ્મ અંદર વિકલ્પ ઉઠે એ અને સ્થૂળરૂપ **'જેટલું આચરણ (ચારિત્ર) છે તે...'** **(मोक्षहेतुः न)** **'કર્મક્ષપણનું કારણ નથી,...'** એ કર્મના નાશ નિર્જરાનું કારણ નથી. એ બંધનું કારણ છે. અનેકાંતમાં આમ કુદડીવાદ કરે, અનેકાંત કરો.. અનેકાંત કરો... એકાંત છે રે એકાંત છે. **'શા કારણથી?'** **'द्रव्यान्तरस्वभावत्वात्'** જુઓ! **'द्रव्यान्तरस्वभावत्वात्'** છેને? ઓલો **'एकद्रव्यस्वभावत्वात्'** હતું. અને આ **'द्रव्यान्तरस्वभावत्वात्'** **'આત્મદ્રવ્યથી ભિન્ન પુદ્ગલદ્રવ્ય તેના સ્વભાવરૂપ હોવાથી...'**

એ તો પુદ્‌ગલદ્રવ્યના સ્વભાવથી છે ઉદયભાવ છે એ. એ કાંઈ સ્વભાવમાંથી પ્રગટેલો ભાવ નથી. **'આત્મદ્રવ્યથી ભિન્ન પુદ્‌ગલદ્રવ્ય તેના...'** **'(સ્વભાવત્વાત્)'** **'સ્વભાવરૂપ હોવાથી...'** જુઓ! ઓલા વિકલ્પને પણ પુદ્‌ગલદ્રવ્ય સ્વભાવ કીધો. દેહની પર્યાય તો ઠીક, પણ શુભ પરિણામ દયા, દાન, વ્યવહાર વિકલ્પ આદિ જેટલા છે એ બધા પુદ્‌ગલદ્રવ્ય. જીવદ્રવ્યથી ભિન્ન તે પુદ્‌લદ્રવ્ય. બે વાત અહીં તો. સ્વદ્રવ્ય આશ્રિત પરિણામ તે શુદ્ધ, પરદ્રવ્ય આશ્રિત પરિણામ તે પુદ્‌ગલ તે અશુદ્ધ.

**'આ બધું પુદ્‌ગલદ્રવ્યના ઉદયનું કાર્ય છે,...'** એ તો પુદ્‌ગલદ્રવ્યના ઉદયનું કાર્ય પુણ્ય પરિણામ. આહાહા..! પંચ મહાવ્રતના પરિણામ પુદ્‌ગલદ્રવ્યના ઉદયનું કાર્ય. સમજાણું કાંઈ? અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ એ પુદ્‌ગલનું કાર્ય, બાર વ્રતનો વિકલ્પ એ પુદ્‌ગલનું કાર્ય. **'જીવનું સ્વરૂપ નથી,...'**

**શ્રોતા :—** બાકી રહ્યું શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બાકી રહ્યો ભગવાન આખો.

**'ભાવાર્થ આમ છે કે—'** દેખો! બેય વાત લીધી. પુદ્‌ગલદ્રવ્યનું કાર્ય છે અને જીવનું સ્વરૂપ નથી. વિકલ્પ ઉપાધિ છે એ કાંઈ જીવનું સ્વરૂપ છે? એ તો ઉપાધિ છે. માથે છઠ્ઠી આંગળી જેમ વધારે હોય છે ને પાંચમાં, (એમ) એ વધારાની જાત છે ઉપાધિની. એ જીવનું સ્વરૂપ નથી. **'ભાવાર્થ આમ છે કે—શુભ-અશુભ ક્રિયા, સૂક્ષ્મ-સ્થૂલ અંતર્જલ્પ-બહિર્જલ્પ...'** સૂક્ષ્મ અંતર્જલ્પ અને સ્થૂળ બહિર્જલ્પ, બોલવું. આ **'જેટલું વિકલ્પરૂપ આચરણ છે તે બધું કર્મના ઉદયરૂપ પરિણમન છે,...'** એનો અર્થ કાંઈ કર્મથી વિકલ્પ થયા છે એમ નથી અહીં. પણ કર્મના લક્ષે થયેલા અપરાધી પરિણામ તે બધાં કર્મના ઉદયરૂપ પરિણામ એ સ્વભાવના પ્રગટરૂપ પરિણામ નથી. એમ અહીંયાં કહેવું છે. **'બધું કર્મના ઉદયરૂપ પરિણમન છે,...'** કર્મનો ઉદય તો જડ છે અંદર, પણ અહીંયાં પરિણમન પોતે કર્યું એને લક્ષે એને પણ ઉદયનું કાર્ય કહેવાય. વસ્તુનું કાર્ય સ્વભાવનું નથી.

**'જીવનું શુદ્ધ પરિણમન નથી;...'** એ પુણ્ય અને પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, જપ-તપ આદિ, પરદ્રવ્યનો વિનય આદિ એ બધો ભાવ **'જીવનું શુદ્ધ પરિણમન નથી;...'** કહો, સમેદશિખરની જાત્રાના પરિણામ એ શુદ્ધ પરિણામ નથી એમ કહે છે. 'એક વાર વંદે જો કોઈ.' આવે છેને? એ તો શુભ વિકલ્પ છે. સમેદશિખરની લાખ જાત્રા કરે પણ (એ) પરદ્રવ્ય અનુસારી વિકલ્પ રાગ છે. એ તો પુદ્‌ગલનું કાર્ય છે, ઉદયનું કાર્ય, કર્મજન્ય ઉપાધિનો વિકલ્પ છે એ. એ બંધનું કારણ, એ મોક્ષનું કારણ બિલકુલ નથી. રાડ નાખી જાય.

વળી એક જણો તો ત્યાં સુધી કહેતા હતા. પંડિતજીએ નહિ સાંભળ્યું હોય. ત્યાં પર્વતમાં

જેટલી વનસ્પતિ છે... સાંભળ્યું છે? એ બધી પરિતસંસારી છે, અલ્પસંસારી છે. કહો. પણ ત્યાં જન્મે એ બધા નિગોદ પણ પડ્યા છે ત્યાં તો. એમ કે ત્યાં એક ક્ષેત્રમાં વનસ્પતિ (હોય)... આવ્યું હતું. છાપામાં આવ્યું હતું. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** મહિમા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એવી હોય મહિમા હોય ખોટી? કે ત્યાંના વનસ્પતિના જીવ પણ થોડા સંસારી છે. અહીં કહે છે કે પરની અપેક્ષાએ રહેલો ત્રણ લોકના નાથના સમવસરણમાં ગયેલો જીવ આ પરલક્ષી જેટલી ભક્તિ, પૂજા, વ્રતાદિનો વિકલ્પ (ઉઠાવે) એ કર્મજન્ય ઉપાધિ છે. એ બંધનું કારણ છે. સાક્ષાત્ ભગવાનના સમવસરણમાં. લે ને સાંભળને હવે. પરદ્રવ્ય છે કે નહિ?

મોક્ષપાહુડમાં (ગાથા-૧૬માં) તો કુંદકુંદાચાર્યે તો એવું (કહ્યું), **'परदव्वादो दुग्गइ सदव्वादो हु सुग्गइ होइ।'** એવો પાઠ છે. **'सदव्वादो हु सुग्गइ होइ।'** સ્વદ્રવ્ય તે સુગતિનું- -સુગતિ નામ મોક્ષનું કારણ. એને દેવનું પણ કારણ કહ્યું છે. કહ્યું છે એણે. જયચંદ્ર પંડિતે અર્થ કર્યો છે એવો. બાકી મૂળ તો આમ છે. **'परदव्वादो दुग्गइ सदव्वादो हु सुग्गइ होइ।'** પછી **'परदव्वादो ... दुग्गइ सदव्वा ... हु सुग्गइ होइ।'** એમ. ભગવાન શુદ્ધ ચૈતન્યદ્રવ્ય એમાં લીનતા તે જ મુક્તિનું કારણ છે. એ સુગતિ. પરદ્રવ્યમાં જેટલો લીનતાનો વિકલ્પ એ બધી દુર્ગતિ છે. કહો, સમજાણું આમાં?

**'જીવનું શુદ્ધ પરિણમન નથી; તેથી બધુંય આચરણ મોક્ષનું કારણ નથી, બંધનું કારણ છે.'** ભારે વાત. સાંભળતા એને એમ થઈ જાય અંદર કે અરરર..! ત્યારે હવે રહ્યું શું? એ તો માથે કીધું. નિષેધે છતાં સ્વરૂપનું અવલંબન છે.

**શ્રોતા :-** આવી ગયા પછી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વાત પછી તો આ વાત કરે છે.

હજી હવે આકરી વાત આવે છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આકરા છે. એ તો વસ્તુ જણાવે ત્યારે એને સ્પષ્ટ થાય ને? સ્પષ્ટ થાય ને? એના ખ્યાલમાં વાત આવે.

---

(અનુષ્ટુપ)

मोक्षहेतुतिरोधानाद्बन्धत्वात्स्वयमेव च।
मोक्षहेतुतिरोधायिभावत्वात्तन्निषिध्यते।।९-१०८।।

ખંડાન્વય સહિત અર્થ :—અહીં કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે તે કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી. ઉત્તર આમ છે કે—વર્જવાયોગ્ય છે, કારણ કે વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે; તેથી વિષય-કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે એમ કહે છે—''तत् निषिध्यते'' (तत्) શુભ-અશુભરૂપ કરતૂત (કૃત્ય) (निषिध्यते) નિષેધ્ય અર્થાત્ ત્યજનીય છે. કેવું હોવાથી નિષિદ્ધ છે? ''मोक्षहेतुतिरोधानात्'' (मोक्ष) નિષ્કર્મ-અવસ્થા, તેનું (हेतु) કારણ છે જીવનું શુદ્ધરૂપ પરિણમન, તેનું (तिरोधानात्) ઘાતક છે, તેથી કરતૂત નિષિદ્ધ છે. વળી કેવું હોવાથી? ''स्वयम् एव बन्धत्वात्'' પોતે પણ બંધરૂપ છે. ભાવાર્થ આમ છે કે—જેટલું શુભ-અશુભ આચરણ છે તે બધું કર્મના ઉદયથી અશુદ્ધરૂપ છે, તેથી ત્યાજ્ય છે, ઉપાદેય નથી. વળી કેવું હોવાથી? ''मोक्षहेतुतिरोधायिभावत्वात्'' (मोक्ष) સકળકર્મક્ષયલક્ષણ પરમાત્મપદ, તેનો (हेतु) હેતુ અર્થાત્ જીવનો ગુણ જે શુદ્ધચેતનારૂપ પરિણમન, તેનું (तिरोधायि) ઘાતનશીલ છે (भावत्वात्) સહજ લક્ષણ જેનું—એવું છે, તેથી કર્મ નિષિદ્ધ છે. ભાવાર્થ આમ છે કે જેમ પાણી સ્વરૂપથી નિર્મળ છે, કાદવના સંયોગથી મેલું થાય છે—પાણીના શુદ્ધપણાનો ઘાત થાય છે, તેમ જીવદ્રવ્ય સ્વભાવથી સ્વચ્છરૂપ છે—કેવળજ્ઞાન-દર્શન-સુખ-વીર્યરૂપ છે, તે સ્વચ્છપણું વિભાવરૂપ અશુદ્ધચેતનાલક્ષણ મિથ્યાત્વ-વિષય-કષાયરૂપ પરિણામથી મટ્યું છે; અશુદ્ધ પરિણામનો એવો જ સ્વભાવ છે કે શુદ્ધપણાને મટાડે; તેથી સમસ્ત કર્મ નિષિદ્ધ છે. ભાવાર્થ આમ છે કે—કોઈ જીવ ક્રિયારૂપ યતિપણું પામે છે, તે યતિપણામાં મગ્ન થાય છે કે—-'અમે મોક્ષમાર્ગ પામ્યા, જે કાંઈ કરવાનું હતું તે કર્યું;' તેથી તે જીવોને સમજાવે છે કે યતિપણાનો ભરોસો છોડીને શુદ્ધ ચૈતન્યસ્વરૂપને અનુભવો. ૯-૧૦૮.

---

## કલશ-૧૦૮ ઉપર પ્રવચન

मोक्षहेतुतिरोधानाद्बन्धत्वात्स्वयमेव च।
मोक्षहेतुतिरोधायिभावत्वात्तन्निषिध्यते।।१०८।।

'ખંડાન્વય સહિત અર્થ :—અહીં કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે તે કરવાયોગ્ય નથી તેમ જ વર્જવાયોગ્ય પણ નથી.' એમ કોઈ કહે છે. છે? જુઓ! 'અહીં કોઈ જાણશે કે શુભ-અશુભ...' પરિણામ. એ વ્રત,

નિયમ, ભક્તિ, પૂજા આદિ દાન, દયાના વિકલ્પો શુભભાવ અને અશુભભાવ ભેગો. એ '**આચરણરૂપ ચારિત્ર છે તે કરવાયોગ્ય નથી તેમ જ વર્જવાયોગ્ય પણ નથી.**' એમ કોઈ કહે. કરવાયોગ્ય ભલે નથી, પણ વર્જન—છોડવાયોગ્ય તો નથી ને?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વર્જન કહીને નિષેધ ન કરવો.

'**ઉત્તર આમ છે કે—વર્જવાયોગ્ય છે,...**' એ શુભ પરિણામ વર્જવાયોગ્ય છે. કેમકે બંધના કારણ છે માટે છોડવાલાયક છે, આદરવાલાયક નથી. લ્યો. '**કારણ કે વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે,...**' આત્માના અનાકુળ આનંદને લૂંટતો વિકલ્પ ઉઠે છે. કહો, એ વ્યવહાર ચારિત્રને અત્યારે ચોથે, પાંચમે, છઠ્ઠે. ચોથે તો ન કહે, પાંચમે-છઠ્ઠે એ મોક્ષનો માર્ગ (છે એમ કહે છે). આહાહા..! માણસને એવી રીતે લઈ જવું છે. સ્વના ઘર જોયા વિના પરથી લેવો છે મોક્ષ. સમજાણું કાંઈ?

કહે છે, કોઈ એમ કહે કે શુભ અને અશુભ જે પરિણામ પર્યાયમાં થાય, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કામ, ક્રોધ પરિણામ એ પાપ. દયા, દાન, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યનો વિકલ્પ એ પુણ્ય. એ બે કરવાયોગ્ય નથી એમ વર્જવાયોગ્ય પણ નથી એમ કોઈ કહેતું હોય તો એનો '**ઉત્તર આમ છે કે—વર્જવાયોગ્ય છે,...**' દૃષ્ટિમાંથી એને કાઢી નાખવા લાયક છે.

'**કારણ કે વ્યવહારચારિત્ર હોતું થકું...**' એટલે છે તો ખરું એમ કહે છે. પણ '**દુષ્ટ છે,...**' એ શુભ વ્યવહાર નિશ્ચયચારિત્ર હોય ત્યાં વ્યવહાર હોય, એ વ્યવહાર દુષ્ટ છે. '**વ્યવહારચારિત્ર હોતું થકું...**' વિકલ્પ છે, શુભ પરિણામ. જુઓ! એકલું લીધું. પહેલું ભાઈ બે લીધું હતું. '**શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે તે કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી.**' ત્યાં બે વાત લીધી હતી. અહીં એકલું લીધું '**કારણ કે વ્યવહારચારિત્ર...**' એ શુભપરિણામની વાત એકલી લીધી. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનો વિકલ્પ જે ઉઠે એવું વ્યવહાર(ચારિત્ર) અથવા વ્યવહાર સમિતિ, વ્યવહાર ગુપ્તિ, વ્યવહાર જ્ઞાન, વ્યવહાર દર્શન, વ્યવહાર ચારિત્ર વગેરે. સમજાણું? એ શ્રદ્ધા વગેરે. એ '**વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે.**'

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એને દુષ્ટ ક્યાં કહે છે? પરિણામને દુષ્ટ કહે છે. વ્યક્તિને ક્યાં કહે છે? .. બતાવે. આઠ પડિમાના વિકલ્પ ઉઠે છે એ કહે છે કે દુષ્ટ વ્યવહારચારિત્ર છે. ધન્યકુમારજી! ભગવાન!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઝેર છે. એ અહીં નહિ કહે, આગળ કહેશે. અહીં તો અધિકાર પુણ્ય (પાપનો છે). ઘાતક છે, વ્યભિચાર છે, અણાચાર છે. ઘણા બોલ છે. ૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૧૩ કાઢ્યા હતા એક ફેરી. સમજાણું? એક ફેરી કાઢ્યા હતા ને ઘણા વર્ષ પહેલાં? બીજી સાલ, ૨૦૦૨. સમજાણું? કાઢ્યું જુઓ! આ બધું આખું પાનું ભર્યું છે. જુઓ! પુણ્ય કહેવું, કુશીલ કહેવું, ધુર્ત કહેવું, અભિસારી કહેવું, સમજાય છે? પુણ્યોનું પ્રશ્નાયતન કહેવું. સમજ્યાને? એવું બધું. ઘણા બોલ લીધા છે. કુશીલ કહેવું, વિષ કહેવું, આકુળતા કહેવું, દુઃખ કહેવું, રાગ કહેવું, વિકાર, અશુદ્ધ, વિભાવ, તિરસ્કાર, તિરસ્કારણી. ૧૯ ગાથામાં આવે છે ને? તિરસ્કાર કરનારા છે. આત્માના સ્વભાવને તિરસ્કાર કરનારા છે. ૧૦૭ બોલ લીધા છે. એક ફેરી એક દિ' આખું પાનું ભર્યું હતું, નહિ? છાપામાં આવી ગયું છે આપણે. એક ફેરી એકાંતમાં બેઠા હતા ને વિચાર કરતા આના શુભના બોલ લખ્યા છે બધા. કૃત્રિમ છે, બેસ્વાદ છે, કર્મવિપાક છે, ક્લેશ છે, વિપરીતભાવ છે, અધ્રુવ છે, અનિત્ય છે, ઉદયભાવ છે, ભાવકર્મ છે, પરદ્રવ્ય છે, આસ્રવ છે, ઉપાધિભાવ. બોલ ૧૦૭ કાઢ્યા છે. સમજ્યાને? ઘણા છે એમાં, આખુ પાનું છે.

**શ્રોતા :-** બધા શુભના નામ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધા શુભના નામ છે એ.

**શ્રોતા :-** છે તો બેયના નામ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બેયના નામ છે. બેય ભેગા છે ને. અહીં તો પાછું ખાસ અહીં અટકે છે ને. અટકે છે એટલે અહીં વાત લીધી.

ભાઈ! આત્મા શુદ્ધ સ્વરૂપ ભગવાન એનું અવલંબન લઈને જેટલી પરિણતિ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ નિર્મળ થઈ એટલી તે અદુષ્ટ છે, ઈષ્ટ છે અને અઘાતક છે, શાંતિનું કારણ છે. પરિણતિ સાચી એ શાંતિનું કારણ છે. એની સામે આ ભાવ જે છે એ દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે. આત્મશાંતિનું ઘાતક છે, આત્મશાંતિ ઈષ્ટ છે, એ અનિષ્ટ છે, આત્મશાંતિ શ્રદ્ધા, જ્ઞાન એ અદુષ્ટ છે, આ દુષ્ટ છે. બેય આમ છે. આ છે એનાથી આ વિરુદ્ધ છે. હવે એને જરી ઉપમા આપી વ્યવહારની અને ઓલો અશુભ ભેગો નાખી દે છે હવે.

'**તેથી વિષય-કષાયની માફક...**' અશુભ પરિણામની પેઠે, વિષય-કષાયના અશુભ પરિણામની પેઠે '**ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે એમ કહે છે—**' સાધારણ જનતાને (આકરું લાગે). સત્ય તો એવું છે, સત્ય તો એવું છે. એને કાંઈ આ પક્ષપાતની વાત નથી. ભગવાન ત્રિલોકનાથના મુખમાં એ વાણી એવી જ આવી છે. વીતરાગસ્વરૂપ માર્ગ છે આ. વીતરાગમાં રાગ એ કેમ શાંતનું કારણ હોય? ઓહોહો..! વિઘન છે, વ્યભિચાર છે. એ આમ જ્યારે કરે ત્યારે એય ઓલામાં નથી આવ્યું? એ આવ્યું હતું પદ્મનંદીમાં કે શાસ્ત્રમાં જતી બુદ્ધિ

તેને વ્યભિચારિણી કહીએ છીએ. ત્યાં કહે, એય..! વાણીને વ્યભિચારીણી કહે છે. ભગવાન! સાંભળ બાપા! શાંત થા. વાણી તો જ્ઞેય છે.

અહીંયાં તો પરિણામ એમાં જાય એ પરિણામ શુભને પણ વ્યભચારી કહી છે. એ બુદ્ધિને વ્યભિચારી કહી. એ ઘરનું ઘર છોડીને પરમાં ગઈ. હવે આ કહે છે કે એ શાસ્ત્રનો સ્વાધ્યાય કરતા કરતા અસંખ્યગુણી નિર્જરા થાય. કોને પણ? એ તો સમ્યગ્દર્શનનું ભાન છે અંદર અને સ્વલક્ષે સ્વા-અધ્યાય સ્વમાં પણ ઘૂંટણ ચાલે છે, વ્યવહારે વિકલ્પ છે તો એને છે તો નિર્જરા સ્વના આશ્રયે સ્થિરતા થાય તેટલી પણ શુભવિકલ્પને પણ નિર્જરાનું નિમિત્ત ગણીને જયધવલ, જયધવલમાં એ લીધું છે કે શુદ્ધ અને શુભ વિના કોઈ નિર્જરાનો બીજો ઉપાય નથી. એ આ પ્રમાણ જણાવ્યું છે ત્યાં. બસ એ. એ તો બે કારણ અહીં છે એમ બે જણાવ્યા છે. ત્યાં વળી કહે, જુઓ! અહીં કીધું છે, શુભ અને શુદ્ધની નિર્જરા. ભાઈ! શુદ્ધથી નિર્જરા છે એને અનુકૂળ રૂપ નિમિત્તને વ્યવહાર ગણીને એને આરોપ દઈને એ પણ નિર્જરાનું કારણ એ પ્રમાણનું જ્ઞાન કરવા એ વાત કરી છે. જયધવલમાં છે શરૂઆતમાં. એ બધા આધાર એમાં આપે છે.

અરે..! ભગવાન! બાપુ! તને નિજઘરની પ્રીતિ લાગતી નથી એથી પરઘરની પ્રીતિ છૂટતી નથી. અને જ્યાં સુધી એનાથી કાંઈક લાભ થાય, એમ લાભ થાય ત્યાં સુધી રુચિ ત્યાંથી ખસશે કેમ? જેનાથી લાભ માને, બહિર્બુદ્ધિ, બહિર્વૃત્તિ, તો એમાં લાભ માને તો અંદરમાં જાશે કેમ? ત્યાં જ પડી રહે છે બુદ્ધિ, અનાદિથી એમને એમ છે. ગુલાંટ ખાઈ ગઈ કે લાભ દાયક નથી. બહિર તરફની વૃત્તિ શુભ હો કે અશુભ હો.

અંતર ભગવાન શુદ્ધ ચૈતન્ય પ્રભુ, એનું અવલંબન લેતા જે મોક્ષની પર્યાય મોક્ષના કારણની દશા શુદ્ધ થાય, બસ! એ સમ્યગ્દર્શન થયું, એની સાથે સમ્યગ્જ્ઞાન થયું, એની સાથે સ્વરૂપાચરણ થયું એ તો એ મોક્ષનો માર્ગ શરૂ થઈ ગયો. ભલે ત્રણ કષાયના વિકલ્પો હો, ચોથે ગુણસ્થાને. છતાં જેટલી શુદ્ધ પરિણતિ તેટલો જ મોક્ષમાર્ગ છે. અશુદ્ધ છે એ તો બંધનો માર્ગ છે.

'**તેથી વિષય-કષાયની માફક...**' એ અશુભ પરિણામની પેઠે. બીજી ભાષાએ કહીએ તો. બંધની અપેક્ષાએ તો સરખું છે કે નહિ? મોક્ષમાર્ગની એ અપેક્ષાએ. ઓલામાં કષાય મંદ છે, ઓલામાં તીવ્ર છે એ ફેર છે વ્યવહારે. પણ અહીં અબંધ પરિણામની અપેક્ષાએ પરિણામ બેય બંધના છે. માટે અશુભ જેમ બંધનું કારણ છે એમ શુભ બંધનું કારણ (છે) એમ કહ્યું છે. રાગની મંદતા ને તીવ્રતા બેની અપેક્ષાએ લે તો ઓલામાં મંદ કષાય છે અને ઓલામાં તીવ્ર છે. એ વાત નથી અત્યારે. અહીં તો અબંધ પરિણામ આત્માના, અબંધ પરિણામ કહો કે મોક્ષનો માર્ગ કહો. અબંધસ્વરૂપી દ્રવ્ય એને આશ્રયે થતાં અબંધ પરિણામ, અબંધ પરિણામ એટલે મોક્ષનો માર્ગ, એ જ અબંધ પરિણામ પૂર્ણ અબંધ એવો જે મોક્ષ

એનું કારણ થાય છે. સમજાણું કાંઈ? વચ્ચે આ શુભરાગ આવે, હો, હોતું થકું તો કહ્યું છે. હોતું નથી? છઠ્ઠે ગુણસ્થાને કુંદકુંદાચાર્યને હોય છે. પણ એ કષાયનો કણ ઓળંગીને સામ્યમાં જાઉં છું. સામ્ય મોહક્ષોભ રહિત. મોહરહિત તો દર્શનમોહરહિત કહ્યું. ક્ષોભ રહિત એટલે ચારિત્રના પરિણામ શુભાશુભ એનાથી રહિત કહ્યું. મોહક્ષોભ રહિત સામ્યતા, સમતા વીતરાગ એને હું અંગીકાર કરું છું. અને એ જ ઉપદેશ આપ્યો છે.

ચરણાનુયોગમાં કહ્યું ને? આ મોક્ષમાર્ગના કહેનારા અમે ઊભા. ચરણાનુયોગમાં ત્રીજા અધિકારમાં છે. સમજાણું કાંઈ? અમે આ મોક્ષમાર્ગના પ્રણેતા એમ શબ્દ છે. આ અમે ઊભા કે મોક્ષમાર્ગ કેવો હોય? એમાં વિકલ્પની જાતનું નિમિત્ત કેવું હોય? એ બધી અમને ખબર છે. એ વાત કહેનારા અમે ઊભા છીએ. એમ કહ્યું છે. ચરણાનુયોગમાં પહેલા અધિકારે. સમજાણું કાંઈ?

**'વિષય-કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે...'** ક્રિયા એટલે દેહની નહિ હોં! શુભ પરિણામ. **'એમ કહે છે.'** જુઓ! આનું મથાળુ બાંધ્યું ઓલા **'तत् निषिध्यते'**નું. **'तत् निषिध्यते'** છેને શબ્દ છેલ્લો? એનું એ મથાળું બાંધ્યું. **'એમ કહે છે—'** **'तत् निषिध्यते'** તે માટે **'શુભ-અશુભરૂપ કરતૂત નિષેધ્ય અર્થાત્ ત્યજનીય છે.'** ત્યાંથી લીધું હતું ને ઓલાપણે? કે કરવાયોગ્ય નથી પણ વર્જવાયોગ્ય નથી એમ છે? ના. **'मोक्षहेतुतिरोधायिभावत्वात्'** જુઓને! **'तिरोधायिभावत्वात्'** **'तत् निषिध्यते'** મોક્ષહેતુ ભાવ એનાથી અનેરો ભાવ છે માટે નિષેધ છે.

**'શુભ-અશુભરૂપ કરતૂત નિષેધ્ય અર્થાત્ ત્યજનીય છે. કેવું હોવાથી નિષિદ્ધ છે?'** **'मोक्षहेतुतिरोधानात्'** **(मोक्ष)** નામ **'નિષ્કર્મ-અવસ્થા,...'** ટૂંકી વ્યાખ્યા. મોક્ષ એટલે નિઃકર્મ અવસ્થા. પૂર્ણ શુદ્ધ નિઃકર્મ અવસ્થા. **'તેનું...'** **(हेतु)** નામ **'કારણ છે...'** કોણ? **'જીવનું શુદ્ધરૂપ પરિણમન,...'** જીવનું શુદ્ધરૂપ પરિણમન. ભગવાન આત્મા પવિત્રધામ એનું શુદ્ધરૂપી પરિણમન, **'તેનું...'** **'तिरोधानात्'** **'ઘાતક છે,...'** એ શુદ્ધ પરિણમનનું ઘાતક એ શુભભાવ છે. ઘાતક શબ્દ ઓલો **'तिरोधानात्'**નો અર્થ કર્યો એમણે. સમજાણું કાંઈ? **'तत् निषिध्यते'**માં વર્જવાયોગ્ય કહ્યું.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. ઘાતક છેને, એ ઘાતક છે. સ્વરૂપના શુદ્ધને ઘાત કરે છે. વ્યભિચાર છે એમ નથી કહ્યું નિર્જરાના અધિકારમાં? ૨૦૩ ગાથા. એ વ્યભિચાર છે, અન્યભાવ છે એ. એ બધા વિકલ્પો હો, પણ અસ્થાન છે, સ્થાતાનું સ્થાન નથી. જેને ઠરવું હોય એનું એ સ્થાન એ નથી, શુભ વિકલ્પ નથી. ઠરવાનું સ્થાન તો ભગવાન શુદ્ધ આત્મા છે. સમજાણું કાંઈ?

**'તેથી કરતૂત નિષિદ્ધ છે.'** શુદ્ધ પરિણમનરૂપ જે મોક્ષના હેતુરૂપ પરિણામ એનાથી **'तिरोधानात्'** એ આ પરિણામ ઘાત કરે છે એ માટે તે કરતૂતી દૃષ્ટિમાં નિષેદ્ધ છે.

**'વળી કેવું હોવાથી?' 'स्वयम् एव बन्धत्वात्' 'પોતે પણ બંધરૂપ છે.'** એ શુભ વિકલ્પ છે એ પોતે બંધભાવસ્વરૂપ જ છે. ભાવબંધસ્વરૂપ જ એ છે. ભગવાન મોક્ષસ્વરૂપ છે તો શુભભાવ બંધસ્વરૂપ છે. સમજાણું કાંઈ? આત્મા મોક્ષસ્વરૂપ છે શુદ્ધાત્મા, ત્યારે શુભવિકલ્પ એ બંધસ્વરૂપ છે. બે ભાગલા જ જુદી જાતના પડી ગયા. સમજાણું આમાં? હવે આને માણસને એકાંત લાગે તો ભગવાન પાસે પૂછો. ભગવાનને જાવ. ભગવાન તો આમ તો કહે છે અને વસ્તુ એમ છે. ભગવાન પાસે જાય ક્યાંથી? એમ ઓલા કહે છે ને કે આપણે હમણા પરિણામ કરો ચારિત્રના—આ વ્યવહારચારિત્રના. પછી જાશું સ્વર્ગમાં, પછી જાશું ભગવાન પાસે. ત્યાં પામશું સમકિત. એમ લખે છે. એક ચોપડી છાપીને આવી હતી બહારથી.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમ કે શુભ પરિણામ કરો, વ્યવહાર પાળો, વ્રત પાળો, નિયમ પાળો, આચરણ કરો, એનાથી સ્વર્ગમાં જશે અને સ્વર્ગમાં જાશે (તો) ભગવાન પાસે જાશે સીમંધર ભગવાન પાસે. લ્યો ઠીક! શુભ પરિણામ તો અનંત વાર કર્યા, અનંત વાર ગયો ભગવાનના સમવસરણમાં એ.

**શ્રોતા :–** આવા પરિણામથી જાય ક્યાંથી?

**પૂજ્ય ગુરુદ્દેવશ્રી :–** હા. સમજાણું કાંઈ?

**'स्वयम् एव बन्धत्वात्'** શું છે? એ શુભપરિણામ તો **'પોતે પણ બંધરૂપ છે.'** આહાહા..! દૃષ્ટિને જીલવી, વિપરીત દૃષ્ટિને નિષેધ કરવી, ઘણો અનંત પુરુષાર્થ છે. પણ એ લોકોને એનું વજન, એનો ખ્યાલ નથી આવતો. શ્રદ્ધાનું સ્વરૂપ શું છે ને. આ કાંઈક આચરણ કર્યું અને આ ત્યાગ કર્યો ને આ કર્યું. અધિક માન્યું એણે. પણ રાગથી રહિત અધિક સ્વભાવને જાણીને દૃષ્ટિનો અનુભવ એ મહાન અધિક છે એની કિંમત નથી. સમજાણું કાંઈ? .. નથી આવતું? રત્નકરંડ શ્રાવકાચાર (શ્લોક-૩૩). ગૃહસ્થમાં રહેલો પણ આત્મદર્શી જીવ મોક્ષમાર્ગે છે. અને અણગાર થયેલો મિથ્યાદૃષ્ટિ મૂઢ મોક્ષમાર્ગથી વિરુદ્ધમાં છે. આવે છેને?

**શ્રોતા :– गृहस्थो मोक्षमार्गस्थो निर्मोहो नैव मोहवान्। अनगारो गृही श्रीयान् निर्मोहो मोहीनो मुनेः।।**

**પૂજ્ય ગુરુદ્દેવશ્રી :–** હા એ. હેતુ આ બતાવવો છે. ભાઈ!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ન હોય? તો આ શું કીધું? રત્નકરંડ શ્રાવકાચારમાં કહ્યું. રત્નકરંડ શ્રાવકાચારમાં કહ્યું **'गृहस्थो मोक्षमार्गस्थो निर्मोहो'**.

**શ્રોતા** :- 'नैव मोहवान्।'.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા. ગૃહસ્થાશ્રમમાં રહ્યો છે પણ ગૃહસ્થાશ્રમની દૃષ્ટિ નથી.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા. અઠ્યાવીશ મૂળગુણનો પાળનાર હોય પણ મોહી છે. એમાં એની દૃષ્ટિ છે અને એમાં એ કર્તૃત્વ માને છે તો એ મિથ્યાદૃષ્ટિ છે, મોક્ષમાર્ગથી દૂર બંધને માર્ગે પડેલો છે. ગૃહસ્થાશ્રમમાં બે કષાયનો અભાવ, સ્વભાવનો આશ્રય, શુદ્ધ પરિણતિ ઊભી થઈ થોડી, તોપણ તે મોક્ષને માર્ગે છે. કહો, સમજાણું આમાં? એ અપરાધ છે. શુભભાવ એ અપરાધ છે એમ ન આવ્યું આમાં? પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. ૨૨૦ ગાથામાં આવ્યું. શુભભાવ પણ અપરાધ છે. એમ નથી કહ્યું કે કર્મને લઈને છે. તારો અપરાધ છે. એની ૨૨૦ ગાથા. ૨૨૨મી આ. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમ હોય અજ્ઞાનીને. અહીં તો શુભ.. હમણા ૧૧૦મા આવશે લાંબી. ૧૧૦ કળશ મોટો બે પાના ભર્યા છે. એ આવડું મોટું ભર્યું. જુઓ! ઓહોહો..! જ્ઞાની હો કે અજ્ઞાની, બાપા! જે કાંઈ વિકલ્પ ઉઠે તે કેમ આત્માને અમૃત હોય? સમજાણું? જેના ઘરમાં અમૃત ભર્યા, આ એનાથી ઊલટો વિકલ્પ ઉઠે એને અમૃત કેમ કહેવાય? કુશીલને કેમ કહેવાય (કે જે) સંસારમાં પ્રવેશ કરાવે? એને સુશીલ કેમ કહેવાય? આહાહા..! સમજાણું?

'**ભાવાર્થ આમ છે કે—જેટલું શુભ-અશુભ આચરણ છે તે બધું કર્મના ઉદયથી અશુદ્ધરૂપ છે,...**' અશુદ્ધ પરિણતિ છેને બેય? શુદ્ધ પરિણતિ ભગવાન આત્મા સમ્યક્ સત્યદર્શન, સત્યજ્ઞાન, સમ્યક્ સ્થિરતા એ શુદ્ધ પરિણતિ. એનાથી આ બધી શુભ-અશુભ પરિણામની અશુદ્ધ પરિણતિ. બે ભાગ (છે). '**તે બધું કર્મના ઉદયથી અશુદ્ધરૂપ છે, તેથી ત્યાજ્ય છે,...**' જુઓ! વ્રતનો વિકલ્પ પણ ઝેર છે. મોક્ષમાં ન કહ્યું? મોક્ષ અધિકારમાં. પંચાધ્યાયીમાં તો કહ્યું કે સમ્યગ્દૃષ્ટિ, વિકલ્પ છે કર્મજન્ય ઉપાધિ છે એ વ્રતનો વિકલ્પ. એને કેમ ઈચ્છે? એ તો ઝેર છે. એ તો ઝેરનો જે દાખલો મોક્ષ અધિકારમાં આવ્યો એ વાત કરી છે. એના ઘરની કાંઈ પંચાધ્યાયીમાં નથી વાત. સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય આદિમાંથી વાત લીધી છે. તત્ત્વાર્થસૂત્ર, તત્ત્વાર્થશ્રદ્ધાનમાં આવે છે ને એમાં આવે છે. આવે છે ને. બધું લઈને વાત કરી છે. તર્કથી વાત વિશેષ સ્પષ્ટ કરી છે. અધ્યાત્મ ગ્રંથ છે એટલે સામાન્યપણે સંક્ષેપમાં ઘણું ભરેલું છે.

અહીં કહે છે કે '**જેટલું શુભ-અશુભ આચરણ છે તે બધું કર્મના ઉદયથી અશુદ્ધરૂપ છે, તેથી ત્યાજ્ય છે,...**' એ શુભ વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપની વૃત્તિ એ આત્માને લાભદાયક નથી. છોડવાલાયક છે. ત્યારે કહે, છોડવાલાયક કહેશે તો અશુભ

કરશે. એય..! ..ચંદજી! કહો ને, શું કહે છે અહીં? દૃષ્ટિમાં તે હેય છે, ઉપાદેય ભગવાન શુદ્ધ આત્મા છે. છૂટે ક્યારે શુભ? એ તો શુદ્ધ ઉપયોગની સ્થિરતા થાય ત્યારે છૂટે. પણ દૃષ્ટિમાં એને હેય ન માને તો એનો સ્વભાવ તરફ રુચિ-વીર્ય જશે નહિ. સ્વભાવ ઉપર રુચિ નહિ થાય. એમ કહે અરે..! ત્યાજ્ય (કહે છે). આ પણ પોકાર તો કરે છે. ખાનગી નથી આ ગ્રંથ. સમયસારના કળશમાં પણ ટીકા એ બધી ભરી છે. **'ત્યાજ્ય છે, ઉપાદેય નથી.'** શુભપરિણામ સમ્યગ્દૃષ્ટિને આવે, મિથ્યાદૃષ્ટિને હો, બેય ત્યાજ્ય છે. ઉપાદેય નથી. શુભભાવ તે આદરણીય નથી.

**શ્રોતા :-** આટલી મહેનત કરીને હોંશ કરી હતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હોંશ કરી હતી ઘણી. પથરા ગોત્યા હતા. એ પંડિતજીને ખબર નહિ હોય ઈ. એક હતા શાસ્ત્રી નાગનેશમાં. એના ગામમાં. મલૂકચંદભાઈના પિતા છે ને? એના ગામમાં એક શાસ્ત્રી હતા. દિલ્લીમાં ભણાવતા હતા દિલ્હીમાં. જૈન પાઠશાળા. તો વાંઢા હતા. વાંઢા સમજ્યાને? સ્ત્રી નહોતી. લગ્ન નહોતા કર્યા અને દિલ્હીમાં પાઠશાળામાં ભણાવતા હતા. તો એના મોટા શેઠ હોય ઝવેરી લોકો સ્થાનકવાસી. આદર તો કરે ને? પધારો પંડિતજી. પધારો પંડિત કરે. એટલે એને એકવાર એવું થયું કે લાવને. આ હીરાના વેપારી છે. ત્યાં હતા ઈન્દરલાલજીને મોટા દિલ્હીના વેપારી પહેલા. કહે, લાવને ત્યારે. પછી નાગનેશ આવેલા. નાગનેશ એનું ગામ. તમારું ગામ. પછી ઓલા .. છે ને બહાર? .. એટલે ઝાડના નાના નાના છોડ થાય. નદીમાં ઓલા બાળેને જ્યાં બાળે છે. પછી ત્યાં દિશાએ જાય. માઈલ. એક માઈલ, દોઢ માઈલ જાય. નદી મોટી છે. ભાદર. રોજ ગોતતા.. ગોતતા.. ગોતતા... ગોતતા.. ગોતે એટલે શોધે. ઝીણા ઝીણા ધોળા પથરા ઉજળા. પત્થર સમજ્યાને કાંકરી. ઘણી ઉજળી... ઉજળી... ઉજળી... ધોળા... ધોળા... ધોળા.. એને એમ કે આમાંથી કોક હીરો નીકળશે. નાગનેશની નદીમાંથી. એટલે જંગલમાં જાય દરરોજ. કરતા સારા સારા ગોતી લાવે. શેર દોઢ શેર. મને કહ્યું હતું એણે હોં. શેર, દોઢ શેર કોથળી ભરી ઝીણા ઝીણા. કોક એકાદ હીરો નીકળી જશે તો પાંચસો-હજાર થઈ જશે.

એ લઈ ગયા ત્યાં દિલ્હી. ઓલાએ કીધું ઝવેરીએ પધારો પધારો પંડિતજી. કહે ઘણા દીથી. ભાઈ! હું મારા દેશમાં હતો. પણ એક વસ્તુ લાવ્યો છું કહે, શું છે? મૂકી ઓલી કોથળી. થોડા થોડા બહુ ઉજળા. સારા સારા ખૂબ અડધો કલાક બેસે, શોધે અંદર નદીમાં. પછી કહે આમાંથી કોઈ હીરો નીકળે એવું છે? એમ પંડિતજીએ કહ્યું. એટલે ઓલો કહે, લાવો જોઈએ આપણે. જોઈ તપાસતા-તપાસતા જોડે ઓસરી હોય ને ઓસરીની જોડે ઠલવી નાખ્યા. કહે પંડિતજી! આ હીરો તો નથી પણ હીરાના કાટલામાં કામ આવે એવું નથી આ. કાટલા સમજ્યા? તોલ-તોલ માપ. ચણોઠી હોય છે ને? ચણોઠી હોય છે. એ ચણોઠી ઘસાય

નહિ. એ તોલમાં કામ આવે. ચણોઠી અને હીરા પાંચ-પાંચ હજારના ઓલી હોય એમાં આ તે કાંઈ તોળાય? આ તોળવામાં પણ કામ ન આવે.

**શ્રોતા :-** બધા ધોયા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધા શું? આ કાંકરા નાગનેશની નદીમાં હીરા પાકતા હશે. આવા ને આવા. પાછો શાસ્ત્રી હોં! શાસ્ત્ર વાંચેલા આ બધું. દૃષ્ટિ ખોટી પણ શાસ્ત્ર વાંચેલા ઘણા. પણ પછી કહે, લ્યો પંડિતજી! આમાં તો તોલ કરવો આ બાજુ કાંટે એમાં પણ કામ આવે એવું નથી. અરે.. હાય.. હાય.. મારી મહેનત ગઈ. પણ મહેનત તે કાંઈ નદીના નાગનેશની નદીમાં હીરા પાકતા હશે? આવા ને આવા.

અજ્ઞાની રાગ અને પુણ્યમાં ક્યાંક હીરો હશે થોડોક. ક્યાંક હશે. ગોતાગોત ગોતી ગોતીને ભેગો કરીને લ્યો, ભગવાન પાસે બતાવીને (કહે), લ્યો આમાં હીરો છે? હાલ.. હાલ.. આમાં તો માપ કરવાનું જ્ઞાન પણ સમ્યક્ એમાં આવતું નથી. આહાહા..! બહુ પણ. મને પણ વાત કરી હતી હોં! કહે, મેં આવું કર્યું હતું પણ કાંઈ મળ્યું નહિ. લોભી બહુ હતા. બહુ લોભી. ત્રણ-ચાર હજાર રૂપિયા હતા. ખાધું નહિ. મરતા એમ ને એમ પડ્યા રહ્યા. બધા ઓળખીતા ઉપાડી ગયા એના ભત્રીજા ને.

અહીં કહે છે કે, ભાઈ! ભગવાન આત્મા ચિદાનંદ ચૈતન્ય હીરો એના પાસા અંદરમાં એકાગ્ર થઈને નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એ એની કિંમત. એ સિવાય જેટલો શુભભાવ કે અશુભભાવ થાય એ એનાથી મપાય પણ નહિ હીરો, જણાય પણ નહિ, જાણવાનું પણ જ્ઞાન બીજી ચીજ હોય. વિકલ્પથી જણાતો હશે? એનાથી લક્ષ થાતું હશે એમાં? એ શુભરાગ ત્યાજ્ય છે, ઉપાદેય નથી.

**'વળી કેવું હોવાથી?' 'मोक्षहेतुतिरोधायिभावत्वात्' 'સકળકર્મક્ષયલક્ષણ પરમાત્મપદ, તેનો હેતુ અર્થાત્ જીવનો ગુણ જે શુદ્ધચેતનારૂપ પરિણમન,...'** જુઓ અહીં ગુણ. ગુણ એટલે પરિણતિ, પર્યાય. છે? **'સકળકર્મક્ષયલક્ષણ પરમાત્મપદ,...'** મુક્તિ. **'તેનો હેતુ અર્થાત્ જીવનો ગુણ...'** ગુણ એટલે પર્યાય. **'જે શુદ્ધચેતનારૂપ પરિણમન,...'** એને ગુણ જ કહેવામાં આવે છે. શ્રદ્ધા-જ્ઞાન પરિણમન **'તેનું ઘાતનશીલ છે સહજ લક્ષણ જેનું—એવું છે, તેથી કર્મ નિષિદ્ધ છે.'** એ માટે તે કર્મ નિષેધ છે અને આદરવાલાયક નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત-૨૪૯૧, જેઠ વદ ૧૧, શુક્રવાર, તા. ૨૫-૬-૧૯૬૫, કલશ-૧૦૮-૧૦૯ પ્રવચન નં. ૮૦

આ કળશ ટીકા સમયસાર છે. પુણ્ય-પાપ અધિકાર છે. ૧૦૮ કળશ છે. વચમા ભાવાર્થ છે જુઓ. '**ભાવાર્થ આમ છે કે જેમ પાણી સ્વરૂપથી નિર્મળ છે,...**' પાણીનો સ્વભાવ તદ્દન નિર્મળ છે. '**કાદવના સંયોગથી મેલું થાય છે—**' કાદવની સંગે એ મેલું થાય છે. પર્યાયમાં હોં! '**પાણીના શુદ્ધપણાનો ઘાત થાય છે,...**' પાણીની નિર્મળ અવસ્થા પ્રગટ જે નિર્મળ જોઈએ એ કાદવના સંગે ઘાત થાય છે. '**તેમ જીવદ્રવ્ય...**' ભગવાન આત્મા અંતર સ્વભાવ '**સ્વભાવથી સ્વચ્છરૂપ છે—**' સ્વચ્છ સ્વચ્છ. ઓલો પાણીનો દાખલો આપ્યોને. અંતર એનો સ્વભાવ જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ એટલે ચારિત્ર વગેરે. સ્વચ્છતા પણ એક એનો ગુણ છે. પ્રભુતા આદિ અનંતગુણસ્વરૂપ એનો સ્વભાવ તો સ્વચ્છ છે.

શું સ્વચ્છ છે? કે '**કેવળજ્ઞાન-દર્શન-સુખ-વીર્યરૂપ છે,...**' એનું સ્વરૂપ તો એકલું જ્ઞાન, એકલું જ્ઞાન કેવળ એટલે. એકલું જ્ઞાન, એકલું દર્શન, એક આનંદ અને એક વીર્યરૂપ. એવું એનું કાયમ ત્રિકાળી અનંત ચતુષ્ટયસ્વરૂપ શુદ્ધ સ્વરૂપ છે. સમજાણું? '**તે સ્વચ્છપણું...**' એ નિર્મળપણું એનો સ્વચ્છ સ્વભાવ છે. પર્યાયે પ્રગટ થવું જોઈએ એને ઠેકાણે સ્વચ્છપણું... '**વિભાવરૂપ અશુદ્ધચેતનાલક્ષણ...**' જુઓ! વિકારરૂપ, વિભાવરૂપ અશુદ્ધચેતના, કર્મચેતના કે કર્મફળચેતના એવો મલિન ચેતનાલક્ષણરૂપ '**મિથ્યાત્વ-વિષય-કષાયરૂપ પરિણામથી મટ્યું છે;...**' અશુદ્ધચેતના પુણ્ય અને પાપ. અહીં પુણ્ય-પાપ અધિકાર છે એટલે પુણ્ય અને પાપ એવું કાર્ય મલિન, એમાં એકાકારતા એવી ભ્રાંતિ એને લઈને શુદ્ધ સ્વરૂપ અનંત ચતુષ્ટય હોવા છતાં પર્યાયમાં ઘાત થઈ રહ્યો છે. કહો, સમજાણું કાંઈ?

'**મિથ્યાત્વ-વિષય-કષાયરૂપ પરિણામથી...**' એની સ્વચ્છતા પર્યાયમાં સ્વભાવ છે એવો પ્રગટ પર્યાય હોવો જોઈએ. એ પર્યાયમાં વિભાવ મિથ્યાત્વ વિષય-કષાયને કારણે મટ્યું છે, શુદ્ધપણું મટ્યું છે. પર્યાયમાં શુદ્ધપણું નથી અનાદિનું. '**અશુદ્ધ પરિણામનો એવો જ સ્વભાવ છે...**' મલિન પુણ્ય-પાપના ભાવ. અહીં પુણ્ય-પાપનો ભાવ તે અશુદ્ધ પરિણામ. '**એવો જ સ્વભાવ છે કે શુદ્ધપણાને મટાડે;...**' શુદ્ધ પર્યાય પ્રગટ થાય નહિ. અશુદ્ધ પર્યાય પ્રગટ થાય ત્યાં શુદ્ધ પર્યાય પ્રગટ ન થાય એનું નામ મટ્યું એમ કહેવામાં આવે છે. કાંઈ હતી શુદ્ધ અને મટાડે છે એમ નથી. સમજાણું કાંઈ?

'**અશુદ્ધ પરિણામનો એવો જ સ્વભાવ છે કે શુદ્ધપણાને મટાડે; તેથી સમસ્ત કર્મ નિષિદ્ધ છે.**' કર્મ શબ્દે શુભાશુભ પરિણામ અથવા બંધનરૂપ શુભ-અશુભ કર્મ એ બધોય સ્વભાવની દૃષ્ટિ માટે નિષેધ છે. કહો, સમજાણું? જેને આત્મશાંતિ જોઈતી હોય અથવા પૂર્ણ નિર્મળ મોક્ષદશાને ઉપાદેય તરીકે અનુભવવી (એમ) દૃષ્ટિમાં હોય તો એણે આ શુભાશુભ પરિણામ, અશુદ્ધ પરિણામનો લક્ષ અને નિષેધ (કરી), એનું લક્ષ છોડીને સ્વભાવનો આશ્રય કરવો એ જ આત્માને શરણભૂત છે. કહો, સમજાણું કાંઈ? કોઈને એમ થઈ જાય કે આ તો ભારે પણ ભાઈ શબ્દો.

અનિષ્ટ ને દુષ્ટ ને આવ્યું હતું ને એમાં? ઘાતક ને. એ તો પાઠમાં છે ને. પાઠના શબ્દો (છે). '**मोक्षहेतुतिरोधानात्**' બસ! '**मोक्षहेतुतिरोधायिभावत्वात्**' એ તો ભાવને ઘાત કરે છે અને ભાવથી વિરુદ્ધ ભાવને ઉત્પન્ન કરે છે. સ્વભાવભાવથી વિરુદ્ધ ભાવને ઉત્પન્ન કરે છે એ. માટે તે ભાવ સ્વભાવભાવની દૃષ્ટિ કરવાને માટે કરનારને, અંતર દ્રવ્યસ્વભાવ શુદ્ધ પૂર્ણ છે એનો આશ્રય કરનારને તેનું લક્ષ છોડવું. છોડવું એ છોડ્યું કહેવામાં એ નિષેધ કરવામાં આવ્યું એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

'**ભાવાર્થ આમ છે કે—કોઈ જીવ ક્રિયારૂપ યતિપણું પામે છે,...**' અહીં મુનિપણાના મુખ્યપણાની વાત છે. કોઈ જીવ દયા, દાન, વ્રત, ભક્તિ, પંચ મહાવ્રત આદિના પરિણામ એવી '**ક્રિયારૂપ યતિપણું પામે છે, તે યતિપણામાં મગ્ન થાય છે...**' અઠ્ઠાવીશ મૂળગુણના વિકલ્પો ઉદયભાવ જે સ્વભાવમાં નથી એને પ્રગટ કરીને એમાં મગ્ન નામ લીન—એકાગ્રતા થાય છે. અને માને છે કે જુઓ! '**અમે મોક્ષમાર્ગ પામ્યા,...**' કહો, સમજાણું? અમે ક્રિયા કરીએ છીએ. કાંઈ દુકાને બેઠા નથી. બાયડી-છોકરા સાથે બેસતા નથી, હીંડોળે હીંચકતા નથી. અમારે માટે કરેલો આહાર લેતા નથી, અમે આ ક્રિયાઓ કરીએ છીએ એ '**અમે મોક્ષમાર્ગ પામ્યા,...**' છૂટકારો અમને મળી જશે એમ કેટલાક માને છે. '**જે કાંઈ કરવાનું હતું તે કર્યું;...**' કરવાનું તો આ હતું અમારે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કમાવું, વ્યાજબુદ્ધિ એ બધી છોડીને અમે તો આ લઈને બેઠા છીએ. હવે અમારે મોક્ષમાર્ગ થઈ જશે.

**શ્રોતા** :- મોક્ષમાર્ગને પામ્યા છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પામ્યા.

**શ્રોતા** :- આવું ક્યાંથી કાઢ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ પાઠમાંથી કાઢ્યું. શું કીધું? '**मोक्षहेतुतिरोधानात्**' અને '**मोक्षहेतुतिरोधायिभावत्वात्**' '**निषिध्यते**' એમાંથી કાઢ્યું છે. ઘરનું નથી કાઢ્યું. વિસ્તાર કર્યો છે. શબ્દ એના ઘરનો એકેય નથી. મોક્ષના હેતુનું '**तिरोधानात्**' ઘાતનશીલ અને મોક્ષના

હેતુથી વિપરીત ભાવ. આ બે પાઠ પાઠમાં પડ્યા છે. શું કીધું સમજાણું? આચાર્ય પોતે એના પાઠને બોલે છે. ઘરનું નથી લખ્યું અંદર આવું લખ્યું એ. એમ કે ઘરનું..

મોક્ષનો હેતુ કોણ? કે આત્માનો શુદ્ધ સ્વભાવ એની શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા નિર્વિકલ્પ પરિણતિ એ મોક્ષનો હેતુ, એને આ શુભાશુભ પરિણામ તે ઘાતક છે. ઘાત કરનારા (છે) માટે તેનો નિષેધ છે. એક વાત. બીજી વાત. **'मोक्षहेतुतिरोधायिभावत्वात्'** મોક્ષના કારણરૂપ અંદર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણામ, એનાથી ઊલટા પરિણામરૂપ ભાવ છે. છે કે નહિ? આમાં જુઓને! **'मोक्षहेतुतिरोधायिभावत्वात्'** અને **'मोक्षहेतुतिरोधानात्'** **'स्वयम् एव बन्धत्वात्'** માટે **'निषिध्यते'** કહો, સમજાણું કાંઈ? વાત તો એવી માણસને સત્ય વસ્તુ છે એવી કે એણે આમ માનેલું હોય એને આમ ટક્કર લાગે, ટક્કર લાગે. હાય.. હાય..!

એ પરિણામ તો એને શુભકાળે આવશે. આવ્યા વિના રહે નહિ. ક્યાં વીતરાગ થઈ ગયો છે? એમ અજ્ઞાનીને શુભભાવ તો આવશે એને કાળે, પણ જેની દૃષ્ટિમાં સ્વભાવ દૃષ્ટિ લીધી નથી અને એ પરિણામમાં જ અટકીને મોક્ષમાર્ગ માને છે, તો કહે છે કે ભાઈ! એ તો નિષેધ કરવા લાયક છે. કારણ કે એ તો બંધભાવ છે. મોક્ષના હેતુનો ઘાત કરનારો બંધભાવ છે. અને મોક્ષના હેતુથી વિરુદ્ધરૂપ ભાવ છે. એ ભાવ તો નિષેધવા જ લાયક છે. એમ તો આચાર્ય પોતે અમૃતચંદ્રાચાર્યે કહ્યું અને પાઠમાં એ છે. જે સંસારમાં પ્રવેશ કરાવે એને સુશીલ કેમ કહેવાય? એનો અર્થ શું છે? કુશીલ છે.

**શ્રોતા :-** યતિપણું તે મોક્ષમાર્ગ છે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** યતિપણું ભાવયતિપણું. આ ક્રિયાનું યતિપણું લીધું છે. ભાવયતિપણું. સ્વરૂપ શુદ્ધ, એની યતના, જતના, જયણા, શુદ્ધ સ્વભાવની યતના એની સાવધાની દૃષ્ટિની, જ્ઞાનની લીનતા એ યતિપણું તો મોક્ષનું કારણ છે. આ ક્રિયારૂપ યતિપણું. કહો, સમજાણું? એ પછી શબ્દ મૂકશે જુઓ!

પહેલું કહે (છે), **'કોઈ જીવ ક્રિયારૂપ યતિપણું પામે છે,...'** એમ ભાષા ચોખ્ખી કરી છે ને. પહેલો ખુલાસો આવી ગયો છે ને કે ભઈ એક ચારિત્ર શુભક્રિયારૂપ છે અને એક છે તે સ્વરૂપાચરણરૂપ છે. એ પહેલું આવી ગયું છે ૮૮માં, ૮૯માં. ૮૮માં સ્વરૂપાચરણ છે. એ બે ગાથા આવીને પછી આ વાત મૂકી છે કે એક તો સ્વરૂપાચરણરૂપ ચારિત્ર, શુદ્ધ સ્વરૂપના આચરણરૂપ ચારિત્ર. અંદર શુદ્ધ ભગવાન આત્મામાં દર્શન-જ્ઞાન સહિતની એકાગ્રતા એવું જે સ્વરૂપાચરણચારિત્ર એ તો મોક્ષનું કારણ છે અને શુભક્રિયારૂપ જે આચરણ એ બંધનું કારણ છે. બે ગાથામાં તો **'वृत्तं कर्मस्वभावेन'** ઓલામાં **'वृत्तं ज्ञानस्वभावेन'** એ શબ્દો બે ગાથા આવ્યા પછી આ ત્રીજી ગાથા છે.

એમાં એ ખુલાસો કર્યો કે **'કોઈ જીવ ક્રિયારૂપ યતિપણું પામે છે,...'** બાયડી, સ્ત્રી,

કુટુંબ છોડી, અઠ્યાવીશ મૂળગુણ પાળે, એને માટે આહાર કરેલો લે નહિ વગેરે વગેરે દયાના ભાવ પાળે, હિંસાના છોડે પણ દૃષ્ટિમાં વસ્તુ શું છે એવું સમ્યગ્દર્શનનો બોધ તો થયો નથી. એટલે એ શુભક્રિયામાં જ મુનિપણું માને, યતિપણું માને છે. '**તે યતિપણામાં મગ્ન થાય છે...**' આમ વસ્તુની મગ્નતા નથી. સ્વરૂપની દૃષ્ટિ નથી ચિદાનંદ એટલે રાગથી છૂટીને, રાગના વિકલ્પથી વિરક્ત થઈને સ્વરૂપમાં રક્ત થાય, શુભાશુભ પરિણામથી વિરક્ત થઈને સ્વરૂપમાં રક્ત થાય એ તો દૃષ્ટિ છે નહિ. '**યતિપણામાં મગ્ન થાય છે કે—અમે મોક્ષમાર્ગ પામ્યા,...**' હવે અમારે મોક્ષમાર્ગ મળ્યો. '**જે કાંઈ કરવાનું હતું તે કર્યું; તેથી તે જીવોને સમજાવે છે કે યતિપણાનો ભરોસો...**' જુઓ! યતિપણાનો ભરોસો એટલે? ઓલી ક્રિયારૂપ યતિપણું. પહેલો ખુલાસો કરી ગયા છે. ક્રિયારૂપ '**યતિપણાનો ભરોસો છોડીને શુદ્ધ ચૈતન્યસ્વરૂપને અનુભવો.**' એ વિના મોક્ષનો માર્ગ ક્યાંય નથી. સમજાણું કાંઈ?

કહે છે એક જણ સામે, કે આ દિગંબરો તો બધી ઊંચી ઊંચી વાતું કરે છે. પણ કેમ ચડવું પહેલું હળવે હળવે રાગ મંદ કરીને એવી વાત જ કરતા નથી. ૬૪ પુસ્તકમાં. ૮૪ બોલ છે ને? એમાં લખ્યું છે એ, ખંડન કર્યું છે એમાં. આમ વાતું મોટી મોટી કરે કે આમ શુદ્ધ થાય.. આમ શુદ્ધ થાય. પણ હળવે હળવે ચડે કેમ એ તો રસ્તો બતાવતા નથી. એવી ટીકા કરી છે. ભાઈ! હળવે હળવે કહે કે ઉતાવળે ઉતાવળે કહે. માર્ગ તો શુદ્ધ ભગવાન આત્માને અવલંબવું, એનો આશ્રય કરવો એ એક જ માર્ગ ત્રણ કાળ ત્રણ લોકમાં છે. ત્રણ કાળ ત્રણ લોકમાં એટલે નરકમાં પણ એ રીતે છે, દેવમાં પણ એ છે, તીરછા લોકમાં મનુષ્ય અને પશુમાં પણ એ છે. અસંખ્ય શ્રાવકો પડ્યા છે સમકિતી અઢી દ્વીપ બહાર. મનુષ્યો લાખો, કરોડો સમકિતી હોય છે મહાવિદેહક્ષેત્ર આદિ. સમજાણું કાંઈ? અસંખ્ય દેવ છે, અસંખ્ય નારકીઓ છે, અસંખ્ય પશુ અને અસંખ્યાત મનુષ્ય. બધાનો એક જ માર્ગ છે. સ્વસ્વભાવની વાસ્તવિકતાની મહત્તા, એની કિંમત, બહુમાન થઈને એમાં એકાગ્ર થવું અને વિકલ્પનું બહુમાન ઉડાવી દેવું. આવે તો છે. નથી આવતું તો અહીં નિષેધ કોનો કર્યો? નિશ્ચયથી મુનિને પણ પંચ મહાવ્રતના પરિણામ, અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ, ભગવાનનું વંદન આદિ નથી આવતું? ભગવાનનું વંદન, ગણધરો પણ વંદન કરે, ભક્તિ કરે, સ્તુતિ કરે. કેટલી લ્યો સમંતભદ્રે તો કેટલી સ્તુતિ ભગવાનની કહી. વળી એમ કહે પ્રભુ! અમને તો સ્તુતિનું વ્યસન થયું છે.

**શ્રોતા :-** અમને ભક્તિનું વ્યસન થયું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યસન થયું છે એમ પણ કહે. શુભભાવની લાગણી આવે છે કે નહિ? આવે. પણ વાત એ છે કે એની દૃષ્ટિમાં જો એનો જ એકલો આદર રહે તો આખો ચૈતન્ય શુદ્ધનો અનાદર થઈ જાય છે. કહો, સમજાણું?

**શ્રોતા :-** ઊંડા પાણીમાં હોય પછી છિછરા પાણીમાં આવે કે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છીછરું પાણી જ છીછરું છે. ઊંડું બીજું છે જ નહિ. ઊંડું-છીછરું કહે તો આ જ છે.

અહીં તો કહે છે, **'તેથી તે જીવોને સમજાવે છે કે યતિપણાનો...'** ક્રિયાપણાનું યતિપણું, પંચ મહાવ્રત, આ ખાવું ને આ પીવું, સવાર-સાંજ આમ ભગવાનને આ દિશાએ વંદન કરું, ચારેય દિશાએ વંદન કરે છે ને ક્રિયામાં? ઈચ્છામી સમા સમણો.. વગેરે વગેરે ક્રિયા જે હોય એનો ભરોસો છોડ, એને ભરોસે કલ્યાણ (થશે) એમ છોડી દે. **'શુદ્ધ ચૈતન્યસ્વરૂપને અનુભવો.'** ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય એને અનુસરો, એને અનુભવો, એને અનુસરો અને એને અનુભવો. સમજાણું? એ ૧૦૮ થઈ. ૯મો કળશ થયો એ પુણ્ય-પાપનો.

---

(શાર્દૂલવિક્રીડિત)

संन्यस्तव्यमिदं समस्तमपि तत्कर्मैव मोक्षार्थिना
संन्यस्ते सति तत्र का किल कथा पुण्यस्य पापस्य वा।
सम्यक्त्वादिनिजस्वभावभवनान्मोक्षस्य हेतुर्भवन्-
नैष्कर्म्यप्रतिबद्धमुद्धतरसं ज्ञानं स्वयं धावति।।१०-१०९।।

ખંડાન્વય સહિત અર્થ :—"मोक्षार्थिना तत् इदं समस्तम् अपि कर्म संन्यस्तव्यम्" (मोक्षार्थिना) સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ—અતીન્દ્રિય પદ, તેમાં જે અનંતસુખ તેને ઉપાદેય અનુભવે છે એવો છે જે કોઈ જીવ તેણે (तत् इदं) તે જ કર્મ જે પહેલાં જ કહ્યું હતું, (समस्तम् अपि) જેટલું---શુભ-ક્રિયારૂપ-અશુભક્રિયારૂપ, અંતર્જલ્પરૂપ-બહિર્જલ્પરૂપ ઈત્યાદિ કરતૂતરૂપ (कर्म) ક્રિયા અથવા જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલનો પિંડ, અશુદ્ધ રાગાદિરૂપ જીવના પરિણામ—એવું કર્મ તે (संन्यस्तव्यम्) જીવસ્વરૂપનું ઘાતક છે એમ જાણીને આમૂલાગ્ર (સમગ્ર) ત્યાજ્ય છે. 'तत्र संन्यस्ते सति" તે સઘળાય કર્મનો ત્યાગ થતાં "पुण्यस्य वा पापस्य वा का कथा" પુણ્યનો કે પાપનો શો ભેદ રહ્યો? ભાવાર્થ આમ છે કે—સમસ્ત કર્મજાતિ હેય છે, પુણ્ય-પાપના વિવરણની શી વાત રહી? "किल" આ વાત નિશ્ચયથી જાણો. પુણ્યકર્મ ભલું એવી ભ્રાન્તિ ન કરો. "ज्ञानं मोक्षस्य हेतुः भवन् स्वयं धावति" (ज्ञानं) જ્ઞાન અર્થાત્ આત્માનું શુદ્ધચેતનારૂપ પરિણમન (मोक्षस्य) મોક્ષનું અર્થાત્ સકળ કર્મક્ષયલક્ષણ એવી અવસ્થાનું (हेतुः भवन्) કારણ થતું થકું (स्वयं धावति) સ્વયં

દોડે છે એવું સહજ છે. ભાવાર્થ આમ છે કે—જેમ સૂર્યનો પ્રકાશ થતાં સહજ જ અંધકાર મટે છે, તેમ જીવ શુદ્ધચેતનારૂપ પરિણમતાં સહજ જ સમસ્ત વિકલ્પો મટે છે, જ્ઞાનાવરણાદિ કર્મ અકર્મરૂપ પરિણમે છે, રાગાદિ અશુદ્ધ પરિણામ મટે છે. કેવું છે જ્ઞાન? ''नैष्कर्म्यप्रतिबद्धम्'' નિર્વિકલ્પસ્વરૂપ છે. વળી કેવું છે? ''उद्धतरसं'' પ્રગટપણે ચૈતન્યસ્વરૂપ છે. શાથી મોક્ષનું કારણ થાય છે? ''सम्यकृत्वादिनिजस्वभावभवनात् '' (सम्यक्त्व) જીવના ગુણ સમ્યગ્દર્શન, (आदि) સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એવા છે જે (निजस्वभाव) જીવના ક્ષાયિક ગુણ તેમના (भवनात्) પ્રગટપણાને લીધે. ભાવાર્થ આમ છે—કોઈ આશંકા કરશે કે મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે મળીને છે, અહીં જ્ઞાનમાત્ર મોક્ષમાર્ગ કહ્યો તે કઈ રીતે કહ્યો? તેનું સમાધાન આમ છે કે શુદ્ધસ્વરૂપ જ્ઞાનમાં સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર સહજ જ ગર્ભિત છે, તેથી દોષ તો કાંઈ નથી, ગુણ છે. ૧૦-૧૦૯.

---

## કલશ-૧૦૯ ઉપર પ્રવચન

હવે દસમો.

संन्यस्तव्यमिदं समस्तमपि तत्कर्मैव मोक्षार्थिना
संन्यस्ते सति तत्र का किल कथा पुण्यस्य पापस्य वा।
सम्यक्त्वादिनिजस्वभावभवनान्मोक्षस्य हेतुर्भवन्-
नैष्कर्म्यप्रतिबद्धमुद्धतरसं ज्ञानं स्वयं धावति।।१०९।।

સ્વરૂપનો આદર કર તો સ્વરૂપ દોડીને પરિણતિ કરશે એમ કહે છે. આહાહા..! એવા શ્લોકો ભર્યા છે ને એકલા આહાહા..! અમૃતની રેલમછેલ કરી છે!

'ખંડાન્વય સહિત અર્થ :—' 'मोक्षार्थिना तत् इदं समस्तम् अपि कर्म संन्यस्तव्यम्' શું એક? રીવાજ, રીત. સમજાણું? 'સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ—' સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ એ વ્યાખ્યા કરી. બધા કર્મના નાશનું થવું એવા લક્ષણવાળો મોક્ષ એ 'અતીન્દ્રિય પદ,...' શરત શરત, આ શરત છે કે (मोक्षार्थिना) મોક્ષનું પ્રયોજન હોય એ એક શરત પહેલી. જેને બંધનું પ્રયોજન હોય, સંયોગનું પ્રયોજન હોય એને માટે આ વાત છે નહિ. એ તો અનાદિથી છે. એ શરત છે કે મોક્ષાર્થી. જુઓ! આમ શબ્દ વાપર્યો છે.

'તેમાં જે અનંત સુખ તેને ઉપાદેય અનુભવે છે...' એટલે શું? અર્થિ નામ કીધું ને ભાઈ! સકળકર્મક્ષયસ્વરૂપ એવો મોક્ષ એનું જેને પ્રયોજન છે, એનો એ અર્થિ છે. આ

વાત પહેલી શરત. સમજાણું કાંઈ? વચમાં બીજો જો અંદર શલ્ય હશે કે આ પુણ્ય થશે તો સ્વર્ગ મળશે, પછી ભગવાન પાસે જાશું, પછી પૈસા મળશે અને પછી આ મળશે, પછી ખુબ પૈસા મળશે ને દાન કરશું અને પછી એનાથી આમ થાશે, સંઘયણ સારા મળશે અને મનુષ્ય(પણું) આવું મળશે એ બધું લપ જેને ન હોય. એકલા સ્વભાવની સર્વ કર્મક્ષયલક્ષણ મોક્ષ એવી દશાનું પ્રયોજન જેને ઉપાદેયપણે દૃષ્ટિમાં છે.

**શ્રોતા :–** સુખનો અર્થી તો ખરો ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો પણ પરમાનંદના સુખનો અર્થીને? ક્યા સુખનો? તેથી કહ્યું, મોક્ષ એ અતીન્દ્રિય પદ પછી લીધું એ. એ અતીન્દ્રિય પદ આત્માનું પૂર્ણ આનંદ એવી મોક્ષદશા. સર્વકર્મક્ષયલક્ષણ પછી પ્રશ્ન શું રહ્યો? આઠેય કર્મના નાશરૂપ લક્ષણવાળો જે મોક્ષ એ કે જે અતીન્દ્રિય પદ છે.

**'તેમાં જે અનંત સુખ...'** હવે આવ્યું જુઓ. એમાં જે અનંત સુખ **'તેને ઉપાદેય અનુભવે છે...'** એ અનંત સુખ મોક્ષમાં છે એમ જેને દૃષ્ટિમાં આદર થયો છે. જુઓ! **'ઉપાદેય અનુભવે છે...'** એનો અર્થ શું થયો? કે શુદ્ધ સ્વરૂપની સન્મુખનો મોક્ષનો ઉપાય જેણે પ્રગટ કર્યો છે એને તો મોક્ષસ્વરૂપ જ એક ઉપાદેય અનુભવે છે. બંધનો ભાવ ઉપાદેય છે નહિ. ભઈ ધર્મ તો એવી ચીજ છે. ધર્મી કહેવરાવવું અને ધર્મની રીત છે તે સમજવી નહિ, પ્રગટ કરવી નહિ અને આકરી લાગે તો એ કાંઈ મોક્ષાર્થી છે નહિ. તેથી કહે છે જેને અતીન્દ્રિય આત્માનું કર્મક્ષયલક્ષણ પદ કે જેમાં અનંત આનંદ, એવા અનંત આનંદને ઉપાદેય અનુભવે છે. જુઓ! એવો અનંત આનંદ તેને ઉપાદેય આદરણીય છે જેની દૃષ્ટિમાં. સમજાણું કાંઈ?

આ તો ધર્મકથા છે. ધર્મકથા વીતરાગી હોય, જેમાંથી વીતરાગતા ઊભી થાય અને વીતરાગતાને જે ઉપાદેય સ્વીકારે. એમાં વીતરાગપણાનું સ્થાપન હોય એનું નામ ધર્મકથા. જેમાં રાગનું સ્થાપન કરીને રાગથી લાભ માને તો એ મોક્ષાર્થી નથી. એ વીતરાગ પૂર્ણ વીતરાગની પર્યાય પ્રગટ થાય તેનો પ્રયોજન અર્થી નથી. સમજાણું?

એ મોક્ષ એટલે અતીન્દ્રિય પદ. અને **'તેમાં જે અનંત સુખ...'** ત્યાં જ અનંત આનંદ. પૂર્ણ આત્માની નિર્મળ દશા થવી. કર્મક્ષયલક્ષણ નિમિત્તથી વાત કરી. પૂર્ણ નિર્મળ દશા (સર્વ કર્મ) ક્ષય થઈને થવી એમાં જ અનંત સુખ છે. **'તેને ઉપાદેય અનુભવે છે...'** એ જ અંતર દૃષ્ટિમાં અનંત આનંદને ઉપાદેય ગ્રહણ કરવા લાયક છે, આદરવા લાયક છે અથવા પ્રગટ કરવા લાયક છે. સમજાણું કાંઈ? મોક્ષના અનંત આનંદને પ્રગટ કરવાનું જેનું પ્રયોજન છે.

**શ્રોતા :–** મોક્ષાર્થીની વ્યાખ્યા ચાલે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ મોક્ષાર્થીની વ્યાખ્યા ચાલે છે. જુઓને! શબ્દ શું પડ્યો છે?

'**मोक्षार्थिना**' '**संन्यस्त्वमिदं समस्तमपि तत्कर्मैव मोक्षार्थिना**' આહાહા..! મોક્ષાર્થી એટલે શું? બધા કર્મનો અભાવ. ક્ષય એટલે અભાવ. એવું જે અતીન્દ્રિય પદ એમાં રહેલો અતીન્દ્રિય આનંદ એને પ્રગટ કરવાનો કામી એ જ એને ઉપાદેયપણે ગ્રહણ કરે છે. મોક્ષ જેને પ્રગટ કરવો હોય એને બંધભાવનો નિષેધ વર્તે છે એમ સિદ્ધ કરવું છે. બંધભાવનો એને આદર હોતો નથી.

**શ્રોતા :-** હોય ખરો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હોય ખરો. ન હોય તો પૂર્ણ વીતરાગ થઈ જાય. શુભવિકલ્પ ચોથે ગુણસ્થાને એની મર્યાદા પ્રમાણે, પાંચમે એની હદ પ્રમાણે શુભભાવ હોય. છઠ્ઠે પણ એની મર્યાદા પ્રમાણે હોય. પણ મોક્ષાર્થી એવા અનંત સુખને અંગીકાર કરવાનો ઉપાદેયભાવ જેણે ગ્રહણ કર્યો છે એટલે કે જેણે બંધભાવને આદરવાની દૃષ્ટિ છોડી છે. સમજાણું કાંઈ?

'**એવો છે જે કોઈ જીવ...**' આટલી વ્યાખ્યા કરી. મોક્ષાર્થી એમ કીધું ને? '**એવો છે જે કોઈ જીવ...**' એના દ્વારા. એવા જીવના દ્વારા, એવા જીવ વડે (**तत् इदं**) '**તે જ કર્મ જે પહેલાં જ કહ્યું હતું,...**' તે જ કર્મ જે પહેલાં જ કહ્યું હતું શુભાશુભ. (**समस्तम् अपि**) '**જેટલું—શુભ-ક્રિયારૂપ-અશુભક્રિયારૂપ,...** ' સમસ્ત કર્મ ક્રિયારૂપ શુભાશુભ પરિણામ '**અંતર્જલ્પરૂપ-**' વિકલ્પ. '**બહિર્જલ્પરૂપ...**' વાણીમાં ઉઠે એમાં પણ સંબંધ વિકલ્પનો રહે. '**ઈત્યાદિ કરતૂતરૂપ...**' એ કરતૂતરૂપ જે ક્રિયા. મોક્ષાર્થી અનંત આનંદને અંગીકાર કરવાની બુદ્ધિ છે, પ્રગટ કરવાની બુદ્ધિ છે એવા જીવ દ્વારા સમસ્ત ક્રિયા જે બંધના કારણરૂપ છે એવી '**ક્રિયા અથવા જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલનો પિંડ, અશુદ્ધ રાગાદિરૂપ જીવના પરિણામ—એવું કર્મ...**' કર્મની વ્યાખ્યા થઈ. કર્મ છેને કર્મ? એક તો શુભાશુભ બહિર્જલ્પ-અંતર્જલ્પ ક્રિયા શુભાશુભ, પુદ્‌ગલનો પિંડ એમાં ગયું કર્મમાં અને અશુદ્ધ રાગાદિ જીવના પરિણામ એ પણ એક કર્મમાં ગયા. કહો, સમજાણું આમાં? એ તો એમાં નાખ્યુંને ઓલું? (**समस्तम् अपि**) હવે કરતૂતરૂપ કર્મ એમ લીધું. એવા કર્મના પછી પ્રકાર પાડ્યા. એ તો શુભાશુભ વિકલ્પ આદિ એ બધું અશુદ્ધ પરિણતિમાં જાય છે. અંતર્જલ્પ પણ અશુદ્ધ પરિણતિમાં જાય છે અને જ્ઞાનાવરણીય કર્મ પિંડ '**એવું જે કર્મ...**' જડનું કર્મ અને વિકલ્પનું અશુદ્ધરૂપી કર્મ '**संन्यस्तव्यम्**' (**संन्यस्तव्यम्**) '**જીવસ્વરૂપનું ઘાતક છે એમ જાણીને...**' આહાહા..! '**આમૂલાગ્ર (સમગ્ર) ત્યાજ્ય છે.**' આમૂલાગ્ર—મૂળમાંથી અંશે અંશ ત્યાજ્ય છે. ભગવાન આત્મા...

**શ્રોતા :-** ભારે આકરું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આકરું ક્યાં? એ તો એનું સ્પષ્ટીકરણ કર્યું કે બંધનો એક અંશ પણ ત્યાજ્ય છે. આમૂલાગ્ર એટલે કોઈપણ પ્રકારના બંધનો ભાવ, જેને અનંત આનંદરૂપી

મોક્ષ ઉપાદેયપણે દૃષ્ટિમાં વર્તે છે એને બંધનો આમૂલાગ્ર ભાવ અંશભાવ કોઈપણ નાનો પણ બધો ત્યાજ્ય છે. કહો, સમજાય છે કાંઈ? અહીં તો ભાઈ ધીમે ધીમે તો ચાલે છે. આમાં કાંઈ કોઈ એકદમ પ્રોફેસર બોલે એવું નથી અહીં. ઓલા પ્રોફેસર બોલે કે નહિ તમારા ત્યાં? એકદમ એક કલાક. ફલાણું... ફલાણું... ફલાણું... ભાઈ! આ તો માર્ગ અંતરનો છે ભાઈ! આ કાંઈ બોલવાનો પણ માર્ગ નથી. એ તો વાણી છે જગતની.

કહે છે, (**संन्यस्तव्यम्**) જેને મોક્ષનો અર્થી અનંત આનંદનું પ્રયોજન અંગીકાર કર્યું છે એવા જીવે શુભાશુભ ક્રિયા અને આઠ કર્મ એ બધું '**संन्यस्तव्यम्**' તેને તે આમૂલાગ્ર (સમગ્ર) ત્યાજ્ય છે. કહો, સમજાણું આમાં?

'**तत्र संन्यस्ते सति**' હવે નાખે છે. '**तत्र संन्यस्ते सति**' '**તે સઘળાય કર્મનો ત્યાગ થતાં...**' '**पुण्यस्य वा पापस्य वा का कथा**' હવે એમાં વળી શું બાકી રહી ગયું તે વળી પુણ્ય આ અને પાપ આ? પુણ્ય-પાપની કથા '**પુણ્યનો કે પાપનો શો ભેદ રહ્યો?**' કહો, દેવાનુપ્રિયા! સુકનચંદજી! આકરી પણ માણસને હોં! કાયરને આકરી વાત. ઓલામાં આવે છે સમયસારમાં સામાયિકના અધિકારે નહિ? સર્વસાદ્યયોગનો ત્યાગ કરી સમસ્ત પરિણામ અને સામાયિક અંગીકાર કરે પણ સ્થૂળ સંકલ્પને છોડે, પણ સ્થૂળ શુભ પરિણામને છોડતો નથી એ ક્લીવ છે. ક્લીવ. વીર્યની સ્ફુરણા સ્વભાવની જોઈએ તે એને નથી. એ શુભ પરિણામને ત્યાજ્ય જોઈએ દૃષ્ટિમાં તે નથી કરતો એ ક્લીવ છે, નપુંસક છે. વીર્ય એને કહીએ કે જે સ્વરૂપની શુદ્ધતાને રચે. વીર્ય એને ન કહીએ કે જેને બાધક પરિણામ જીવને ઘાત કરે, એને રચે. સમજાણું કાંઈ?

અહીં કહે છે, અરે.. ભગવાન! જ્યાં અશુદ્ધ પરિણામને અને પુદ્ગલકર્મને શુભાશુભ ક્રિયા બધી જ્યાં છોડવાયોગ્ય કીધી ત્યાં વળી પુણ્ય-પાપના ભેદની કથા શું? કે પુણ્ય કાંઈક ઠીક છે અને પાપ તે અઠીક એવા ભેદ ત્યાં કોઈ રહેતા નથી. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ આમ છે...**' જોયું! પાપ અને પુણ્યની શું કથા? એની કથા એટલે વળી આ કાંઈક બાકી રહી જાય છે વાત? એ વાત બાકી ક્યાં રહે છે? પુણ્ય-પાપ બેય એની અંદર આવી જાય છે ત્યાજ્યમાં. મૂળ તો એ વાંધો છેને, જગતને અંદર ખટકે છે બહુ ખટકે છે. જો આમ થાશે તો લોકો દયા, દાન ભાવ નહિ કરે અને... નહિ કરે શું ભાઈ! એ પરિણામ તો થશે ત્યારે થશે તેના કાળે આવવાના છે ઈ. અહીં દૃષ્ટિના બદલવાની વાત છે. સમજાણું? દૃષ્ટિ જેની ક્રિયાકાંડના વિકલ્પ ઉપર પડી છે એ બંધભાવનો આદર કરનાર તે સંસારી જીવ છે. એના રહિત સ્વભાવ જે વિકલ્પ વિનાનો છે એનો આદર કરીને દૃષ્ટિ અને જ્ઞાન કરે છે એ મોક્ષના સાધવાનો અર્થી છે. ભલે એને વિકલ્પ પણ હોય છતાં એ મોક્ષના આદરમાં એ બંધના ભાવનો ત્યાજ્ય ભાવ એને વર્તે છે. આમ વાત. ભાવ તો

હોય છે. ભાવ ન હોય, ભાવ—વિકલ્પ ન હોય તો તો કેવળી થઈ જાય. સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાને તો હજી ત્રણ કષાય બાકી રહ્યા. ઓહોહો..! લડાઈમાં ઊભો દેખાય. છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં ઊભો દેખાય. પણ એ મોક્ષના મંડપ જેણે અંતરમાં રોપ્યા, અતીન્દ્રિય આનંદના સ્વાદનો સ્વાદીયો એ આત્માના સ્વભાવ સન્મુખની દૃષ્ટિમાં આ બધા ભાવો તેને ત્યાજ્ય વર્તે છે. સમજાણું કાંઈ? હવે આ તે કાંઈ વાદવિવાદની વસ્તુ નથી આ. આ તો પ્રાપ્ય કરવાની અને શું છોડવું એની વાત છે. સમજાણું?

એણે અનંત કાળથી એ ઘૂંટ્યું છે. એટલે વારંવાર ગાથાઓમાં આચાર્યોના ભાવના ગ્રંથમાં એ વાતનું સ્પષ્ટીકરણ ખૂબ આવે છે, ઘણા પડખાથી. કારણ કે ઘણે પડખેથી એને અંદરમાં બંધભાવ મારો છે અને એનાથી હિત છે એવું અનાદિથી પેસી ગયું છે. જૈનનો સાધુ થયો દિગંબર, એક લંગોટીનો તાણો નહિ, હજારો રાણીનો ત્યાગ પણ અંતરમાં રાગનો વિકલ્પ જે ઊઠે છે એનો આદર અંદરમાં વર્તે છે અને સ્વભાવનો એક વિકલ્પ વિનાની ચીજ એનો આદર નથી એ અભૂતાર્થ ધર્મને સાધે છે. સમજાણું કાંઈ? એટલે સૂક્ષ્મ ભૂલ એને પકડાતી નથી. આ તો બહારથી જે હજી મીઠાશ કહે છે કે આ જોઈએ કે આ જોઈએ ને આ હોય એ તો હજી સ્થૂળ મીઠાશ વર્તે છે. સમજાણું કાંઈ?

અન્યમતિમાં પણ કેટલાક બોલ એવા આવે છે કેટલાક કે નિરંજન નિરાકાર શુદ્ધને અનુભવીએ છીએ. એવા ભજનો બહુ આવે છે એના. અમારે ગુજરાતમાં તો એવા બધા થઈ ગયા છે. રવિસાહેબ ને એ બધા ઘણા થઈ ગયા છે. ત્યાં તો અમારે દુકાનમાં માલ લેવા આવે ને માણસો ઘણા. એક બ્રાહ્મણ જ હતા એ. એ તો ગુરુ ઘણાના હતા. એ અમારી દુકાને માલ લેવા આવતા. મણિલાલ, મણિભાઈ કરીને. ઘણાનો ગુરુ હતો. પગે લાગે એને. એ રવિસાહેબના ભજન બોલે બધા. ઓમ નિરંજર નિરાકાર. 'દાદુ દુનિયા બાવરી...' એમ આવે છે. એ વળી દાદુ ભગત થઈ ગયા કબીરના. 'દાદુ કહે દુંદ ફાટી અવળી હાલી હેર, ભટકવું તો મટી ગયું અને વસ્તુ જડી ઘેર.' એ વસ્તુ ખોટી અંદર હજી. એવી આવે છે વાત. સમજાય છે? 'દાદુ કહે દુંદ ફાટી...' દુંદ સમજાણુ? આ દુંદ-પેટ. પેટને દુંદ નથી કહેતા? બહુ દુંદ ફાટી, મોટું શરીર. દુંદ વધી ગઈ છે. એમ આત્માની દુંદ મોટી છે, 'દાદુ કહે દુંદ ફાટી, સવળી હાલી હેર. આ ભટકવું તો મટી ગયું અને વસ્તુ જડી ઘેર' ક્યાં હતી વસ્તુ? પણ સૂક્ષ્મપણે અંદરમાં શાતાવેદનીયના રસનું એવું એને વેદન હોય છે કે જે વેદનમાં એને આનંદ દેખાય. એ મૂળ આનંદ ન હોય. આ વાત છે. સમજાણું કાંઈ? કષાયની ઘણી મંદતાવાળા માણસો હોય છે. સરળ... સરળ... સરળ. ઘણી મંદતા હોય આમ. પણ અંદર વસ્તુની જે સ્થિતિ જોઈએ, સૂક્ષ્મ અભિપ્રાય ચૈતન્યદ્રવ્ય આવું છે એ અભિપ્રાય એની દૃષ્ટિમાં હોઈ શકે જ નહિ. અને છતાં એને એવું લાગે કે ઓહોહો..!

ઓલા નહોતા આવ્યા ભાઈ? ૯૦માં નહિ ઓલુ? શું નામ? ભણસાલી. કડી રાખી હતી. મોટો એમ.એ. થયેલો હોં! સુરતનો એમ.એ. થયેલો ભણસાલી. ૯૦ની સાલમાં આવ્યા. અહીં કડી નાખી હતી અહીં. કાણુ પાડી એના હોઠમાં (કે જેથી) બોલવું નહિ. ભાઈ! તમારી સાથે વાત શી રીતે કરવી? કીધું. તમે તો બંધ કરીને (બેઠા છો). આ વસ્તુ નથી. માર્ગ બીજો છે. પછી કડી નાખે ને બોલે. હુશિયાર માણસ હોં એમ.એ. ભણેલ. અને લીંમડો ખાય કે મગ-મઠને પલાળી કે અહીં મોઢામાંથી નાખે જરી જરી. કારણ કે અહીં તો કડી મારેલી હોઠમાં. બોલવું નહિ. અહીંથી ખાય થોડું. વાત ઘણી કરી. કીધું, આ માર્ગ નથી. માર્ગ કાંઈ બીજી ચીજ છે. પણ કહે, શાંતિ... શાંતિ... શાંતિ... વળી ઓલાએ એમ કહ્યું. પછી ત્યાંથી ગયા ઓલે પણે ક્યું ગામ છે એ? વર્ધા. પછી બહારમાં પાડ્યું હતું. હું કો'ક બીજી સૃષ્ટિમાં વીચરું છું. મારી શાંતિનો દરિયો બીજી જાતનો આવ્યો છે. બધું ગપેગપ. એ કપટથી ન હોય એને હોં! એને અંદરમાં આ.. તેથી આટલી વાત સ્પષ્ટ કરવી પડે છે.

**શ્રોતા** :- ઘણા સરળ માણસ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા. સરળ માણસ હોય, વૈરાગી હોય. એક ટાટિયુ આટલું મોઢા આગળ પહેર્યું હતું અને લીંમડો ખાય અને મગ-મઠ પલાણીને ખાય. ભુંગળું નાખીને ખાય. બહુ વૈરાગી. જુવાન માણસ. ૩૫ વર્ષની ઉંમરનો.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, ગૃહસ્થ માણસ હતો. પણ વસ્તુસ્થિતિ શું? એટલે એને અંદરમાં કંઈ (નહિ) અને આમ બધી નિવૃત્તિ એટલે એવું લાગે કે જાણે આનંદ. એ આનંદ ન હોય. અંદર રાગની મંદતામાં એવી શાંતિ જેવું દેખાય. વાસ્તવિક તત્ત્વની દૃષ્ટિ વિના એ વસ્તુમાં ભૂલ ખાઈ જાય છે જીવો. સમજાણું કાંઈ? એથી આચાર્યને એક એક પદમાં ભિન્ન ભિન્ન વાત કરીને સ્પષ્ટતા શું તત્ત્વ છે એ અહીંયાં કહી રહ્યા છે. એવા તો ઘણા પાકે છે એમાં. નિરંજન થઈ ગયો, આત્માનો આનંદ આવ્યો, આત્માનો સ્વાદ આવ્યો, સાક્ષાત્કાર થયો. આત્માનો સાક્ષાત્કાર (થયો).

એક હતો અહીં મેઘવદર. મોરબી ગયા ત્યાં. તમે હતા? નહોતા. ગરાસિયો હતો. તો બધું સોંપી દીધેલું એણે. પછી સાંજે બોલે તે આપના પ્રતાપે આત્માને સાક્ષાત્કાર થયો. એમ બોલે ઓલા એના ગુરુને નામે. વ્યાખ્યાનમાં બેઠા હતા અને સંભળાવ્યું, કીધું ભાઈ બીજી વાત છે આ. એમ આત્માનો તમે કહો છો.. થઈ ગયું લ્યો. ગુરુગમથી આત્માનો સાક્ષાત્કાર થઈ ગયો. એમ બોલતો, એ ગરાસિયો હતો. દીકરો નહોતો હતો એટલે જેટલો કાંઈ ગરાસ હતો ઘરનો એ સોંપી દીધેલો ધર્મશાળામાં. અને બાવા આવે એને ખવરાવે અને એય ભજન ગાય. આત્માનો સાક્ષાત્કાર થઈ ગયો.

અહીં કહે છે કે, ભાઈ! આ વસ્તુ અંદર એક સમયમાં મહાન પદાર્થ પ્રભુ અનંત ગુણનો પિંડ અને એના સિવાયની પર્યાયમાં વિકલ્પો છે અને વિકલ્પો છે માટે મલિનતા છે, દશામાં મલિનતા છે અને તે મલિનતા પલટી શકે છે. ત્યારે એનું પર્યાયનું પરિણમન પણ નક્કી થઈ જાય છે અને દ્રવ્ય પણ કાયમ રહે છે એવી ધ્રુવતા પણ નક્કી થાય. એવી ચીજમાં જેટલો વિકલ્પભાવ આવે એ બધો '**संन्यस्तव्यम्**' નામ છોડવાલાયક છે એમ કહે છે. સમજાણું કાંઈ?

જુઓ! '**પુણ્યનો કે પાપનો શો ભેદ રહ્યો? ભાવાર્થ આમ છે કે—સમસ્ત કર્મજાતિ હેય છે,...**' એ વિકલ્પરૂપી કર્મ અને જડરૂપી કર્મ બધું હેય છે. '**પુણ્ય-પાપના વિવરણની શી વાત રહી?**' હવે વળી પુણ્ય-પાપના બે ભેદની કઈ વાત બાકી રહી ગઈ? સમજાણું કાંઈ? '**किल**' '**આ વાત નિશ્ચયથી જાણો.**' જુઓ! '**किल**' છે ને? નિશ્ચયથી જાણો (કે) પુણ્ય-પાપનો ભેદ કાંઈ છે નહિ. બધી એક જાત કર્મમાં આવી જાય છે. આઠ કર્મ બંધન, પુણ્ય-પાપનું અને પુણ્ય-પાપના ભાવ બધું કર્મ, કર્મ ને ક્રિયાકાંડ એમાં આવી જાય છે. એ વસ્તુમાં દૃષ્ટિ કરનારે અનંત આનંદ એવું અતીન્દ્રિય પદ આત્માનું, એને જે ઉપાદેયપણે અંગીકાર કરવા માગે છે એવા જીવને આ વિકલ્પો બધા ત્યાજ્ય છે. એ વિના મુક્તિના પ્રયાણ નહિ શરૂ થાય. એમ કહે છે.

જુઓ! શું કહે છે? '**किल**' '**આ વાત નિશ્ચયથી જાણો, પુણ્યકર્મ ભલું એવી ભ્રાન્તિ ન કરો.**' એમાં શુભ વિકલ્પ ઉઠે છે. કાંઈક... કાંઈક.. કાંઈક મદદગાર હશે, કાંઈક સહાયક હશે. સાધન નથી કહ્યું શાસ્ત્રમાં? વ્યવહારને સાધન કહ્યું છે, નિશ્ચયને સાધ્ય કહ્યું છે.

**શ્રોતા :-** વ્યવહારને બરાબર સાધન કીધું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બસ ત્યારે, કાંઈક કાંઈક હશે એમાં. એ તો બરાબર સાધન તો નિશ્ચયની દૃષ્ટિ થઈ છે ત્યારે ઓલા વિકલ્પની યોગ્યતા નિમિત્તની યથાર્થપણે વ્યવહારે દેખીને સાધનનો આરોપ આપ્યો છે. ખરેખર એ સાધન છે નહિ.

**શ્રોતા :-** હોય છે તોપણ સાધન નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હોય છે તો શું? વિકલ્પ નથી? કહેવામાં પણ આવે. એમાં શું છે? શુદ્ધ ચૈતન્યના નિશ્ચયના આશ્રયે પડ્યો એને જેટલો વિકલ્પ છે શુભનો એને નિમિત્ત તરીકે, વ્યવહાર તરીકે કહેવાય. બહારની જે પરિણતિ થાય એમાં નિમિત્ત છે બીજી ચીજ. એમ આ શુદ્ધની પરિણતિમાં નિમિત્ત કહેવાય, પણ એનાથી થયું છે અને એનાથી થાય છે (એમ નથી).

એથી કહ્યું ને? '**संन्यस्तव्यम्**' છોડવાયોગ્ય છે. '**પુણ્યકર્મ ભલું એવી ભ્રાન્તિ ન કરો.**' આહાહા..! મૂળ તો મિથ્યાશલ્ય એને પડ્યું છે આખું. એ અહીંયાં કહે છે કે ભાઈ! તારી

દશાની દિશા તો સ્વસન્મુખ જોઈએ. એ દશા પરસન્મુખનો કોઈપણ વિકલ્પ ઉઠાવે એ મોક્ષમાર્ગીને એ હેય વર્તે છે, ત્યાજ્ય વર્તે છે. નહિતર એને ધર્મદૃષ્ટિ હોતી નથી. મોક્ષાર્થી નથી, બંધાર્થી છે. ધર્મચંદજી! એ બંધાર્થી છે. આહાહા..!

**'ज्ञानं मोक्षस्य हेतुः भवन् स्वयं धावति'** લ્યો! આહાહા..! કહે છે, **'જ્ઞાન અર્થાત્ આત્માનું શુદ્ધચેતનારૂપ પરિણમન...'** જુઓ! ઓલું પરિણમન લેવું છે ને? સામે ઓલો વિકલ્પ છે અશુદ્ધ ત્યારે આ બાજુ પરિણમન લેવું છે. **'ज्ञानं मोक्षस्य हेतुः भवन्'** એમ છે ને મૂળ? એ (**हेतुः भवन्**) એટલે પરિણતિ લેવી છે અહીં. **'આત્માનું શુદ્ધચેતનારૂપ પરિણમન...'** ભગવાન આત્માનું અંતર્મુખ શુદ્ધ સ્વભાવનું શુદ્ધરૂપ પરિણમન, જેમાં પુણ્ય અને પાપના વિકલ્પની ગંધ અને અસર જેમાં નથી. **'આત્માનું શુદ્ધચેતનારૂપ પરિણમન...'** જુઓ! શુદ્ધ ચેતનારૂપ પરિણમન એ પર્યાય છે. વસ્તુ તો ત્રિકાળ છે પણ એનો શુદ્ધ ચેતનારૂપ પર્યાય એ **'મોક્ષનું અર્થાત્ સકળકર્મક્ષયલક્ષણ એવી અવસ્થાનું કારણ...'** જુઓ! એ અવસ્થા. મોક્ષ પણ અવસ્થા. બેય અવસ્થા લીધી. ઓલો કહે કે સમ્યગ્દર્શન ગુણ કહેવાય, પર્યાય નહિ. અરે..!

અહીં તો કહે છે, **'ज्ञानं मोक्षस्य हेतुः भवन्'** એ ક્યુ જ્ઞાન? કે શુદ્ધ ભગવાન આત્મા એનું શુદ્ધ પરિણમન જે જ્ઞાન, એ શુદ્ધ ચેતનારૂપ પરિણમન પર્યાય. એ પર્યાય **'સકળકર્મક્ષયલક્ષણ એવી અવસ્થાનું...'** સકળકર્મક્ષયલક્ષણ એવી મોક્ષની અવસ્થા. એ મોક્ષ પણ અવસ્થા છે. મોક્ષ કોઈ ગુણ નથી. સમજાણું કાંઈ? મોક્ષ એક અવસ્થા છે—પર્યાય છે—હાલત છે. કહ્યું ને? બેય વાત કીધી જુઓ! જ્ઞાન એટલે આત્માના શુદ્ધ ચેતનારૂપ પરિણમન એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એને અહીંયાં શુદ્ધ ચેતનારૂપ પરિણમનમાં એક શબ્દમાં નાખી દીધું છે.

અને મોક્ષ **'સકળકર્મક્ષયલક્ષણ એવી અવસ્થા...'** મોક્ષ એટલે પૂર્ણ કર્મના ક્ષયનો અભાવ, ક્ષયનો નાશ. એની જે અવસ્થા પૂર્ણ. એનું (**हेतुः भवन्**) **'એવી અવસ્થાનું કારણ થતું થકું...'** એ સમ્યક્ શુદ્ધ પરિણતિ પુણ્ય-પાપના વિકલ્પના ભાવ વિનાની, દ્રવ્યના સ્વભાવના આશ્રયે પ્રગટેલી સમ્યગ્જ્ઞદર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય એવી જે શુદ્ધ ચેતના પરિણતિરૂપ મોક્ષમાર્ગ તે **'हेतुः भवन्'** મોક્ષની અવસ્થાનું કારણ છે. દેખો કારણ કારણ. છે ને? હેતુ એટલે કારણ. એમ જ્યાં સ્થિર થયો. (**स्वयं धावति**) એટલો કેમ શબ્દ મૂક્યો છે? કે ઓલો વ્યવહારના વિકલ્પો સાથે છે માટે શુદ્ધ પરિણતિ કામ કરે છે એમ નથી. બેય જાત જુદી છે. વ્યવહાર છે માટે નિશ્ચય પરિણતિ છે એમ નથી.

**શ્રોતા :-** નિશ્ચય પરિણતિ છે માટે વ્યવહાર પરિણતિ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ પણ નથી. બેય ભિન્ન છે. સમજાણું કાંઈ? હોય છે. કીધુંને,

હોય છે. પણ એના અવલંબે શુદ્ધ ચૈતન્ય પરિણતિ ઊભી થાય છે, વધે છે એમ છે નહિ. તેથી (**स्वयं धावति**) શબ્દ મૂક્યો છે. '**સ્વયં દોડે છે એવું સહજ છે.**' દોડે છે એટલે ગતિ કરીને. એમ. આહાહા..! વચ્ચે મોક્ષની અવસ્થા પ્રગટ કરવા શુદ્ધ પરિણતિ દોડી રહી છે, પૂર્ણ શુદ્ધની પ્રાપ્ત કરવા દોડી રહી છે. દૌડતા હૈ શબ્દ પડ્યો છે હિંદીમાં. દૌડતા કહે છે? દોડે છે મોક્ષની પર્યાય પૂર્ણ પ્રગટ કરવા. આહાહા..! સમજાણું કાંઈ?

'**स्वयं धावति**' ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વભાવનું અવલંબન લઈને પ્રગટેલી શુદ્ધ પરિણતિ એટલે પર્યાય નિર્મળ નિર્વિકલ્પ વીતરાગી દશા એ શુદ્ધ પરિણતિમાં વીતરાગ સમકિત, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર ત્રણે એમાં (આવી જાય છે). એ પૂર્ણ કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે સ્વયં જ્ઞાન દોડે છે. એને પહોંચી વળવા ગતિ કરી રહ્યું છે. એમાં બંધના ભાવની બિલકુલ સહાય—મદદ નથી. કહો, સમજાણું કાંઈ? વ્યવહાર વિકલ્પ છે ખરા પણ એની સહાયથી જ્ઞાન પરિણમી રહ્યું છે, મોક્ષ તરફ નજીક જાય છે એમ નથી. આહાહા..! ભારે વાત ભાઈ!

**શ્રોતા** :- બારદાનની એટલી સહાયતા ખરીને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બારદાનની સહાય કે દિ' હતી વળી? બારદાન બારદાન તરીકે, માલ માલ તરીકે. બારદાન સમજો છો? આ ચોખાના કોથળા કોથળા—થેલા. ચાર મણ અને અઢી શેર. એ કોથળા તોલે છે ને? ચાર મણ અઢી શેર. ચારમણ ચોખા ખાધા અને અઢી શેર તૂટ્યા એટલે કોથળો રંધાતો હશે? બોરી-બોરી. નહિ?

**શ્રોતા** :- પણ પૈસા તો ઊપજાવીને ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળમાં પૈસા ઊપજે. એ તો ચોખામાં ગણાઈ ગયું. એ તો બીજી ચીજ થઈ ગઈ.

આ તો મહા સિદ્ધાંતો છે ભાઈ! આ કાંઈ.. આત્માને અંતરમાં સ્થિરતા થવી અને અસ્થિરતાથી ખસવું એ સ્થિરતા જ પૂર્ણ મોક્ષમાર્ગ તરફ દોડી રહી છે. સમજાણું? આ તો મહામંત્રો છે, આ તો સિદ્ધાંતો (છે), આ કાંઈ સાધારણ કથા વાર્તા નથી. એક જગતની ઊંચી વિદ્યા સાધવા જાય તો કેવું કરે છે? પુષ્પદંત મુનિ, ભૂતબલી મુનિ વિદ્યા સાધવામાં ફેર પડ્યો જરી. દેવી આમ આવી તો કહે આ શું ફેર? વિદ્યામાં ફેર છે. તો વિદ્યામાં ફેર છે એમ એણે શોધ્યું. આ અધ્યાત્મ વિદ્યા જે રીતે હોય એ રીતે ન હોય અને બીજી રીતે થાય તો મોક્ષની પર્યાય પ્રગટ ન થાય. સમજાણું? એને વિદ્યા સાધતા આવડતી નથી. એવી વાત છે ભાઈ!

જુઓ! ભાઈએ લીધું નહિ? પુરુષાર્થસિદ્ધિમાં ૨૨૨માં. મુખ્ય ઉપચાર બેયથી મોક્ષ થાય. બાપુ! એક કારણથી થાય છે, બીજું કારણ જોડે હોય છે એનું કથન કર્યું છે. જેમ મોક્ષમાર્ગ

બે કથન કર્યા છે, બે છે નહિ. એમ મોક્ષનું કારણ બે છે નહિ. એક જ છે. બીજું એક નિમિત્તરૂપે નિરૂપણ કર્યું છે કે આ પણ કારણ થયું અને કાર્ય થાય એમ કથન છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બે પણ નિમિત્તરૂપે વિકલ્પ છેને? આનો આરોપ દઈને વસ્તુ છે કે નહિ? એથી જેમ મોક્ષના કારણ બે કહ્યા, તો એ બે કારણનું એક કાર્ય કહ્યું. ખરેખર મોક્ષના કારણ બે નથી, એક છે. તો ખરેખર એક જ કારણથી કાર્ય થાય છે. પણ આમ બે કારણ કહ્યા તો એ બે કારણનું કાર્ય એક થયું એમ કહ્યું. એ તો એની એ વાત છે, એમાં કાંઈ... સમજાણું કાંઈ? છે ભાઈ! શલ્ય છે ઘણા.

અહીં તો (**स्वयं धावति**) ભગવાન આત્મા જ્ઞાનનો પુંજ પ્રભુ એનો જ્યાં અંતર આદર કર્યો (તો) એ જ્ઞાન (**स्वयं धावति**) પૂર્ણ મોક્ષ થવાને માટે દોડી રહ્યું છે. હવે એ અટકે નહિ અને રાગ ને પુણ્ય ને વ્યવહારની સહાય માગે નહિ.

**શ્રોતા :-** ઈ ક્યાં સહાય આપે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આપે શું પણ? ધૂળમાં એમાં રાગમાં શું હોય? એ તો રાગ છે. '**संन्यस्तव्यम्**' કહ્યુંને. એનો અર્થ વિસ્તાર કરીને ખુલાસો કરે છે. સમજાણું?

અંદર વાચ્ય ભગવાન આત્મા. આત્મા તો શબ્દ છે, એ તો વાચક છે. વાચ્ય ભગવાન શુદ્ધ આત્મા. એમ મોક્ષમાર્ગ એ તો વાચક શબ્દ છે, પણ મોક્ષમાર્ગ વાચ્ય શું અંદર? ભાવ (શું)? કે શુદ્ધ ભગવાન આત્મામાં પૂર્ણ આનંદની પર્યાયને પ્રગટ કરવાનો જે ઉપાદેય ભાવ દ્રવ્યના સ્વભાવનો થયો એ શુદ્ધ પરિણતિ તે જ, શુદ્ધ પર્યાય તે, શુદ્ધ અવસ્થા તે, પૂર્ણ શુદ્ધ અવસ્થા એવો મોક્ષ તેનું તે કારણ થાય છે. કાર્ય શુદ્ધ અને એનું કારણ અશુદ્ધ એમ હોઈ શકે નહિ. આહાહા..! કંટાળો લાગે ઘણા માણસને એવું લાગે. એ કરતા ઓલું સૂઝ પડે એવું કરે ને. આગમપદ્ધતિ સૂઝ પડે એમ લખ્યું છે ચિઠ્ઠીમાં. પરમાર્થ વચનિકામાં બનારસીદાસે. બહારની આગમ પ્રમાણે વ્યવહારની ક્રિયામાં મજા પડે, એની સૂઝ પડે (કે) કાંઈક કરીએ છીએ. આ અધ્યાત્મદૃષ્ટિની ક્રિયા વ્યવહાર પણ અધ્યાત્મનો કેવો પરિણતિઓનો એને ખબર પડતી નથી. પરમાર્થ વચનિકામાં કહ્યું છે.

**શ્રોતા :-** શુદ્ધને વ્યવહાર કહ્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શુદ્ધની પરિણતિને જ વ્યવહાર કહ્યો છે. ઓલા વિકલ્પની ક્યાં વાત છે? વસ્તુ ત્રિકાળ છે, એની પરિણતિ જે નિર્મળ થાય તેને ત્યાં વ્યવહાર ભેદ અંશ છે ને માટે વ્યવહાર કહ્યો છે. સમજાણું કાંઈ? વ્યવહાર વિકલ્પની વાત નથી. અજ્ઞાની આગમપદ્ધતિને સાધતા અધ્યાત્મની શુદ્ધ.. અધ્યાત્મના વ્યવહારને પણ જાણતો નથી એમ

કહ્યું છે. એનો અર્થ કે શુદ્ધ દ્રવ્યસ્વભાવ, એની પરિણતિ નિર્મળ જે થાય તે અધ્યાત્મની વ્યવહાર પરિણતિ છે. દ્રવ્યસ્વભાવ તો નિષ્ક્રિય ત્રિકાળ એકરૂપ છે નિશ્ચય. પરમાર્થ વચનિકા છે ને એમાં એટલે.

એટલે કહે છે કે એ સ્વભાવમાં શુદ્ધ પરિણતિનો જે પર્યાય (થાય) એ જ પૂર્ણ શુદ્ધની દશાને પહોંચી વળે છે. વ્યવહારનો વિકલ્પ પહોંચતો નથી. કહો, સમજાણું? ઓલો દાખલો ભાઈ કહેતા હતા, ભાઈ સામો. વળી યાદ આવી ગયો. નહિ? એય..! તમારા બાબુભાઈ. દાખલો કહેતા હતા ને. આપણને કાંઈ બહુ લૌકિકના દાખલાની ખબર ન હોય. એ દાખલો એવો આપે છે કે વર અને અણવર. અણવર કહે તમારે? વરની સાથે અણવર હોયને?

**શ્રોતા** :- વિનાયક

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શું કહેવાય? એ અણવર હોયને જોડે એક? એ અણવરને કન્યા ન પરણે. કન્યા તો વરને પરણે. ભલે અણવર હોય. શું કીધું? વિનાયક? વિનાયક. અમારે અહીં અણવર કહે. સાથે એનું ધ્યાન રાખે. જોડે ને જોડે રહે વરની સાથે. વર સમજો છે ને? દુલ્હા. દુલ્હા નહિ સમજ્યા. એની સાથે એક બીજો માણસ રહે ને એનું ધ્યાન રાખવા, જેને અમારે અહીં અણવર કહે છે. અણવર-વર નહિ પણ અણવર. નાનો ધ્યાન રાખનારો. એ કન્યા અણવરને ન પરણે, પરણે તો વરને. એમ નિશ્ચય પરિણતિને મોક્ષ પરણે, વ્યવહારને ન પરણે. વ્યવહાર તો અણવર જોડે હોય છે. એમ કહ્યું હતું કાંઈક. એ દાખલો આપે વ્યવહારનો. વ્યવહાર પરિણતિ જોડે હોય પણ એને કાંઈ કેવળજ્ઞાન ન પરણે. એનાથી કેવળજ્ઞાન ન થાય. એ કો'ક કહેતું હતું. કોણ કહેતુ હતું? તમે કીધું હતું. આ કહેતા હતા. ઓલા ઉજ્જૈનમાં આમ દાખલો આપ્યો. ઠીક કીધું આપ્યો.

**શ્રોતા** :- નિશ્ચય વ્યવહારનો દાખલો આપ્યો હતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એણે જ કહ્યું હતું. આહાહા..!

અહીં કહે છે, નિશ્ચય સ્વયં દોડતી પરિણતિ પૂર્ણતાને પામે છે. ઓલો વિકલ્પ છે એ એને સહાયક થઈને એને પામે છે એમ નથી. એ તો અણવર વયો જાય પછી એને ઘરે. કહો, સમજાણું કાંઈ?

**શ્રોતા** :- પંચોલામાં ભેગા ખાવા બેસે.


**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ખાવા બેસે એમાં શું થઈ ગયું દાળિયા? એ ખાવ ખાવ હોય ને એ પાંચ જણા બેસે. અમારે પંચોળુ કહે એને. લગનમાં વર હોય ને એની સાથે સારા સારા માણસો હોય ખાસ ખાસ એ બેસે. ભેગા બેસે. મોટો થાળ હોય. બરફી ઊંચી ઊંચી ચીજ એને આપે. જાનૈયા હોય એને બીજી હોય ચીજ. આને બધું સાટા ને બરફી જે બહુ ઊંચું ઊંચુ (આપે). પણ કાંઈ કન્યા આવે?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ હશે, એ આપણને ખબર નથી. આપણે એ કર્યું નથી. ના. હશે કો'ક કરતા બીજા. આપણને કાંઈ ખબર નહિ. હું અણવર થયો હતો કીધું ને. ફાવાભાઈનો. ફાવાભાઈના લગન હતા. ૬૪ની સાલ. સંવત્ ૬૪. ત્યારે અમારે ૧૮ વર્ષની ઉંમર, એની ચૌદ વર્ષની. એના લગન થયા ત્યારે હું અણવર થયો જોડે. પણ આપણે જોઈએ આ શું છે. કહો, સમજાણું?

કહે છે કે એ વિકલ્પને ન પરણે મોક્ષ. એ નિર્વિકલ્પ પરિણતિને પરણે મોક્ષ. મોતીરામજી! એમ અહીંયાં કહ્યું. હવે એનો ભાવાર્થ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



## વીર સંવત-૨૪૯૧, જેઠ વદ ૧૨, શનિવાર, તા. ૨૬-૬-૧૯૬૫, કલશ-૧૦૯-૧૧૦ પ્રવચન નં. ૮૧

.. એકરૂપ બંધનનું કારણ છે એનું આ સ્પષ્ટીકરણ ચાલે છે. ભાવાર્થ દેખો.

'**ભાવાર્થ આમ** છે કે...' વચમાં ભાવાર્થ છે. ૩, ૪, ૫, ૬, ૭, ૮મી લીટી. ૯૧ પાનાની ૮મી લીટી. '**જેમ સૂર્યનો પ્રકાશ થતાં સહજ જ અંધકાર મટે છે,...**' સૂર્યનો પ્રકાશ થવાથી સહેજે અંધકાર મટે છે. સહજે મટે છે, મટાડવો પડે નહિ. '**તેમ જીવ શુદ્ધચેતનારૂપ પરિણમતાં...**' શું કહે છે દેખો! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે, શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાયકભાવસ્વરૂપ તે આત્મા. એવા શુદ્ધ સ્વરૂપનું ચેતનારૂપ પરિણમતાં જ્ઞાનનું શુદ્ધરૂપે, પવિત્રરૂપે અવસ્થા થવાથી. આત્મામાં શુદ્ધ સ્વભાવને અવલંબે શુદ્ધ અવસ્થા થવાથી '**સમસ્ત વિકલ્પો મટે છે,...**' શુદ્ધ સ્વરૂપ.

પવિત્રતા જે પ્રગટ કરવા માગે છે એ પવિત્રતા ક્યાંય બહારથી આવતી નથી. કોઈ આત્મા કહે કે અમારે ભાઈ પવિત્ર થવું છે, અમારે નિર્દોષ થવું છે. તો એનો અર્થ એ થયો કે એની વર્તમાન દશામાં સદોષતા તો છે. અને એનો અર્થ એ થયો કે એ સદોષતા ટળી શકે છે, ત્યારે એ નિર્દોષ થવા માગે છે. નહિતર નિર્દોષ થવા માગે છે એનો અર્થ સદોષતા જો કાયમની ચીજ હોય, તો નિર્દોષતા થવા માગે નહિ. કહો, બરાબર છે? હવે એ નિર્દોષતા કરવા માગે છે એ નિર્દોષતા જો ત્રિકાળી સ્વભાવમાં ન હોય તો નિર્દોષતા બહારથી તો આવે નહિ. કહો, બરાબર છે? તો એ કહે છે જુઓ!

'**સહજ શુદ્ધચેતનારૂપ પરિણમતાં...**' આત્મા જેવો નિર્દોષ શુદ્ધચેતનાસ્વરૂપ છે અંદર, એવી જ વર્તમાન દશામાં શુદ્ધ ચૈતન્યનું પરિણમન નામ પર્યાય નામ અવસ્થા થવાથી '**સહજ જ...**' સ્વભાવિક જ '**સમસ્ત વિકલ્પો મટે છે,...**' અને '**જ્ઞાનાવરણાદિ કર્મ અકર્મરૂપ પરિણમે છે,...**' બે વાત કરી. શું કહ્યું? કે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા પવિત્ર આનંદનું ધામ (છે). એવો આત્મા દૃષ્ટિમાં લઈને અંતર્મુખ થઈને, દૃષ્ટિમાં લઈને, અંતર્મુખ થઈને એની ચૈતન્યની શુદ્ધ પરિણતિરૂપી પર્યાય પ્રગટ કરવાથી અશુદ્ધ પરિણતિરૂપ વિકલ્પ સહેજે મટી જાય છે એટલે કે ઉત્પન્ન થતા નથી. કહો, સમજાય છે આમાં?

**શ્રોતા :-** વિકલ્પ મોટા છોકરાઓને થાતા હશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે..! નિગોદથી માંડીને બધાને વિકલ્પ થાય. છોકરા બહુ મોટા

હતા કોણ અહીંયાં? છોકરાને થાતા હશે કે નહિ? છોકરાને નથી થતા? આ બધા આખો દિ' શું કરે છે આ? અશુભ રાગ જ આખો દિ' કરે. શુભરાગ તો કો'ક દિ' વળી સાંભળવાનો પ્રસંગ કે એવું હોય તો શુભ (થાય). નહિતર અશુભ... અશુભ.. અશુભ. આ ભણવાનો ભાવ અશુભ, બીજાને મશ્કરી કરવાનો ભાવ અશુભ, ક્રોધભાવ અશુભ, માન કરવાનો અશુભ, કપટનો અશુભ, લોભનો અશુભ એ બધો વિકલ્પ અશુભ થયા જ કરે છે. સમજાણું?

કહે છે કે એ સદોષ વિકલ્પોના ભાવ પછી પુણ્ય હોય કે પાપ, બેય સદોષ અશુદ્ધ પરિણતિની દશા—પરિણતિ એટલે પર્યાય—એ શુદ્ધ સ્વભાવમાં અંતર્મુખ થતાં તેની પરિણતિ નામ અવસ્થા શુદ્ધ થતાં તે અશુદ્ધના વિકલ્પો સહજ જ વ્યય થઈ જાય છે. એનું નામ મટી જાય છે એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? એક.

**'જ્ઞાનાવરણાદિ કર્મ...'** અને જોડે જે કર્મ જડ છે, કર્મની પર્યાયે પરિણમેલા પરમાણુઓ, કર્મની અવસ્થાએ પરિણમેલા, થયેલા પરમાણુઓ તે **'અકર્મરૂપ પરિણમે છે,...'** એટલે કે એની અવસ્થા કર્મરૂપ રહેતી નથી. કર્મરૂપ અવસ્થા પલટીને અકર્મરૂપ પુદ્‌ગલની અવસ્થા એની થઈ જાય છે. એટલે શું? કે અહીંયાં જ્યાં આત્મા શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ અને અંતર્મુખનું શુદ્ધ પરિણમન થયું, એટલે ત્યાં અશુદ્ધતા ઉત્પન્ન થતી નથી અને તે જ ક્ષણે કર્મની પણ અવસ્થા પલટીને અકર્મ થવાને લાયક હોય છે તે અકર્મરૂપ પરિણમી જાય છે. આત્મા તેને અકર્મ કરે છે એમ છે નહિ.

**શ્રોતા :-** .. કાંઈ સમજાતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લ્યો, આ પુદ્‌ગલની પર્યાય સામાન્ય પુદ્‌ગલ જે હતાં, કર્મ થવાને લાયક પરમાણુનો સમૂહ હતો એમાંથી કેટલાક પરમાણુઓ કર્મની વિકારી અવસ્થારૂપે થયા એનું નામ કર્મ કહેવાય છે. એ કર્મ એ વિકારી પુદ્‌ગલનું પરિણામ છે. એ પરિણમન બદલી જાય છે. અહીં અશુદ્ધતા ટળતાં, શુદ્ધતા પ્રગટ થતાં એ પરિણમન એનામાં એને કારણે કર્મરૂપ અવસ્થાની પર્યાય બદલીને અકર્મરૂપ અવસ્થા થાય છે. પછી ભલે ત્યાંને ત્યાં રહે કે આગળ ચાલ્યા જાય. કહો, સમજાણું આમાં કાંઈ?

**શ્રોતા :-** નવા કર્મની નહિ, જૂનાની ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નવા કર્મની નહિ, જૂનાની. આ તો જૂના કર્મ જે પડ્યા છે રજકણ સત્તામાં, કર્મરૂપી અવસ્થા થયેલી છે એ અવસ્થા કેમ થાય છે? કે એ જ એનો કાળ છે. આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને દૃષ્ટિમાં લઈ શુદ્ધરૂપે પ્રગટ પર્યાયપણે પરિણમે છે, થાય છે અવસ્થા ત્યારે અશુદ્ધ અવસ્થા (થતી નથી). આમ બે ભાષા કરી છેને? અશુદ્ધ પરિણામ મટે છે. છેને? **'સહજ જ સમસ્ત વિકલ્પો મટે છે, જ્ઞાનાવરણાદિ કર્મ અકર્મરૂપ પરિણમે છે,...'** એમ બે ભાષા કરી. કર્મરૂપ અવસ્થા જે પુદ્‌ગલની હતી એ પુદ્‌ગલની

જ પોતાની અવસ્થા પલટીને અકર્મરૂપ થઈ જાય છે. આત્મા એને અકર્મરૂપ પરિણમાવું કરી શકતો નથી. અરે..! વિકલ્પ પણ સહજ મટે છે એમ લખ્યું છે. સમજાણું કાંઈ?

**'સહજ જ સમસ્ત વિકલ્પો મટે છે,...'** ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ એની દૃષ્ટિ કરવાથી મિથ્યાત્વના પરિણામ સહજ જ મટી જાય છે. અને દર્શનમોહના પરમાણુ જે હતા એ પરમાણુ દર્શનમોહની પર્યાયે પરિણમેલા હતા એ કર્મરૂપ અવસ્થા છોડીને અકર્મરૂપ અવસ્થા ધારણ કરે છે. કહો. કહો, સમજાય છે કે નહિ આમાં? કોઈ એમ કહે કે અમે શુદ્ધરૂપ તો દશા કરીએ પણ અશુદ્ધતા રહે તો? કે શુદ્ધરૂપ અવસ્થા કરે અને અશુદ્ધતા ઉત્પન્ન થાય જ નહિ. એની મેળાએ મટી જાય. બીજો એમ કહે કે અમે શુદ્ધરૂપ દશા કરીએ, પણ કર્મ એની પર્યાય ન પલટાવે તો? તો કહે છે કે કર્મ અકર્મરૂપ પરિણમ્યા વિના (રહેશે નહિ). એ સમય જ છે એનો. કર્મની પર્યાયનો એ જ સમય છે કે અહીંયાં આત્માએ સમ્યગ્દર્શન પ્રગટ કર્યું, શુદ્ધ ચૈતન્ય સૂર્ય આત્મા છું એવું ભાન કર્યું, તે જ સમયે મિથ્યાત્વના અશુદ્ધ વિકલ્પો વ્યય થઈ જાય છે એટલે ઉત્પન્ન થતા નથી. એ ભાવ. અને દર્શનમોહના પરમાણુઓ કર્મરૂપે જે પરમાણુ પરિણમ્યા હતા એ અકર્મરૂપ પરમાણુઓ થઈ જાય છે. કહો, સમજાય છે કે નહિ આમાં? ગમે તેવું હોય પણ એ વસ્તુ તો એનું સ્વરૂપ હોય એમ આવે ને? એની કેટલી ભાષા કરે?

જુઓ! **'જ્ઞાનાવરણાદિ કર્મ અકર્મરૂપ પરિણમે છે, રાગાદિ અશુદ્ધ પરિણામ મટે છે.'** ઓલામાં સમુચ્ચય વાત કરી હતી ને? સમસ્ત વિકલ્પ મટે છે. એટલે ખુલાસો વધારે કર્યો કે **'રાગાદિ અશુદ્ધ પરિણામ મટે છે.'** સમજાણું કાંઈ? એક માણસ એમ કહે લ્યો, કે મારે ક્ષમા કરવી છે ક્ષમા. ત્યારે ક્ષમા એટલે આમ બહારની નહિ. જ્ઞાતા-દૃષ્ટાપણે ક્ષમા. એટલે કે ક્ષમાની શાંતિપણે પરિણમન. તો એ શાંતિનું પરિણમન ક્ષમાનું, ક્ષમાસાગર ભગવાન આત્મા, જેમાં ક્ષમાનો આખો સાગર શક્તિ ભરી છે. આમાં કહ્યું હતું ને જેમ? જીવ એક સંપૂર્ણ દ્રવ્ય હોવાથી એનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે. એમ અત્યારે કહેવું છે કે જીવ એક અખંડ દ્રવ્ય સંપૂર્ણ હોવાથી તેની શાંતિ તેનામાં સંપૂર્ણ છે. સમજાય છે કાંઈ?

જીવ એક અખંડ સંપૂર્ણ પદાર્થ હોવાથી. કારણ મૂક્યું—હોવાથી એનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે, એની શાંતિ સામર્થ્ય સંપૂર્ણ છે, એનું આનંદ સામર્થ્ય સંપૂર્ણ છે, એનું વીર્ય સામર્થ્ય સંપૂર્ણ (છે). કેમકે દ્રવ્ય એક અખંડ હોવાથી. સમજાણું કાંઈ આમાં? હવે એટલું તો એણે મગજને કાંઈક કેળવવું પડશે કે નહિ? એક વસ્તુ છે આમ આખી અખંડ. હવે એનો જે ગુણ છે કોઈપણ ગુણ, એ એક વસ્તુ હોવાને લઈને એ ગુણ પણ પૂર્ણ સામર્થ્ય ધરાવે છે. કારણ કે એકમાં અખંડમાં એક વસ્તુ ગુણ હોય એ ગુણ અધૂરો શી રીતે હોય? અવસ્થામાં અપૂર્ણ અને પૂર્ણતાના પ્રગટપણાના ભેદ પડે.

વસ્તુ તરીકે ભગવાન આત્મા... અત્યારે આપણે અશુદ્ધ પરિણામ મટે છે એટલે જરી બે ભાગ પાડીએ કે ભગવાન આત્મામાં એક દર્શન સમ્યક્ નામનો ગુણ પૂર્ણ પડ્યો છે. જેવું જ્ઞાનસામર્થ્ય સંપૂર્ણ છે એવું શ્રદ્ધાસામર્થ્ય એક અખંડ દ્રવ્ય હોવાથી એનું શ્રદ્ધાસામર્થ્ય શક્તિપણે પૂર્ણ છે. સમજાણું કાંઈ? આ એનું અવલંબન કરવાથી જે સમ્યગ્દર્શનરૂપ પરિણમન થયું, એ પરિણમનને કારણે એ પૂર્વની અવસ્થા અશુદ્ધ જે હતી એ ઉત્પન્ન થતી નથી. અને ત્યાં દર્શનમોહના રજકણો જે નિમિત્તરૂપે હતા, પરમાણુઓમાં દર્શનમોહની પર્યાયપણે પરિણમન હતું એ અકર્મરૂપે પર્યાયનું પરિણમન થઈ જાય છે. પુદ્ગલનું એ પરિણમન થઈ જાય છે. કહો, સમજાણું આમાં?

**શ્રોતા :-** અમને ફાયદો તો થાયને, અત્યારે અહીંયાં સાંભળવા આવીએ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું? આ શુભભાવ થાય. તો શું છે? શું છે? જયચંદભાઈ! તમે જાણો કે આ મોટો લાભ થઈ જાય અંદરનો એ વાત નથી આ. શુભ વિકલ્પ થાય. શું?

**શ્રોતા :-** એટલો તો થાયને, પ્રભુ!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ માટે તો અટકાવીને વાત કરી, બાપુ! કે ભાઈ! એ શુભ વિકલ્પ છે. એમાં આત્માને લાભ જરીએ નથી. એમાં એ નિર્ણય કરે. નિર્ણય કરે કે વિકલ્પમાત્ર નિરર્થક છે, સ્વભાવ મારો પૂર્ણ છે તે સાર્થક છે. એવો નિર્ણય કરે. એ નિર્ણય કરે તો એને લાભ થાય.

**શ્રોતા :-** હા, પણ એવો નિર્ણય કરવા તો આવ્યા છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ કરે ત્યારે ને. તમે જાણો કે સાંભળીએ છીએ માટે આત્માનો લાભ થઈ જાય એમ નહિ.

**શ્રોતા :-** એમ નથી હું કહેતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ એમ કહેતા હતા તમે. એમ કહેતા હતા કે સાંભળીએ એમાં કાંઈક લાભ થાય કે નહિ અંદર? એમ. સાંભળીને એના વિકલ્પથી સાંભળ્યું આમ. પણ હવે એવો નિર્ણય અંદર એવો કરે કે આ વિકલ્પ જે છે એ સ્વરૂપમાં નથી. મારું સ્વરૂપ શ્રદ્ધાસ્વભાવના સામર્થ્યથી પૂર્ણ છે, શ્રદ્ધાસ્વભાવના સામર્થ્યથી પૂર્ણ છે. એવો સ્વભાવ દ્રવ્યનો છે એમ દ્રવ્યનું લક્ષ કરીને નિર્ણય કરે.

**શ્રોતા :-** નિર્ણય તો કરવા બેઠા છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં બેઠા છો? હજી તો ગડબડ છે અંદર. હોંશમાં આવ્યા છે. એ અંદર સવારમાં આવો છો ત્યાં પોકાર કરીને ઘણી વાર.

**શ્રોતા :-** પણ તમારા આગળ તો સાચી વાત કરી દીધી ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જુઓ. સવારે રાડું પાડતા આવે, સવારે હોં! એ.. હવે તો આમ

થઈ ગયું. શું છે પણ હવે? રાતે કાંઈ ઠીક ન પડે તો હવે તો કંટાળો આવે છે. મરી જવું. ક્યાં જાવું છે? માસીબા બેઠી છે ત્યાં? કહ્યું હતું ને? જયચંદભાઈ! બા બેઠા ત્યાં? કીધું. આવો બા! આવજો ત્યાં હેરાન થઈ ગયા. ત્યાં ક્યાં માસીબા બેઠી હતી? માસીબા સમજ્યા? માસીબા કહે છે ને? હિન્દુસ્તાનમાં મૌસી (કહે). ત્યાં મૌસી બેઠી છે? આવો દીકરા બહુ તમે દુઃખી થયા માટે અહીં આવો. એ પણ ક્યાંય રખડતી હશે. સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે કે પરસન્મુખના વિકલ્પે શ્રવણ કરે ત્યાં સુધી એને આત્માનો લાભ નથી. બરાબર શું કીધું? પણ જ્યારે એના જ્ઞાનમાં એવો નિર્ણય કરે કે હું એક વસ્તુ છું, માટે તેનો જ્ઞાનસ્વભાવ—ગુણ—શક્તિ સંપૂર્ણ છે. સંપૂર્ણ હોવાથી તેની પ્રતીતમાં સંપૂર્ણ આ છે એમ જ્યારે જાણ્યું ત્યારે અપૂર્ણ અને રાગ-દ્વેષનો હેયભાવ થઈ ગયો. અપૂર્ણ જ્ઞાન અને રાગદ્વેષ હેયભાવે થાય ત્યારે એને નિર્ણયમાં આવે ત્યારે એને લાભ થયો કહેવાય. રાજમલજી! આ લોજિકથી તો વાત ચાલે છે તમારે આ બધી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** જયચંદભાઈને બહાને અમારું નક્કી થાય છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે..! આ તો પણ કરવા જેવું જ ઈ છે. શું કીધું નહિ? '**णियमेण य जं कज्जं**' ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે નિયમસારમાં. '**णियमेण य जं कज्जं**' નિશ્ચયથી જે કરવા જેવું છે એ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ. નિશ્ચયથી જે કરવા લાયક હોય તો એ એક જ વાત કરવા જેવી છે. સમજાણું કાંઈ? આ છેને? પોતે કહે છે. કેમકે ઓલો વ્યવહાર નહિ અને આ ખાસ કરવા જેવું છે. જુઓ! ત્રીજી ગાથા છે.

**णियमेण य जं कज्जं तं णाणदंसणरचित्तं।**
**विवरीयपरिहरत्थं भणिदं खलु सारमिदिवयणं।।३।।**

ઓહોહો..! કેટલું એક શબ્દમાં! '**णियमेण य जं कज्जं**'. આ વિકલ્પ સાંભળવાનો એ '**णियमेण य जं कज्जं**' નથી. અને વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ નિશ્ચયથી કરવાલાયક નથી. આહાહા..! આ તો સિદ્ધાંતો છે. '**णियमेण य जं कज्जं**' નિયમથી જે કરવા લાયક છે. છેને? (सः नियमः) '**નિયમ એટલે નિયમથી (નક્કી) જે કરવાયોગ્ય હોય...**' કાર્ય '**તે અર્થાત્ જ્ઞાનદર્શનચારિત્ર.**' એ કરવાલાયક છે. તો દર્શન નિર્ણય કરવા લાયક છે દર્શન. એ દર્શન ક્યુ? કે આ સાંભળે છે એમાં એ વાત આવે છે કે ભાઈ, આત્મા એ જ્ઞાનથી પરિપૂર્ણ ભરેલો પદાર્થ છે. એવો તો એક વિકલ્પ આવ્યો અને સાંભળ્યું. પણ એમાં એ પરિપૂર્ણ છે એમ એના તરફમાં લક્ષ જઈ અને પરિપૂર્ણતાના આશ્રયે જ્યારે પ્રતીત કરે, નિર્ણય કરે ત્યારે મિથ્યાત્વના પરિણામનો નાશ થાય અને દર્શનમોહના પરમાણુઓ અકર્મપણે પરિણમી જાય ત્યારે તેને લાભ થયો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જુઓને આચાર્યે કેટલી (વાત કરી છે)!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આત્મામાં આવે એટલે લાભ. કહો, સમજાણું આમાં? આમ તો અનંત વાર સમવસરણમાં જઈ આવ્યો. મણિરતનના દીવા, કલ્પવૃક્ષના ફૂલ, હીરામાણેકના થાળમાં મૂકીને પૂજાઓ ભગવાનની (કરી). આમ જય જય નારાયણ જય ભગવાન! શુભભાવ થાય. પાપથી બચવાનો શુભ (થાય). પણ સાથે શુભભાવને સ્વભાવ સાથે એકત્વબુદ્ધિ કરી રહ્યો છે એ જ મોટું પાપ છે. આહાહા..! સમજાણું કાંઈ? સ્વભાવ ત્રિકાળી અને વિભાવ એક સમયનો કૃત્રિમ, એ બેને એકસરખા માનવા એ જ મિથ્યાત્વના પરિણામ છે. આહાહા..! શું થાય? સમજાણું કાંઈ?

અહીં કહે છે કે, '**રાગાદિ અશુદ્ધ પરિણામ મટે છે.**' ક્યારે? હવે આપણે આ બાજુ ચારિત્ર લઈએ. અહીં રાગાદિ ના પાડે છેને? ચારિત્ર એટલે શાંતિ. ભગવાન આત્મામાં શાંત... શાંત... શાંતની હદ નહિ. કેમકે જેનો સ્વભાવ એની હદ શી? સ્વભાવ એને અપૂર્ણતા શી? સ્વભાવ એમાં આટલી મર્યાદાવાળો એ સ્વભાવને મર્યાદા લાગુ પડે જ નહિ. એવો આત્મામાં શાંત શાંત અકષાયભાવ પડેલો છે. એને અંદર અકષાયભાવનો ધરનાર ભગવાન આત્મા એનો આશ્રય કરીને જે શાંતિનું પરિણમન, ક્ષમાનું પરિણમન વર્તમાનમાં થાય, આ રીતે હોં ક્ષમા. ત્યારે તેને ક્રોધનો ભાવ ઉત્પન્ન થતો નથી એટલે નાશ થાય છે અને તે કાળે ચારિત્રમોહના રજકણો જે ક્રોધરૂપે પરિણમ્યા હતા એ કર્મરૂપનું પરિણમન ખસીને અકર્મ થઈ જાય છે. આમ છે, બાપુ! આહાહા..! સમજાણું કાંઈ?

જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ રે,
　　જેમ નિર્મળતા રે સ્ફટિક તણી. તેમ જ જીવ સ્વભાવ રે,
શ્રી જિનવીરે રે ધર્મ પ્રકાશિયો, શ્રી જિનવીરે રે ધર્મ પ્રકાશિયો,
　　પ્રબળ કષાય અભાવ રે.

પુણ્ય અને પાપના કષાયોના વિકલ્પનો અભાવ, એમ જિનેશ્વર ત્રિલોકના નાથે ધર્મ ફરમાવ્યો છે. કહો, સમજાય છે કાંઈ? એ અકષાય ધર્મ ક્યાંથી આવે? અકષાય ધર્મ એટલે પર્યાય ક્યાંથી આવે? અને સકષાય પર્યાય નાશ કેમ થાય? કે અકષાય પરિણામ એનાથી થાય કે જેમાં અકષાય સ્વભાવ પરિપૂર્ણ વસ્તુ એકને કારણે, અખંડને કારણે જેમાં અકષાય શાંતસ્વભાવ પરિપૂર્ણ છે. એવા પરિપૂર્ણને પ્રતીતમાં લેતાં એ નિર્વિકલ્પ પ્રતીત થઈ જાય. એને કષાયના ભાવનો વિકલ્પ સહેજે મટી જાય. અને કર્મના પરમાણુ કષાય ચારિત્રમોહે પરિણમેલા હતા એ પણ મટી જાય છે. કહો, સમજાણું આમાં? ભાઈ! એના ઘરની વાતું તો બહુ સહેલી છે પણ હવે એણે એ ઘરમાં જવાનો કોઈ દિ' વિચાર પણ કર્યો નથી. માથાફોડ કરી બહારમાં ભટક્યા ભટક... ભટક્યા ભટક (કરી). એની રીત જે રીત છે ને એ રીત પણ એણે ખ્યાલમાં

લીધી નહિ. ખ્યાલમાં રીત લે અને ખ્યાલ પ્રગટે નહિ એમ બને નહિ. એટલે અહીંયાં અર્થકાર (કહે છે) કે રાગાદિ અશુદ્ધ પરિણામ મટે છે અને શાંત પરિણામ ઉત્પન્ન થાય છે અને કર્મની પર્યાય જેટલી અહીંયાં શાંતિ આદિ પ્રગટ કરી એટલા ત્યાં નિમિત્તરૂપે પરમાણુ પણ અકર્મરૂપે થઈ જાય છે. ઓહોહો..!

કેવળજ્ઞાની પ્રભુ પોતાના પૂર્ણ જ્ઞાનસ્વભાવને... આવે છેને? ભાઈ! પ્રવચનસારમાં. અસાધારણ જ્ઞાનસ્વભાવને કારણરૂપે ગ્રહીને. અમૃતચંદ્રાચાર્યના આ શબ્દો છે. ટીકા સંસ્કૃત. અસાધારણ ભગવાન જ્ઞાનસ્વભાવ. અસાધારણ નામ બીજે નથી અને આમાં એક જ ગુણ એવો છે કે જે સવિકલ્પ છે—સ્વ-પરને (જાણે એવો). એવા અસધારણ જ્ઞાનસ્વભાવને કારણરૂપે ગ્રહીને એટલે કે તેના ઉપર દૃષ્ટિ આપીને એને કારણ બનાવીને જે વર્તમાન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયરૂપે પરિણમે છે એ શુદ્ધ પરિણમન અને ધર્મ છે. સમજાણું કાંઈ? એ રાગને કારણરૂપે ગ્રહે છે, પુણ્યને વ્યવહારને કારણરૂપે ગ્રહે છે એમ બને નહિ, ભાઈ! એના માટે તો આ વાત છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા આખો.. છેને ક્યાંક? (પ્રવચનસાર) ગાથામાં છે ક્યાંક. લખ્યું છે? લખ્યું હશે ક્યાંક. અસાધારણ જ્ઞાનસ્વભાવ. પહેલા જ્ઞાન અધિકારને? આહાહા..! અહીં છે આ બાજુ. ૧૪મામાં નથી, ૧૫મામાં નથી. ૧૬માં તો ઓલું. એ સ્વયંભૂ આવ્યું એ નથી. એ આવ્યું હવે. ૨૧. જુઓ શું કહે છે? અનાદિઅનંત... ૨૧ ગાથા છે.

**परिणमदो खलु णाणं पच्चक्खा सव्वदव्वपज्जाया।**
**सो णेव ते विजाणदि उग्गहपुव्वाहिं किरियाहिं।।२१।।**

શું કહે છે? ભલે શબ્દો બધા ખ્યાલ ન હોય એનું કાંઈ નહિ. એનો ન્યાય સમજો. '**અનાદિ અનંત,...**' ભગવાન આત્માનો જ્ઞાનસ્વભાવ સંપૂર્ણ સ્વભાવ, જ્ઞાનસ્વભાવ. એક ગુણને અહીંયાં મુખ્યપણે લીધો છે. '**અનાદિ અનંત, અહેતુક અને અસાધારણ જ્ઞાનસ્વભાવને જ...**' એમ. '**કારણપણે ગ્રહવાથી તુરત જ પ્રગટતા કેવળજ્ઞાનોપયોગરૂપ થઈને પરિણમે છે;...**' સમજાણું કાંઈ? જુઓ! સંસ્કૃત છે હોં! '**एवानाद्यनन्ताहेतुकासाधारणभूत-ज्ञानस्वभावमेव कारणत्वेनोपादाय तदुपरि**' પછી .. '**प्रविकसत्केवलज्ञानोपयोगीभूय**' શું કહે છે?

ભગવાન આત્મા... પણ એને અંદર આમ ભરોસો બેસવો જોઈએને. આ તો વર્તમાન પર્યાય અને વર્તમાન રાગ ને આ આ બધા છે, છે. પણ આખો મોટો છે એ તો દૃષ્ટિમાં લેતો નથી. તો ભગવાન આત્મા જેનો જ્ઞાનસ્વભાવ અનાદિઅનંત અહેતુક, અસાધારણ. આટલા તો વિશેષણ આપ્યા છે. એ જ્ઞાનગુણ હોં સ્વભાવ. ભગવાન આ આત્મા સત્તા અસ્તિરૂપ એનો અનાદિઅનંત હેતુ વિનાનો અસાધારણ (સ્વભાવ). લ્યો, આ વિકલ્પ-ફિકલ્પનો હેતુ

હોય અને આ થાય એમ નહિ. આવો અહેતુક ત્રિકાળ જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહવાથી. ઓલો વિકલ્પ અને વ્યવહાર આવ્યો એને કારણપણે ગ્રહવાથી કેવળજ્ઞાન થાય એમ ત્રણ કાળમાં નથી. તેથી 'જ' શબ્દ પડ્યો છે. **'જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહવાથી...'** એમાં આ સંઘયણ મજબૂત હતું ને મનુષ્યદેહ આવો હતો અને વજ્ર કાય આવી હતી માટે કેવળજ્ઞાન થાય છે એમ છે નહિ. જુઓ!

**'જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહવાથી તુરત જ પ્રગટતા...'** કારણપણે ગ્રહે અને પ્રગટે નહિ કાર્ય એમ બને? સમજાણું કાંઈ? જેટલા પુરુષાર્થથી જ્ઞાનસ્વભાવ અહેતુક અકારણ એને ગ્રહે એટલા પ્રમાણમાં તેની જ્ઞાનની અવસ્થાનું કાર્ય પ્રગટ્યા વિના રહે નહિ. પરના અવલંબન વિના, નિમિત્ત વિના, મનુષ્યપણા વિના, બાદરપણા વિના, સાંભળ્યા વિના. સાંભળવાના આલંબે પણ એ કેવળજ્ઞાન કે જ્ઞાનની પર્યાય નિર્મળ પ્રગટે નહિ. આહાહા..! સમજાણું?

પરિણમે છે. **'કેવળજ્ઞાનોપયોગરૂપ થઈને પરિણમે છે; તેમને સમસ્ત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું અક્રમે ગ્રહણ હોવાથી...'** ભગવાન કેવળજ્ઞાન પામ્યા એટલે ભગવાનનો જ્ઞાનગુણ પોતાનો, ભગવાન પોતે હોં! એના જ્ઞાનના સામર્થ્યને પકડવાથી. પકડ્યોને પૂર્ણ જ્યાં **'કેવળજ્ઞાનોપયોગરૂપ થઈને પરિણમે છે;...'** **'અક્રમે ગ્રહણ હોવાથી...'** હવે ત્યાં પાછો શબ્દ મૂક્યો. **'દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનું અક્રમે ગ્રહણ હોવાથી સમક્ષ સંવેદનને...'** સમક્ષ સંવેદન એટલે **'(પ્રત્યક્ષ જ્ઞાનને) આલંબનભૂત સમસ્ત દ્રવ્ય-પર્યાયો પ્રત્યક્ષ જ છે.'** આહાહા..!

અહીં તો હજી કેવળજ્ઞાન મોક્ષરૂપનો ઉપાદેયપણે માને એને જ્ઞાનગુણની પૂર્ણતાની પ્રતીત અંદર થાય ત્યારે અપૂર્ણ જ્ઞાન અને રાગનું હેયપણું વર્તે ત્યારે નિર્વિકલ્પ અનુભવ થાય. સમજાણું કાંઈ? આખી ટીકા અને શબ્દો તો આમ ભરચક ભર્યા છે અંદરમાં આમ. હાલકલોલ કરીને આમ પ્રગટ... પ્રગટ... પ્રગટ પરમાત્મા થા (કહે છે). સમજાણું કાંઈ? એ બહારથી એકલેથી નહિ વળે એવું એમ કહે છે.

**'કેવું છે જ્ઞાન?'** દેખો! **'नैष्कर्म्यप्रतिबद्धम्'** લ્યો! **'नैष्कर्म्यप्रतिबद्धम्'** **'નિર્વિકલ્પસ્વરૂપ છે.'** કેવું જ્ઞાન પ્રગટે? **'નિર્વિકલ્પસ્વરૂપ છે.'** નિર્વિકલ્પ—ભેદ નહિ, રાગ નહિ એવા વિકલ્પરહિત સ્વરૂપનું ભાન થતાં નિર્વિકલ્પદશા પ્રગટ થાય છે. **'વળી કેવું છે?'** **'उद्धतरसं'** એ જેનો રસ ઉદ્ધત છે. શું કહે છે? **'પ્રગટપણે ચૈતન્યસ્વરૂપ છે.'** એટલે? આ ઉદ્ધત થઈ ગયું જ્ઞાન. હવે કોઈને ગણતું નથી. માણસ નથી કહેતા કે ઉદ્ધત થઈ ગયો આ?

**શ્રોતા :-** સવળો ઉદ્ધત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ સવળો ઉદ્ધત છે.

**શ્રોતા :-** ઉદંડ પણ કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉદંડ કહે છે, અમારે અહીંયાં ઉદ્ધત પણ કહે છે. એ કેવળજ્ઞાન કોઈને ગણ્યા વિના અકારણ સ્વભાવ ભગવાનને પકડી પૂર્ણ જ્યાં પ્રગટ્યું કે જે દશાને યોગ્ય પ્રગટ્યું. સમજાણું કાંઈ? એ **'उद्धतरसं' 'પ્રગટપણે ચૈતન્યસ્વરૂપ છે.'** એમ. શક્તિરૂપે તો છે. એની ક્યાં વાત છે અહીં?

**'શાથી મોક્ષનું કારણ થાય છે?'** લ્યો! **'सम्यक्त्वादिनिजस्वभावभवनात्'** લ્યો! **'सम्यक्त्वादिनिजस्वभावभवनात्' 'જીવના ગુણ સમ્યગ્દર્શન,...'** જુઓ! જોર આપે છે એને હોં! નિજસ્વભાવમાં ક્ષાયિકગુણ કહેશે. **'જીવના ગુણ સમ્યગ્દર્શન...'** પ્રગટની વાત છે હોં આ. **'સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર...'** ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પનો મોક્ષમાર્ગ નથી એમ નિર્ણય કરવા સ્વભાવ સન્મુખ થઈને જાય છે. એમાં નથી એટલે એની રુચિ રહેતી નથી, એનું લક્ષ રહેતું નથી, એનું આલંબન રહેતું નથી અને લક્ષ, રુચિ અને આલંબન છૂટે એટલે લક્ષ, રુચિ અને આલંબન સ્વભાવ ઉપર જાય છે. એથી એને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર પ્રગટ થાય છે. આહાહા..!

નાટક છે નાટક આ. આ સમયસાર નાટક. એ અસ્થિરતા ન ટકે અને સ્થિરતા પ્રગટ થાય એનું નામ નાટક આ. સમયસાર નાટક વર્ણવ્યું છે ને આ? ન ટકે તે નાટક. એમ ઘણા વર્ષ પહેલા ભાઈએ એક ફેરી કહ્યું હતું. એક મોરબીની કંપની હતી. એક મણિલાલ (હતા). ઘણા વર્ષની વાત છે, ઘણા વર્ષની વાત છે. છેક ૫૫ વર્ષ પહેલાંની વાત. ગારિયાધાર એનો બાપ વકિલ હતો. વકિલ શું બ્રાહ્મણ.

**શ્રોતા :-** બ્રાહ્મણ વહિવટદાર હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા એ. એ ત્યાં વહીવટદાર હતા. એના બાપ વહીવટદાર હતા તો મને ખબર હતી કે એના છોકરાને નાટક.. મોટું મણિલાલ એના બાપનું .. ગારિયાધાર હતા. ઘણા વર્ષ પહેલાની વાત છે હોં! એ (સંવત) ૧૯૬૮-૬૯ની વાત છે. મેં કીધું આ શું નાટક? આ બધું ન ટકે તે નાટક. આખી દુનિયા આ જુઓ બધી ફેરફારવાળી છે. એ ઓલો નાટકનો છોકરો બહુ હુશિયાર હતો મણિલાલનો. પછી મુંબઈ બહુ નાટક કરતા. આ તો ૫૫ વર્ષ પહેલાની વાત. હવે નાટક-ફાટક શું કીધું આ? આખો સંસાર ટકતો નથી એ નાટક છે અને પલટીને અંદરથી ભગવાન પ્રગટે એનું નામ નાટક કહેવાય. ઓલા પડદા ફાડીને પ્રગટ કરે છેને? એમ રાગ-દ્વેષના પડદા ફાડી અને સ્વભાવને આશ્રયે વીતરાગમૂર્તિ પ્રગટ થાય એ સમયસાર નાટક છે જુઓ આ.

'નાટક સુનત ફાટક ખુલત હૈ' આવે છે ને ભાઈ? 'નાટક સુનત હિય ફાટક ખુલત હૈ' એ બનારસીદાસમાં આવે છે. 'ફાટક ખુલત હૈ.' ફડાક દઈને ફાટક ખુલે. જુઓ બનારસીદાસમાં

હોં એ. વળી ક્યાંનું ક્યાં આવી ગયું? એ પહેલું છેને શરૂઆતમાં? શરૂઆતમાં છે. ... એ પછી આવશે. જુઓ. કેવું છે સમયસાર નાટક? 'મોખ ચલિવેકૌ સૌન' શુકન-શુકન.

કરમકૌ કરૈ બૌન,
જાકે રસ-ભૌન બુધ લૌન જ્યૌં ધુલત હૈ.
ગુનકો ગરન્થ નિરગુનકો સુગમ પંથ,
જાકૌ જસુ કહત સુરેશ અકુલત હૈ.
યાહીકે જુ પચ્છી તે ઉડત ગ્યાનગગનમૈં,

સમયસારનાટક આત્મા એનો જે પક્ષી

યાહીકે જુ પચ્છી તે ઉડત ગ્યાનગગનમૈં,
યાહીકે વિપચ્છી જગજાલમૈં રુલત હૈ.

સમયસાર નાટક આત્મા એનાથી વિરોધ કરનારા ચાર ગતિમાં રખડે છે.

હાટકસૌ વિમલ...

સુવર્ણ હોં. હાટક એટલે સુવર્ણ કહ્યું. સોનું સોનું.

હાટકસૌ વિમલ વિરાટકસૌ વિસતાર,
નાટક સુનત હિયે ફાટક ખુલત હૈ.

કેટલું જોર. કર્યું જુઓ. ૧૫મો શ્લોક છે હોં! શરૂઆત કરતા કરતા. બનારસીદાસ. નાટક સમયસારકી મહિમાકા વર્ણન. માથે લખ્યું છે. એની માથે લખેલું છે. સમજાણું કાંઈ? આહાહા..! 'નાટક સુનત હિયે ફાટક ખુલત હૈ.' ઓલું ફાટક હોયને રેલનું? પછી રસ્તામાં નથી ઘણી મોટરું ભેગી થઈ જતી? બે બાજુ ઓલા બંધ કરે. ઘણી મોટરું ભેગી થઈ જાય રાજકોટ જેવામાં તો. મોટું શહેર. મુંબઈમાં તો બહુ ભેગું થઈ જાય. એ ફાટક જ્યાં ખૂલે ત્યાં હડેરાટ એક કોર આમ જાય અને એક કોર આમ જાય.

**શ્રોતા** :- ઊભા રહેવું પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઊભા રહેવું. કેટલી વાર ઊભા રહેવું. અમારે ત્યાં જોયું છે ને.

એમ કહે છે કે આવું નાટક સમયસાર ભગવાન, એને સાંભળે તેના ફાટક ખૂલી જાય. સાંભળ્યું ક્યારે કહેવાય? કે અંદર રુચિ અને જ્ઞાન યથાર્થ કરે તો. સમજાણું કાંઈ?

**'उद्धतरसं' 'શાથી મોક્ષનું કારણ થાય છે? જીવના ગુણ સમ્યગ્દર્શન,...'** આ પર્યાયની વાત છે હોં! **'સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એવા છે જે...' (निजस्वभाव) 'જીવના ક્ષાયિક ગુણ તેમના પ્રગટપણાને લીધે.'** અહીં તો ક્ષાયિક લીધો લ્યો પર્યાય. **'જીવના ક્ષાયિક ગુણ તેમના પ્રગટપણાને લીધે.'** કેવળજ્ઞાનનું આ કારણ. એમ. કેવળજ્ઞાન જે આ ક્ષાયિકગુણ છે પર્યાય એનું આ સમ્યગ્દર્શન જ્ઞાન કારણ છે. શું કીધું સમજાણું? મોક્ષમાર્ગ

અને મોક્ષ બે સાથે લઈ લીધું, ભાઈ! મોક્ષ એટલે ક્ષાયિક કેવળજ્ઞાન પર્યાય. ક્ષાયિક કેવળજ્ઞાન પર્યાય એટલે મોક્ષ. એનું કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર.

'**તેમના પ્રગટપણાને લીધે.**' ક્ષાયિકગુણના પ્રગટ કરવાનું આ કારણ છે. કોણ? સમ્યગ્દર્શન અને જ્ઞાન, ચારિત્ર. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કોણ? કે ત્રિકાળ પૂર્ણ ભગવાન આત્મા એની શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને રમણતારૂપ નિર્વિકલ્પ પરિણતિ એ ક્ષાયિક કેવળજ્ઞાનનું કારણ છે એટલે બીજી ભાષાએ કહીએ તો મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? '**પ્રગટપણાને લીધે.**' (**भवनात्**) નિજસ્વભાવ પરિણમી જાય છે એ રૂપે.

'**ભાવાર્થ આમ છે—કોઈ આશંકા કરશે કે મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે મળીને છે, અહીં જ્ઞાનમાત્ર મોક્ષમાર્ગ કહ્યો તે કઈ રીતે કહ્યો?**' એમ આવ્યું ને? જ્ઞાન... જ્ઞાન.. જ્ઞાન... એકલું આવ્યું ને? આ જ્ઞાન આવું કેવળજ્ઞાનનું કારણ છે, કેવળજ્ઞાનનું કારણ છે. એકલું જ્ઞાન કેવળજ્ઞાનનું કારણ અને દર્શન-ચારિત્ર તો લીધા નહિ. સાંભળને! '**અહીં જ્ઞાનમાત્ર મોક્ષમાર્ગ કહ્યો તે કઈ રીતે કહ્યો?**'

'**તેનું સમાધાન આમ છે કે શુદ્ધસ્વરૂપ જ્ઞાનમાં સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર સહજ જ ગર્ભિત છે,...**' શુદ્ધ સ્વરૂપ જ્યાં જ્ઞાન થયું, ભગવાન આત્માના પરિપૂર્ણ સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન થયું, એ જ્ઞાનમાં શ્રદ્ધા અને ચારિત્ર ગર્ભિત છે. નિર્મળ શ્રદ્ધા અને ચારિત્ર પડ્યા જ છે એમાં. સમજાણું કાંઈ? '**શુદ્ધસ્વરૂપ જ્ઞાનમાં સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર સહજ જ ગર્ભિત છે,...**' સહજ જ. જોયું! એટલે એ આવી જાય છે. છેને પહેલા વાત આવી ગઈ. ૮મે પાને, ૩૩મે પાને. આમાં નથી લખ્યું. પહેલા આવી ગઈ છે. પાનું-૮, પાનું-૩૩. આમાં લખ્યું નથી. ઓલામાં છે. પાનું-૩૩. ઓલામાં છે જુઓ. પાનું-૮ છે. પાના-૮માં આવી ગયું છે. પાનું-૮ છે જુઓ! પહેલી લીટી છે આઠ પાને.

'**અહીં કોઈ આશંકા કરશે કે મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેના મળવાથી થાય છે. ઉત્તર આમ છે—શુદ્ધ જીવસ્વરૂપ અનુભવતાં ત્રણેય છે.**' શુદ્ધ જીવનું સ્વરૂપ અનુભવતાં ત્રણેય છે. સાંભળને! ૩૩ પાને છે એક. ૩૩. આમાં લખ્યું નથી હોં! જૂનામાં લખ્યું છે. આ ઓલું વાંચીએ છીએ ને એમાં લખ્યું છે. ૩૩ પાને છે જુઓ. એ ભાવાર્થમાં છે નીચેથી આઠમી-નવમી લીટી. આઠમી. '**ભાવાર્થ આમ છે કે મિથ્યાત્વપરિણતિનો ત્યાગ થતાં, શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં, સાક્ષાત્ રત્નત્રય ઘટે છે.**' છે ભાઈ? ભાવાર્થ છે નીચેથી આઠમી લીટી. નીચેથી આઠમી.

'**મિથ્યાત્વપરિણતિનો ત્યાગ થતાં, શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં, સાક્ષાત્ રત્નત્રય ઘટે છે. કેવાં છે દર્શન-જ્ઞાન-ચારિત્ર?**' જુઓ! ત્યાં પણ કીધું. '**प्रकटितपरमार्थैः**' '**પ્રગટ કર્યો છે સકલકર્મક્ષયલક્ષણ મોક્ષ જેમણે એવાં છે. ભાવાર્થ આમ છે કે...** '

**'सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः' 'એવું કથન તો સર્વ જૈનસિદ્ધાન્તમાં છે અને તે જ પ્રમાણ છે.'** કોણ ના પાડે છે કહે છે, સાંભળને! અમે જ્ઞાનથી મોક્ષ કીધો માટે એમાં દર્શન-ચારિત્ર નથી આવતું એમ છે નહિ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવનું પરિણમન દૃષ્ટિથી કર્યું, એથી જ્ઞાન પ્રગટ્યું એમ કહ્યું તો એની સાથે દર્શન અને ચારિત્ર પણ ભેગા પ્રગટ્યા છે. જ્ઞાન કહેતા એકલું જ્ઞાન એમ નથી. સાથે દર્શન-ચારિત્ર ભેગું છે. સમજાણું કાંઈ? **'સહજ જ ગર્ભિત છે, તેથી દોષ તો કાંઈ નથી,...'** જ્ઞાનથી મોક્ષ કહેવામાં દર્શન-ચારિત્ર આવી જાય છે. માટે જ્ઞાનથી મોક્ષ કહેવામાં દોષ છે નહિ.

**શ્રોતા** :- ગુણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- 'ગુણ છે.' કીધું ને પછી ગુણ છે. દોષ નથી.

એકલો જ્ઞાન ભગવાન સાથે.. તો જ્ઞાનથી કાંઈ બીજા ગુણ જુદા રહે છે? જ્ઞાન-દર્શન-આનંદ અનંતા ગુણો અવિનાભાવી સાથે છે. આખા દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપતા જ્ઞાન શુદ્ધ થયું એટલે એનો અર્થ કે દર્શન શુદ્ધ થયું, ચારિત્ર શુદ્ધ થયું, આનંદ શુદ્ધ થયો, વીર્ય શુદ્ધ થયું, સ્વચ્છતા બધી શુદ્ધ થઈ. સમજાણું કાંઈ? એ વાત પૂરી થઈ.

---

(શાર્દૂલવિક્રીડિત)

यावत्पाकमुपैति कर्मविरतिर्ज्ञानस्य सम्यङ् न सा
कर्मज्ञानसमुच्चयोऽपि विहितस्तावन्न काचित्क्षतिः।
किन्त्वत्रापि समुल्लसत्यवशतो यत्कर्म बन्धाय तन्
मोक्षाय स्थितमेकमेव परमं ज्ञानं विमुक्तं स्वतः।।११-११०।।

**ખંડાન્વય સહિત અર્થ :—** અહીં કોઈ ભ્રાન્તિ કરશે કે મિથ્યાદૃષ્ટિનું યતિપણું ક્રિયારૂપ છે, તે બંધનું કારણ છે, સમ્યગ્દૃષ્ટિનું છે જે યતિપણું શુભ ક્રિયારૂપ, તે મોક્ષનું કારણ છે; કારણ કે અનુભવ—જ્ઞાન તથા દયા-વ્રત-તપ-સંયમરૂપ ક્રિયા બંને મળીને જ્ઞાનાવરણાદિ કર્મનો ક્ષય કરે છે. આવી પ્રતીતિ કેટલાક અજ્ઞાની જીવો કરે છે. ત્યાં સમાધાન આમ છે કે—જેટલી શુભ-અશુભ ક્રિયા, બહિર્જલ્પરૂપ વિકલ્પ અથવા અંતર્જલ્પરૂપ અથવા દ્રવ્યોના વિચારરૂપ અથવા શુદ્ધસ્વરૂપનો વિચાર ઈત્યાદિ સમસ્ત, કર્મબંધનું કારણ છે. આવી ક્રિયાનો આવો જ સ્વભાવ છે, સમ્યગ્દૃષ્ટિ-મિથ્યાદૃષ્ટિનો એવો ભેદ તો કાંઈ નથી; એવા કરતૂતથી (કૃત્યથી) એવો બંધ છે, શુદ્ધસ્વરૂપ પરિણમનમાત્રથી મોક્ષ છે. જોકે એક જ કાળમાં સમ્યગ્દૃષ્ટિ જીવને શુદ્ધ

જ્ઞાન પણ છે, ક્રિયારૂપ પરિણામ પણ છે, તોપણ ક્રિયારૂપ છે જે પરિણામ તેનાથી એકલો બંધ થાય છે, કર્મનો ક્ષય એક અંશમાત્ર પણ થતો નથી. આવું વસ્તુનું સ્વરૂપ છે, સહારો કોનો? તે જ કાળે શુદ્ધસ્વરૂપ-અનુભવ—જ્ઞાન પણ છે, તે જ કાળે જ્ઞાનથી કર્મક્ષય થાય છે, એક અંશમાત્ર પણ બંધ થતો નથી. વસ્તુનું એવું જ સ્વરૂપ છે. આવું જેમ છે તેમ કહે છે—''तावत्कर्मज्ञानसमुच्चयः अपि विहितः'' (तावत्) ત્યાં સુધી (कर्म) ક્રિયારૂપ પરિણામ અને (ज्ञान) આત્મદ્રવ્યનું શુદ્ધત્વરૂપ પરિણમન, તેમનું (समुच्चयः) એક જીવમાં એક જ કાળે અસ્તિત્વપણું છે, (अपि विहितः) એવું પણ છે; પરંતુ એક વિશેષ—''काचित् क्षतिः न'' (काचित्) કોઈપણ (क्षतिः) હાનિ (न) નથી. ભાવાર્થ આમ છે કે—એક જીવમાં એક જ કાળે જ્ઞાન-ક્રિયા બંને કઈ રીતે હોય છે? સમાધાન આમ છે કે—વિરુદ્ધ તો કાંઈ નથી. કેટલાક કાળ સુધી બંને હોય છે, એવો જ વસ્તુનો પરિણામ છે; પરંતુ વિરોધી જેવાં લાગે છે, છતાં પણ પોતપોતાના સ્વરૂપે છે, વિરોધ તો કરતાં નથી. એટલા કાળ સુધી જેમ છે તેમ કહે છે-''यावत् ज्ञानस्य सा कर्मविरतिः सम्यक् पाकं न उपैति'' (यावत्) જેટલો કાળ (ज्ञानस्य) આત્માના મિથ્યાત્વરૂપ વિભાવપરિણામ મટ્યા છે, આત્મદ્રવ્ય શુદ્ધ થયું છે, તેને (सा) પૂર્વોક્ત (कर्म) ક્રિયાનો (विरतिः) ત્યાગ (सम्यक् पाकं न उपैति) બરાબર પરિપક્વતાને પામતો નથી અર્થાત્ ક્રિયાનો મૂળથી વિનાશ થયો નથી. ભાવાર્થ આમ છે કે-જ્યાં સુધી અશુદ્ધ પરિણમન છે ત્યાં સુધી જીવનું વિભાવપરિણમન છે. તે વિભાવપરિણમનનું અંતરંગ નિમિત્ત છે, બહિરંગ નિમિત્ત છે. વિવરણ—અંતરંગ નિમિત્ત જીવની વિભાવરૂપ પરિણમનશક્તિ, બહિરંગ નિમિત્ત છે મોહનીયકર્મરૂપ પરિણમેલો પુદ્ગલપિંડનો ઉદય. તે મોહનીયકર્મ બે પ્રકારનું છે : એક મિથ્યાત્વરૂપ છે, બીજું ચારિત્રમોહરૂપ છે. જીવનો વિભાવપરિણામ પણ બે પ્રકારનો છે : જીવનો એક સમ્યક્ત્વગુણ છે તે જ વિભાવરૂપ થઈને મિથ્યાત્વરૂપ પરિણમે છે, તેના પ્રતિ બહિરંગ નિમિત્ત છે મિથ્યાત્વરૂપ પરિણમેલો પુદ્ગલપિંડનો ઉદય; જીવનો એક ચારિત્રગુણ છે તે જ વિભાવરૂપ પરિણમતો થકો વિષયકષાયલક્ષણ ચારિત્રમોહરૂપ પરિણમે છે, તેના પ્રતિ બહિરંગ નિમિત્ત છે ચારિત્રમોહરૂપ પરિણમેલો પુદ્ગલપિંડનો ઉદય. વિશેષ આમ છે કે—ઉપશમનો, ક્ષપણનો ક્રમ આવો છે : પહેલાં મિથ્યાત્વકર્મનો ઉપશમ થાય છે અથવા ક્ષપણ થાય છે; તેના પછી ચારિત્રમોહકર્મનો ઉપશમ થાય છે અથવા ક્ષપણ થાય છે. તેથી સમાધાન આમ છે—કોઈ આસન્નભવ્ય જીવને કાળલબ્ધિ પ્રાપ્ત થવાથી મિથ્યાત્વરૂપ પુદ્ગલપિંડ-કર્મ ઉપશમે છે અથવા ક્ષપણ થાય

છે. આમ થતાં જીવ સમ્યક્ત્વગુણરૂપ પરિણમે છે, તે પરિણમન શુદ્ધતારૂપ છે. તે જ જીવ જ્યાં સુધીમાં ક્ષપકશ્રેણી પર ચડશે ત્યાં સુધી ચારિત્રમોહકર્મનો ઉદય છે, તે ઉદય હોતાં જીવ પણ વિષયકષાયરૂપ પરિણમે છે, તે પરિણમન રાગરૂપ છે, અશુદ્ધરૂપ છે. તેથી કોઈ કાળમાં જીવને શુદ્ધપણું-અશુદ્ધપણું એક જ સમયે ઘટે છે, વિરૂદ્ધ નથી. ''किन्तु'' કોઈ વિશેષ છે, તે વિશેષ જેમ છે તેમ કહે છે—''अत्र अपि'' એક જ જીવને એક જ કાળે શુદ્ધપણું-અશુદ્ધપણું જોકે હોય છે તોપણ પોતપોતાનું કાર્ય કરે છે. ''यत् कर्म अवशतः बन्धाय समुल्लसति'' (यत्) જેટલી (कर्म) દ્રવ્યરૂપ-ભાવરૂપ—અંતર્જલ્પ-બહિર્જલ્પ—સૂક્ષ્મ-સ્થૂળરૂપ ક્રિયા, (अवशतः) સમ્યગ્દષ્ટિ પુરુષ સર્વથા ક્રિયાથી વિરક્ત હોવા છતાં ચારિત્રમોહના ઉદયે બલાત્કારે થાય છે તે (बन्धाय समुल्लसति)—જેટલી ક્રિયા છે તેટલી-જ્ઞાનાવરણાદિ કર્મબંધ કરે છે, સંવર-નિર્જરા અંશમાત્ર પણ કરતી નથી. ''तत् एकम् ज्ञानं मोक्षाय स्थितम्'' (तत्) પૂર્વોક્ત (एकम् ज्ञानं) એક જ્ઞાન અર્થાત્ એક શુદ્ધ ચૈતન્યપ્રકાશ (मोक्षाय स्थितम्) જ્ઞાનાવરણાદિ કર્મક્ષયનું નિમિત્ત છે. ભાવાર્થ આમ છે કે—એક જીવમાં શુદ્ધપણું-અશુદ્ધપણું એક જ કાળે હોય છે, પરંતુ જેટલા અંશે શુદ્ધપણું છે તેટલા અંશે કર્મ-ક્ષપણ છે, જેટલા અંશે અશુદ્ધપણું છે તેટલા અંશે કર્મબંધ થાય છે. એક જ કાળે બંને કાર્ય થાય છે. ''एव'' આમ જ છે, સંદેહ કરવો નહિ. કેવું છે શુદ્ધ જ્ઞાન? ''परमं'' સર્વોત્કૃષ્ટ છે—પૂજ્ય છે. વળી કેવું છે? ''स्वतः विमुक्तं'' ત્રણે કાળે સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન છે. ૧૧-૧૧૦.

## કલશ-૧૧૦ ઉપર પ્રવચન

હવે ૧૧૦ કળશ મોટો છે. અત્યારની આ મોટી તકરાર છેને? એનો આ ખુલાસો છે આમાં. સમ્યગ્દષ્ટિનો શુભઉપયોગ સંવર-નિર્જરા છે, કંઈક પણ છે એમ લોકો કહે છે. મિથ્યાદષ્ટિને માટે બરાબર છે કે એનો શુભઉપયોગ તો બંધનું કારણ છે. પણ સમ્યગ્દર્શન થયા પછી શુભોપયોગ (બંધનું કારણ નથી). કેમકે એનો ભોગનો અશુભભાવ પણ નિર્જરાનો હેતુ છે. એનો અશુભ ઉપયોગ જે ભોગ છે એને નિર્જરાનો હેતુ છે. તો પછી શુભભાવ નિર્જરાનો હેતુ કેમ ન હોય? એમ કરીને દલીલ ઊંધી અત્યારે આવે છે. ઊંધી દલીલ આવે છે. એનો આ ખુલાસો આમાં ઘણો સરસ કર્યો છે. શાર્દૂલવિક્રીડિત. એ સિંહ ક્રીડા કરતો ચાલ્યો આવે છે કહે છે. એવી દેશી શું કહેવાય? દેશી. દેશી-દેશી.

यावत्पाकमुपैति कर्मविरतिर्ज्ञानस्य सम्यङ् न सा
कर्मज्ञानसमुच्चयोऽपि विहितस्तावन्न काचित्क्षतिः।
किन्त्वत्रापि समुल्लसत्यवशतो यत्कर्म बन्धाय तन्
मोक्षाय स्थितमेकमेव परमं ज्ञानं विमुक्तं स्वतः।।११०।।

એક શ્લોકના બે આખા પાના ભર્યા છે સરખાઈના. રાડ પાડે છે. પણ વિચારતા નથી, શાંતિથી જોતા નથી અને પૂર્વનું પકડ્યું એમને એમ પકડ્યું. એ.. અમારું ખોટું પડે, અમારે ખોટું પડે. ભાઈ! ખોટું પડે તો ખોટું પડવા દે ને હવે. ભૂલ ટાળવી એમાં શું? ભૂલ તો હોય. એની ક્યાં વાત છે? ભૂલ હોય એની વિસ્મયતા નથી. ભૂલ ટાળવી એની આશ્ચર્યતા છે. ભૂલ તો હોય એમાં શું છે? ટાળવી. કે નહિ.

ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવનો જેટલો આદર કરીને પરિણમ્યો એટલું જ મુક્તિનું કારણ. આ મુનિને પણ શુભભાવ આવે એ બંધનું કારણ ઝેર છે. એને જરીએ શુભભાવથી સંવર અને નિર્જરાનો અંશ આવતો નથી. કેટલાક કહે છે કે ભાઈ! શુભ પરિણામમાં એકાંત બંધ છે એમ ન લેવું. અનેકાંત માર્ગ છે. નહિતર અનેકાંત રહેતું નથી. અનેકાંત ફુદડીવાદ કરી નાખ્યો. શુભભાવમાં કથંચિત્ નિર્જરા, કથંચિત્ સંવર અને સમ્યગ્દર્શન મોક્ષમાર્ગમાં કથંચિત્ બંધ અને કથંચિત્ મોક્ષમાર્ગ. જુઓ! બે લીધું છે પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. આવે છેને? પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં લીધું છે. મોક્ષમાર્ગ બંધનું પણ કારણ છે. પણ ક્યો? બધે આવે. પંચાસ્તિકાયમાં આવે છે. એમાં શું છે? વિકલ્પ જે છે વ્યવહાર મોક્ષમાર્ગ તે બંધનું કારણ છે, પરસમય છે. જેટલો સ્વસમયને આશ્રયે શુદ્ધતા તેટલો જ મોક્ષમાર્ગ. એમ અનેકાંત છે. આવું અનેકાંત ખીચડાવાદ જેવું! સિદ્ધ ભગવાન પણ કથંચિત્ સ્વતંત્ર, કથંચિત્ પરતંત્ર. નહિતર અનેકાંત રહેતું નથી. કેમકે ધર્માસ્તિ આગળ નથી એટલા તો એ પરતંત્ર છે. ઊભા રહેવું પડ્યું ત્યાં એને લ્યો.

**શ્રોતા** :- અલોકમાં ગયા નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ગયા નહિ તે શું છે? એ તો પોતાનો સ્વતંત્ર પર્યાય એટલો જ છે. ગયા નહિ તો શું છે? પણ પર નથી માટે નથી ગયા? એનો સ્વભાવ જ એટલો રહેવાનો છે ત્યાં.

**શ્રોતા** :- શક્તિ હોય તો જાય નહિ, શું કરવા ન જાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શક્તિ શું પણ જાવું છે ક્યાં? જાવું હતુ ક્યાં?

'**ખંડાન્વય સહિત અર્થ :— અહીં કોઈ ભ્રાન્તિ કરશે કે...**' જુઓ! '**મિથ્યાદષ્ટિનું યતિપણું ક્રિયારૂપ છે,...**' જેની દૃષ્ટિ અનેકાંત નથી, એમ કહે છે લોકો. એટલે એકાંતવાળાની આ વાત છે. અનેકાંત અમારી દૃષ્ટિ છે એટલે અમારે યતિ, મુનિની ક્રિયા બધી સંવર નિર્જરાનું

કારણ છે. અહીં કહે છે કે એ એકાંત મિથ્યાદૃષ્ટિ એકાંતને જ માનનારો છે. એ **'યતિપણું ક્રિયારૂપ...'** મુનિપણાની ક્રિયા. ત્યાં નથી. મુનિપણાની કોણ ક્રિયા? અઠ્યાવીશ મૂળગુણ, પંચ મહાવ્રત આદિ. એનો વિનય, ભક્તિ, પૂજા આદિનો ભાવ વિકલ્પવાળો **'તે બંધનું કારણ છે,...'** એમ કોઈ મિથ્યાદૃષ્ટિ માને છે ભ્રાંતિ કરેલા.

**'સમ્યગ્દૃષ્ટિનું છે જે યતિપણું...'** એ સમ્યગ્દૃષ્ટિનું સાધુપણું આ ક્રિયારૂપ સાધુપણું હોં. એ પાછો ખુલાસો કર્યો. **'શુભક્રિયારૂપ, તે મોક્ષનું કારણ છે;...'** એમ ભ્રાંતિ મિથ્યાદૃષ્ટિ કેટલાક કરે છે.

**શ્રોતા :-** કળશમાં ક્યાં છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, કળશમાં છે. એમ કે આ ઘરનું કાઢ્યું નથી ને? એ કહે છે બધું જુઓ આમ. **'यावत्पाकमुपैति कर्मविरतिर्ज्ञानस्य सम्यङ् न सा'** એનો ખુલાસો છે આ બધો. કહો, સમજાણું કાંઈ?

કોઈ અજ્ઞાની ભ્રમણા કરે છે કે મિથ્યાદૃષ્ટિનો શુભઉપયોગ સાધુની ક્રિયા એ બંધનું કારણ ખરું. પણ સમ્યગ્દૃષ્ટિની જે શુભક્રિયા યતિપણું, પંચ મહાવ્રતાદિ મોક્ષનું કારણ. એમ અજ્ઞાની ભ્રમણા કરે છે. **'કારણ કે અનુભવ—જ્ઞાન તથા દયા-વ્રત-તપ-સંયમરૂપ ક્રિયા બંને મળીને જ્ઞાનાવરણાદિ કર્મનો ક્ષય કરે છે.'** એમ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ? આત્માને અનુસરીને થતો શુદ્ધ અનુભવ અને પરને અનુસરીને થતો શુભભાવ, એમ બેય થઈને મુક્તિનું કારણ છે એમ કેટલાક ભ્રાંતિ મિથ્યાદૃષ્ટિ લોકો કરે છે. કારણ તો એક ઉપચારિક કારણ એક યથાર્થ કારણ છે. **'ववहारोऽभूदत्थो'** મહાસિદ્ધાંત.

**શ્રોતા :-** આ વ્યવહાર કારણ અને ઉપાદાન કારણ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વ્યવહાર કારણ અભૂતાર્થ કારણ છે, વાસ્તવિક નથી. કહો, સમજાણું કાંઈ? ભાઈ! એને પોતાને સમજવું હોય તો એમાં શું છે? જેમ હોય તેમ રાખવું. વસ્તુને વસ્તુ તરીકે રાખ ને. ફેરફાર તારું કર્યે કાંઈ થઈ જશે?

**'આવી પ્રતીતિ કેટલાક અજ્ઞાની જીવો કરે છે.'** ભાઈ જુઓ! આત્માનો અનુભવ એ જ્ઞાન અનુભવજ્ઞાન અને દયા, દાન, વ્રત, તપ, સંયમનો શુભભાવ બેય જ્ઞાનાવરણીય કર્મના ક્ષયનું કારણ છે. એનાથી કર્મક્ષય કરે છે. **'આવી પ્રતીતિ કેટલાક અજ્ઞાની જીવો કરે છે.'** કહો, સમજાણું કાંઈ? ક્ષયોપશમભાવ છે કેટલાક વળી એમ કહે છે. જુઓ! નિયમસારમાં પણ આવ્યું છે. મિથ્યાદૃષ્ટિને પ્રત્યાખ્યાન ક્ષયોપશમભાવે હોય છે. પંચાસ્તિકાયમાં આવ્યું છે. અરે.. ભાઈ! એ તો રાગની મંદતાની અપેક્ષાએ પુરુષાર્થ છે. એથી ક્ષયોપશમ (કહ્યું છે), વાસ્તવિક ક્ષયોપશમભાવ એ નથી. ઓહોહો..! ભારે તકરાર.

આ ચર્ચા ૮૦માં થઈ હતી ભાઈ રાણપુર. ૮૦ની સાલ. ૭૯નું ચોમાસું પૂરું કરી બોટાદ

આવ્યા અને આનું ચોમાસું લીંબડી હતું. ત્યાં આવ્યા. એ જયચંદજી અને મૂળચંદજી બે વચ્ચે ચર્ચા ચાલી કે અનંત વાર આપણે જે કાંઈ ક્રિયા કરી નવમી ગ્રૈવેયક ગયો ઈ, એ ભાવ તો ક્ષયોપશમ ખરો. રાગની મંદતા કેટલો પુરુષાર્થ કર્યો! તે વિના નવમી ગ્રૈવેયક જાય? હું ઉપર હતો. હેઠે ચર્ચા ચાલતી હતી. હેઠે ઉતરીને વાત કરી, કેમ આ? વાત ખોટી, કીધું. ક્ષયોપશમભાવ યથાર્થ હોય તો મુક્તિ થયા વિના રહે નહિ. એને ક્ષયોપશમ કદાચ તે દિ' તો આ ખ્યાલ નહોતો કે દ્રવ્ય નિક્ષેપે ક્ષયોપશમ કહ્યો છે. સમજાણું?

ક્ષયોપશમ એને કહીએ કે જેનાથી મુક્તિ થાય. આવો ક્ષયોપશમ તો અનાદિનો અજ્ઞાની નિગોદમાં પણ પડ્યો છે. અભવિને નથી ક્ષયોપશમ જ્ઞાનનો? વીર્યનો? વીર્યનો ક્ષયોપશમ નથી? છે. એ શું ક્ષયોપશમ કામ આવે? ભગવાન આત્માના અવલંબે જેટલો ક્ષયોપશમભાવ પ્રગટ કરે એ જીવને મુક્તિ થયા વિના રહે નહિ. આ નવમી ગ્રૈવેયકે અનંત વાર ગયો એને તમે ક્ષયોપશમભાવ ઠરાવો છો, કીધું, વાત ખોટી છે. સમજાણું કાંઈ? એવું ચાલતું હતું ને અંદર ને અંદર ઘણી ઘણી વાતું ચાલતી. ગડબડ ગડબડ કરે. આ વાણિયાને કાંઈ ખબર ન હોય. શું ચાલતું હશે અંદર કાંઈ ખબર હોય?

કહો, કેટલાક જીવો. બે વાત લીધી હોં આગળ-પાછળ. એક તો '**ભ્રાંતિ કરશે કે મિથ્યાદૃષ્ટિનું યતિપણું ક્રિયારૂપ છે,...**' એ. અને '**આવી પ્રતીતિ કેટલાક અજ્ઞાની જીવો કરે છે.**' પહેલી લીધી મિથ્યાત્વ અને પછી લીધો અજ્ઞાની. '**ત્યાં સમાધાન આમ છે કે—**' ભગવાન! '**જેટલી શુભ-અશુભ ક્રિયા,...**' એ બધો ઉદયભાવ છે, ભાઈ! ઉદયભાવ એ કાંઈ પણ સંવર-નિર્જરાનું કારણ ન થાય. જેટલો દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો વિકલ્પ ઉઠે એ પુણ્યબંધન છે. સંવર-નિર્જરા નહિ. એ તો અભવિ પણ કરે છે એવું. ભારે કઠણ જગતને. કેમ ભગવાનભાઈ!

**શ્રોતા :-** મુંબઈમાં તો આકરૂં લાગે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મુંબઈનું શું હતું? ત્યાં પણ આવતી હતીને વાત. ક્યાં નહોતી આવતી? બધી વાત ચાલતી હતી. અહીં ક્યાં,.. દુનિયા માને ન માને એને ઘરે રહી. આટલું બહુ સ્પષ્ટ એકસાથે ઝાઝી વાતું ન આવે, જરી ભાગ પડી જાય.

'**જેટલી શુભ-અશુભ ક્રિયા, બહિર્જલ્પરૂપ વિકલ્પ...**' આ ઉપદેશની વાણી નીકળે અને એની પાછળ રહેલો વિકલ્પ અને '**અંતર્જલ્પરૂપ...**' મનની સાથે એકલો વિકલ્પ '**અથવા દ્રવ્યોના વિચારરૂપ...**' એ છ દ્રવ્યનો વિચાર પણ વિકલ્પ અને રાગ બંધનું કારણ છે. એ સંવર નિર્જરા નહિ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, હજી આવશે. હજી તો આવશે. આ તો એક જ અર્થ થાય

છે હજી. વિકલ્પ. હજી અહીં સુધી અર્થ આવ્યોને.

'**દ્રવ્યોના વિચારરૂપ...**' સામાન્ય વાત પહેલી આવી હોં! '**અથવા શુદ્ધસ્વરૂપનો વિચાર...**' હવે બીજો બોલ. અહીં તો હળવો-હળવો કરતા આઘે લઈ જવું છે ને? '**દ્રવ્યોના વિચારરૂપ...**' છ દ્રવ્ય. પણ અહીં કહ્યું નથી ભાઈ? આપણે નિયમસારમાં. મૂળ ગાથા. આવશ્યક અધિકારમાં. દ્રવ્ય-ગુણ અને પર્યાયનો વિચાર કરે તે વિકલ્પ છે. તે પરવશ છે, પરવશ છે. એ તો નિયમસારની પોતાની ગાથા છે. સમજાણું કાંઈ? આવશ્યકની. એ વાત કાંઈ ઘરની એકેય નથી. એ બધી આવે છે એમાં. શેમાં છે? આવશ્યકમાં છે. કેટલામી છે? ૧૪૫ છે.

'**दव्वगुणपज्जयाणां चित्तं जो कुणइ सो वि अण्णवसो।**' કુંદકુંદાચાર્ય પોતે કહે છે એમાં ઘરનું (કાંઈ નથી). કોઈપણ દ્રવ્ય, ગુણ. આમ ભેદનો દ્રવ્ય, આ ગુણ, આ પર્યાય '**चित्तं जो कुणइ सो वि अण्णवसो।**' આવશ્યક નહિ. આવશ્યક—અવશ્ય કરવા લાયક એ પહેલું કહ્યું '**णियमेण य जं कज्जं**'. એ (નિયમસાર) ત્રીજી ગાથાથી ઉપાડ્યું હતું. એ દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભેદ કરે તે આવશ્યક નહિ, અવશ્ય કરવા લાયક એ નહિ. એ તો અણવશ છે. '**मोहंधयारववगयसमणा कहयंति एरिसयं।।**' આચાર્યને પણ કહેવું પડે ભગવાનનો આશ્રય લઈને. ભગવાન ત્રિલોકનાથના મુખમાંથી આવેલું છે. કોણ? '**मोहंधयारववगयसमणा**' જેને મોહનો અંધકાર નાશ થયો છે એવા સર્વજ્ઞો '**कहयंति एरिसयं।।**' આવું એ ભગવાન કહે છે. દ્રવ્ય, ગુણ અને પર્યાયનું ચિત્ત આપે છે એ પરવશ છે. એ તો શુભભાવ છે, આ કાંઈ અશુભભાવ નથી. દ્રવ્ય, ગુણ, પર્યાયનો વિચાર કાંઈ અશુભભાવ નથી. શુભ છે પરવશ છે, પરાધીન છે. આ મૂળ શ્લોક છે. એને કોણ ના પાડશે? સમજાણું?

કહે છે, એ '**શુદ્ધસ્વરૂપનો વિચાર...**' એ આ લેવું. '**ઈત્યાદિ સમસ્ત કર્મબંધનું કારણ છે. આવી ક્રિયાનો આવો જ સ્વભાવ છે,...**' ભાઈ! બાપુ! આ વૃત્તિ ઉઠે છે, આમ વિકલ્પ ઉઠે છે એ ક્રિયા રાગનો તો એવો જ સ્વભાવ છે કે બંધનું જ કારણ છે. '**સમ્યગ્દૃષ્ટિ-મિથ્યાદૃષ્ટિ એવો ભેદ તો કાંઈ નથી;...**' કે સમ્યગ્દૃષ્ટિના શુભભાવમાં કાંઈક સંવર, નિર્જરા (થાય) અને મિથ્યાદૃષ્ટિને બંધ થાય, એવો ભેદ ભગવાને ક્યાંય કહ્યો નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત-૨૪૯૧, જેઠ વદ ૧૪, સોમવાર, તા. ૨૮-૬-૧૯૬૫, કલશ-૧૧૦-૧૧૧ પ્રવચન નં. ૮૨

આ સમયસાર કળશટીકા, પુણ્ય-પાપ અધિકાર ૧૧૦ કળશ. નીચે અહીં છે ભાવાર્થ. પાંચમી લીટીનો ભાવાર્થ છેલ્લો. જુઓ શું અધિકાર છે? કે આત્મા '**यावत् ज्ञानस्य सा कर्मविरतिः सम्यक् पाकं न उपैति**' એનો અર્થ થઈ ગયો છે. એટલે શું? કે (**ज्ञानस्य**) નામ આત્મા વસ્તુ દ્રવ્ય છે એની શુદ્ધિની પરિણતિ પ્રગટ થઈ છે પણ એની સાથે રાગની ક્રિયા હજી પરિપાક એટલે મૂળથી નાશ થયો નથી. આત્મા વસ્તુ છે એનું શુદ્ધપણું જે ત્રિકાળ શક્તિમાં છે, એનું સમ્યગ્દર્શન-જ્ઞાનની શાંતિ દ્વારા શુદ્ધતાનું કેટલુંક પરિણમન થયું છે તેને જ્ઞાન કહેવામાં આવે છે. અને ક્રિયા એટલે પુણ્ય-પાપના વિકલ્પ. નીચે હોય તો પાપ આદિ. ઉપર હોય તો શુભભાવ, એની ક્રિયાનો મૂળથી વિનાશ નથી થયો. એને બેય એક સમયમાં વર્તે છે અને બેય એક સમયમાં વર્તવામાં કાંઈ વિરોધ નથી.

'**ભાવાર્થ આમ છે કે—જ્યાં સુધી અશુદ્ધ પરિણમન છે...**' જ્યાં સુધી આત્મામાં પૂર્ણ શુદ્ધતા પર્યાયની પ્રગટ થઈ નથી ત્યાં સુધી આત્માની પર્યાયમાં અશુદ્ધ દશારૂપ ભાવ હોય છે. '**ત્યાં સુધી જીવનું વિભાવપરિણમન છે.**' અશુદ્ધ પરિણમન કહો કે વિભાવ પરિણમનરૂપે વિકારનું પરિણમન છે, સમ્યગ્દષ્ટિને કે મુનિને પણ. સમજાણું કાંઈ? ચારિત્રદોષની વાત છે. સમ્યગ્દર્શન-જ્ઞાન ભલે આત્માનો શુદ્ધ સમ્યક્ અનુભવ થયો, જ્ઞાન પણ સ્વસંવેદન થયું, પણ ચારિત્રમાં કેટલીક શુદ્ધતા પ્રગટી છે અને કેટલીક અશુદ્ધતા રહી છે. એ અશુદ્ધતા રહી છે એને અહીંયાં કર્મ શબ્દે ક્રિયા કહેવામાં આવે છે અને શુદ્ધતા થઈ તેને આત્માના દ્રવ્યની શુદ્ધ પરિણમન ક્રિયા કહેવામાં આવે છે. એ એક સમયે બે છે.

તો કહે છે કે '**તે વિભાવપરિણમનનું...**' જે વિભાવ પરિણમન છે સમ્યગ્દષ્ટિને પણ, એનું '**અંતરંગ નિમિત્ત છે, બહિરંગ નિમિત્ત છે.**' ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપની અનુભવ દૃષ્ટિ અને જ્ઞાન અને શાંતિ કેટલીક પ્રગટ કરવા છતાં ધર્મીને અને મુનિઓને પણ કાંઈ અશુદ્ધ દશાનું વિભાવ પરિણમન વિકારનું છે એને બે પ્રકારે (છે) એક અંતરંગ કારણ અને એક બહિરંગ કારણ.

'**વિવરણ—અંતરંગ નિમિત્ત જીવની વિભાવરૂપ પરિણમનશક્તિ,...**' નિમિત્ત શબ્દે કારણ. અંતરંગ કારણ તો એ સમયમાં વિભાવના વિકાર થવાની લાયકાતની યોગ્યતા. આત્મામાં

શુદ્ધ સ્વરૂપનું ભાન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોવા છતાં જેટલો ભાગ વિકારનું પરિણમન છે એમાં એ વિકારનું અંતરંગ કારણ તે સમયની પોતાની યોગ્યતા. '**બહિરંગ નિમિત્ત છે મોહનીયકર્મરૂપ પરિણમેલો પુદ્‌ગલપિંડનો ઉદય.**' એ પુદ્‌ગલકર્મ જે છે મોહ એનો ઉદય જે છે ઉદય, એ અહીંયાં વિભાવ પરિણમનની અંતરંગ યોગ્યતા આત્માની અને કર્મનો ઉદય એમાં બહિરંગ નિમિત્તરૂપે હોય છે. કહો, સમજાણું આમાં? કર્મરૂપ પરિણમ્યો છે પુદ્‌ગલપિંડ એનો ઉદય.

'**તે મોહનીય કર્મ બે પ્રકારનું છે :**' અહીં તો ખુલાસો કરવો છે હોં! અહીં સાધક છે એને મિથ્યાત્વ નથી. પણ અહીં તો ખુલાસો કરે છે. ચાલે છે અધિકાર એમાં તો એક ચારિત્રમોહનું જ નિમિત્ત બતાવવું છે પણ સામાન્યપણે બધી વાત કરે છે. નહિતર અહીં તો બતાવવું છે કે જ્યાં સુધી શુદ્ધતાનું આત્મામાં પરિપૂર્ણ (પરિણમન) ન થાય ત્યાં સુધી શુદ્ધતા અને અશુદ્ધતા બે હોય છે. એ અશુદ્ધતામાં વિભાવી યોગ્યતાનું પોતાનું કારણ અને મોહનીય કર્મનો ઉદય એ બહિરંગ કારણ. એ સામાન્ય વાત કરી.

હવે એના બે પ્રકાર—'**એક મિથ્યાત્વરૂપ છે, બીજું ચારિત્રમોહરૂપ છે.**' અહીંયાં લાગુ પડે એવું નથી આ મિથ્યાત્વરૂપ. પણ અહીં તો સામાન્ય મોહ પહેલો શબ્દ કર્યો ખરો ને? '**મોહનીયકર્મરૂપ પરિણમેલો પુદ્‌ગલપિંડનો ઉદય.**' એટલે એ ઉદયમાં ક્યા પ્રકારનો ઉદય સાધકના અશુદ્ધ પરિણમનમાં હોય એ ખુલાસો કરવા આ મોહના બે પ્રકાર પાડીને સમજાવે છે. સમજાણું? ક્યાં ગયા? નથી ભાઈ? તબિયત? ઠીક. હેમરાજજીની.

'**એક મિથ્યાત્વરૂપ છે, બીજું ચારિત્રમોહરૂપ છે.**' કર્મની વાત છે બે. '**જીવનો વિભાવપરિણામ પણ બે પ્રકારનો છે :**' કર્મ પણ બે પ્રકારનું મોહકર્મ. એક દર્શનમોહ કર્મ એટલે મિથ્યાત્વરૂપ અને એક ચારિત્રમોહરૂપ કર્મ. જડમાં બે પ્રકાર. હવે જીવમાં બે પ્રકાર. '**જીવનો વિભાવપરિણામ પણ બે પ્રકારનો છે : જીવનો એક સમ્યક્‌ત્વગુણ છે તે જ વિભાવરૂપ થઈને મિથ્યાત્વરૂપ પરિણમે છે,...**' ગુણ શબ્દે ત્રિકાળ જે ગુણ છે એ પરિણમતો નથી. ભાષા તો જેમ સમજાવવું હોય એ કઈ રીતે સમજાવે?

શું કહ્યું? આ જ્યાં સુધી દર્શનમોહમાં મિથ્યાત્વનો ઉદય છે અને જ્યાં સુધી ચારિત્રમોહનો ઉદય જડમાં છે. આત્મામાં મિથ્યાત્વના પરિણામ એની વાત ચાલે છે. જીવનો એક સમકિતગુણ છે. '**તે જ વિભાવરૂપ થઈને મિથ્યાત્વરૂપ પરિણમે છે...**' શ્રદ્ધા નામનો ગુણ જે ત્રિકાળ છે એની વર્તમાન પર્યાયમાં વિપરીત અભિપ્રાયરૂપ આત્માનો શ્રદ્ધાગુણ વિપરીતરૂપે પર્યાયમાં પરિણમ્યો છે. '**તેના પ્રતિ બહિરંગ નિમિત્ત છે મિથ્યાત્વરૂપ પરિણમેલો પુદ્‌ગલપિંડનો ઉદય;...**' એના પ્રત્યે બહિરંગ નિમિત્ત. છેને? અંતરંગ નિમિત્ત તો પોતાની મિથ્યાત્વપરિણામની યોગ્યતા. '**બહિરંગ નિમિત્ત છે મિથ્યાત્વરૂપ પરિણમેલો પુદ્‌ગલપિંડનો ઉદય;...**' એ

વાત એક મિથ્યાત્વની સમજાવવા માટે કરી. પહેલું એમ કહ્યું હતું ને કે '**મોહનીયકર્મરૂપ પરિણમેલો પુદ્‌ગલપિંડનો ઉદય,...**' અશુદ્ધ પરિણમનને. તો ક્યો અશુદ્ધ પરિણમન અને ક્યો એને નિમિત્ત? એ બેને સમજાવવા આ વાત(નો) ખુલાસો કર્યો છે.

'**જીવનો એક ચારિત્રગુણ છે...**' હવે અહીં સમજાવવું છે આ. '**તે જ વિભાવરૂપ પરિણમતો થકો...**' આત્મામાં એક અકષાય શાંતિરૂપ ચારિત્ર નામનો ગુણ છે એ પર્યાયમાં વિભાવરૂપ પરિણમતો થકો '**વિષયકષાયલક્ષણ ચારિત્રમોહરૂપ પરિણમે છે,...**' વિષયરૂપે પરિણમે છે અને કષાયરૂપે પણ પરિણમે છે. એ '**વિષયકષાયલક્ષણ ચારિત્રમોહરૂપ પરિણમે છે, તેના પ્રતિ બહિરંગ નિમિત્ત છે ચારિત્રમોહરૂપ પરિણમેલો પુદ્‌ગલપિંડનો ઉદય.**' સમ્યગ્દૃષ્ટિને પણ જ્યાં શુદ્ધનું પરિણમન સ્વભાવનું ભાન થયું છતાં ત્યાં અશુદ્ધ પરિણમનના પણ બે પ્રકાર પરિણમનના (વર્તે છે). એક વિષયરૂપ પરિણમન અને એક કષાયરૂપ પરિણમન. નીચે ગુણસ્થાનમાં ચોથે-પાંચમે વિષયરૂપ પરિણમન છે, છઠ્ઠે કષાયરૂપ પરિણમન છે. સમજાણું કાંઈ? તો એને ચારિત્રમોહનો પુદ્‌ગલ જે કર્મ છે તે નિમિત્ત છે. સમય તો એક જ છે. અહીં અશુદ્ધ પરિણમનનો કાળ છે, ત્યાં કર્મના ઉદયનું નિમિત્તપણાનો કાળ છે. આ બેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એમ અહીંયાં જ્ઞાન કરાવ્યું છે.

'**વિશેષ આમ છે કે—ઉપશમનો, ક્ષપણનો ક્રમ આવો છે : પહેલાં મિથ્યાત્વકર્મનો ઉપશમ થાય છે અથવા ક્ષપણ થાય છે.**' એમ લખ્યું છે. પણ પહેલો તો ખરેખર મિથ્યાત્વનો ઉપશમ હોય છે. પછી એને મિથ્યાત્વનો ઉપશમ થયા પછી ક્ષયોપશમ થઈને પછી ક્ષાયિક થાય છે. પણ એ સમજાવવું હોય ત્યારે એ શૈલી(થી સમજાવે). સમજાણું કાંઈ?

**શ્રોતા :-** શ્રેણી માંડે ત્યારે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. શ્રેણી આગળ કહેશે ને. શ્રેણી સુધી એમ કે આ હેઠે ન ચડે શ્રેણીએ ત્યાં સુધી આ નિમિત્તપણું છે એ બતાવવું છે. સમજાણું કાંઈ?

'**મિથ્યાત્વકર્મનો ઉપશમ થાય છે અથવા ક્ષપણ થાય છે; તેના પછી ચારિત્રમોહકર્મનો ઉપશમ થાય છે...**' એમ સિદ્ધ કરવું છે અહીં. મિથ્યાત્વનો નાશ થાય-ઉપશમ થાય પછી ચારિત્રમોહનો ઉપશમ થાય. હજી મિથ્યાત્વનો ઉપશમ ન થાય અને ચારિત્રમોહનો ઉપશમ થાય એમ કોઈ દિ' બને નહિ. એમ મિથ્યાત્વનું પરિણમન હોય અને એને ચારિત્રમોહનું પરિણમન ન હોય એમ હોય નહિ. મિથ્યાત્વનું પરિણમન જાય એને ચારિત્રમોહનું પરિણમન હોય, પણ મિથ્યાત્વનું પરિણમન હોય અને ચારિત્રમોહનું પરિણમન ન હોય એમ બને નહિ. સમજાણું કાંઈ? એ અહીં સાધકને બતાવવું છે કે મિથ્યાત્વ ટળવા છતાં એને ચારિત્રમોહનું પરિણમન છે એટલું બતાવવું છે. '**અથવા ક્ષપણ થાય છે.**'

**'તેથી સમાધાન આમ છે—કોઈ આસન્નભવ્ય જીવને...'** જેનો સંસાર નિકટ છે. આસન્નભવ્ય—નજીક છે જેની ભવ્યની પરિપાકતા. એવા **'જીવને કાળલબ્ધિ પ્રાપ્ત થવાથી મિથ્યાત્વરૂપ પુદ્‌ગલપિંડ-કર્મ ઉપશમે છે...'** એનો અર્થ એ કે પુરુષાર્થનો સ્વભાવ પોતા તરફ—ચૈતન્યના તરફ વળ્યો અને શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન કરવાનો કાળ હતો ત્યાં પુરુષાર્થ કર્યો, ત્યાં કાળલબ્ધિ પાકેલી હોય જ છે. એ વખતે કર્મના પુદ્‌ગલો પણ કર્મરૂપે ઉપશમેલા જ હોય છે. એ વખતે એનો ઉદય હોઈ શકે નહિ. અથવા ક્ષપણ થાય છે. આગળ વધે તો ક્ષય થઈ જાય.

**'આમ થતાં જીવ સમ્યક્ત્વગુણરૂપ પરિણમે છે,...'** આવું થવાથી ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપ પરમ પવિત્રરૂપે પરિણમન કેટલુંક નીચે હોય છે. **'તે પરિણમન શુદ્ધતારૂપ છે. તે જ જીવ જ્યાં સુધીમાં ક્ષપકશ્રેણિ પર ચડશે ત્યાં સુધી ચારિત્રમોહકર્મનો ઉદય છે,...'** સામાન્ય વાત કરવી છે હોં! **'તે ઉદય હોતાં જીવ પણ વિષય-કષાયરૂપ પરિણમે છે,...'** જુઓ! બે ભેગા નાખવા છે. વિષયરૂપ તો ચોથા, પાંચમા ગુણસ્થાનમાં વિષયરૂપના પરિણામ પણ હોય અને કષાયરૂપના પણ પરિણામ હોય. મુનિને છઠ્ઠે ગુણસ્થાને વિષયના પરિણામ ન હોય. એટલે એ ક્ષપકશ્રેણી પર ચઢશે તે પહેલા વિષયકષાયના પરિણામ ચારિત્રમોહ સંબંધીના જ્ઞાનીને પણ હોય છે. કહો, સમજાણું આમાં?

**'તે પરિણમન રાગરૂપ છે, અશુદ્ધરૂપ છે.'** ધર્મી જીવને પણ જેટલો અશુદ્ધભાવ વિષય અને કષાયનો થાય તે રાગરૂપ હોય છે એટલે કે અશુદ્ધરૂપ હોય છે. **'તેથી કોઈ કાળમાં જીવને શુદ્ધપણું-અશુદ્ધપણું એક જ સમયે ઘટે છે,...'**

**શ્રોતા** :- આ નક્કી કરવું હતું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- લ્યો! આ નક્કી કરવું હતું. કહો, સમજાય છે કાંઈ? આત્મામાં મિથ્યાત્વ પરિણામ ગયા છતાં દર્શનમોહનો ઉદય ઉપશમ થયા છતાં, આત્મામાં ચારિત્રમોહના પરિણામ પરિણામ પોતામાં વિષયકષાયના જ્યાં સુધી હોય ત્યાં સુધી એને ચારિત્રમોહના ઉદયનું નિમિત્ત પણ હોય. એવા અશુદ્ધ પરિણમન વખતે શુદ્ધ પરિણમન પણ છે, અશુદ્ધ પરિણમન પણ છે. એક સમયમાં બે હોવાને સાધકને વિરોધ હોતો નથી. સમજાણું કાંઈ? ભાઈ! સમ્યગ્દર્શન થઈ ગયું એટલે હવે એને વિષયના પરિણામ આવે જ નહિ, એને ક્રોધ, માન, માયા, લોભનો ભાવ જરીએ થાય જ નહિ એમ નથી. સમજાણું કાંઈ?

**'કોઈ કાળમાં જીવને શુદ્ધપણું-'** એટલે ચોથા ગુણસ્થાનથી અમુક ગુણસ્થાન સુધી શુદ્ધપણું પણ હોય અને અશુદ્ધપણું પણ હોય. **'એક જ સમયે ઘટે છે, વિરુદ્ધ નથી.'** એમાં કાંઈ વિરોધ નથી. મિથ્યાશ્રદ્ધા અને સમ્યક્‌શ્રદ્ધાનો એક સમય રહેવાને વિરોધ છે, એમ શાંતિ—ચારિત્રના શુદ્ધ પરિણામ અને ચારિત્રના અશુદ્ધ પરિણામ બેને એકસાથે રહેવામાં વિરોધ

નથી. સમજાય છે કાંઈ આમાં? ધર્મચંદજી!

આત્મા. અહીં તો કહે છે, આ બે કેમ એકસાથે? ધર્મ પણ થાય અને અધર્મ પણ થાય સાથે? અધર્મ જ છે વિષયકષાય બીજું શું છે? ધર્મ પણ થાય એક સમયમાં અને અશુદ્ધ એટલે અધર્મ પણ થાય. આ શું? વીતરાગને પૂર્ણ ધર્મ થઈ ગયો. મિથ્યાદષ્ટિને પૂર્ણ અધર્મ રહ્યો. ત્યારે સમ્યગ્દષ્ટિને કાંઈક ધર્મ અને કાંઈક અધર્મ. અશુદ્ધ કહો, રાગ કહો કે અધર્મ કહો. બધું એક જ છે એ તો શબ્દ (ફેર છે).

**શ્રોતા :-** કડક શબ્દ છે.

**ગુરુદેવશ્રી :-** ઓલા કહેતા હતા ઓલા તર્કતીર્થને. પંડિતજી ઓલા તર્કતીર્થ હતા ને? .. એ અહીં આઠ દિન રહ્યા હતા. ઈ કહે, એને અધર્મ ન કહો, અધર્મ ન કહો. પણ કીધું ભાષાને શું વાંધો છે તમારે? આત્માનો સ્વભાવ જેટલો શુદ્ધરૂપે થયો છે એટલો સ્વભાવિક ધર્મ છે અને જેટલો વિભાવરૂપ પરિણમ્યો છે એ ધર્મથી વિરુદ્ધ ભાવ છે. મીઠી ભાષાએ કહો તો પુણ્યરૂપ પરિણામને વ્યવહારધર્મ કહેવાય, નિશ્ચયથી તે અધર્મ અથવા અશુદ્ધ છે. કહો, સમજાણું આમાં? વસ્તુ તો એ છે. શ્રાવકને પંચમ ગુણસ્થાનમાં કાંઈક ધર્મ અને અધર્મ બે છે. ભાષા પણ કરી છે આમાં ભાઈમાં નહિ? આત્માવલોકન. દીપચંદજીએ ચોખ્ખો લેખ લખ્યો છે ધર્મ-અધર્મનો.

**શ્રોતા :-** આખો વિષય લીધો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આખો વિષય લીધો છે. ધર્મ-અધર્મ શબ્દ જ વાપર્યો છે ચોખ્ખો. છેને આત્માવલોકન? શ્લોકો બનાવ્યા છે એણે. આત્માવલોકન બહુ સરસ. ચિદ્‌વિલાસ, આત્મવલોકન, અનુભવપ્રકાશ બહુ સરસ લખ્યું છે ઘણું અનુભવથી. અંદરમાં યુક્તિ અને ન્યાયથી વાત કરી છે.

**શ્રોતા :-** જ્ઞાનદર્પણમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. ઘણું. જ્ઞાનદર્પણ અને અધ્યાત્મ પંચસંગ્રહ. એ અધ્યાત્મ પંચસંગ્રહમાં ઘણું છે બધું.

અહીં તો '**वियरायं वियरायं**' આવ્યું. પહેલો ગુરુ અધિકાર આવે છેને? વીતરાગ-વીતરાગ બસ. સાધુઓ તો વીતરાગ-વીતરાગ જ ધર્મ બતાવે એમ પાઠ છે. સાધુના મુખમાંથી તો

**वियरायं वियरायं, जियस्स णिय ससरूओ वियरायं।**

**मुहु मुहु गणदि वियरायं सो गुरूपयं भासदि सया।।२।।**

ગુરુપદ તો ત્યારે શોભે કે વીતરાગભાવને ધર્મ બતાવે, વીતરાગભાવને ધર્મ બતાવે, વીતરાગભાવને ધર્મ બતાવે. ભાષા પ્રરૂપણા જ એ કરે એમ લખ્યું છે. હવે ધર્મ અધિકાર છેને? પછી મિશ્ર અધિકાર. ચરિતાનુવાદ, યથાસ્થિતિવાદ, જ્ઞેયવાદ. મિશ્રધર્મકથન. ૧૧મો છે.

**गुण धम्माधम्मं परिणमदि, दव्य पज्जायं च धम्माधम्मं फुड।**
**मिस्सधम्मं जया अप्पा, तं मिस्सधम्मं भणइ जिणो।।१४।।**

જુઓ! '**જે કાલે આત્માના ગુણ ધર્માધર્મરૂપે પરિણમે છે,...**' આહાહા..! ગાથા જ એ લીધી છે એણે. અહીં તો સમજાવવા માટે શું છે? '**ધર્માધર્મરૂપ પરિણમે છે,...**' એટલે આ વાત ચાલે છે. ગયા કાળમાં.. અહીં મિશ્રધર્મ શ્રાવકની વાત લીધી છે ને એટલે. એમ જ્યાં સુધી આત્મામાં વસ્તુ પરમાત્મ નિજ સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિનો અંશ પ્રગટ થયો છતાં... એ ધર્મ, સાથે જેટલું અશુદ્ધ પરિણમન કહો, વિભાવ પરિણમન કહો, રાગ પરિણમન કહો કે અધર્મભાવનું પરિણમન કહો. એ શુભભાવને વ્યવહાર (ધર્મ કહે છે). વ્યવહારનો અર્થ કે એ એમ નિમિત્તનો આરોપ કરીને કથન. વ્યવહાર કહે છે કે ધર્મ કરે, નિશ્ચય કહે છે કે અધર્મ. આવી શૈલી બે નયની કથનપદ્ધતિ છે. અહીં તો ચોખ્ખું '**धम्माधम्मं फुड**' ચોખ્ખી વાત લીધી છે હોં! પ્રગટ છે એમ કહે છે.

'**આત્માના ગુણો મિશ્રધર્મરૂપે થયા ત્યારે દ્રવ્યરૂપ આત્માને પર્યાયો તો સહજ જ મિશ્રરૂપે થયા. આવું જે છે, (આવો જ મિશ્રધર્મ છે) તેને જિનદેવે આત્માનો મિશ્રધર્મ પ્રગટ કહ્યો છે.**' ભગવાને આ બધું પ્રગટ કર્યું છે એમ બતાવે છે મૂળ શ્લોક બતાવીને. ભગવાને આ કહ્યું, ભગવાને આ કહ્યું. મુનિઓને માટે ભગવાને એમ કહ્યું કે એ વારંવાર વીતરાગ ધર્મની જ વાત કરે. કહો, રાજમલજી!

**શ્રોતા :-** પણ ધર્મ જ વીતરાગ છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધર્મ વીતરાગ, શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગ. વીતરાગે કહેલો ભાવ વીતરાગ થઈને કહ્યો. આહાહા..! વીતરાગ થઈને કહ્યો. પોતે વીતરાગ કેમ થયા? રાગ અને અલ્પજ્ઞનો નાશ કરીને સર્વજ્ઞ ને વીતરાગ થયા. અલ્પજ્ઞ અને રાગનો અભાવ કરીને સર્વજ્ઞ અને વીતરાગ થયા. તો વાણીમાં એ જ આવે છે. સર્વજ્ઞ પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ વીતરાગ થાવ. અલ્પ જ્ઞાન અને રાગાદિ હોય તેને હેય જાણો. સમજાણું કાંઈ? વસ્તુ તો આવી છે, એવી છે એવી ભગવાને કીધી છે.

અહીં પણ કહે છે, જ્યાં સુધી ક્ષપકરૂપે ન ચડે ત્યાં સુધી વિષયકષાયના પરિણામ પણ હોય અને શુદ્ધતા પણ હોય. '**એક જ સમયે ઘટે છે, વિરુદ્ધ નથી.**' '**किन्तु**' '**કોઈ વિશેષ છે, તે વિશેષ જેમ છે તેમ કહે છે-**' '**अत्र अपि**' '**એક જ જીવને એક જ કાળે શુદ્ધપણું-અશુદ્ધપણું જોકે હોય છે તોપણ પોતપોતાનું કાર્ય કરે છે.**' હવે આ સિદ્ધ કરવું છે. જેટલો ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વભાવ શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિરૂપે પરિણમે એ શુદ્ધનું કાર્ય છે. વિભાવનું વિભાવરૂપે કાર્ય છે. કહો, સમજાણું?

'**यत् कर्म अवशतः बन्धाय समुल्लसति**' '**જેટલી...**' કર્મ નામ '**દ્રવ્યરૂપ-ભાવરૂપ-**

**અંતર્જલ્પ-બહિર્જલ્પ-સૂક્ષ્મ-સ્થૂળરૂપ ક્રિયા,...** ' (**अवशतः**) '**સમ્યગ્દૃષ્ટિ પુરુષ સર્વથા ક્રિયાથી વિરક્ત હોવા છતાં...**' શું કહે છે? કે સમ્યગ્દર્શનમાં તો શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ અને શુદ્ધ સ્વરૂપનો આદર થયો ત્યાં હજી રાગાદિ છે, છતાં સ્વભાવની દૃષ્ટિએ વ્યવહાર રાગથી પણ મુક્ત છે. શું કહ્યું? બંધ અધિકારમાં કીધું ને? સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી મુક્ત છે, પણ અંદર છે ત્યારે એને વ્યવહાર કહ્યો. સ્વદ્રવ્યની શ્રદ્ધા શુદ્ધ ચૈતન્યની થઈ અને નિર્મળ દૃષ્ટિનું અભેદપણું થયું, એટલું એ દ્રવ્યપણું એનું. અને જેટલો રાગાદિ આવ્યો, ખરેખર સ્વભાવની દૃષ્ટિએ તેને પરદ્રવ્ય કહેવામાં આવે છે. અને એથી તે સ્વદ્રવ્યના આશ્રયે પડેલો એને પરદ્રવ્યનો વિરક્ત નામ ત્યાગભાવ અંતરમાં વર્તે છે. જુઓ! એ કહે છે.

'**સમ્યગ્દૃષ્ટિ પુરુષ...**' જુઓ! '**દ્રવ્યરૂપ-ભાવરૂપ—અંતર્જલ્પ-બહિર્જલ્પ...**' વિકલ્પો. '**સૂક્ષ્મ-સ્થૂળરૂપ ક્રિયા,...**' એ '**સર્વથા ક્રિયાથી વિરક્ત હોવા છતાં...**' આહાહા..! દૃષ્ટિના વિષયમાં નિશ્ચયમાં લિન અને વ્યવહારથી વિરક્ત. એ તો બંધ અધિકારમાં કહ્યું ભગવાને, અમૃતચંદ્રાચાર્ય મહારાજ પ્રભુએ કે જ્યારે બીજા જીવના જીવન-મરણ, સુખ-દુઃખને જીવ કરી શકે નહિ અને એવો અધ્યવસાય છોડાવ્યો પ્રભુએ, બીજાને શસ્ત્ર વડે, મન વડે, વાણી વડે, દેહ વડે લાભ-અલાભ કરી શકે એ ભગવાને ના પાડી. એ અધ્યવસાયને ભગવાને ના પાડી તો અમે તો એમ કહીએ છીએ કે જેવો અધ્યવસાયનો ભગવાને નિષેધ કર્યો, અધ્યવસાય એટલે પરના જીવન-મરણ, સુખ-દુઃખ, લાભ-અલાભ શસ્ત્રથી, વચન, મન, કાયાથી બીજાને લાભ-અલાભ આપું કે બીજાનો બંધ-મોક્ષ કરી દઉં એવો જે અધ્યવસાય એ ભગવાને પરદ્રવ્ય આશ્રિત હોવાથી છોડાવ્યો. આચાર્ય મહારાજ કહે છે કે અમે એમ માનીએ છીએ કે વ્યવહારનય એ પણ પરાશ્રય હોવાથી એને સાથે છોડાવ્યો છે. અન્ય આશ્રયત્વાત્, અન્ય આશ્રય એટલે વિપરીત આશ્રય. વ્યવહારનયનો વિપરીત આશ્રય છે, નિશ્ચયનો સ્વઆશ્રય છે. સમજાણું કાંઈ? શુદ્ધ ચૈતન્યદ્રવ્ય જ્ઞાયકભાવ પરમ પવિત્ર, એનો જે આશ્રય તો સ્વઆશ્રય દૃષ્ટિ, સ્વઆશ્રય જ્ઞાન, સ્વઆશ્રય સ્થિરતા એ નિશ્ચય. અને જેટલો વિકલ્પ ઉઠે એટલો પર આશ્રય છે. શુભરાગ વ્યવહારરત્નત્ર પણ એ પર આશ્રય છે. માટે ભગવાને તેને પણ છોડાવ્યો છે. એ તારા સ્વરૂપનું સ્વરૂપ નથી. કહો, સમજાણું આમાં?

'**સમ્યગ્દૃષ્ટિ પુરુષ...**' (**अवशतः**) ની વ્યાખ્યા કરે છે. (**अवशतः**) શબ્દ પડ્યો છેને? કે '**સમ્યગ્દૃષ્ટિ પુરુષ સર્વથા ક્રિયાથી વિરક્ત...**' છે. પુણ્ય-પાપના વિકલ્પ અને દેહની ક્રિયાનો એની દૃષ્ટિમાં અને એના સ્વભાવમાં વસ્તુમાં નથી તો દૃષ્ટિવાનને પણ એ નથી. શું કીધું? એ પુણ્ય-પાપનો વિકલ્પ અને દેહાદિની ક્રિયા, વાણીની ક્રિયા એ વસ્તુના સ્વભાવમાં નથી તેથી સ્વભાવની દૃષ્ટિવાનને પણ તેની દૃષ્ટિમાં એ નથી. ઝીણું પણ બહુ. કેટલા.. પડખા ઘણા આવે. આ સાચી સમજણ વિના બધા ગોટા, ઘણા ગોટા ઉઠ્યા.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જ્યાં હતા ત્યાં તો હતા.

કહે છે, સમ્યક્ સત્ય દૃષ્ટિ એટલે કે શુદ્ધ સ્વરૂપ ભગવાન પરમાનંદની મૂર્તિ, એના અંતર્લક્ષે ધ્યેયે જ્યાં દૃષ્ટિ પ્રગટી એ તો નિશ્ચયથી જ, નિશ્ચયમાં જ સ્થિત છે. કેમકે સ્વદ્રવ્ય આશ્રય છે. અને જેટલો વિકલ્પ ઉઠે, પુણ્ય-પાપનો, વિષય-કષાયનો હોં... બધું લેવું છે ને અહીં? ચોથા-પાંચમા ગુણસ્થાને વિષય-કષાયના પરિણામ ઉઠે પણ સમ્યગ્દૃષ્ટિ એનાથી વિરક્ત છે. એટલે? કે સ્વરૂપની શુદ્ધ દૃષ્ટિના અસ્તિત્વમાં છે અને રાગાદિ પરિણામ એનામાં નથી, એમ એનું પરિણમન નિરંતર વહે છે. સમજાણું કાંઈ? પ્રવિણભાઈ! ભારે ઝીણું. સવારમાં કહે, ભાંગા ભારે ઝીણા આવે છે. ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે. પરમસત્ય છે. એમ ગોટા વાળે કાંઈ ચાલે નહિ. એક એક સમયનો વિવેક.

અહીં તો કહે છે કે, પ્રભુ! આખો આત્મા સત્ સત્ સત્ મહંત મહાન પદાર્થ, મહાન પદાર્થ એની અંતર્મુખ દૃષ્ટિ થઈ, શુદ્ધતા પ્રગટી તો એ શુદ્ધતામાં શુદ્ધ સાથે શુદ્ધતા જ લીનતા છે. અને જેટલી અશુદ્ધતા છે. એનાથી અહીં લીનતા, એનાથી અલીનતા. અલીનતા એટલે અવિરક્ત છે. સમજાણું? '**સમ્યગ્દૃષ્ટિ પુરુષ...**' પુરુષ શબ્દે આત્મા. સમ્યગ્દૃષ્ટિ પુરુષ એટલે સ્ત્રીનો આત્મા પણ સમ્યગ્દૃષ્ટિ પુરુષ કહેવાય એ. સમ્યગ્દૃષ્ટિ પુરુષ એટલે કોઈ સમજે કે આ પુરુષ તે જ સમ્યગ્દૃષ્ટિ. નારકીનો જીવ હોય, પશુનો જીવ કહેવાય. જીવ તો પશુનો, નારકીનો છે જ ક્યાં? જીવ તો જીવનો છે. પણ સમજાવાની શૈલીએ કહે છે કે '**સમ્યગ્દૃષ્ટિ પુરુષ...**' અને (**अवशतः**)ની વ્યાખ્યા કરે છે. '**સર્વથા ક્રિયાથી વિરક્ત...**' છે. કેમકે ભગવાન આત્મા પવિત્ર શુદ્ધનું ધામ એનો જ્યાં અંતર દૃષ્ટિએ સ્વીકાર, સત્કાર, એકતા થઈ ત્યારે જે પુણ્ય અને પાપના વિકલ્પો વિભાવરૂપ પરિણમન છે એનાથી સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિમાં તેનાથી વિરક્તપણું છે.

'**છતાં ચારિત્રમોહના ઉદયે બલાત્કારે થાય છે...**' બળાત્કારનો અર્થ દૃષ્ટિ તો સ્વભાવને પ્રગટ કરવાની પડી છે. એ રાગને પ્રગટ કરું એવો ભાવ એને હોતો નથી. એ અપેક્ષાએ એમ કહ્યું કે '**ચારિત્રમોહના ઉદયે બલાત્કારે થાય છે...**' પુરુષાર્થની નબળાઈમાં ચારિત્રમોહના નિમિત્તમાં જોડાવાથી એ ક્રિયાથી વિરક્ત હોવા છતાં સ્વભાવના સાધનનું સાવધાનપણું દૃષ્ટિમાં જોર હોવા છતાં પર્યાયમાં કમજોરીને લઈને એ બળાત્કારે એટલે નથી ભાવના તેની, છતાં પુરુષાર્થની કમીને લઈને રાગ થાય છે. એ ચારિત્રમોહને લઈને થાય (છે) એમ કહેવામાં આવે છે. એટલે શું? કે સ્વરૂપની દૃષ્ટિનું બળ તો સ્વરૂપ તરફ જુક્યું છે. એની રુચિ રાગને કરવાની કે રાગને રાખવાની નથી. એથી રાગ જે થાય છે એનાથી વિરક્ત છે દૃષ્ટિમાં. છતાં અહીં (**अवशतः**) સિદ્ધ કરવું છે ને?

**'ચારિત્રમોહના ઉદયે...'** એમાં જોડાઈ જાય છે થોડો. એટલો **'બલાત્કારે થાય છે...'** (**अवशतः**)નો અર્થ કર્યો. સમજાણું કાંઈ? એનો અર્થ એ નથી હોં પાછો કે કર્મનો મોહનો ઉદય છે માટે આને રાગ થાય છે. જડને લઈને રાગ એમ નહિ. અહીં તો એને દૃષ્ટિમાં શુદ્ધ સ્વભાવ તરફની એકતા અને એના તરફની એકાગ્રતાનો ભાવ વર્તે છે માટે રાગ કરવાનો કે રાગ રાખવાનો કે રાગની સંભાળ કરવાનો ભાવ સમ્યગ્દૃષ્ટિને હોતો નથી. સમજાણું? એ અપેક્ષાએ સ્વવશે તો સ્વભાવ તરફ ઢળેલો છે, પરવશે રાગમાં જોડાઈ જાય છે એ પરવશે જોડાય છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'બલાત્કારે થાય છે તે...' (**बन्धाय समुल्लसति**) **'જેટલી ક્રિયા છે તેટલી-જ્ઞાનાવરણાદિ કર્મબંધ કરે છે,...'** લ્યો, અહીં તો કહે છે કે એ શુભ પરિણામ હો કે અશુભ પરિણામ હો. શુભ પરિણામ મહાવ્રતના હો મુનિને તોપણ એ જ્ઞાનાવરણીય કર્મબંધનમાં જ એ નિમિત્ત થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ક્રિયા મોક્ષની કતરણી. આવે છેને? સમયસાર નાટકમાં. સમયસાર નાટકમાં આવે છે. એને ભારે તર્ક..

**'જ્ઞાનાવરણાદિ કર્મબંધ કરે છે,...'** કોણ? કે સમ્યગ્દૃષ્ટિને સ્વભાવ તરફનું સ્વવશપણું દૃષ્ટિમાં વર્તે છે, છતાં કર્મના નિમિત્તમાં સ્વભાવની ભાવના હોવા છતાં વિભાવની ભાવના કરવાનું સમ્યગ્દૃષ્ટિને હોય નહિ. છતાં તેના પુરુષાર્થની નબળાઈમાં કર્મના નિમિત્તના બળાત્કારે જોડાય છે એમ કહેવામાં આવે છે. એ નબળાઈ છે. આહાહા..! સમજાણું કાંઈ? અને એ ક્રિયા **'જ્ઞાનાવરણાદિ કર્મબંધ કરે છે, સંવર-નિર્જરા અંશમાત્ર પણ કરતી નથી.'** ઓહોહો..!

ભગવાન તીર્થંકર પરમાત્મા પણ જ્યાં સુધી છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં બિરાજમાન હોય, કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી એને પણ જે છઠ્ઠા ગુણસ્થાનમાં જે વિકલ્પ આવે છે એ જ્ઞાનાવરણીય આદિ બંધનું જ કારણ છે. સમજાય છે? વસ્તુની મર્યાદામાં તો આ છે. એમાં પછી તીર્થંકરનો આત્મા હો કે સાધારણ મુનિનો આત્મા હો, એમાં મર્યાદા તો જે છે એ પ્રમાણે છે. ઓલો કહે, ના. સમ્યગ્દૃષ્ટિનો શુભભાવ તો સંવર-નિર્જરા કરે. ભાઈ! પરમપરિણામિક પ્રભુ એવા આત્માના સ્વભાવને આશ્રયે અવલંબેલો જે ભાવ એ જ શુદ્ધતા અને સંવર-નિર્જરાનું કારણ થાય. જેટલો નિમિત્તના સંગે જોડાયેલો ભાવ એ તો એકાંત બંધનું જ કારણ છે. સમજાણું કાંઈ? શ્રદ્ધામાં બહુ ફેર ને એટલે એ અંતરમાં રુચિ કરી શકે નહિ. આ.. આ.. આ.. આ.. આનાથી થાય, આનાથી થાય. જેનાથી લાભ થાય એનાથી રુચિ ખસેડે કેમ? જેનાથી લાભ માને એ શુભભાવથી સંવર-નિર્જરા શુદ્ધતા માને એ એનાથી રુચિ છોડીને સ્વભાવનો આશ્રય કરે કેમ?

**શ્રોતા :-** એમ કરતા કરતા વધી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાંથી ધૂળ વધે? પણ આમ બહિરદિશા, બહિર્ વૃત્તિ રાખી રાખીને અંતરવૃત્તિ થશે એવી જ્યાં રુચિ પડી બહિર્વૃત્તિની દિશા ફેરવશે કઈ રીતે? ન્યાયથી તો તુલના કરવી પડશે ને એને? બહિર્થી આવે છે એ? એ તો અંતરમાંથી જ અંતરમાં (આવે છે). બહિર્થી તો બહિર્ બંધનું કારણ (છે). એની તો વાત ચાલે છે આ. કહો, સમજાય છે આમાં? જેટલા અંતર્મુખ પરિણામ થયા તે એકાંત સંવર-નિર્જરાનું કારણ. જેટલા સમ્યગ્દ્રષ્ટિ કે મુનિ ભાવલિંગી સંતને પણ વિકલ્પથી નિર્વિકલ્પને આશ્રયે પડેલો વિરક્ત હોવા છતાં એ અવશ્ય જેટલા પરિણામ પરાધીન થાય છે એ બધા તેને જ્ઞાનાવરણીય આદિ બંધનું જ કારણ છે. **'સંવર-નિર્જરા અંશમાત્ર પણ કરતી નથી.'** એ ક્રિયા.

**શ્રોતા :-** અંશમાત્ર એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંશમાત્ર નથી કરતી. બે અંશ નથી કે એક અંશ એમાં શુદ્ધતાનો અને બીજો અંશ એમાં અશુદ્ધતાનો. શુદ્ધતાનો એ સ્વભાવને આશ્રયે છે, અશુદ્ધતાનો નિમિત્તને અવલંબે છે. નિજાવલંબે શુદ્ધ ભાવ છે, નિમિત્તના અવલંબે અશુદ્ધ ભાવ છે. બે ચોખ્ખી ચોખ્ખી વાત. એમાં કાંઈ ગડબડ ન ચાલે. ભાઈ! માર્ગ તો એવો છે ભાઈ! વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથે કહેલું એ તત્ત્વ જ એવું છે. એણે કાંઈ કર્યું નથી એવું કે અમે કરીએ છીએ.. વસ્તુ જ આવી છે ભાઈ! હવે તારે શું કરવું છે કહે. નિર્ણય તો કર, અનુભવ તો કર કે એક આત્મા મારો પરમાનંદ પ્રભુ, એની દૃષ્ટિમાં જેટલું શુદ્ધતાનું પરિણમન થયું, બસ! એટલો જ મુક્તિના માર્ગે પંથે પડ્યો. જેટલો એને પણ રાગ રહી જાય, શુભ કે અશુભ, વિષય કે કષાયનો. ચોથે, પાંચમે, વિષયનો. છઠ્ઠે મહાવ્રતાદિનો. એ જેટલી ક્રિયા છે એ બધી જ્ઞાનાવરણાદિ શબ્દ પડ્યો છે પાછો. કર્મબંધન કરે છે. આઠેય કર્મ બાંધે. આયુષ્યનો કાળ હોય તો આયુષ્ય નહિતર સાત કર્મ તો બાંધે.

**'સંવર-નિર્જરા...'** એટલે શાંતિનો અંશ. **'અંશમાત્ર પણ કરતી નથી.'** શુભભાવમાં જરીએ.. અનેકાંત કરો ભાઈ. શુભભાવમાં કથંચિત્ બંધ અને કથંચિત્ અબંધ. અને શુદ્ધ ભાવમાં કથંચિત્ બંધ અને કથંચિત્ અબંધ એમ અનેકાંત કરો એમ કહે છે લ્યો. આહાહા..! લખ્યું છેને. આવું તત્વાર્થસૂત્રમાં લખ્યું છે. સમ્યક્ત્વં ચ. આવે છેને? પંડિતજી! આયુષ્ય બંધાય વૈમાનિકનું. સમકિત આ લખ્યું છે. પણ ભાઈ સમકિત નહિ પણ સમકિતની સાથે રહેલો રાગ. એનો એવો અર્થ છે. ભાવ રાગ જોડે એ બંધનું કારણ. જેને અંશે સમ્યગ્દર્શન એને અંશે અબંધ. જેને અંશે રાગ એને અંશે બંધ. ચોખ્ખી વાત છે એમાં... કહે ના. એ શુદ્ધતામાં બે પ્રકાર લ્યો. એ બધું આવશે બહાર છાપામાં છપાશે તો વાત. ઉત્તર અપાણા છે બધા. પંડિતજીએ વાંચ્યા નથી હજી. કૂચા બધા છે. ફૂલચંદજીએ ઉત્તર સારા આપ્યા છે બધા, શાસ્ત્ર આધાર આપીને. માનવું ન માનવું એ તો સ્વતંત્ર જીવ છેને.

કહે છે કે... અહીં તો શું કહ્યું? મુનિને પણ. ક્ષપકશ્રેણીએ ચઢશે ત્યારસુધી એના પહેલાની વાત છે. ચોખ્ખો પાઠ છે. ક્ષપક શ્રેણી પછી શુદ્ધતાની ધારા ભલે અશુદ્ધતા અબુદ્ધિપૂર્વક થોડી રહે છે પણ એને ગૌણ કરી નાખી છે. પણ નીચે તો હજી વિષય-કષાયના પરિણામ ચોથા ગુણસ્થાનવાળાને પણ છન્નું હજારી સ્ત્રી ચક્રવર્તીને હોય, એની વિષય-વાસના હોય, લડાઈમાં પણ ઊભો હોય રાજકુમાર. પચ્ચીસ વર્ષનો રાજકુમાર આમ ખીલેલી કળીવાળો. અંદરમાં ક્ષાયિક સમકિત હોય. લડાઈમાં આમ હાથીને હોદ્દે બેઠો હોય. ફડાક ફડાક આમ હથીયારો નીકળતા હોય. અંતરમાં દ્રવ્યનો આશ્રય થઈને જેટલી શુદ્ધતા સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિની થઈ છે તે કાળે તેને સંવર-નિર્જરા શરૂ છે. જેટલો પરાલંબી જેટલો વિકલ્પ જાય છે એ દૃષ્ટિમાં એનાથી વિરક્ત હોવા છતાં પરવશપણે એકલો રાગ થયો (તે) જ્ઞાનાવરણીયનું બંધન કરે છે. સમજાણું કાંઈ? જ્ઞાનાવરણ આદિ દર્શનાવરણ, મોહનીય, અંતરાય, વેદનીય બધું લેવું લ્યો. **'સંવર-નિર્જરા અંશમાત્ર પણ કરતી નથી.'**

**'तत् एकम् ज्ञानं मोक्षाय स्थितम्'** લ્યો! **'तत् एकम् ज्ञानं मोक्षाय स्थितम्'** **'પૂર્વોક્ત...'** (**एकम् ज्ञानं**) એક શુદ્ધ ચૈતન્યપ્રકાશ. હવે આટલો તો ખુલાસો પાઠ છે. એમાં પાઠમાંથી તો કાઢે છે આ. **'એક જ્ઞાન...'** એ જ્ઞાન એટલે શ્રદ્ધા, શાંતિ ને ચારિત્ર એ જ્ઞાનમાં આવે છે અને ઓલો રાગ તે ક્રિયામાં આવે છે. એક જ્ઞાન મોક્ષનું કારણ કીધું. ભેગો ઓલો શુભરાગનો અંશ પણ અહીં આવી જાય છે. અહીં આવી જાય એ તો સ્વદ્રવ્યનો આશ્રય થઈ ગયો. તો શુભમાં સ્વદ્રવ્યનો આશ્રય છે નહિ.

**'પૂર્વોક્ત એક જ્ઞાન અર્થાત્ એક શુદ્ધ ચૈતન્યપ્રકાશ... '** (**मोक्षाय स्थितम्**) **'જ્ઞાનાવરણાદિ કર્મક્ષયનું નિમિત્ત છે.'** નિમિત્ત છેને? કર્મક્ષય તો એને કારણે થાય છે એમ કહે છે. એ તો એને નાશ થવાનો એ પરમાણુમાં કર્મરૂપ પર્યાયને ટળી અકર્મ થવાનો એનો સ્વકાળ છે. એમાં આ સંવર અને નિર્જરાના પરિણામ એને નિમિત્ત થાય છે. કહો, પાઠ તો આ છે. **'तत् एकम् ज्ञानं मोक्षाय स्थितम्'** એમાં એક જ ભગવાન આત્માનો સ્વભાવ,.. જ્ઞાન એટલે આત્માની શુદ્ધ પરિણતિ. ત્રિકાળની તો વાત છે નહિ. ત્રિકાળનું અવલંબન લઈને જે જ્ઞાનરૂપે એટલે રાગરૂપે નહિ, જ્ઞાનરૂપે, સમ્યક્રૂપે, શાંતિરૂપે, ચારિત્રરૂપે, આનંદરૂપે જે સ્વચ્છતારૂપે, પુરુષાર્થના પરમ પરમેશ્વરની શક્તિના અવલંબે પરમેશ્વર શક્તિ જે પ્રગટી એટલો **'ज्ञानं मोक्षाय स्थितम्'** એટલી જે નિર્મળ પર્યાય તે છૂટકારા બંધનને છૂટવા માટે તે એક જ કારણ છે.

અનેકાંત નથી થાતું (એમ) કહે છે, લ્યો! અરે.. ભગવાન! આ જ અનેકાંત છે કે શુભભાવથી કિંચિત્ સંવર-નિર્જરા નહિ અને શુદ્ધ ભાવથી કિંચિત્ બંધ નહિ. આ અનેકાંત છે. અનેકાંત તો પરસ્પર વિરુદ્ધ શક્તિને પ્રકાશવું છે કે નહિ? આનાથી સંવર-નિર્જરા, એનાથી બંધ નહિ.

અસ્તિ-નાસ્તિ થઈ ગયું. શુભરાગથી બંધ, એનાથી સંવર-નિર્જરા નહિ. એમ અનેકાંત થઈ ગયું. સ્વતંત્ર છેને ભાઈ જીવ તો. ઊલટું કરવાને સ્વતંત્ર છે, શાસ્ત્રના અર્થ ફેરવવાને પણ સ્વતંત્ર છે. કાંઈ આડુ આવે એવું છે ત્યાં એને? સમજાણુ? 'જાતિ અંધનો દોષ નહિ આકરો.' આંધળો હોય એ બિચારો દેખતો નથી, પણ 'મિથ્યાદૃષ્ટિ એથી આકરો કરે અર્થના અનર્થ.' શું કરે એ દૃષ્ટિમાં ઊંધાઈ પડી હોય ને, સત્યને અસત્યની ગુલાંટ ખવરાવી દે આખી. દિશા .. કરી નાખે માર્ગને.

કહે છે, **'એક શુદ્ધ ચૈતન્યપ્રકાશ...'** લ્યો! (**एकम् ज्ञानं**) શબ્દ પડ્યો છેને? (**एकम् ज्ञानं**) એટલે કે એક શુદ્ધ પરિણતિ. એમ. એક શુદ્ધ પરિણતિ જ્ઞાન એટલે. (**एकम् ज्ञानं**) **'એક શુદ્ધ ચૈતન્યપ્રકાશ...'** (**मोक्षाय स्थितम्**) **'જ્ઞાનાવરણાદિ કર્મક્ષયનું નિમિત્ત છે.'** લ્યો! શુભભાવની ક્રિયા પણ જ્ઞાનીને બંધનું જ કારણ છે. અહીં બે વાત બતાવવી છેને? જ્યાં એકલો સ્વભાવ બતાવવો હોય ત્યારે કહે કે જ્ઞાનીને બંધ છે જ નહિ. એ આસ્રવ બંધથી વિરક્ત છે ને માટે જ્ઞાની જ્ઞાનદશામાં છે, બંધ બંધના ભાવમાં છે. એટલે બંધભાવથી વિરક્ત છે તેથી જ્ઞાનીને આસ્રવ અને બંધ છે નહિ. એવી દૃષ્ટિના, દ્રવ્યના જોરની અપેક્ષાએ ત્યાં વાત છે. અને અહીં છે તે બે ભાગ પડ્યા છે એનું અહીં કાર્ય-કારણ વર્ણવે છે. જેટલી શુદ્ધતા પ્રગટી તેટલો એને મોક્ષમાર્ગ છે, જેટલો અશુદ્ધ છે એ પણ હજી એનામાં દૃષ્ટિએ વિરક્ત હોવા છતાં... રાગ છે એ ઉદયભાવ છે. ઉદયભાવ બંધકરા. બંધકરા લીધું. આવે છેને, એ શ્લોક આવે છે. ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક મોક્ષનું કારણ છે. પારિણામિકભાવ તો ત્રિકાળ છે અને આ ઉદયભાવ બંધનું કારણ છે. ભગવાન આત્મા ત્રિકાળ પરમ સ્વભાવરૂપ પરિણામિક જ્ઞાયકભાવ એ તો બંધ મોક્ષની પર્યાય રહિત છે. વસ્તુ વસ્તુ. હવે ઉદયભાવ છે તેટલો બંધભાવ છે. જેટલી સ્વભાવને આશ્રયે શુદ્ધતા પરિણમી સાધકપણું તે મોક્ષનો માર્ગ છે. પૂર્ણ શુદ્ધતા થઈ એ મોક્ષ છે. એ તો બધી પર્યાયોની વાત થઈ. વસ્તુ તો વસ્તુ છે એકલી. કહો, સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે—એક જીવમાં શુદ્ધપણું-અશુદ્ધપણું એક જ કાળે હોય છે,...'** કેટલી વાર? ત્રીજી વાર આવ્યું. પાઠ છે ખરો ને એટલે એને વધારે સિદ્ધ કર્યું. **'यावत्पाकमुपैति कर्मविरतिर्ज्ञानस्य सम्यङ् न सा'** એનો આખો અર્થ છે. **'એક જીવમાં શુદ્ધપણું-અશુદ્ધપણું એક જ કાળે હોય છે, પરંતુ જેટલા અંશે શુદ્ધપણું છે તેટલા અંશે કર્મક્ષપણ છે,...'** પરિણામ જેટલા શુદ્ધ થયા ક્ષયોપશમ, ઉપશમ કે ક્ષાયિકભાવે પરિણમન જેટલું નિર્મળ થયું દ્રવ્યને આશ્રયે એટલું તો એકલો કર્મક્ષપણ કારણ છે. આ **'જેટલા અંશે અશુદ્ધપણું છે તેટલા અંશે કર્મબંધ થાય છે.'** લ્યો! **'એક જ કાળે બંને કાર્ય છે.'** કાર્ય કહ્યું હતું ને એણે માથે? પોતપોતાનું કાર્ય કરે છે. માથે હતું એ. એનો ખુલાસો અહીં

કર્યો. **'એક જ કાળે બંને કાર્ય છે.'** **'एव'** શબ્દ પડ્યો છે સંસ્કૃત. **'આમ જ છે, સંદેહ કરવો નહિ.'** હોં!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા.. નિશ્ચય **'एव'** નિશ્ચય **'આમ જ છે,...'** **'एव'** **'આમ જ છે, સંદેહ કરવો નહિ.'** આ શું? પ્રશ્ન ઉઠ્યો હતો ને કે એક સમયની પર્યાયમાં બે ભાગ? ઓલા સુરેન્દ્ર છે ને? ઈસરી. હા ઈ. એનો પ્રશ્ન આવ્યો છાપામાં. .. ત્યાં પણ પૂછયું હતું મેં. કીધું ઓલા એક પર્યાયના બે ભાગ પૂછયા હતા એ તમે? (સંવત) ૨૦૧૩ની સાલમાં. કહે હા. દાંત કાઢ્યા. દાંત કાઢ્યા. મેં કીધું એક પ્રશ્ન આવ્યો હતો એક સમયના.. એક સમયમાં બે ભાગ ન હોય, એક પર્યાયના બે ભાગ ન હોય. એમ કીધું પ્રશ્ન આવ્યો હતો છાપામાં. નામ આવ્યું હતું કીધું સુરેન્દ્રનું. તમે જ છો? દાંત કાઢ્યા. એક સમયની પર્યાયમાં બે ભાગ. અરે..! એક સમયની પર્યાયમાં.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બસ! એક સમયમાં બે ભાગ, પર્યાય નહિ.

**શ્રોતા :-** એક ચારિત્ર પર્યાયના બે ભાગ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક ચારિત્ર પર્યાયના બે ભાગ. એક અશુદ્ધપણું અને એક શુદ્ધપણું. અને અશુદ્ધપણામાં પણ પુણ્ય-પાપનું પણ આવે, બંધનું પણ આવે. અશુદ્ધપણાના ભાગમાં બંધભાવ પણ એટલો કહેવાય, એને પુણ્યપણું પણ કહેવાય, આસ્રવ. એટલે આસ્રવ પણ કહેવાય, એને બંધ પણ કહેવાય. સમજાણું? અશુદ્ધપણું કહ્યું એને.

આસ્રવ, બંધ. એક પર્યાયનો એક ભાગમાં બે ભાગ. એક પર્યાયના બે ભાગ, એક શુદ્ધ, એક અશુદ્ધ. અશુદ્ધના બે ભાગ એમાં ને એમાં. એક મલિનતાનો આસ્રવરૂપ અને પુણ્યભાવ હોય તો પુણ્ય અને એક અટકે છે એટલો ભાવબંધ. ભાવબંધ હોં! દ્રવ્યબંધની વાત નથી અહીં. અટકે છે એટલો એ સમયે. એ પુણ્ય અને બંધ બે એક સમયે છે. અશુદ્ધના પર્યાયમાં એક ભાગમાં. એક ભાગમાં શુદ્ધતા છે. આવું તત્ત્વ જૈનદર્શન સિવાય ક્યાંય હોઈ શકે નહિ. હજી તો પર્યાય માને નહિ એને આ એક પર્યાયમાં આટલા ભાગ. પુણ્યાસ્રવ અને બંધ, પુણ્યઆસ્રવ અને બંધ. શુભભાવ વખતે અશુદ્ધનો જે પર્યાય છે એને પુણ્ય પણ કહેવાય, એને આસ્રવ કહેવાય, અટક્યાને પછી બંધ કહેવાય. આ બાજુનો જેટલો પર્યાય દ્રવ્યને આશ્રયે શુદ્ધ થયો એને સંવર અને નિર્જરા કહેવાય. સમજાણું કાંઈ?

એક પર્યાયમાં પાંચ તત્ત્વ. સંવરતત્ત્વ, નિર્જરાતત્ત્વ, પુણ્યતત્ત્વ, આસ્રવતત્ત્વ અને બંધતત્ત્વ. પાપ પણ જરી છે ભેગું. બંધની અપેક્ષાએ છે ને. કહો, સમજાણું? આહાહા..! પદાર્થ છે, મહાપદાર્થ છે ને. એનો એક સમયનો પર્યાય પણ કેટલા જોરવાળો છે. એક સમયનો પર્યાય

જેટલો આત્મસન્મુખ થયો એટલો અંતર્મુખથી શુદ્ધ છે. એ જ પર્યાય જેટલો બહિર્મુખમાં પર્યાય ચારિત્રદોષની વાત છેને આમાં? ચારિત્રદોષની વાત છેને. ચારિત્રની સ્થિરતા પૂરી ન થઈ ત્યાં સુધી જેટલે અંશે આ બાજુ ઢળ્યો છે એટલી શુદ્ધતા સંવર નિર્જરા છે. એ જ પર્યાયનો ભાગ એ જ સમયે. પાછો સમય બીજો નહિ, કાળભેદ નહિ. સમજાણું કાંઈ?

**'સંદેહ કરવો નહિ.'** **'આમ જ છે, સંદેહ કરવો નહિ. કેવું છે શુદ્ધ જ્ઞાન?** **'परमं'** **'સર્વોત્કૃષ્ટ છે—પૂજ્ય છે.'** સર્વોત્કૃષ્ટ પૂજ્ય છે. **'વળી કેવું છે?'** **'स्वतः विमुक्तं'** **'ત્રણે કાળ સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન છે.'** ભગવાન તો ત્રણે કાળ ભિન્ન, એની પર્યાય પણ નિર્મળ થઈ એ રાગથી ભિન્ન છે. કહો, સમજાણું કાંઈ? અરે..! સાત તત્ત્વને સમજવા જોઈએ ને? સાત તત્ત્વ એકસાથે બે આવે છે કે નહિ? આ સાત તત્ત્વને એમ કીધું ને? તત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં. એકસાથે જ્ઞાયકભાવની પ્રતીતિ થઈ ત્યાં આસ્રવ, પુણ્ય-પાપ અને બંધની પણ પ્રતીત થઈ, આસ્રવ અને બંધની. બે છે ને એમાં તો? સંવર-નિર્જરા આ બાજુ ઢળી ગઈ, આસ્રવબંધ આમ છે. થઈ રહ્યું. સંવર-નિર્જરા, બંધ અને મોક્ષ પૂર્ણ શુદ્ધ થાય તે પાંચ તત્ત્વ અને જીવ અખંડ છે જ્ઞાયક. અજીવ પરદ્રવ્ય છે, એની પર્યાય પરદ્રવ્યમાં જાય છે. કર્મના ઉદય આદિની પરમાં જાય છે. સમજાણું?

**'એક જ કાળે બંને કાર્ય થાય છે. આમ જ છે, સંદેહ કરવો નહિ.'** ભગવાન **'સર્વોત્કૃષ્ટ છે—પૂજ્ય છે.'** **'स्वतः विमुक्तं'** **'स्वतः विमुक्तं'** છે. **'ત્રણે કાળ સમસ્ત પરદ્રવ્યોથી...'** **'विमुक्तं'** એટલે જુદો છે.

**શ્રોતા :-** **'वियुक्तं'** છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના. વિયુક્તં. યુ છે. મુ નહિ. **'स्वतः वियुक्तं'** **'वियुक्तं'** જોડાણ રહિત છે એમ. **'ત્રણે કાળ સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન છે.'** **'वियुक्तं'**

**શ્રોતા :-** **'वियुक्तं'**.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આમાં હેઠે ભૂલ થઈ ગઈ હશે. છે **'विमुक्तं'** આમાં. શ્લોકમાં **'विमुक्तं'** છે.

**શ્રોતા :-** મુક્ત જ હતો ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, મુક્ત છે. ત્રણે કાળે મુક્ત છે. ત્રણે કાળે એનાથી.. શબ્દને સુધારવો જોઈએ હોં. પાઠમાં **'वियुक्तं'** કર્યું છે આમાં. યુક્તરહિત છે, સંબંધરહિત છે એમ. **'ત્રણે કાળ સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન છે.'** ભગવાન આત્મા. અને એની શુદ્ધ પરિણતિ પણ એ રાગ અને પરથી ભિન્ન (છે) એ મોક્ષનું કારણ છે અને રાગ એ બંધનું કારણ થાય છે. લ્યો આ બે પાના હતા એક શ્લોકમાં. મોટા તકરારના વાંધા ઉઠે એના ખુલાસા એટલા સરસ કર્યા છે લ્યો. આહાહા..!

(શાર્દૂલવિક્રીડિત)

मग्नाः कर्मनयावलम्बनपरा ज्ञानं न जानन्ति यन्
मग्ना ज्ञाननयैषिणोऽपि यदतिस्वच्छन्दमन्दोद्यमाः।
विश्वस्योपरि ते तरन्ति सततं ज्ञानं भवन्तः स्वयं
ये कुर्वन्ति न कर्म जातु न वशं यान्ति प्रमादस्य च।।१२-१११।।

ખંડાન્વય સહિત અર્થ :—"कर्मनयावलम्बनपराः मग्नाः" (कर्म) અનેક પ્રકારની ક્રિયા, એવો છે (नय) પક્ષપાત, તેનું (अवलम्बन)—ક્રિયા મોક્ષમાર્ગ છે એમ જાણીને ક્રિયાનું—પ્રતિપાલન, તેમાં (पराः) તત્પર છે જે કોઈ અજ્ઞાની જીવો તે પણ (मग्नाः) પાણીના પૂરમાં ડૂબેલા છે. ભાવાર્થ આમ છે કે સંસારમાં ભટકશે, મોક્ષના અધિકારી નથી. શા કારણથી ડૂબેલા છે? "यत् ज्ञानं न जानन्ति" (यत्) કારણ કે (ज्ञानं) શુદ્ધ ચૈતન્યવસ્તુનો (न जानन्ति) પ્રત્યક્ષપણે આસ્વાદ કરવાને સમર્થ નથી, ક્રિયામાત્ર મોક્ષમાર્ગ એમ જાણીને ક્રિયા કરવાને તત્પર છે. "ज्ञाननयैषिणः अपि मग्नाः" (ज्ञान) શુદ્ધ ચૈતન્યપ્રકાશ, તેનો (नय) પક્ષપાત, તેના (एषिणः) અભિલાષી છે, [ભાવાર્થ આમ છે કે—શુદ્ધ સ્વરૂપનો અનુભવ તો નથી, પરંતુ પક્ષમાત્ર બોલે છે;] (अपि) એવા જીવો પણ (मग्नाः) સંસારમાં ડૂબેલા જ છે. શા કારણથી ડૂબેલા જ છે? "यत् अतिस्वच्छन्दमन्दोद्यमाः" (यत्) કારણ કે (अतिस्वच्छन्द) ઘણું જ સ્વેચ્છા-ચારપણું છે એવા છે, (मन्दोद्यमाः) શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો વિચારમાત્ર પણ કરતા નથી. એવા છે જે કોઈ તેમને મિથ્યાદૃષ્ટિ જાણવા. અહીં કોઈ આશંકા કરે છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ એવી પ્રતીતિ કરતાં મિથ્યાદૃષ્ટિપણું કેમ હોય છે? સમાધાન આમ છે—વસ્તુનું સ્વરૂપ એવું છે કે જે કાળે શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે તે કાળે અશુદ્ધતારૂપ છે જેટલી ભાવ-દ્રવ્યરૂપ ક્રિયા તેટલી સહજ જ મટે છે. મિથ્યાદૃષ્ટિ જીવ એવું માને છે કે જેટલી ક્રિયા છે તે જેવી છે તેવી જ રહે છે, શુદ્ધસ્વરૂપ-અનુભવ મોક્ષમાર્ગ છે; પરંતુ વસ્તુનું સ્વરૂપ એવું તો નથી. તેથી જે એવું માને છે તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, વચનમાત્રથી કહે છે કે શુદ્ધસ્વરૂપ-અનુભવ મોક્ષમાર્ગ છે; એવું કહેવાથી કાર્યસિદ્ધિ તો કાંઈ નથી. "ते विश्वस्य उपरि तरन्ति" (ते) એવા જે કોઈ જીવો સમ્યગ્દૃષ્ટિ છે તેઓ, (विश्वस्य उपरि) કહ્યા છે જે બે જાતિના જીવ તે બંને ઉપર થઈને, (तरन्ति) સકળ કર્મોનો ક્ષય કરી મોક્ષપદને પ્રાપ્ત થાય છે. કેવા છે તે? "ये सततं स्वयं ज्ञानं भवन्तः कर्म न कुर्वन्ति, प्रमादस्य वशं जातु न यान्ति" (ये) જે કોઈ નિકટ સંસારી સમ્યગ્દૃષ્ટિ જીવો (सततं) નિરંતર (स्वयं ज्ञानं) શુદ્ધજ્ઞાનરૂપ (भवन्तः) પરિણમે છે, (कर्म

**ન कुर्वन्ति) અનેક પ્રકારની ક્રિયાને મોક્ષમાર્ગ જાણી કરતા નથી; [ભાવાર્થ આમ છે કે જેમ કર્મના ઉદયે શરીર વિદ્યમાન છે છતાં હેયરૂપ જાણે છે, તેમ અનેક પ્રકારની ક્રિયા વિદ્યમાન છે છતાં હેયરૂપ જાણે છે;] (प्रमादस्य वशं जातु न यान्ति) 'ક્રિયા તો કાંઈ નથી'—એમ જાણી વિષયી-અસંયમી પણ કદાચિત્ થતા નથી, કેમ કે અસંયમનું કારણ તીવ્ર સંક્લેશપરિણામ છે, તે સંક્લેશ તો મૂળથી જ ગયો છે. એવા જે સમ્યગ્દૃષ્ટિ જીવો, તે જીવો તત્કાળમાત્ર મોક્ષપદને પામે છે. ૧૨-૧૧૧.**

## કલશ-૧૧૧ ઉપર પ્રવચન

હવે જરી એકાંતની વાતનો નિષેધ કરે છે.

मग्नाः कर्मनयावलम्बनपरा ज्ञानं न जानन्ति यन्
मग्ना ज्ञाननयैषिणोऽपि यदतिस्वच्छन्दमन्दोद्यमाः।
विश्वस्योपरि ते तरन्ति सततं ज्ञानं भवन्तः स्वयं
ये कुर्वन्ति न कर्म जातु न वशं यान्ति प्रमादस्य च।।१११।।

'ખંડાન્વય સહિત અર્થ :—' '**कर्मनयावलम्बनपराः मग्नाः**' '**અનેક પ્રકારની ક્રિયા,...**' કર્મ શબ્દે ક્રિયા—કાર્ય. પુણ્ય-પાપના પરિણામ, વિકલ્પ. અહીં તો ખરેખર તો શુભ કર્મની ક્રિયાની વાત છે. શુભક્રિયામાં જે મગ્ન છે એ દયા, દાન, વ્રત, ભક્તિ, તપના વિકલ્પ ઉઠે એમાં એકાકાર થઈ ગયો છે, એ '**कर्मनयावलम्बनपराः**' છે. '**અનેક પ્રકારની ક્રિયા, એવો છે પક્ષપાત,...**' (नय)ની વ્યાખ્યા કરી. '**તેનું...**' (अवलम्बन)—'**ક્રિયા મોક્ષમાર્ગ છે એમ જાણીને ક્રિયાનું—પ્રતિપાલન,...**' બરાબર પંચ મહાવ્રત પાળવા, અઠ્યાવીશ મૂળગુણ પાળવા. જુઓ કહે છે. લ્યો! કુંદકુંદાચાર્યે અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા હતા કે નહિ? શું કરવા પાળ્યા એમણે? જો બંધનું કારણ હોય ને નુકસાનનું કારણ હોય તો. એણે છોડી દીધા હતા? વળી એવો પ્રશ્ન ઉઠાવે. આખી જિંદગી પ્રતિપાલ કર્યા છે. અહીં ના પાડે છે જુઓ. એવું પ્રતિપાલન કરે તો એ કહે છે '**कर्मनयावलम्बनपराः**' મિથ્યાદૃષ્ટિ છે. આવે એને જાણે. તત્પર નથી. એમાં તત્પર, એકત્વ નથી. આહાહા..!

**શ્રોતા :—** જાણેલો પ્રયોજનવાન.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** જાણેલો પ્રયોજનવાન. એ તો એ સિદ્ધાંત મહા. યદાત્વે. જે કાંઈ વિકલ્પ હોય છે, મુનિને હોય, બધાને હોય એમાં શું? હોય છેને. પણ એ જાણવાલાયક (છે) અને આદરવાલાયક નથી.

અહીં તો ચોખ્ખી વાત કરી. '**અનેક પ્રકારની ક્રિયા, એવો છે પક્ષપાત,...**' અમારે તો એ પંચ મહાવ્રત અને બસ, મુનિપણાની ક્રિયા, દયા, દાન, ઉપદેશ આપીએ, ઘણા જીવોને ધર્મ પમાડીએ ઉપદેશથી. વળી ઓલા તો એમ કહે છે, ઉપદેશથી લાભ થાય. ઓલા તેરાપંથી છે ને? તેરાપંથી.

**શ્રોતા :-** ... ઉપદેશથી લાભ નથી માનતા એ લોકો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. એ શુભની મુખ્યતાની વાત છે. વધારે તો શુભમાં પડ્યો છે એકાકાર એની વાત છે. અશુભને તો કોણ છે. હા પણ એ લોકો કહે છે કેટલાક કે નહિ. શું કીધું હમણાં? શુભ-અશુભભાવ. શુભ પરિણામ છે એમાં ધર્મ છે. અશુભથી નિર્જરા થાય તો શુભથી કેમ ન થાય? માટે છે. એકાંત ન કરો. મુનિને સમકિતદષ્ટિને શુભભાવમાં પણ નિર્જરા છે. આ નિર્જરાની ગાથા આપી છેને પહેલી? એમ નહિ. અહીં તો કહ્યું, ... છે. મુનિપણું એણે કેમ પાળ્યું કુંદકુંદાચાર્યે? તમે કહો, સોનગઢવાળા કહે છે કે એ પુણ્ય છે એ બંધનુ કારણ છે, હેય છે. તો એણે કેમ છોડી (ન દીધું)? પણ છોડી દેવાની વ્યાખ્યા શું? દૃષ્ટિમાં એનો આદર નહોતો. વિકલ્પ છે એ છોડે ક્યારે? એ તો સ્વરૂપની સ્થિરતા (થાય) ત્યારે છૂટે. શુદ્ધઉપયોગ થાય ત્યારે છૂટે. એ વિના છૂટે? પણ દૃષ્ટિમાં પહેલું છોડવાલાયક (છે એમ માન્યું છે). અનુભવમાં તે આદરવા લાયક નથી એમ દૃષ્ટિ થઈ, ત્યારે પછી સ્વરૂપની સ્થિરતા થતાં એ વિકલ્પ આવ્યા એને આદર માનતા નથી. એને પાળ્યું નથી એણે. વ્યવહારનયથી એમ કહેવામાં આવે કે એણે પંચ મહાવ્રત પાળ્યા. આસ્રવને પાળતા હશે? રક્ષા કરતા હશે? પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ તો આસ્રવ છે. ઉદયભાવને પાળ્યો? રક્ષા કરી?

**શ્રોતા :-** વ્યવહારનયથી પાળ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વ્યવહારનયનું કીધુંને પહેલું. વ્યવહારનયમાં તો આવે. વ્યવહારનયના કથનમાં એમ આવે, સત્કર્મ કરે. ન આવે? હંમેશાં ષટ્કર્મ શ્રાવકને હોય. દેવ પૂજા, ગુરુ સેવા આદિ છ આવે છે કે નહિ? ષટ્કર્મ આવે છે લ્યો દરરોજ. શ્રાવકનો ધર્મ છે, પરમધર્મ છે એમ પણ કહે. અશુભથી બચવા, એને ઘણા પાપ છે એને એમ પણ કહે. અપેક્ષાથી સમજવું જોઈએ ને? પણ એમાંથી એનાથી ધર્મ થઈ જાય તો પછી ચારિત્ર લઈને સ્થિરતા કરવાની જરૂર રહેતી નથી. એમ છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત-૨૪૯૧, જેઠ વદ ૧૫, મંગળવાર,
## તા. ૨૯-૬-૧૯૬૫, કલશ-૧૧૧
## પ્રવચન નં. ૮૩

સમયસાર કળશટીકા. પુણ્ય-પાપ અધિકાર. ૧૧૧. ફરીને લઈએ. મૂળ તો થઈ ગયું છે.

**'कर्मनयावलम्बनपराः मग्नाः'** પુણ્ય-પાપનો અધિકાર છે એથી એમ કહે છે કેટલાક જીવો (**कर्म**) **'અનેક પ્રકારની ક્રિયા,...'** દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિના પરિણામ એવા જે શુદ્ધ પરિણામ જે પુણ્યરૂપ છે એના પક્ષપાત અહીં કરે છે. કે એ અમને મોક્ષ કરશે અને એ અમને ધર્મ કરશે. ધર્મ કાંઈ થાતો નથી. નહિ શબ્દ છે હોં. પરંપરા આપે છે ને. ના પાડે છે બધે ઠેકાણે.

**'અનેક પ્રકારની ક્રિયા, એવો છે પક્ષપાત, તેનું...'** શું? **'ક્રિયા મોક્ષમાર્ગ છે એમ જાણીને ક્રિયાનું—પ્રતિપાલન,...'** કરે છે. દયા, દાન, વ્રત, ભક્તિ કરો, આ સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો એ બધો શુભરાગની ક્રિયા એ મોક્ષમાર્ગ છે એમ જ્ઞાની માને છે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બીજા દ્રવ્યના ક્યા? શુભભાવ છે નથી? શુભભાવના ભેદ તો ઘણા છે. શુભભાવ નથી? શુભભાવ તો .. ઊડી જાય છે અન્યમતિમાં. .. મિથ્યાદૃષ્ટિ .. સમકિતી. એ સિવાય નવમી ગ્રૈવેયકે જાય નહિ. મૂળ તો કહે છે જૈન સંપ્રદાયમાં જન્મે એને જે દયા, દાન, વ્રત, તપ, અપવાસ આદિની ક્રિયા જે રાગની મંદતારૂપ શુદ્ધ પરિણામ પુણ્ય છે. એને ટાળવાથી અમારો મોક્ષ થશે, એમ માનનારા છે એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે.

**શ્રોતા** :- મૂઢ એટલે મિથ્યાદૃષ્ટિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મૂઢ એટલે અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ એટલે વિપરીત શ્રદ્ધા. બે અજ્ઞાન અને મિથ્યાશ્રદ્ધા બે લીધા. કહો, સમજાણું?

**'ક્રિયા મોક્ષમાર્ગ છે એમ જાણીને ક્રિયાનું—પ્રતિપાલન, તેમાં તત્પર છે...'** બસ આ કરવું, આ પાળવું, આ ખાવું, આ પીવું, આ લેવું, આ કરવું આ વ્રત ને આ નિયમ, આ નિયમ. અનેક દ્રવ્યના વૃત્તિ સંક્ષેપના આટલા રસ છોડ્યા અને એટલા રસ ખપે અને એટલા રસ ન ખપે, એટલા ઘરની ભીક્ષા ખપે, એટલા ઘરની ભીક્ષા ન ખપે એવા શુભરાગની ક્રિયામાં તત્પર છે **'જે કોઈ અજ્ઞાની...'** જુઓ! **'જે કોઈ અજ્ઞાની જીવો તે પણ**

**પાણીના પૂરમાં ડૂબેલા છે.'** એ સંસારના ઊંડા પાણીમાં પડ્યા છે. સમજાણું કાંઈ? ..ભાઈ! સમજાણું કે નહિ? એય..! ભગવાનજીભાઈ! હરજીવનભાઈ! આ તમારા બાપ અહીંયાં પૂછ્યું અને એને આખો સંપ્રદાયનો ક્રિયામાં ગયું. કહો, સમજાણું આમાં? ..ભાઈને. બીજા નંબરના. આત્માના .. પુણ્ય-પાપના પરિણામ એ આત્માની ક્રિયા નથી એમ કહે છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. એ તો એની શ્રદ્ધા-જ્ઞાનની ક્રિયા એ ધર્મ છે. એમ તો હુશિયાર માણસ છે ને. કહો સમજાણું આમાં?

અજ્ઞાની એમ તત્પર પુણ્યની ક્રિયામાં. અહીં તો .. પુણ્યની વાત છે. અનશન, ઉણોદરી, વૃત્તિ સંક્ષેપ, રસપરિત્યાગ એવા એમાં શુભ વિકલ્પ આવે શુભભાવ. દયા, દાન, વ્રત, ભક્તિ એ બધા પરિણામ શુદ્ધ છે. પુણ્ય છે. એને અજ્ઞાની ધર્મ માને છે. આંબેલ કરે. આંબેલ કરે છે. આંબેલ સમજો છો? .. છે ને? .. એમાં. આંબેલ કરે. ધર્મ. ધૂળમાંય ધર્મ નથી કહે છે. એ તો રાગની મંદતાનો ભાવ હોય તો એને પુણ્યબંધન થાય. ધર્મ બર્મ એ નથી. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ એને પુણ્ય કહે છે એને ધર્મ કહેતા નથી. કહો, સમજાણું આમાં?

**'જે કોઈ અજ્ઞાની જીવો તે પણ પાણીના પૂરમાં ડૂબેલા છે.'** એમ કે જુઓને સંસારના મિથ્યાત્વ અને પાપના પરિણામ કરીને સંસારમાં ડૂબે છે એમ આ પણ પુણ્યના પરિણામમાં ધર્મ માનીને અજ્ઞાની ડૂબે છે કહ્યું છે ને? અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ અશુભ પરિણામને કરીને ડૂબે છે એમ અજ્ઞાની શુભ પરિણામ કરીને પણ ડૂબે જ છે. ચાર ગતિમાં રખડે છે. એમાં કોઈ ધર્મબર્મ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે સંસારમાં ભટકશે,...'** ઓલી ભાષા જરી .. હતી ને એટલે ટૂંકી કરી નાખી. સંસારમાં ભટકશે. **'મોક્ષના અધિકારી નથી.'** ગમે તેટલા એ દયા પરની પાળવાનો ભાવ, દાનનો ભાવ, ભક્તિનો ભાવ, પૂજાનો ભાવ, વ્રતનો ભાવ, તપનો અપવાસનો ભાવ એ બધો શુભ વિકલ્પ અને પુણ્ય છે એ મોક્ષના અધિકાર નથી. એનાથી મોક્ષ થતો નથી ભગવાન વીતરાગના માર્ગમાં.

**'શા કારણથી ડૂબેલા છે?' 'यत् ज्ञानं न जानन्ति'** આ આવ્યું. **'કારણ કે શુદ્ધ ચૈતન્યવસ્તુનો...'** શુદ્ધ ચૈતન્ય પ્રભુ સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે જે આત્મા જોયો એ પુણ્ય-પાપના ભાવથી રહિત છે, એવા શુદ્ધ ચૈતન્યને અજ્ઞાની જાણતા અને અનુભવતા નથી. કહો, બરાબર છે? કહો, ભગવાનજીભાઈ! એ બધું નક્કી કરવું પડશે હોં. તમારા .. પાછું એક ઘર છે. એમાં .. પછી ... **'કારણ કે શુદ્ધ ચૈતન્યવસ્તુનો પ્રત્યક્ષપણે આસ્વાદ કરવાને સમર્થ નથી,...'** શું કહે છે? ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા

છે. જેવા સિદ્ધ ભગવાનને અતીન્દ્રિય આનંદ પ્રગટ થયો છે, એવો જ આત્મામાં અતીન્દ્રિય આનંદથી ભરેલો આત્મપદાર્થ છે. એવા પુણ્યના પરિણામ દયા, દાન, વ્રતના પરિણામમાં ધર્મ માનનાર એ આત્માના અતીન્દ્રિયના આનંદના સ્વાદને લેવાને સમર્થ છે નહિ. સમજાણું કાંઈ? પ્રવિણભાઈ! ભારે વાતું પણ ભાઈ! ગજબ તે અત્યારે. વાડામાં પડે એનાથી બધી ઊંધી વાત છે. આ શું પણ? ભાઈ વીતરાગનો માર્ગ આ છે. એને વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર એને જોયો, જાણ્યો, અનુભવ્યો એવો આત્મા એ તો પુણ્ય-પાપના રાગ અને વિકલ્પથી રહિત છે. એવો ભગવાન આત્મા ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં કે ત્યાગી નામ ધરાવીને એ શુદ્ધ ક્રિયાકાંડના મોક્ષનો અધિકારી માને પોતાને. તે અજ્ઞાની આત્માને અતીન્દ્રિય આનંદના અંતર્મુખ રુચિ પુણ્યને છોડીને સ્વભાવની રુચિ અને શાંતિના વેદન કરવાને અલાયક છે. સમજાણું કાંઈ? જુઓ! (**न जानन्ति**) ની વ્યાખ્યા આ. પાછા કોઈ કહે કે ન જાણે તો ભલે ન જાણે. પણ (**न जानन्ति**) એટલે શું?

ભગવાન આત્મા અતીન્દ્રિય શાંત અને આનંદ. શાંત એટલે ચારિત્ર અને આનંદ એટલે સુખ. એવા શાંત અને આનંદ સ્વરૂપ આત્મા પૂર્ણાનંદ પ્રભુ આત્મા છે. જેમ ભગવાનની પર્યાયમાં, કેવળી પરમાત્માની પર્યાયમાં અનંતજ્ઞાન, અનંત આનંદ જે પ્રગટ્યો એ બધો અનંત આનંદ આત્મામાં પડેલો છે. સમજાણું કાંઈ? આમ તો બોલે કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. ખબર ન મળે કાંઈ. કેવળીએ શું કીધું અને શું ધર્મ? ભગવાન જાણે. ઘડિયા હાંકે જાય સવાર-સાંજ.

અહીં કહે છે કે સર્વજ્ઞ પરમાત્મા એણે આત્મામાં અતીન્દ્રિય આનંદ જોયો, જાણ્યો, અનુભવ્યો એવો આત્મા પુણ્યને ધર્મ માનનારાઓ આવી ક્રિયાકાંડમાં તત્પર જીવો એ આત્માના આનંદનો સ્વાદ ધર્મ કરી શકતા નથી. કહો, સમજાણું કાંઈ? કહો, બરાબર છે ને ભગવાનભાઈ! આ બધા જૂના માણસ સાંભળેલું ઘણું.

**શ્રોતા** :- ઘણું કર્યું હતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઘણું કર્યું હતું અપવાસ-બપવાસ એ લાંઘણ. લાંઘણ-લાંઘણ બધી.

ભગવાન આત્મા. જુઓ અહીં શુદ્ધ કેમ શબ્દ વાપર્યો છે? '**ज्ञानम्**'નો અર્થ. જ્ઞાન એટલે કે પુણ્યથી-રાગના વિકલ્પથી રહિત. એ દયા, દાન, વ્રત, ભક્તિનો શુભભાવ એ આસ્રવભાવ છે, એ પુણ્યભાવ છે. એનાથી રહિત જ્ઞાનસ્વરૂપ આત્માનું જે પુણ્યથી રહિત છે એવો આત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ, એની દૃષ્ટિમાં અનુભવ, એ પુણ્યના પરિણામમાં ધર્મ માનનાર અજ્ઞાની આત્માનો અનુભવ કરી શકતો નથી. એટલે કે એને આત્મધર્મ હોતો નથી. ઓહોહો..! સમજાણું કાંઈ?

'**ક્રિયામાત્ર મોક્ષમાર્ગ એમ જાણીને ક્રિયા કરવાને તત્પર છે.**' .. ની વ્યાખ્યા

કરી. ક્રિયા કરો, ક્રિયા કરો. કરતા કરતા આપણું કલ્યાણ થઈ જશે એમ અજ્ઞાની અનાદિકાળથી, અનાદિકાળથી જૈન વીતરાગમાર્ગના સંપ્રદાયમાં જન્મ્યો છતાં એ દયા, દાન, વ્રત, જે પર ઉપર લક્ષવાળી લાગણી થાય એ બધો શુભભાવ અને પુણ્ય છે. એમાં અજ્ઞાનીઓ ધર્મ માને, મનાવે, માનતાને રૂડું જાણે એ બધા મિથ્યાદૃષ્ટિઓ ચાર ગતિમાં રખડવાના છે. કહો, સમજાણું આમાં? ..ભાઈ!

**શ્રોતા :-** બધું ઉડાડો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉડાડવાની વાત ક્યાં છે આ? શુભભાવ એ કોઈ ધર્મ નથી. ભાવ હોય. ધર્મ નથી. કારણ કે નવ તત્ત્વમાં પુણ્ય જુદું, પાપ જુદું, સંવર જુદું અને નિર્જરા જુદી. ચાર તત્ત્વ જુદા છે. પણ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગના ભાવ એ પાપ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો ભાવ એ પુણ્ય છે. અને એ બેના ભાવરહિત આત્માના સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ કરવો એ સંવર અને નિર્જરા છે. કે તત્ત્વની ખબર ન મળે. સાત શું, નવ શું તત્ત્વની. બરાબર છે?

**'ક્રિયામાત્ર મોક્ષમાર્ગ એમ જાણીને ક્રિયા કરવાને તત્પર છે.'** અને એમાં ધર્મ માને છે. એ મંદિર થયું ને પંડિતજી! રાજકોટમાં મંદિર થયું. અમે તો જોયું છે પહેલાં. મંદિર થયું ૨૫ સાલમાં. અઢી લાખ.. તો ..વાળા છે ને ઓલા .. લાલજી. પંડિત આવ્યા હતા. તો આવ્યા. .. સોનાના માથે કળશ હતા અને પાંચ-છ હજાર માણસ. આવી મોટી સભા અને નાનાલાલભાઈ અમારે હતા ને. ગુજરી ગયા. નાનાલાલભાઈ કહે કહો, .. લાખ, સવા લાખ કે અઢી લાખ. ઓહો..! તમે તો આઠ ભવે મોક્ષ જશો. આવું મંદિર બનાવ્યું અને આવી ભાવના કરી. મહારાજ ના પાડે છે. એ એવું માનતા નથી કે આવા મંદિર બનાવીને મોક્ષ જઈએ એમ અમે માનતા નથી. સમજ્યા? શુભભાવ છે. રાગની મંદતાનો શુભભાવ છે. પાપથી બચવા એવો શુભભાવ હોય છે. પણ એનાથી મુક્તિ થઈ જાય અમે માનતા નથી કહે. મહારાજ ના પાડે છે. એમ માનતા નથી કહે. પંડિતે એમ કહ્યું. ગુજરી ગયા ને બિચારા એ તો ગુજરી ગયા, દેહ છૂટી ગયો નાનાલાલજીનો. એ બહુ .. હતા. .. હવે ભાઈ આટલા .. ચર્ચા. ત્યારે .. ચાલતા આપણે. ... ... ઓહોહો..! ઓલા કહે ના. .. આ પૈસા આટલા ખર્ચ્યા, આ મોટી ધામધુમ, મંદિર .. આઠ ભવે મોક્ષ જાશો હોં. મહારાજ ના પાડે છે કહે. .. પાંચ કરોડ ખર્ચે તો રાગ મંદ હોય તો પુણ્ય થાય. એનાથી મોક્ષ બોક્ષ ન થાય. સમજાણું કાંઈ? પાંચ-પાંચ કરોડ દઈ દે દાનમાં એથી તને ધર્મ થઈ જાય. ત્રણ કાળમાં નથી. એ તો ધૂળ છે મારા પૈસો. પૈસાની મમતા ઘટાડ કાંઈક રાગ મંદ કર તો પુણ્ય થાય. પણ એમાં તું જાણે કે મોક્ષ થશે અને હળવે હળવે જન્મ-મરણના અંત આવશે એ વાતમાં એકેય દોકડો સાચો નથી. સમજાણું કાંઈ?

**'ક્રિયામાત્ર મોક્ષમાર્ગ એમ જાણીને ક્રિયા કરવાને તત્પર છે.'** જોયું! (मग्नाः) શબ્દ પડ્યો છે ને. તત્પર. બસ આખો દી એ તો આ ખાવું, આ પીવું, આ લેવું, આ કરું, આ જોઈને ચાલવં, આ કરવું એવો વિકલ્પ છે રાગ. એમાં અજ્ઞાની તત્પર, આત્મા શું ચીજ છે અંદર ભગવાન શું કહે છે? એની એને જ્ઞાનમાં ભાન થતું નથી. એક વાત. બીજી વાત હવે.

**'ज्ञाननयैषिणः अपि मग्नाः'** બીજો બોલ લીધો સામે.. **'શુદ્ધ ચૈતન્યપ્રકાશ, તેનો પક્ષપાત,...'** કરે છે. અમારો શુદ્ધ આત્મા છે, અમારો શુદ્ધ આત્મા છે. અમે શુદ્ધ આત્માનો અનુભવ કરીએ છીએ. અમારો શુદ્ધ આત્મા. પણ શુદ્ધ ચૈતન્ય શું છે એને અંતરમાં એકાગ્ર થઈને અનુભવ કરતો નથી. અમારે તો જ્ઞાનથી મુક્તિ થાય, અમારે તો શુદ્ધ આત્માથી મુક્તિ થાય. બસ અમારે નિરંજન નિરાકાર શુદ્ધ ભગવાનથી મુક્તિ થાય. પણ વિકલ્પથી થાય? કે આ કથનમાત્રથી થાય? કે અનુભવથી થાય? અજ્ઞાની કહે, જ્ઞાન શુદ્ધ ચૈતન્યપ્રકાશ. એ ગુણની વ્યાખ્યા જ એ છે. શુદ્ધચૈતન્ય વસ્તુ.

શુદ્ધ ચૈતન્ય ભગવાન આનંદકંદ. **'તેનો પક્ષપાત, તેના અભિલાષી છે,...'** આપણને તો જ્ઞાન થયું એનું. જ્ઞાન થયું મોક્ષ થઈ જશે. એમ માનીને જ્ઞાનના અભિલાષીઓ એ જ્ઞાનસ્વરૂપ, ચિદાનંદસ્વરૂપનો અનુભવ કરતા નથી. **'ભાવાર્થ આમ છે કે—શુદ્ધસ્વરૂપનો અનુભવ તો નથી,...'** શુદ્ધ પરમાત્મા પોતાનું સ્વરૂપ, એને અનુસરીને વિચારધારા અંતરમાં લઈને ભગવાન આત્મા પુણ્ય-પાપના ભાવથી રહિત છે એવા સ્વરૂપને આનંદનો તે અનુભવ કરતો નથી.

**'અનુભવતો નથી, પરંતુ પક્ષમાત્ર બોલે છે;...'** પક્ષપાત. અમારે શુદ્ધથી મોક્ષ થાય, શુદ્ધથી મોક્ષ થાય, શુદ્ધથી મોક્ષ થાય. શુદ્ધથી મોક્ષ થાય તો શુદ્ધ શુદ્ધ બોલે તો થાય એવું છે? પક્ષપાત કરો અમારે તો શુદ્ધથી.. પણ શુદ્ધસ્વરૂપથી મોક્ષ થાય ક્યારે? કે ચૈતન્ય પ્રભુ શુદ્ધ એના સન્મુખ થઈ, એની દૃષ્ટિના અનુભવનું વેદન કરે ત્યારે શુદ્ધથી મોક્ષ થાય. કહેવામાત્રથી વાતું કરે શુદ્ધથી મોક્ષ થાય.. શુદ્ધથી મોક્ષ થાય. સમજાણું કાંઈ? એમ **'પક્ષમાત્ર બોલે છે;...'**

**'એવા જીવો પણ...'** (मग्नाः) ખુલાસો કર્યો. **'સંસારમાં ડૂબેલા જ છે.'** ઓલામાં પૂરમાં ડૂબેલા છે કહ્યું હતું. શબ્દો તો એના એ છે. (मग्नाः) આહાહા..! એકલી પુણ્યની ક્રિયામાં ધર્મ માનનારા એ પણ સંસારમાં રખડનારા અને એકલા જ્ઞાનનો ઉઘાડ માનીને સ્વરૂપનો અનુભવ દૃષ્ટિ કરતો નથી. એ જ્ઞાનનો ઉઘાડ થયો એટલે એને જાણવામાં આવ્યું આમ છે ને તેમ છે. એમાં અમારો મોક્ષ થઈ જશે. એમ ન થાય, ભાઈ! એ તો જ્ઞાનના ઉઘાડ તો અનંતવાર એવા થયા છે. એ જ્ઞાન ભગવાન આત્મા શુદ્ધ અમૂર્ત આનંદકંદ છે એની

અંતરમાં પુણ્ય-પાપના રાગનો પક્ષ છોડી ચિદાનંદના અવલંબે અનુભવ કરવો એ જ શુદ્ધની દૃષ્ટિ અને શુદ્ધનો અનુભવ તે મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? કહો, બરાબર છે? પ્રવિણભાઈ! બેય વાતને ખોટી ઠરાવી. 'કોઈ ક્રિયા જડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ, માને માર્ગનો મોક્ષનો, કરુણા ઉપજે જોઈ.' આવે છે ને શ્રીમદ્‌માં આવે છે. એ બેય વાત લીધી છે. આપણે આવે છે ને સમયસાર ગાથામાં આવે છે. ક્રિયા એકાંત ક્રિયાનયનું ખંડન થયું, એકાંત ક્રિયા નયનું ખંડન થયું. આવે છે ને પંડિતજી! એ ૭૬ કર્તાકર્મ. એ. સમજાય છે કાંઈ?

એ તો .. જિનબિંબ.. અનેક પ્રકારે વાત ત્યાં મૂકી છે. એમાં કર્તાકર્મના અધિકારમાં એ મૂકી છે કે તું એકલો રાગની ક્રિયાથી ધર્મ માને તો ખોટો છો અને એકલો જ્ઞાનનો અનુભવ દૃષ્ટિ નથી અને ઉઘાડની વાતથી વાત કરી રહ્યો છે એ પણ જ્ઞાનનો નયનો એ પણ શુષ્કજ્ઞાનવાળો ડૂબી ગયેલો છે. એકાંત જ્ઞાનને માનનાર અંદર અનુભવ માનતો નથી. અનુભવ કરતો નથી એ પણ ડૂબનારો છે. સમજાણું કાંઈ? એમ તો અગિયાર અંગ અને નવ પૂર્વનું જ્ઞાન અનંતવાર થયું. .. થયું એમાં શું થયું?

ચિદાનંદ પ્રભુ આત્મા એને અવલંબીને નિર્મળાનંદનો અનુભવ કરવો, શાંતિ અને પુણ્ય-પાપ જે અશાંતિભાવ છે એનાથી ખસીને શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરવો એ મોક્ષનો માર્ગ છે. એની ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવ મુક્તિનો માર્ગ અને ઉપાય કહે છે. એની તો ખબર ન મળે. કહો, ..ભાઈ! એને ખબર છે ને હમણાં બધું ચાલે છે તે.

**'એવા જીવો પણ સંસારમાં ડૂબેલા જ છે.'** સમજાણું? **'શા કારણથી ડૂબેલા જ છે?'** 'यत् अतिस्वच्छन्दमन्दोद्यमाः' ભાષા જરી. **'यत् अतिस्वच्छन्दमन्दोद्यमाः'** **'કારણ કે ઘણું જ સ્વેચ્છાચારપણું છે એવા છે,...'** .. એક આવ્યા હતા સાધુ. સ્થાનવાસી હતા બીજા દેરાવાસી. એ બોલાવે. .. રહે છે ને? મોક્ષમાર્ગપ્રકાશક વાંચવું. વાંચે અને પછી અહીં આવે કોક દી. બસ .. જેને કહીએ એને પછી ખોરાક ગમે તે હોય. માંસ હોય તો શું.. અરે.. મરી જઈશ કીધું આ. નિશ્ચયથી વાતું કરે ને કે આત્માને.. પણ નિશ્ચય તે ક્યો નિશ્ચય? પછી આત્માને ગમે તે ખોરાક હો એને શું નડે છે? ભાઈ! એને ન હોય ગમે તે ખોરાક. એને ખોરાક હોય તો વિકલ્પ શુભભાવ એવો આવે કે અશુભ પણ એવો આવે. પણ એની મર્યાદાની હદનો આવે. માંસ ખાવા ને દારૂ પીવા ને પરસ્ત્રીના લંપટપણા કરવા અને પછી કહે કે નિશ્ચયમાં કાંઈ પાપ નથી. મરી જઈશ ત્યાં પોપાબાઈનું રાજ નથી ત્યાં. સાધુ છે એક. પછી આ વાંચ્યું એટલે .. થઈ ગયો. ભાઈ! એમ નથી. સમ્યગ્દૃષ્ટિને આત્માના અનુભવના સ્વાદમાં ત્રણ કષાયનો ઉદય હોય, પણ અનંતાનુબંધીનો ન હોય, એથી એને દારૂ, માંસ એવા ભાવ હોય નહિ એટલી તો એની મર્યાદા છે. એ સ્વચ્છંદે કરીને પરસ્ત્રી ભોગવે અને ભાવ અમારે કાંઈ નથી. એ દેહની ક્રિયા છે. મરી જઈશ. દેહની ક્રિયા પણ

ભાન કોને છે એ? સમજાણું કાંઈ? કેટલાક એ કહે છે ને કેટલાક? કે ક્રમબદ્ધમાં થાવું હોય એ થાશે. અમારે શું? ભોગ લેવાનું થશે. મરી જઈશ. ક્રમબદ્ધવાળાની દૃષ્ટિ ક્યાં હોય?

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય એની દૃષ્ટિના અનુભવના સ્વરૂપ તરફ સાવધાન દૃષ્ટિ હોય, એ પરના કર્તાપણાનું અભિમાન એને છૂટી ગયું હોય. ત્યારે એને ક્રમબદ્ધ માન્યું. એ તો ક્રમબદ્ધ શેનું હતું? સમ્યક્ થવાનું હતું પણ કર્તાપણું પર્યાયમાં કર્તાપણાની બુદ્ધિ તો છે હજી તેને. ક્રમબદ્ધમાં એવી આત્મતત્ત્વની શ્રદ્ધા ક્યાં છે? ભગવાન આત્મા જ્ઞાતા-દૃષ્ટાના ભાનમાં અંતર ઊભો હોય અને શાંતિ ને અંતર સ્વભાવનું સાવધાનપણું છે એનું એને ખ્યાલ અને એ જાણે છે. પણ એની મર્યાદામાં તીવ્ર રાગ હોય નહિ. શરીરની ક્રિયા પણ એમ ન હોય. નીચપણાની ન હોય. સહજદશા એવી અંદર હોય છે.

અહીં કહે છે કે .. '**ઘણું જ સ્વેચ્છાચારપણું છે...**' પછી શું? દારૂ પીવે તો શું? માંસ ખાય તો શું? અરે.. ભાઈ! તમે તો કહેતા હતા કે માંસ ને દારૂ.. એ તો જડની ક્રિયા છે. જડની ક્રિયા પણ ભાવ કોના છે? એવા ભાવ થયા વિના એ નિમિત્તપણું એવું થયું કેમ? ..ભાઈ! અહીં તો કહે છે કે '**ઘણું જ સ્વેચ્છાચારપણું છે એવા છે,...**' જુઓ જરી શું અર્થ કર્યો છે? બહુ સરસ કર્યો છે. (**मन्दोद्यमाः**) '**શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો વિચારમાત્ર પણ કરતા નથી.**' અંતર્મુખ થઈને આ શુદ્ધ છે, વસ્તુ છે એવો વિચારમાત્ર પણ કરતો નથી. અને કહેવામાત્રથી સિદ્ધ છે.. સિદ્ધ છે અને મોક્ષમાર્ગ થઈ જશે એમ અજ્ઞાની માને છે. કહો, સમજાણું કાંઈ? (**मन्दोद्यमाः**) છે ને? એટલે એનો અર્થ કર્યો છે. '**શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો વિચારમાત્ર પણ કરતા નથી.**' અરે.. હું આત્મા આવો છું. પૂર્ણ મારો સ્વભાવ છે. મારા સ્વભાવમાં પૂર્ણ અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનની અપરિમિતતા હદ, બેહદ સ્વભાવ છે. એવી અંતરમાં વિચાર કરવા જાય તો અંતર્મુખ થયા વિના રહે નહિ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ચૈતન્યનો વિચાર કરવાવાળાને મંદ ઉદ્યમ કીધું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છે ને મંદ ઉદ્યમ. ઉદ્યમ મંદ છે. મંદ ઉદ્યમ છે ને વિચાર કરતો નથી. ઉદ્યમ અવળો છે. મંદ એટલે આ અવળો છું. મંદ એટલે શું? શુદ્ધ ચૈતન્યનો વિચાર કરતો નથી મંદ ઉદ્યમ. ઉદ્યમ જ નથી આવતો. ઊંધો છે.

**શ્રોતા :-** સવળો ઉદ્યમ છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના. ના. જરીએ નથી. અહીં તો કહે છે કે મંદ ઉદ્યમ નહિ ઠેકાણા વિનાનો ઉદ્યમ છે એમ કહે છે. ઊંધો.

ભગવાન આત્મા આમ વસ્તુસ્વરૂપ છે. પરમાત્મા જેમાં પોતે જ પરમાત્મસ્વરૂપથી ભરેલું તત્ત્વ છે. જે શુદ્ધ થાય, કેવળી થાય. થાય ક્યાંથી? કાંઈ બહારથી આવે છે એ? એ દશા

કાંઈ બહારથી આવે છે? કેવળજ્ઞાન, કેવળદર્શન અને અંનત આનંદ. ભગવાન આત્માનો એ સ્વભાવ પરિપૂર્ણ પડ્યો છે. એની અંતરમાં દૃષ્ટિ કરતો નથી એટલે વિચારમાત્ર પણ કરતો નથી એમ. સમજાણું?

**'એવા છે જે કોઈ તેમને મિથ્યાદૃષ્ટિ જાણવા.'** .. લંપટીઓ, ભોગની વાસના તીવ્ર પડી હોય અને માને કે અમે તો શુદ્ધ છીએ હવે અમારે શું છે? તારે શું છે શું પણ? ભાવ કેમ થાય છે આ? જેને સ્વભાવની શ્રદ્ધાનું ભાન હોય એને તો સ્વભાવ તરફનો પુરુષાર્થ સૂલટો ચાલતો હોય. અને તીવ્ર કષાય ન હોય. તીવ્ર વિષયની લોલુપતા એકતાબુદ્ધિ હોય નહિ. વિષય અને રાગ સાથે એકતાબુદ્ધિ ન હોય. આ તો પહેલું મિઠાશમાં અંદરમાં વિષય અને ભોગમાં. અને માને છે કે અમે તો શુદ્ધ છીએ. ક્યાંથી શુદ્ધ છે? મીઠાશ તો આવે છે વિકારની. સમજાણું કાંઈ? એવી વાત છે ભાઈ! એકલી ક્રિયામાં મોક્ષ માનનારો અને એકલો જ્ઞાનમાં બોલવાને માનનારો. વસ્તુ ભાઈ એક સમયમાં પ્રભુ પૂર્ણ જ્ઞાયકસ્વભાવથી ભરેલો ભગવાન આત્મા છે. એવો આત્મા એના ઉપર અનુભવદૃષ્ટિ કરતો નથી, અંતર દૃષ્ટિ મુકતો નથી. તે તરફના વલણના વિચાર પણ કરતો નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? અને શુદ્ધ છે, આત્મા શુદ્ધ છે, શુદ્ધ છે એમ કરીને એ ડૂબે છે સંસારમાં રખડવાને. એમ કહે છે. (**अतिस्वच्छन्द**) છે ને? સ્વેચ્છાચાર લેવો છે. . હણે છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાતું કરતા હતા. એ .. છે ને બિચારા. એ બીજે આવે છે. વાતું કરતા હોય. એને ખબર ન હોય. પણ એ કાંઈ તીવ્ર કષાય કરીને એવું.. કાંઈ ... હતા એ ભાઈ. અમારે તો ઘણા મળે ને ત્યાં. વાત મોટી કરે. આત્માનું ભાન થાય. આત્મા છે ત્યારે ત્રણ દેખાય. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. એ બધી વાતું કરે. બહુ આત્માની વાતું કરતા. બોટાદમાં એક હતા વિશાશ્રીમાળી. મેં એને કીધું દેખાય? બહારમાં દેખાતા હશે? એ 'ચતુરંગી...' આવે છે ને? શ્રીમદ્‌માં આવે્ છે ને. 'ચતુરંગ.. द्रव्य से मिले है.' એનો અર્થ કરતા એ. મેં કીધું, આ એમ ન હોય. આ બહિરાત્મા અંતરાત્મા કીધું એમ નહિ. આમ ત્રણ દેખાય કે બહિરાત્મા, અંતરાત્મા પ્રગટ. પણ એ ત્રણ તો પર્યાય છે. બહિરાત્મા વખતે અંતરાત્મા નથી, અંતરાત્મા વખતે પરમાત્મા નથી અને પ્રગટ બહિરાત્મપણું પણ અંતરાત્મા વખતે નથી. મેં કીધું, શું દેખાય? એવા બિચારા ગપે ગપ મારે સમજ્યા વિનાના. વીસ વિહરમાન તીર્થંકર કોણ? એક જણો એમ કહેતો. અમારે તો ભાઈ મળે ઘણા ને. વીસ વિહરમાન તીર્થંકર કોણ? બસ, આ એ થઈ ગયું. કીધું, આ જુગલિયા કોણ? આ જુગલિયા કલ્પવૃક્ષવાળા ભુજૈયા. એનું નામ જુગલિયા. હા..હા..હા.. ભાઈ! અધ્યાત્મ નામ ધરાવતા. એક હતો વિશાશ્રીમાળી. એ બધી આવી વાતું. ભૂંડા મારતા. આમ કરાય, આમ છે, અરે

એમાં શું છે? ભાઈ તું ગપ મારે આવા. ભગવાન તો ભિન્ન બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં. ભુજૈયા તો ક્યાં મેરુ પર્વતની પાછળ ભુજૈયા. આ કલ્પવૃક્ષ તે જુગલિયામાં સમાડી દે. અધ્યાત્મ ખરું ને અધ્યાત્મ. આવા ગપ મારનારા અને પછી કહે અમે અધ્યાત્મ છીએ. મરી જઈશ કીધું. એમ પણ કહેતા હતા. પહેલા હતું શૂન્ય પછી મુંડ, મુંડમાંથી ભુંડ. ગપે ગપ મારનારા. પહેલું હતું શૂન્ય, પછી થયું મુંડ, પછી થયું ભુંડ. શું ગપેગપ મારે છે કીધું આ? અરેરે..! અને પછી માને અમે અધ્યાત્મ છીએ. અરે.. મરી જશો કીધું આ. જિનચંદ્ર ભગવાન ત્રિલોકનાથનું અધ્યાત્મ બીજી ચીજ છે. આવી વાતું કરે એમાં અધ્યાત્મ આવી જશે એમ આવી જશે નહિ. સમજાણું?

'**કોઈ તેમને મિથ્યાદૃષ્ટિ જાણવા.**' '**એવા છે, શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો વિચારમાત્ર પણ કરતા નથી.**' અમારો મોક્ષ થઈ જશે, અમારું શુદ્ધ સ્વરૂપ થઈ જશે. '**અહીં કોઈ આશંકા કરે છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ એવી પ્રતીતિ કરતાં મિથ્યાદૃષ્ટિપણું કેમ હોય છે?**' આ પ્રશ્ન આવ્યો '**સમાધાન આમ છે—વસ્તુનું સ્વરૂપ એવું છે કે જે કાળે...**' હવે જુઓ. '**શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે તે કાળે અશુદ્ધતારૂપ છે જેટલી ભાવ-દ્રવ્યરૂપ ક્રિયા તેટલી સહજ જ મટે છે.**' એમ ને એમ શુદ્ધ-શુદ્ધ કહે એમ નહિ ચાલે. શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ ને અનુભવ ને ઉપકાર થયો તો એટલા પ્રમાણમાં મિથ્યાત્વ અને અશુદ્ધ પરિણામની ક્રિયા આદિ નાશ થઈ ગઈ. નહિતર એકલો શુદ્ધ શુદ્ધ કરે ને અશુદ્ધતાનો નાશ થયો નહિ. સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિપણું અને અનંતાનુબંધીની અસ્થિરતા તો નાશ થઈ નહિ. ક્રિયા તો એની એ રહી રાગની, પુણ્યની અને એકત્વબુદ્ધિની.

કહે છે કે '**જે કાળે શુદ્ધસ્વરૂપનો અનુભવ થાય છે...**' ભગવાન આત્મા પોતાના શુદ્ધસ્વરૂપના અંતરમાં છે. '**તે કાળે અશુદ્ધતારૂપ છે જેટલી ભાવ-દ્રવ્યરૂપ ક્રિયા...**' બોલવાની, વિકલ્પની, મનના સંયમની '**તેટલી સહજ જ મટે છે.**' એ અનુભવકાળમાં તો એને ખબર પણ નથી કે બહારમાં શું વર્તે છે? સમજાણું? એટલે અશુદ્ધતાના અનંતાનુબંધી મિથ્યાત્વનો ભાવ વ્યય થઈ ગયો, ત્યારે શુદ્ધાત્માના ભાવનો ઉત્પાદ અનુભવનો થયો છે.

કોઈ એમ કહે કે અમારે શુદ્ધ તો પ્રગટ્યું છે, પણ અશુદ્ધતા તો બિલકુલ ગઈ નથી. અશુદ્ધતા બિલકુલ ગઈ નથી. મૂઢ છો? સમજાણું? શુદ્ધતા પ્રગટી છે પણ અશુદ્ધતા એવા ને એવા પરિણામ આવે છે. એ છે એક જણો એમ કહેતો હતો મેલા પરિણામ બહુ આવે છે અમારે. ભાન વર્તે છે કહે. પણ મેલા પરિણામ બહુ આવે છે. અહીં તો ઘણી જાતના માણસ મળ્યા હોય ને. મેલા એટલે વિષયના હોં.

'**વસ્તુનું સ્વરૂપ એવું છે કે જે કાળે શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે તે કાળે અશુદ્ધતારૂપ છે...**' પુણ્યના પરિણામ કે પાપના પરિણામ એ જેટલી જડની ક્રિયા વિષયની,

ભોગની .. એ બધી ક્રિયા સહજ મટી જાય છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા પુદ્‌ગલ-પુદ્‌ગલ. .. આની ક્રિયા આનામાં થાતી હોય ને. ત્યાં ક્યાં હોય? આમ તો અનુભવમાં હોય તો આવી બધી ન હોય દેહની ક્રિયા. બોલવાની ક્રિયા નથી ત્યાં વિકલ્પની આ ક્યાંથી હોય એમ કહે છે. સમજાણું?

'**જેટલી ભાવ-દ્રવ્યરૂપ ક્રિયા તેટલી સહજ જ મટે છે.**' ભગવાન આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ, એવો અંતર અનુભવના કાળમાં એને અશુદ્ધતા અનાદિની મિથ્યાત્વની અનંતાનુબંધીનો ભાવ અને એ સંબંધી જડની ક્રિયા જે દેહની થાય એ બધી ત્યાં અટકી જાય છે. સમજાણું કાંઈ? '**મિથ્યાદષ્ટિ જીવ એવું માને છે કે જેટલી ક્રિયા છે તે જેવી છે તેવી જ રહે છે,...**' એ તો પરિણામ તો મિથ્યાત્વના અને અશુદ્ધના અનંતાનુબંધીના જેટલા એવા ને એવા રહે અને '**શુદ્ધસ્વરૂપ-અનુભવ મોક્ષમાર્ગ છે;...**' અજ્ઞાની એમ માને છે. અમારે શુદ્ધ સ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ. મિથ્યાત્વના પરિણામ ભલે હો એવા ને એવા. એમ બને નહિ. સમજાણું કાંઈ આમાં?

'**જેટલી ક્રિયા છે તે જેવી છે તેવી જ રહે છે,...**' અજ્ઞાની એમ કહે એવા ને એવા ભલે પરિણામ હોય અને દેહની ક્રિયા પણ એવી ને એવી થાય. આ .. પ્રમાણે. નિશ્ચય હોય પછી માણસ દારૂ હોય, પરસ્ત્રી લંપટી આપણે શું છે? આપણે ક્યાં કર્તા ધૂળના છીએ? પણ આ ભાવ તારો થયો ત્યારે ભાવ થયો ત્યારે એનું નિમિત્ત થયું અને ઓલી ક્રિયા એને કારણે થઈ જડમાં. સમ્યગ્દર્શનના કાળમાં સ્વરૂપના અનુભવકાળમાં બેય હોતા નથી. આ મુનિ થાય લ્યોને. મુનિ થાય છઠ્ઠે ગુણસ્થાને ત્રણ કષાયનો નાશ છે. એને વિકલ્પ એવો ન આવે વસ્તુ લેવાનો, પાત્ર લેવાનો, એને માટે આધાકર્મી આહાર લેવાનો. એ વિકલ્પ હોય જ નહિ એને. એવા ને એવા ભાવ આધાકર્મીના આહાર લેવાના ભાવ, ગમે તે વસ્તુ લે, ખાય, પીવે અને કહે કે અમારે મુનિપણું છે. અમારે ક્યાં ભાવ છે અમે તો શુદ્ધ છીએ. એમ ન હોય. સમજાણું?

કહે છે ને કે આધાકર્મી. દ્રવ્યાનુયોગના.. આધાકર્મીનો દોષ લાગતો નથી. હા એ. આમાં .. છે. એમ હોય નહિ. મુનિદશા જેને દ્રવ્યાનુયોગનું ભાન નથી અને સમકિતી એ થઈ ગયા સાધુ? લખ્યું છે. અમને ખબર છે ને. .. પણ એ વાત હોય નહિ. જેને આત્માનું સમ્યગ્દર્શન થયું એ ઉપરાંત સ્વરૂપની ચારિત્રદશા થઈ એને વળી આધાકર્મી આહાર લેવાનો ભાવ હોય, એને માટે કરેલો આહારનો ભાવ હોય, બિલકુલ ત્રણ કાળમાં બને નહિ. એ ધર્મની મર્યાદા એટલી છે. હવે અમારે શું કરવું? મેં કીધું મિથ્યાદષ્ટિ છે એ તો. આધાકર્મી. આધાકર્મી સમજાય છે ને? એના માટે બનાવેલો. ઉદ્દેશીક ખાય, પાણી એવા પીવે, કાચા પાણી પીવે, ઉના

કરે. અમારે શું છે કહે છે. અમારે ક્યાં.. મરી જઈશ. મિથ્યાત્વભાવ રાખીને શુદ્ધાત્માનો અનુભવ તું કહે છો એ ભાવ તદ્દન નિરર્થક છે. ઘણા પ્રકાર છે.

**'શુદ્ધસ્વરૂપ-અનુભવ મોક્ષમાર્ગ છે; પરંતુ વસ્તુનું સ્વરૂપ એવું તો નથી. તેથી જે એવું માને છે તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, વચનમાત્રથી કહે છે કે શુદ્ધસ્વરૂપ-અનુભવ મોક્ષમાર્ગ છે;...'** વાણી દ્વારા કહે છે. વસ્તુના ભાવમાં, અનુભવમાં કાંઈ ખબર નથી.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ..ભાવનું ભાન પણ ન હોય એને અજ્ઞાનીને. એ તો કહ્યું ભાવે છે. તો ભાવે શું છે? આપણે જ્ઞાતા-દૃષ્ટા છીએ. .. અમારે અધ્યાત્મ ક્રિયા છે એમ કહે છે એ લ્યો. શ્રદ્ધામાં તો ઠેકાણું .. નથી કહે અમારી અધ્યાત્મક્રિયા બધી. પરજીવને બચાવવાનો ભાવ એ પણ એને પાપ માને છે. પરજીવને બચાવી ન શકે એ ક્રિયા એની તો એને ખબર નથી. એને બચાવવાનો ભાવ, એ પાછો બચશે તો પાપ કરશે એ અશુદ્ધ છે. એટલે એને બચાવવાનો ભાવ પાપ છે. એમ ન હોય. શુભભાવ છે. અશુભ ક્યારે? કે એને માને કે આને બચાવી શકું છું. એવી માન્યતા છે તે મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? એ તો શુભભાવ છે. સાત તત્ત્વને જાણ્યા વગર પાપમાં જાય છે.

**'શુદ્ધસ્વરૂપ-અનુભવ મોક્ષમાર્ગ છે; એવું કહેવાથી કાર્યસિદ્ધિ તો કાંઈ નથી.'** જેમ ક્રિયાકાંડમાં કાર્યસિદ્ધિ આત્માની નથી એમ એકલા બોલવામાં મોક્ષમાર્ગ શુદ્ધ છે... શુદ્ધ છે.. શુદ્ધ છે... એને લઈને થશે. એમ બોલવામાત્ર કરે પણ અનુભવ કરતો નથી, તો એની પણ કાર્યસિદ્ધિ કાંઈ જરીએ નથી.

**'ते विश्वस्य उपरि तरन्ति'** હવે ત્રીજો. બીજો જીવ લીધો. **'એવા જે કોઈ જીવો સમ્યગ્દૃષ્ટિ છે તેઓ, કહ્યા છે જે બે જાતિના જીવ...'** એકલા દયા, દાન, વ્રતમાં ધર્મ માનનારા એ મિથ્યાદૃષ્ટિ અને એકલા બોલવાના ધર્મ શુદ્ધની દૃષ્ટિનો અનુભવ નથી, અને બોલવામાં એકલો જ્ઞાનના ઉઘાડથી મારે મોક્ષ થશે. બેયથી આ ત્રીજી જાત સમ્યગ્દૃષ્ટિની લીધી. **'બે જાતિના જીવ તે બંને ઉપર થઈને,...'** વિશ્વ ઉપર જોવું. વિશ્વ ઉપર બધા જીવોથી ઉપર. વિશ્વ એટલે બધા ઘણા.

**'સકળ કર્મોનો ક્ષય કરી મોક્ષપદને પ્રાપ્ત થાય છે.'** (तरन्ति) ઓલો .. સકળ કર્મોનો ક્ષય કરી સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાનો સ્વભાવ પવિત્ર અને શુદ્ધનો અનુભવ કરી અને એમાં શુદ્ધમાં ઠરી અને કર્મનો ક્ષય કરીને મોક્ષને પામે છે. કહો, સમજાણું કાંઈ? **'કેવા છે તે?'** **'ये सततं स्वयं ज्ञानं भवन्तः कर्म न कुर्वन्ति, प्रमादस्य वशं जातु न यान्ति'** **'જે કોઈ નિકટ સંસારી...'** જેને સંસાર અલ્પ છે અને કાંઠો આવી ગયો છે હવે એવા

**'સમ્યગ્દષ્ટિ જીવો...'** ભગવાન આત્મા પુણ્ય-પાપના રાગથી, કર્મથી, શરીરથી ભિન્ન છે એવું અંતરમાં અલ્પજ્ઞ અને અલ્પદર્શન અને અલ્પવીર્ય એવું પણ પર્યાયમાં એક સમયનું અસ્તિત્વ છે. મારું પૂર્ણ અસ્તિત્વ અખંડાનંદ પૂર્ણ અનંતગુણનો પિંડ છું, એવું અંતર્મુખની દૃષ્ટિ અને અનુભવ કરે છે એવો **'સમ્યગ્દષ્ટિ જીવ નિરંતર...'** (**स्वयं ज्ञानं**) **'શુદ્ધજ્ઞાનરૂપ...'** જ્ઞાન એટલે સમ્યક્ શ્રુત. શુદ્ધ જ્ઞાનસ્વરૂપ (**भवन्तः**) **'પરિણમે છે,...'** શુદ્ધસ્વભાવરૂપી દશારૂપે થાય છે. સમજાણું કાંઈ?

અજ્ઞાની પુણ્યના પરિણામથી ધર્મ માનનારો મિથ્યાત્વરૂપે, પુણ્યરૂપે થાય છે, શુદ્ધ સ્વરૂપથી મોક્ષમાનનાર, બોલનાર પણ શુદ્ધસ્વરૂપને જાણતો નથી. તે પણ અજ્ઞાનથી સંસારનું પરિણમન કરે છે. ધર્મી પુણ્ય-પાપના વિકલ્પભાવ રહિત પોતાનું સ્વયં જ્ઞાન જોયું! સ્વયંજ્ઞાન શુદ્ધસ્વરૂપ. એ કોઈ પણ વિકલ્પના આશ્રયે જણાતું નથી. એટલે કે પુણ્ય પરિણામને આશ્રયે નથી. ખરેખર તો પરલક્ષી ક્ષયોપશમજ્ઞાનને પણ જેનો આશ્રય નથી.

શુદ્ધ જ્ઞાનસ્વરૂપ પરિણમે છે. એટલે કે પુણ્ય પરિણામ છે તેનો પણ આશ્રય નથી અને જેને પરલક્ષી જ્ઞાનનો ઉઘાડ ક્ષયોપશમરૂપ છે એનો પણ જેને આશ્રય અવલંબન નથી. તે **'શુદ્ધજ્ઞાનરૂપ પરિણમે છે,...'** ભાષા જોઈ! એ શુદ્ધસ્વરૂપ ચિદ્‌ઘન જ્ઞાન છે એ રીતે અવસ્થામાં શુદ્ધરૂપે પરિણમે છે. પુણ્યરૂપે પરિણમતો નથી અને એવા અજ્ઞાનરૂપે શુદ્ધથી શુદ્ધ સ્વરૂપ અજ્ઞાનરૂપે પણ થતો નથી. શુદ્ધસ્વરૂપ ચિદાનંદ પ્રભુ આત્મા જેવો સર્વજ્ઞ તીર્થંકર ત્રિલોકનાથ પરમેશ્વરે જોયો, જાણ્યો, કહ્યો, એવો આત્મા એનો અંતરમાં અનુભવ કરી અને જ્ઞાનસ્વરૂપ પોતે પરિણમે છે.

**'અનેક પ્રકારની ક્રિયાને મોક્ષમાર્ગ જાણી કરતા નથી;...'** જોઈ ભાષા! કે વિકલ્પ હોય જ્ઞાનીને. ધર્મી જીવ સમ્યગ્દષ્ટિ આત્માનો અનુભવ કર્યો? સમ્યગ્દષ્ટિ જીવ એને પણ હજી શુભરાગ હોય છે. પણ તે મોક્ષમાર્ગ જ્ઞાનીને એ ક્રિયા કરતો નથી. વિકલ્પ આવે છે. સમજાણું કાંઈ? **'અનેક પ્રકારની ક્રિયાને મોક્ષમાર્ગ જાણી કરતા નથી;...'** દયાનો ભાવ આવે. જુઓ એને આવ્યો ને? કરે છે કે નહિ? એમ કહે છે કેટલાક. તો પછી પુણ્યમાં ધર્મ ન હોય તો પુણ્યભાવ કરે શું કરવા? તો પછી કરે શું કરવા? પૂજા-ભક્તિ કરે શું કરવા? અરે.. ભાઈ! સાંભળને ભાઈ! એ ભાવ આવે એ વખતે એવી ક્રિયા પણ ત્યાં થવાની હોય એ થાય. પણ છતાં એનાથી મોક્ષમાર્ગ ન જાણે. તો મોક્ષમાર્ગ ન માને તો શું કરવા? કરતો નથી પણ થાય છે. આહાહા..! બહુ ફેર.

કહે છે (**कर्म न कुर्वन्ति**) **'અનેક પ્રકારની ક્રિયાને મોક્ષમાર્ગ જાણી કરતા નથી;...'** એ વિકલ્પ હોય, શાસ્ત્ર સ્વાધ્યાયનો હોય, ભક્તિનો હોય, વિનયનો હોય, પાંચમે ગુણસ્થાને પણ બાર વ્રતનો વિકલ્પ હોય, પડિમાનો હોય, મોહની ઈચ્છા નિરોધનો વિકલ્પ હોય પણ

એનાથી મોક્ષમાર્ગ માનીને એ કરતો નથી. આહાહા..! ધારણ કરતો નથી. સમજાણું? હવે કહ્યું ... ક્રિયાને પ્રતિપાલ કરે છે લ્યો. પાળે છે. હોય છે ખરું ત્યારે એમ કહે છે કે પણ આ સમ્યગ્દષ્ટિ જીવને તમે એમ કહો કે પુણ્યથી ધર્મ ન થાય, તો પછી પુણ્ય કરવા શું કરવા? જાત્રા કરવી શું કરવા? કહો. આહાહા..! અરે.. ભગવાન! ભાઈ! શુભભાવ આવે, મુનિ હોય ભાવલિંગી કુંદકુંદાચાર્ય એને પણ ગીરનારની જાત્રાનો ભાવ એ જાત્રાએ નીકળ્યા હતા. સમજાણું? જે આ કહે આ ક્ષયોપશમજ્ઞાનથી શાસ્ત્રની રચના કરી. પોતે મુનિ ભાવલિંગી સંત આચાર્ય હતા. એવો ભાવ આવે ગીરનાર જાત્રાએ ગયા હતા. બે હજાર વર્ષ પહેલા. કહો, સમજાણું કાંઈ?

જે કુંદકુંદાચાર્ય ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર ભગવાન બિરાજે છે એની પાસે ગયા હતા. લબ્ધિ દ્વારા. આઠ દી રહ્યા ત્યાં. એ પણ જાત્રા છે. ભરતક્ષેત્રના મુનિને મહાવિદેહની જાત્રા તે અલૌકિક પુણ્યની પવિત્રતા છે ને. સાક્ષાત્ ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર પ્રભુ, કરોડ વર્ષ. કરોડ પૂર્વનું તો આયુષ્ય એનું. એ કરોડ પૂર્વનું. .. ભાઈ! એક પૂર્વના કેટલા વર્ષ સમજાય છે? એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ અને ૫૬ હજાર કરોડ વર્ષનું એક પૂર્વ. હવે એ તો સાધારણ સંખ્યા છે. અનંતકાળ ગયો એમાં આ ગણતરી શી હતી? ૭૦ લાખ કરોડ અને ૫૬ હજાર કરોડ એટલા વર્ષનો એક પૂર્વ થાય. એવું કરોડ પૂર્વનું ભગવાનનું આયુષ્ય છે. મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. કુંદકુંદાચાર્ય તો બે હજાર વર્ષ પહેલા ગયેલા. તો એ બિરાજે છે અને અત્યારે બિરાજે છે અને હજી અબજો વર્ષ રહેશે. આવતી ચોવીસીમાં જ્યારે ૧૩માં આદિ તીર્થંકર થશે ત્યારે મોક્ષ જશે. એટલા .. ભગવાન તો મુનિ થયા છે. કેવળી.. કેવળી થઈ ગયા. મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે ભગવાન. ત્યાં ગયા હતા કુંદકુંદાચાર્ય. આઠ દી રહ્યા હતા. .. કહે ઓહોહો..! ગામના હતા એ પોન્નુરહીલ. સમવસરણમાં .. હતા ત્યાં ભગવાન જ્યાં .. ત્યાં ભગવાનનો વિરહ દેખાણો. અરે.. અમને ભરતક્ષેત્રમાં તીર્થંકરના વિરહ પડ્યા. સાક્ષાત્ સર્વજ્ઞ ત્રિલોકનાથ સર્વજ્ઞ દશા એવા આપ્તપુરુષનો આપનો અમને આપ્તનો વિરહ છે. એવો વિકલ્પ આવ્યો અને લબ્ધિ પણ હતી અને એ આ પૂર્વના મિત્રદેવ હતા. લબ્ધિ હતી ભગવાન પાસે ગયા. લબ્ધિ પણ .. એની. આઠ દીન રહ્યા ભગવાન પાસે. આઠ દી હોં! આહારક શરીર નહિ. આહારક શરીર નહોતું એ તો ચૌદ પૂર્વવાળાને છે. આઠ દીન. ગયા. .. બને. એનો પાંચસો ધનુષનો દેહ, આને સાડા ત્રણ હાથનું.. અને થોડો ભાગ હજી અહીં અંધારું હોય તો ત્યાં અજવાળું હોય ત્યાં. આઠ દી રહ્યા. ભગવાન પાસે આઠ દી સાંભળ્યું અને ત્યાંથી આવ્યા ત્યાં આ સમયસાર શાસ્ત્ર આદિ બધા તાડપત્ર ઉપર ત્યાં લખ્યા. એ ભગવાન કુંદકુંદાચાર્ય જાત્રા. જુઓ ભગવાન ગયા કે નહિ? ગીરનાર પણ ગયા હતા. અહીંથી નીકળ્યા હતા આમ. સમજાણું કાંઈ?

એ ભગવાન કુંદકુંદાચાર્ય જાત્રા ગીરનાર ગયા હતા. વિકલ્પ છે, શુભ છે, ભક્તિ છે. પ્રમોદ આવે છે. વીતરાગ ન હોય એને આવે. વીતરાગ થાય એને વીતરાગનો આદર ન હોય. સમજાણું? વીતરાગ થાય, કેવળી થાય પછી પોતાના ગુરુને પણ વંદન દિક્ષા ન હોય. ગુરુ ક્યા રહ્યા એ પોતે તો કેવળી થઈ ગયા. જ્યાં સુધી મુનિ છે. છઠ્ઠે ગુણસ્થાને છે. વંદ્યવંદકભાવ ઉભો થાય છે. ભગવાન વંદન કરવાને લાયક છે. હું વંદન કરનાર છું એવો વિકલ્પ હોય છે, એ ભૂમિકાએ હોય છે. અને શાસ્ત્રમાં આવે છે તે આદિ હોય છે. કેવલી પણ્ણતં ધમ્મં. .. પણ એ મોક્ષના જ .. કરતા નથી. કર્તૃત્વબુદ્ધિ નથી તો પછી પ્રશ્ન ક્યાં હતો? સમજાણું કાંઈ?

માર્ગ તો માર્ગ છે પણ ભાઈ આ માર્ગ એને એ રીતે સમજ્યા વિના કોઈ દી એનો નિવેડો આવે એવો નથી. ત્યારે કહે '**અનેક પ્રકારની ક્રિયાને મોક્ષમાર્ગ જાણી કરતા નથી;...**' આવ્યા વિના રહે નહિ. સ્વભાવનો અંતર અનુભવનો આદર હોવા છતાં એ ભૂમિકા પ્રમાણે એને રાગ ચોથાવાળાને, પાંચમાવાળાને, છઠ્ઠાવાળાને શુભભાવ એની ભૂમિકાને યોગ્ય થાય, થાય ને થાય. પણ એને મોક્ષમાર્ગ ન માને. સમજાણું કાંઈ? વ્યવહારે છે કે આ વ્યવહારરત્નત્રય છે, આ નિશ્ચયરત્નત્રય છે. પણ એ ખરેખર અંદરમાં મોક્ષમાર્ગ એને માનતા નથી. કહો, સમજાણું કાંઈ?

મોક્ષસ્વરૂપ ભગવાન આત્મા.

**શ્રોતા :-** કુંદકુંદાચાર્ય આ રસ્તે નીકળ્યા હતા એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આ રસ્તો એટલે કે આ રસ્તો. અહીંથી છેટો. રસ્તો ગીરનાર ખરો કે નહિ? ગીરનારને રસ્તે નીકળ્યા અને પછી આ રસ્તે આમ. અમને એકફેરી તો સપનું આવ્યું હતું. કીધું હતું નહિ? .. કુંદકુંદાચાર્ય મહારાજ આવ્યા છે.. એ આમ નીકળ્યા લાગે છે. કુંવરજીભાઈ હતા ને. ..ભાઈ! .. સમણો ગામ છે ને .... સમણો ગામ. લગભગ એ રસ્તે. કહો, સમજાણું આમાં? પણ વિકલ્પ ગીરનાર જવાનો ક્યાં છે? રસ્તો તો હોય કે નહિ? આહાહા..!

અનેક પ્રકારની ક્રિયાનો રાગ હોય મુનિને. સમકિતીને હોય, શ્રાવકને હોય. અહીં તો શુભભાવની વાત છે હોં. અશુભભાવની વાત અહીંયાં નથી. '**ક્રિયાને મોક્ષમાર્ગ જાણી કરતા નથી;...**' પછી શું કરવા .. કરે છે મોક્ષમાર્ગ? અરે.. પણ ભગવાન! એ નબળાઈને લઈને આવ્યા વિના રહે નહિ ભાઈ! એ એમ માને કે તો પણ આવે તો એને મોક્ષમાર્ગ માનવો. હવે એવી તકરાર કરે છે. અધર્મ માનો અને વળી ભક્તિ કરો, અધર્મ માનો અને વળી પુસ્તક બનાવાનું, અધર્મ માનો અને વળી ઉપદેશ દેવો. ભગવાન! ... જેને જે બેસતું હોય એ વાત કરે.

ભાઈ! ઉપદેશ કોણ દે? એ તો વાણીની ક્રિયા છે. ભાવ એવો આવે. તો ભાવ આવ્યો માટે મોક્ષનું કારણ છે? ઉપદેશ દેવાનો ભાવ એ મોક્ષનું કારણ છે? એ તો વિકલ્પ છે. એ લોકો કહે છે ત્યાં તેરાપંથી. તુલસી. ઉપદેશથી ધર્મ થાય. અમે ઉપદેશ આપીએ અને ધર્મ કરીએ. કોઈને કરવાનું ન કહીએ. ઉપદેશ આપીએ કે ભાઈ.. ઉપદેશ એમાંથી ધર્મ થાય અમારે. .. નહિ.

**શ્રોતા :-** ઉપદેશ દેવાનું ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. રાખે બધી ખબર છે પણ .. છે. એ લોકો .. ભગવતીમાં એ વાત છે કે સાધુને આહાર દેવાથી એકાંત નિર્જરા. એવો પાઠ છે. એ તો શું કરે? એની શૈલીની રચના જ એવી છે. ભગવતીસૂત્રમાં એકાંત નિર્જરા .. પ્રદોષ આપે તો પાપ અને કાંઈક નિર્જરા. એવા પાઠ છે. ત્રણ પાઠ છે. એ તો બધા .. એવી વાત.


અરે.. મુનિને આહાર-પાણી લે એમાં નિર્જરા કેવી? શુભભાવ હોય. સમજાણું કાંઈ? પણ એ પાઠમાં મૂક્યું છે. ભગવતીસૂત્રમાં. મારી પાસે ચોપડી છે. ૩૨ સૂત્રમાંથી પદો લખેલા છે બધા. આ બોલ.. આ બોલો.. સત્યથી વિરૂદ્ધ છે. મુનિને એવા ત્રણ બોલ આવે ને. એમાંથી આ કહે છે ને એકાંત.. નિર્જરા .. સમજાણું? મિથ્યાદષ્ટિને આહાર-પાણી દેવાથી ..ને આહાર-પાણી દેવાથી એકાંત પાપ, નિર્જરા કિંચિત્ નહિ. પાનાચંદજી! સમકિતી મુનિને દેવાથી એકાંત નિર્જરા ... અને પ્રદોષ દેવાથી .. દેવાથી થોડું પાપ અને ઘણી નિર્જરા. ત્રણ ટૂકડા છે.

અહીં તો કહે છે કે મુનિ હો કે સાક્ષાત્ ત્રિલોકનાથ હો, પણ એને આહાર દેવાનો ભાવ તે પુણ્ય છે. પણ એ પરદ્રવ્ય છે અને એના તરફનો જુકાવ છે તેટલો શુભભાવ છે. છદ્મસ્થમાં હોય ને? સમજાણું કાંઈ? છદ્મસ્થમાં હોય. બાર વર્ષ ભગવાન રહ્યા ત્યાં ... પણ એને દેનારને શુભભાવ હોય. સમજાણું કાંઈ? શુદ્ધતા તો સ્વદ્રવ્યને આશ્રયે થાય. એક જ સિદ્ધાંત ત્રણકાળ ત્રણલોકમાં. પછી પર આશ્રય જેટલો આવ્યો એ પછી .. વિકલ્પ આવ્યો. પછી સ્ત્રી, કુટુંબ આદિનો આશ્રય હોય તો અશુભ, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો આશ્રય હોય તો શુભ. પણ એમાં સંવર-નિર્જરા '**परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गइ होइ।**' કુંદકુંદાચાર્ય. અરે.. પ્રભુ! માને છે એ. એકાંત નિર્જરા થાય મુનિને આહાર-પાણી દેવાથી. એ મોટું સૂત્ર છે. ઓલી કરણલબ્ધિ આવે છે ને? અધઃકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ એમાં એના પાઠમાં એવા શબ્દો મૂક્યા છે. ... એવા પાઠ છે. એમ કે આહાર દેતા .. સ્થિતિ તોડી નાખે, અપૂર્વકરણ થાય, અનિવૃત્તિકરણ થાય અને સમકિતને પામે. બધી વાત છે ત્યાં. ભાવ આવે. મુનિને સમ્યગ્દષ્ટિને મહા મુનિઓને દેખીને ઓહોહો..! ધન્ય અવતાર! જેના સમૂહના નિર્વાહ માટે પરિણમી રહી છે પરિણતિ એને વિકલ્પ ઉઠ્યો છે શરીરનું આયુષ્ય છે.. આહાર લેવાને

મારા ઘરે આવ્યા. ભરતચક્રવર્તી જેવા પણ ધન્ય અવતાર અમારે ઘરે પધારો એમ બોલે. વાણી. ભાવમાં ભક્તિનો ઉલ્લાસ છે. પણ એ વિકલ્પને મોક્ષમાર્ગ ન માને. વાણીને કેમ કરે? પણ બાપા આવ્યા વિના રહે નહિ સાંભળને. તું વીતરાગ થયો છે? એટલું કહે છે કે '**कर्म न कुर्वन्ति**' '**न कुर्वन्ति**'નો અર્થ? અનેક પ્રકારની ક્રિયાને મોક્ષમાર્ગ જાણીને નથી કરતા. કહો, સમજાણું કાંઈ? ભાવના હોય. વાણીમાંથી વીતરાગ થઈ જાય છે? એ તો ભાવ કરે છે. પણ કરે નહિ આવે એ વાત છે. કહો, સમજાણું?

'(**ભાવાર્થ આમ છે કે જેમ કર્મના ઉદયે શરીર વિદ્યમાન છે છતાં હેયરૂપ જાણે છે,...**' બસ એટલી વાત છે. આ શરીર છે એને છોડી દે? લ્યો કહો, ભાન થયું કે શરીરરહિત, રાગરહિત છું. '**કર્મના ઉદયે શરીર વિદ્યમાન છે છતાં હેયરૂપ જાણે છે,...**' ત્યાં પણ કહે કે '**તેમ અનેક પ્રકારની ક્રિયા વિદ્યમાન છે છતાં હેયરૂપ જાણે છે;...**' શુદ્ધ સ્વરૂપનો આદર હોય. આ શરીર છે ને? એ શરીર ક્યાં રહ્યું? ભાન થયું છતાં. છે જાણે છે હેય છે એ મારી ચીજ નથી. એમ શરીરનું વિદ્યમાનપણું હોવા છતાં તેને હેય. છોડવાલાયક માને છે. એમ ધર્મીને શુભરાગ આવવા છતાં, વિદ્યમાન હોવા છતાં તેને હેય તરીકે માને છે. મોક્ષમાર્ગ માનતો નથી. મોક્ષમાર્ગ તો આત્માને આશ્રયે નિર્મળદશા થઈ તેને જ મોક્ષમાર્ગ માને છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



## વીર સંવત-૨૪૯૧, અષાઢ સુદ ૨, બુધવાર, તા. ૩૦-૬-૧૯૬૫, કલશ-૧૧૧-૧૧૨ પ્રવચન નં. ૮૪

સમયસાર કળશ. પુણ્ય-પાપ અધિકાર. એટલે શું? કે આ આત્મા છે એ વસ્તુ તરીકે અંદર જ્ઞાન, આનંદ આદિ અનંતગુણનો પિંડ શુદ્ધ છે. આત્મા વસ્તુ છે જે સર્વજ્ઞ પરમાત્મા કેવળજ્ઞાની તીર્થંકરે જેવો આ આત્મા જોયો, એવો આત્મા એવો છે કે આ શરીર, કર્મ, વાણી, એનાથી જુદો. એનાથી જુદો પણ એમાં પરિણામ થાય છે પુણ્ય-પાપના, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના. એવા પાપભાવ એનાથી પણ આત્મતત્ત્વ જુદું. અને દયા, દાન, ભક્તિ, વ્રત, તપના પરિણામ ભાવ થાય એ શુભભાવ છે. એ શુભભાવના પુણ્ય પરિણામથી પણ ભગવાન આત્મા જુદો છે અંદર.

**શ્રોતા :-** કે દીની વાત છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ અનાદિ અનંત. કે દીની શું? કે દી? એ તો વળી શુદ્ધ થાય ત્યારે ને. શુદ્ધ થાય ત્યારે. સમજાય છે કાંઈ?

પરમાત્મા સર્વજ્ઞદેવની વાણીમાં દિવ્યધ્વનિમાં ઈન્દ્રની ઉપસ્થિતિમાં એમ આવ્યું. જુઓ ભાવાર્થ. કે સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવને આ આત્મા શુદ્ધ જ્ઞાનની મૂર્તિ ચૈતન્યબિંબ પ્રભુ ચૈતન્ય સૂર્ય છે. એના અતીન્દ્રિય આનંદનો રસકંદ અંતર સ્વભાવમાં પડ્યો છે. એવું ધર્મી જીવને, ધર્મના પહેલી શ્રેણીના કરનારને સમ્યગ્દૃષ્ટિ થતાં સત્ય દૃષ્ટિમાં આત્મા જ્ઞાન શુદ્ધ ચૈતન્ય છે અને પુણ્ય-પાપના રાગથી રહિત છે એવું અંતરમાં ભાન થતાં અનુભવમાં આત્મા સાક્ષાત્કાર થાય છે. એ અનુભવમાં શુદ્ધતા પણ હોય છે. આત્માના શુદ્ધ ચૈતન્યના પિંડમાં જેટલી એકાગ્રતા થઈ એટલો શુદ્ધભાવ, નિર્મળભાવ દયા, દાનના રાગ વિનાનો ભાવ, એવો પવિત્રભાવ તેને ભગવાન મોક્ષનું કારણ કહે છે અને એનું નામ ધર્મ છે.

એવો ધર્મ પ્રગટ્યા હોવા છતાં ધર્મીને જ્યાં સુધી પૂર્ણ વીતરાગદશા પ્રગટ ન થાય ત્યાં સુધી સાથે એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ પણ હોય, પણ એ ભાવ પુણ્યબંધનનું કારણ છે. ધર્મ નહિ.

**શ્રોતા :-** એમાં મદદ કેટલી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બિલકુલ સહાય નહિ.

વિકારની સહાય નિર્વિકારી ચૈતન્ય પ્રભુ, શુદ્ધ અખંડાનંદ કંદ આત્મા, શુદ્ધસ્વરૂપ જેવું

છે એવું જ અંદર વસ્તુ સ્વરૂપ શુદ્ધ છે. શુદ્ધ પરમાત્મા પોતાનું નિજસ્વરૂપ છે, એની અંતર્મુખ દૃષ્ટિનો અનુભવ કરી અને સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિનો અંશ જે અંતરમાં પ્રગટ થાય એનું નામ ધર્મ, એનું નામ મોક્ષનો માર્ગ, એની સાથે શુભભાવ પણ હોય છે. પણ એ શુભભાવ હેયબુદ્ધિએ હોય છે. હેય નામ એ છોડવાલાયક છે આદરવાલાયક નથી. એમ.

**શ્રોતા :-** શુભભાવ કરવો જ નહિ એમ કીધું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરવો નહિ એ જ કહે છે. થાય છે. શુભભાવ રાગની મંદતાને લઈને ધર્મીને શુભભાવ દયા, દાન, ભક્તિ આદિ હોય છે, પણ એ ભાવ પુણ્ય છે માટે ધર્મીની દૃષ્ટિમાં એ પુણ્યભાવ પણ છાંડવાલાયક, છોડવાલાયક હેય છે. એ ભાવને આદરણીય માનીને ધર્મ માને તો એ જીવ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની જૈનદર્શનથી વિરૂદ્ધ માન્યતાવાળો છે. ભીખાભાઈ! ઝીણો માર્ગ છે આ. લોકોએ સાંભળ્યો જ નથી હજી માર્ગ શું છે એ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરવું ક્યાં? થાય છે ને. વસ્તુત્વબુદ્ધિએ થાય ત્યાં વળી કરવું શું? જ્યાં સુધી પૂર્ણ અંતર દશાના વીતરાગ નિર્વિકલ્પ પરિણતિ પર્યાય, વીતરાગપણું, સર્વજ્ઞપણું ન પ્રગટે ત્યાં સુધી ધર્મી જીવને આત્માના સ્વભાવની શુદ્ધતા પણ હોય અને સાથે પુણ્યનો ભાવ તે અશુદ્ધ પણ હોય, પણ છે અશુદ્ધભાવ હેય. એ ધર્મ નથી. દુનિયા એને ધર્મ માને છે. અજ્ઞાની એને ધર્મ માને છે. એથી ચાર ગતિમાં મિથ્યાદૃષ્ટિપણે રખડે છે.

ભાવાર્થ. '**[ભાવાર્થ આમ છે કે જેમ કર્મના ઉદયે શરીર વિદ્યમાન છે...**' માટી જુઓ. વિદ્યમાન છે આ શરીર. આત્મા તો ભિન્ન છે જ્ઞાનાનંદ પ્રભુ આત્મા છે. એવું ભાન થવા છતાં. આ કર્મના ઉદય આ માટી શરીર છે વિદ્યમાન. '**છતાં હેયરૂપ જાણે છે,...**' આ શરીર મારું નથી. એમ ધર્મી પોતાના દૃષ્ટિમાં એને હેય માને છે. હેય એટલે કે આની ક્રિયા જે બધી થાય ધર્મની એ મારાથી થતી નથી, એ મારું સ્વરૂપ છે નહિ, મારામાં એ શરીર નથી, શરીરની ક્રિયા મારાથી થતી નથી. સમજાણું કાંઈ?

'**તેમ અનેક પ્રકારની ક્રિયા વિદ્યમાન છે...**' એમ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ પરમાત્મા મારું નિજસ્વરૂપ અંતર અનાકુળ આનંદમૂર્તિ છે. તેવું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને કંઈક શાંતિ અને અનાકુળતા ધર્મીને પ્રગટ થયાં છતાં, તેના રાગના ભાવની ક્રિયા પણ રાગ હોય છે. છે? '**અનેક પ્રકારની ક્રિયા વિદ્યમાન છે...**' દયાનો ભાવ હોય, દાનનો હોય, પૂજાનો હોય, ભક્તિનો હોય, પરમાત્મા પંચપરમેષ્ઠીના સ્મરણનો ભાવ હોય. પણ એ ભાવ બધો રાગ છે, પુણ્ય છે, વિકાર છે, હેય છે, આદરણીય માનતા નથી. આહાહા..! ભારે વાત! સમજાણું કાંઈ?

'**ક્રિયા વિદ્યમાન છે છતાં હેયરૂપ જાણે છે;]**' આમ હોય જ્યાં સુધી પૂર્ણ સર્વજ્ઞ

વીતરાગદશા આત્મામાં ન થાય પોતે જ સર્વજ્ઞ થવાને લાયક છે. પણ સર્વજ્ઞપણું સ્વભાવમાં છે એની પ્રતીતિમાં સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ શાંતિ નિર્મળતા થઈ, પણ પૂર્ણ નિર્મળતા નથી એટલે ધર્મીને એવા શુભભાવ હોય, વિદ્યમાન હોય, હયાતી ધરાવતા હોય, જેમ શરીર હયાતી ધરાવે એમ પુણ્ય પરિણામ પણ હયાતી ધરાવે અંદર. પણ શરીર જેમ છોડવાલાયક છે એમ પુણ્ય પરિણામ પણ છોડવાલાયક છે.

'(प्रमादस्य वशं जातु न यान्ति)' '**ક્રિયા તો કાંઈ નથી—એમ જાણી વિષયી-અસંયમી પણ કદાચિત્ થતા નથી,...**' ધર્મી જીવ પોતાનો આત્મા શુદ્ધ ચૈતન્યનો દૃષ્ટિ અને અનુભવ હોવાથી થોડી શુદ્ધતા પણ પ્રગટી છે અને તીવ્ર અશુદ્ધતાને પ્રમાદવશ થઈને એમાં પણ જતાં નથી. તીવ્ર સંકલેશ પરિણામ જાય અને અહીં ગમે તે થાય એવા એના પરિણામ હોતા નથી. સમજાણું કાંઈ? પ્રવિણભાઈ! સમજાય છે આમાં? ભારે વીતરાગમાર્ગ જગતને આને કરવો મુશ્કેલ પડ્યો શું માર્ગ છે. હાંકી નાખ્યો અન્ય માર્ગને જૈનમાર્ગ. શ્રીમદ્ કહે છે ને. શ્રીમદ્દે કહ્યું અન્યમાર્ગને જૈન માર્ગ માનીને બેઠા અને એના અગ્રેસરોને ધર્મ શું છે એની ખબર નથી. અને સત્યનો માર્ગ કાંઈ બહાર આવતા માથા ફાટી જાય, તૂટી જાય એવું લાગે છે. અરરર..! આ તો ધર્મ નાશ થઈ જશે. અરે.. ભગવાન! બાપુ! ધર્મની તને ખબર નથી. ધર્મ તો અપૂર્વ આત્માની દૃષ્ટિનો અનુભવ એ ધર્મ છે. જે અનંતકાળમાં એણે પસંદ પણ કર્યો નથી. એ આત્માનું ભાન પુણ્ય-પાપના રાગ અને દેહાદિની ક્રિયાથી તદ્દન પ્રભુ આત્મા જુદો છે. એવું સમ્યગ્દર્શન થવાં છતાં અને પાંચમું ગુણસ્થાન શ્રાવકને. આ સાચા શ્રાવકની વાત છે. વાડાની વાત નથી.

એ ભગવાન આત્મા અંદર શુદ્ધ ચૈતન્યમૂર્તિની દૃષ્ટિ અને સ્થિરતા થવા છતાં એને બાર વ્રતના વિકલ્પ હોય, દયા, દાનના પરિણામ હોય, પૂજા, ભક્તિના, વિનયના, ભગવાનના સ્મરણનો ભાવ હોય, પણ એ ભાવ પુણ્ય છે, આસ્રવ છે, નવા બંધનનું કારણ છે એમ જાણીને જ્ઞાની તેને હેય જાણે છે. સમજાણું કાંઈ? '(प्रमादस्य वशं जातु न यान्ति)' તીવ્ર કષાયને વશ પણ થતો નથી. '**કેમ કે અસંયમનું કારણ તીવ્ર સંકલેશ પરિણામ છે, તે સંકલેશ તો મૂળથી જ ગયો છે.**' રાગની તીવ્રતાની એકતાબુદ્ધિ તો પહેલેથી નાશ થઈ ગઈ છે. એમ કે ક્રિયાકાંડ નથી માટે ગમે તેવા પરિણામ થાય એમ. ક્રિયા તો કાંઈ નથી સમજ્યા? એના કારણથી પણ નથી માટે ગમે તેવા પરિણામ થાય એમ નથી. પરિણામ ગમે તેવા તીવ્ર થાય મિથ્યાત્વના, પુણ્ય-પાપની એકતાબુદ્ધિમાં એવા પરિણામ તો ધર્મીને હોતાં જ નથી.

અનંતકાળ ચોર્યાસીના અવતારમાં ગયા. થોથા ઊડી ગયા જન્મ-મરણ કરતા કરતા. નરકમાં અનંતવાર, નિગોદમાં અનંતવાર, પશુમાં અનંતવાર ઓહો..! અરે.. દેવમાં અનંતવાર. નારકીના

ભવ કરતા ભગવાન તો કહે છે કે દેવમાં ઘણીવાર ગયો. ભવ તો અનંતા નરકના, મનુષ્યના પણ અનંતા, પણ મનુષ્યના અનંત કરતા નરકના અસંખ્ય ગુણા અનંતા અને એથી દેવના અસંખ્ય ગુણા અનંતા. અને એથી અનંતગુણા નિગોદના. સમજાણું કાંઈ? અનંતવાર મનુષ્ય થયો. એમ તું વીતરાગ પરમાત્માએ જૈનધર્મ સર્વજ્ઞ સમ્યગ્દર્શન શું એની એણે ખબર કરી નથી. અનંતવાર નારકી થયો. માંસ ને દારૂ ને અધર્મ કરીને મરીને ગયો નરકમાં. એવા અનંતાભવ. મનુષ્ય કરતા અસંખ્ય ગુણા અનંતા. એથી દેવ ઘણા થયો. પશુ છે ને બહુ બહાર? ઓહોહો..! અસંખ્ય પશુઓ છે. એનાથી કોઈ કોઈ મરીને મિથ્યાદષ્ટિપણે શુભભાવ હોય તો એ મરીને સ્વર્ગમાં જાય છે. એવા દેવના ભવ પણ અનંતકાળમાં અનંતા કર્યા. દયા, દાન, ભક્તિ, વ્રત, તપના પરિણામ દ્વારા. પણ ધર્મ શું એ વ્રત અને તપની ક્રિયાથી ભિન્ન આત્માનો સ્વભાવ છે એવું એણે એક સેકન્ડ પણ કોઈ દી અનંતકાળમાં ભાન કર્યું નથી. એ ભાન થવા છતાં ધર્મીને શુભરાગની હયાતી અને રાગ તો હોય, પણ રાગમાં ધર્મ માનતો નથી, પણ પ્રમાદ થઈને તીવ્રરાગ અને તીવ્ર મિથ્યાત્વના ભાવના પરિણામ એને હોતા નથી.

**'એવા જે સમ્યગ્દષ્ટિ જીવો, તે જીવો તત્કાળમાત્ર મોક્ષપદને પામે છે.'** ભગવાન આત્મા પૂર્ણાનંદનો પિંડ પ્રભુ, અંતર નિર્વિકલ્પ અનુભવ સમ્યગ્દર્શન, એના સ્વરૂપમાં ઠરતાં રાગની મંદતા કોઈ રહી જાય, એને ટાળતા સ્વરૂપમાં સ્થિર થઈને મુક્તિ પામે છે. કહો, સમજાય છે? જુઓ આ પુણ્ય-પાપનો છેલ્લો કળશ છે.

---

भेदोन्मादं भ्रमरसभरान्नाटयत्पीतमोहं
मूलोन्मूलं सकलमपि तत्कर्म कृत्वा बलेन।
हेलोन्मीलत्परकलया सार्धमारब्धकेलि
ज्ञानज्योतिः कवलिततमः प्रोज्जजृम्भे भरेण।।१३-११२।।

**ખંડાન્વય સહિત અર્થ** :—''ज्ञानज्योतिः भरेण प्रोज्जजृम्भे'' (ज्ञानज्योतिः) શુદ્ધસ્વરૂપનો પ્રકાશ (भरेण) પોતાના સંપૂર્ણ સામર્થ્ય વડે (प्रोज्जजृम्भे) પ્રગટ થયો. કેવો છે? ''हेलोन्मीलत्परमकलया सार्धम् आरब्धकेलि'' (हेला) સહજરૂપથી (उन्मीलत्) પ્રગટ થતા (परमकलया) નિરંતરપણે અતીન્દ્રિય સુખપ્રવાહની (सार्धम्) સાથે (आरब्धकेलि) પ્રાપ્ત કર્યું છે પરિણમન જેણે, એવો છે. વળી કેવો છે? ''कवलिततमः'' (कवलित) દૂર કર્યો છે (तमः) મિથ્યાત્વ-અંધકાર જેણે, એવો છે. આવો કઈ રીતે થયો છે તે કહે છે—''तत्कर्म सकलम् अपि बलेन मूलोन्मूलं कृत्वा'' (तत्) કહી છે અનેક પ્રકારની (कर्म) ભાવરૂપ અથવા દ્રવ્યરૂપ ક્રિયા- (सकलम् अपि) પાપરૂપ અથવા (बलेन) બળજોરીથી (मूलोन्मूलं कृत्वा) ઉખેડી

**નાખીને અર્થાત્ 'જેટલી ક્રિયા છે તે બધી મોક્ષમાર્ગ નથી' એમ જાણી સમસ્ત ક્રિયામાં મમત્વનો ત્યાગ કરીને. શુદ્ધ જ્ઞાન મોક્ષમાર્ગ છે એવો સિદ્ધાન્ત સિદ્ધ થયો. કેવું છે કર્મ અર્થાત્ ક્રિયા? ''भेदोन्मादं'' (भेद) શુભ ક્રિયા મોક્ષમાર્ગ છે એવા પક્ષપાતરૂપ ભેદ (અન્તર) તેનાથી (उन्मादं) થયું છે ઘેલાપણું જેમાં, એવું છે. વળી કેવું છે? ''पीतमोहं'' (पीत) ગળ્યું (પીધું) છે (मोहं) વિપરીતપણું જેણે, એવું છે. કોઈ ધતૂરો પીને ઘેલો થાય છે એના જેવો તે છે જે પુણ્યકર્મને ભલું માને છે. વળી કેવું છે? ''भ्रमरसभरात् नाटयत्'' (भ्रम) ભ્રાન્તિ, તેનો (रस) અમલ, તેનું (भर) અત્યંત ચડવું, તેનાથી (नाटयत्) નાચે છે. ભાવાર્થ આમ છે-—જેમ કોઈ ધતૂરો પીને સૂધ જવાથી નાચે છે, તેમ મિથ્યાત્વકર્મના ઉદયે શુદ્ધસ્વરૂપના અનુભવથી ભ્રષ્ટ છે. શુભ કર્મના ઉદયે જે દેવ આદિ પદવી, તેમાં રંજિત થાય છે કે હું દેવ, મારે આવી વિભૂતિ, તે તો પુણ્યકર્મના ઉદયથી; આવું માનીને વારંવાર રંજિત થાય છે. ૧૩-૧૧૨.**

---

## કલશ-૧૧૨ ઉપર પ્રવચન

भेदोन्मादं भ्रमरसभरान्नाटयत्पीतमोहं
मूलोन्मूलं सकलमपि तत्कर्म कृत्वा बलेन।
हेलोन्मीलत्परकलया सार्धमारब्धकेलि
ज्ञानज्योतिः कवलिततमः प्रोज्जजृम्भे भरेण।।१३-११२।।

'ખંડાન્વય સહિત અર્થ :-' 'ज्ञानज्योतिः' ભગવાન ચૈતન્યજ્યોતિ સૂર્ય છે. આત્મા ચૈતન્યસૂર્ય. જેમ આ સૂર્ય રજકણ, માટીનો બનેલો છે. આ સ્ફટિક રત્ન પથ્થર દેખાય છે આ. આ સૂર્ય છે એ સ્ફટિકરત્નના રજકણનો પિંડ છે. પ્રકાશ. તે પ્રકાશનો પ્રકાશ ભગવાન એકલો ચૈતન્યસૂર્ય આત્મા છે. ચૈતન્યનો સૂર્ય. સમજાણું? 'ज्ञानज्योतिः' નો અર્થ કર્યો 'શુદ્ધસ્વરૂપનો પ્રકાશ...' એ પુણ્ય-પાપનો પ્રકાશ એ આત્મા નથી. શુદ્ધ ચિદાનંદ સ્વરૂપનો પ્રકાશમય ભગવાન તેને આત્મા કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

એક ફેરી કહ્યું હતું ને આ જામનગર ગયા હતા ત્યારે. એક છોકરો છે ને સાત વર્ષનો. એટલે આ વાત આત્માની-આત્માની કરી. આત્મા કહીએ છીએ. કેવા? .. ત્યાં રહ્યા હતા અમે. આ સંભળાવ્યું. વાંચે ઘરે ગૃહસ્થો બહુ વાંચે. સાત વર્ષની ઉંમરનો. ભાઈ આત્મા

ઓળખો અને આત્મા જોવો. એટલે ઊભો થઈને પૂછે છે સાત વર્ષનો છોકરો. દસ વર્ષ પહેલાં હોં. મહારાજ! તમે આત્મા કહો છો, તો આત્મા જોઈએ તો આંખ મીંચીએ તો અંધારું દેખાય. ક્યાં અમારે આત્મા જોવો? સાત વર્ષનો બાળક. એય..! ..ભાઈ! સાત વર્ષનો બાળક છે. એને અહીંનો પરિચય એના બાપને ઘણો છે. પછી ઘરમાં ચર્ચા આખો દી ચાલતી હોય અને વ્યાખ્યાનમાં તો ઘણા માણસને જામનગર ગયા હતા ત્યારે. એમ કીધું કે ભાઈ આત્મા અંદર શું વસ્તુ છે? મહારાજ! પ્રભુ! એમ કરીને બોલે છે. પ્રભુ! અમે પ્રભુ, પ્રભુ કહીએ છીએને બધાને? આત્માને જોવો કહો છો. આંખ મીંચીએ તો અંધારું દેખાય છે ને અંદર. અમારે આત્મા શી રીતે જોવો? એય..! શાંતકુમાર લ્યો સાત વર્ષનો છોકરો પૂછતો હતો. અહીં તો હજી ૬૦ વર્ષનાને ખબર ન મળે અંદર આત્મા શું. ભગવાન જાણે એ તો આમ ને આમ હાંક્યા ગાડા અનાદિથી.

એને એમ કહ્યું પછી. બાળકના પ્રમાણમાં જવાબ દેવાયને એને. ભાઈ! તું અંધારું દેખાય છે એમ કહે છે ને તું. અંધારું દેખાય. અંધકાર. તો અંધારું ગુજરાતી બોલે ને. અંધારું દેખાયને મહારાજ અમારે જોવું શી રીતે? ભાઈ! કીધું અંધારું શેમાં દેખાય? એ અંધારારૂપ છે કે પ્રકાશરૂપ છે? કોઈ દી વિચાર કર્યો છે? કે આ અંધારું દેખાય આંખથી એ અંધારામાં અંધારું દેખાય, અંધારા વડે અંધારું દેખાય? કે અંધારું ચૈતન્યના પ્રકાશમાં દેખાય છે. એ ચૈતન્યની મોજુદગી અસ્તિત્વમાં એ અંધારું દેખાય છે. અંધારામાં અંધારું દેખાય નહિ. અંધારા વડે અંધારું દેખાય નહિ. અંધારું પ્રકાશ વડે દેખાય છે. ચૈતન્યનો પ્રકાશ સૂર્ય પોતે છે એની મોજુદગીમાં આ અંધારું છે એમ દેખાય છે. અંધારું છે એમ નહિ. શું થયું? દાખલામાં અંધારું દેખાય છે? એ સાત વર્ષનો બાળક હોં! પ્રેમચંદજી!

ભાઈ! તમે આ દેહમાં ભગવાન ત્રિલોકના નાથ પરમાત્મા તીર્થંકર કહે છે. એ મરી ગયો અનંતવાર સાધુની ક્રિયા કરીને મરી ગયો અનંતવાર. અત્યારે તો એવું છે જ ક્યાં? નવમી ગ્રૈવેયક 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પણ આત્મા શું એની દૃષ્ટિ અને અનુભવ વિના નગ્ન મુનિ થઈ જંગલમાં મરી ગયો અનેકવાર. મહિના-મહિનાના અપવાસ કર્યા, વ્રતો પાળ્યા, બ્રહ્મચર્ય પાળ્યા એ બધી દેહની ક્રિયા અને પરિણામ હોય શુભ તો પુણ્ય છે. ધર્મ નહિ. ધર્મ બીજી ચીજ છે. .. ભાઈ! આ ચૈતન્યનો પ્રકાશ તો કોઈ દી ચેતન્યના પ્રકાશમાં અંધારું દેખાય કે અંધારામાં પ્રકાશ દેખાય? કે અંધારા વડે અંધારું દેખાય? ભાઈ! પ્રકાશ ચૈતન્યની અસ્તિ-મોજુદગી ચૈતન્યની હયાતી છે. અસ્તિ છે ચૈતન્યના પ્રકાશમાં અંધારું દેખાય છે. અંધારું એ તો પુદ્‌ગલની પર્યાય જડની છે. અંધારું તો પુદ્‌ગલ માટીની જડની. જેમ માટીની દશા છે આ. એમ અંધારું પણ પરમાણુ માટીની એક દશા છે. એ આત્માની નથી. એ અંધારું દેખાય એ જ્ઞાનના પ્રકાશમાં દેખાય

છે. એ જ્ઞાનનો પ્રકાશ છે એ આત્મા છે. સમજાણું કાંઈ?

અહીં એ કહે છે જુઓ. '(ज्ञानज्योतिः)' આ ભાષા આવી. જ્ઞાનની જ્યોતિ. ચૈતન્યસ્વરૂપ સ્વ-પરપ્રકાશક જ્ઞાનનો સ્વભાવ, એ આત્મા શરીર નહિ, વાણી નહિ, કર્મ નહિ. એ પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે ભાવ રાગ એ નહિ. એ અંધકાર છે. '**શુદ્ધસ્વરૂપનો પ્રકાશ...**' ભાષા એ લીધી જુઓ. છે? એ '**શુદ્ધસ્વરૂપનો પ્રકાશ...**' એને આત્મા કહીએ. એવી આત્માની અંતર દૃષ્ટિ કરીને અનુભવ કરવો એનું નામ પ્રથમ સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી કહેવામાં આવે છે. કહો, સમજાય છે? ગીરધરભાઈ! લ્યો આ બધું સમજવા જેવું છે. ત્યાં .. ત્યાં સાંભળવા મળે એવું નથી ત્યાં. અમને ખબર છે ને. ત્યાં પહેલા ઘણીવાર આવતા ને. ત્યારે ... પુસ્તક રાખતા. ઓલું એક અપાસરામાં નથી સામે? કપાટ નાનો છે ને ઓલી બાયુ બેસતા ને સામે ઉપર. ખબર છે ને એમાં રાખતા. મહારાજને અહીંથી.. ઓલા હતાને શેઠિયા બહુ પહેલા આવતા ૮૬માં અને ૮૫. ...

ભાઈ! વસ્તુની ખબર નહિ. માંડ માંડ નવરા થાય એક કલાક. અને જાય મજુરીએ આખો દી. ધંધાની મજુરી. મજુરી. મુજર સારા હોય. મુજરને બિચારાને આઠ કલાક નોકરી કરે. આઠ થી બાર, બપોરે બેથી છ. આ તો સવારે ઉઠે તે સાંજ સુધી દસ વાગ્યા સુધી. આ ભગવાન આત્મા વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ શું કહ્યું છે. ત્રણલોકના નાથ વીતરાગ ઈન્દ્રોની વચમાં. સો ઈન્દ્રોની મધ્યમાં જેની દિવ્યધ્વનિ નીકળી. ભગવાન બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં. સીમંધર પરમાત્મા નથી બિરાજતા. અત્યારે બિરાજે છે ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ. એની વાણી નીકળે છે. ઈન્દ્રોની ઉપસ્થિતિમાં, ગણધરોની હયાતીમાં, અરે.. વાઘ અને સિંહ .. બેઠો હોય એની હયાતીમાં નીકળે છે ૐ ધ્વનિ. એમાં એ ભગવાનની વાણીમાં એમ આવ્યું છે કે ભાઈ! તું આત્મા તો શુદ્ધસ્વરૂપ પ્રકાશ છે. એ તે કોઈ દી અંતર જોયું નથી. અંદર કોઈ દી અનુભવ્યું નથી, જાણ્યું નથી, જોવાનો પ્રયત્ન પણ કર્યો નથી.

કેવો છે? '**પોતાના સંપૂર્ણ સામર્થ્ય** વડે...' ભાષા જુઓ પાછી. '(**भरेण**)' શબ્દ પડ્યો છે ને. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય પ્રકાશ તે '**પોતાના સંપૂર્ણ સામર્થ્ય** વડે...' એમાં અનંતુ વીર્ય, અનંતુ જ્ઞાન, અનંતી સ્વચ્છતા, અનંતી પ્રભુતા, અનંતો આનંદ, અનંતી શાંતિ તે ચારિત્ર એવા અનંતાગુણના સ્વ અનંત સામર્થ્ય દ્વારા '(**प्रोज्जजृम्भे**)' '**પ્રગટ થયો.**' લ્યો! એ અંતરના સ્વભાવનું ભાન કરતા એ આત્મા પર્યાયમાં પ્રગટ થઈ ગયો. હું જ્ઞાનમૂર્તિ પૂર્ણાનંદ પ્રભુ આત્મા છું. સમજાણું કાંઈ?

'**પોતાના સંપૂર્ણ સામર્થ્ય વડે પ્રગટ થયો.**' જ્ઞાન આત્મા વસ્તુસ્વરૂપ જેટલી હતી એ પર્યાયમાં પ્રગટ થઈ ગઈ. પીપરના દાણામાં ચોસઠ પહોરી જે તિખાશ ભરી હતી. તિખાશ કહે છે પંડિતજી! ચરપરાઈ. એ લીંડીપીપર હોય ને લીંડીપીપર. એ લીંડીપીપરમાં અંદર ચોસઠ

પહોરી તિખાશ છે. એ આ ઘૂંટે તો પ્રગટ થાય એ ક્યાંથી આવે છે? બહારથી આવે છે? પથરામાંથી આવે છે? પથરામાંથી આવે તો કાંકરા ઘસી નાખે. એ અંદર ભરી છે. એ લીંડીપીપરમાં ચોસઠ પહોરી સોળ આના. ચોસઠ પહોરી એટલે સોળ આના. એ તો હવે સો પૈસા કહેવાય છે ને રૂપિયાના. અત્યાર સુધી ચોસઠ પૈસા હતા ને. ચોસઠ પૈસા કહો, સોળ આના કહો, રૂપિયો કહો કે પૂરું કહો. એ એક એક દાણામાં પૂરી તિખાશનો લીલો રંગ પડ્યો છે એવા અનંતગુણથી એ પીપર સામર્થ્યવાળી પડી છે. એમ આ ભગવાન આત્મા '**પોતાના સંપૂર્ણ સામર્થ્ય વડે...**' જુઓ ભાષા! સંપૂર્ણ સામર્થ્ય લીધું ને ભાઈ! આ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે. એ એનું વાક્ય છે.

જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાનસામર્થ્ય સંપૂર્ણ છે. સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય. આ બધા .. છે. અહીં તમારા ઓલા હોયને કાપડમાં .. લટકતા લટકતા મૂક્યા હોય ને કાપડ ઓલા. એમાં લખ્યું હોય ને ફલાણાનો વેપાર, ધૂળનો વેપાર. શું કહે? બોર્ડ મારે ને આડા લૂગડા રાખે. એમાં લખ્યું હોય કે આ વેપાર છે એ રેશમના કાપડને ધૂળના કાપડ

શ્રોતા :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળનો છે બધો. શું છે ત્યાં? એ ધૂળ ઉપાડે આખો દી. ઓલામાં નથી આવ્યું ... કીધું .. ... 'જિંદગીમાં કેટલું કમાણા રે જરા સરવાળો માંડજો.' આવે છે કે નહિ? 'જિંદગીમાં કેટલું કમાણા રે જરા સરવાળો માંડજો.' આખો દી ઉઠાણાં પાણા. એમ આવે છે કડી. પાણા સમજ્યાને? પથરા. આવે છે. ... આ લખ્યું છે અને .. લીધું છે. ધર્મચંદજી! લખ્યું છે? પાણા-પથરા આખો દી ઉથામ્યાં છે. મજૂરી ઉઠાવી આમથી આમ કપડા અને ધૂળની. આ ને આ. મૂઢ પણ તું કોણ છો એની તને ખબર છે કાંઈ? પથરા ઉપાડ્યા અને સરવાળે મંડાણા. એમ આવે છે. આવે છે કે નહિ? સરવાળે મુંડા મંડાણા રે જરી સરવાળો માંડજો. વિચાર તો કર તું કોણ છો?

**શ્રોતા :-** આખર તો લાકડા ને છાણા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા આખર તો લાકડા અને છાણા. બળીને ધૂળમાં બાળી નાખ્યું શરીરને. તું તો છૂટવા ગયો ક્યાંય. એ આત્મા.. આમ તો પાછા એવી વાતું કરીને કહે કરો ત્યાગ. લ્યો બાવા થઈ જાય સાધુ. એમાં શું મરી ગયા સમજ્યા વિના? હજી મિથ્યાત્વનો ત્યાગ નથી અને બાવો અને સાધુ થયો ક્યાંથી પણ તું? સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે ભગવાન આત્મા અનંત સામર્થ્યથી ભરેલું તત્ત્વ છે. એ અંતરમાં એકાગ્ર થતાં પહેલો સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થાય, પછી સ્વરૂપમાં વિશેષ સ્થિરતા થતા અંતરમાં આનંદનું ચારિત્રપણું પ્રગટ થાય, પછી વિશેષ એકાગ્ર થતાં કેવળજ્ઞાન પ્રગટ થાય. એ સંપૂર્ણ

સામર્થ્ય **'પોતાના સંપૂર્ણ સામર્થ્ય વડે...'** પાછું એમ છે. શું કરવા કીધું આ? કે જો પુણ્યનો વિકલ્પ વ્યવહાર આવે એના દ્વારા પ્રગટ થતો નથી. સમજાણું કાંઈ? શુભરાગ આવે, માથે કીધું હોય. પણ એ દ્વારા આત્માને ચારિત્ર થાય, એ દ્વારા કેવળજ્ઞાન થાય કે એ દ્વારા મુક્તિ થાય ત્રણ કાળમાં હોતું નથી.

**'પોતાના સંપૂર્ણ સામર્થ્ય વડે પ્રગટ થયો. કેવો છે?'** (हेला) **'સહજરૂપથી પ્રગટ થતા...'** સહજરૂપ. અંતર જ્ઞાનની કળા જાગતા, સ્વરૂપની દૃષ્ટિ થતાં વિકારના પુણ્ય-પાપના ભાવથી પૃથક્ અંતરમાં અનુભવ કરતા સહજરૂપથી પ્રગટ થતાં. ત્યાં કાંઈ મહેનત કરવી પડતી નથી કે આહાહા.. કેટલું સહન કરે. એમ નથી કહેતા? સાધુ થાય બાપા! પરિષહ સહન કરવા, એ લોઢાના ચણા, .. દાંતે ચાવવા. અરે મહારાજ આ તે કાંઈ દુઃખ હશે? આ તે દુઃખ છે એ? ચારિત્ર તો આનંદ છે અંદર. અંતરના સ્વરૂપમાં રમણતા એ તો આનંદ અતીન્દ્રિય આનંદ છે. એ આનંદથી સહજપણે આનંદથી પરમાત્મપદને પામે છે. સમજાણું કાંઈ?

**'સહજરૂપથી...'** (हेला) એમ. **'પ્રગટ થતા...'** (परमकलया) **'નિરંતરપણે અતીન્દ્રિય સુખપ્રવાહની સાથે...'** દેખો! શું કીધું? ભગવાન આત્મા કેવળજ્ઞાનપણે પ્રગટ થાય, કઈ રીતે? નિરંતર (**परमकलया**) ભગવાન શુદ્ધપ્રભુ ચૈતન્ય એની અંતરમાં સમ્યગ્દર્શન પ્રગટ કરીને પછી સ્વરૂપની નિરંતર એકાગ્રતા દ્વારા **'અતીન્દ્રિય સુખપ્રવાહની સાથે...'** એમ. એકલું જ્ઞાન નહિ. અતીન્દ્રિય આનંદની સાથે ભગવાન પર્યાયમાં પ્રગટ થાય છે. એમ સમ્યગ્દર્શનમાં પણ જ્ઞાનનો પ્રકાશ પ્રગટ થતાં પોતાના સામર્થ્યથી અતીન્દ્રિય આનંદની પર્યાય પ્રગટ થતાં પ્રગટ થાય આત્મા જણાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'નિરંતરપણે અતીન્દ્રિય સુખપ્રવાહની સાથે પ્રાપ્ત કર્યું છે પરિણમન જેણે,...'** પોતાની નિર્મળદશા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા કે કેવળજ્ઞાનદશા. પોતાના અંતર શુદ્ધસ્વરૂપ, એની અંતર નિરંતર એકાગ્રતા દ્વારા સહજપણે તે દશા અંતરમાં પ્રગટ થાય છે. જેને પુણ્ય અને વ્યવહારના વિકલ્પની મદદ અને સહાય હોતી નથી. કહો, સમજાણું આમાં?

**શ્રોતા :-** આ શબ્દ પ્રમાણે અર્થ કરે છે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. કીધું છે. આ (**परमकलया**) શું કીધું? પરમકળા. એમ કે આ સંસ્કૃતમાં શબ્દ પ્રમાણે અર્થ કરે છે ને આ. દલાલ છે ને દલાલ.

(**परमकलया**) જેમ ચંદ્રની કળા ખીલે છે એ સહજ ખીલે છે ને. બીજની, ત્રીજની. જુઓ આ બીજ છે. પછી ત્રીજ, ચોથ, પાંચમ આ પુણ્યની કળા ખીલે છે એ અંદરમાંથી આવે છે કે ક્યાંથી ખીલે છે એ? બહારનું આવરણ અહીં જાય છે. અહીંયાં અસ્થિરતા ટળીને શુદ્ધ સ્વરૂપની એકાગ્રતા થતાં પરમ નિરંતર અતીન્દ્રિય આનંદના પ્રવાહ દ્વારા ભગવાન આત્મા

પ્રગટ થાય છે. દુઃખી થતો પ્રગટ થાય છે એમ નથી. આનંદ કરતો પ્રગટ થાય છે. આહાહા..!

સમ્યગ્દર્શનમાં પહેલું ચોથું ગુણસ્થાન જેને કહે, પછી પાંચમું શ્રાવકનું અને છઠ્ઠું મુનિનું એ તો ક્યાંય રહી ગયું. પણ ચોથા ગુણસ્થાનમાં પણ ભગવાન આત્મા અતીન્દ્રિય શુદ્ધ પ્રકાશનો આદર કરતા તે પોતાના સંપૂર્ણ સામર્થ્ય દ્વારા રાગ અને વિકલ્પના મદદ વિના અતીન્દ્રિય આનંદ લેતો પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આવી ક્રિયા વળી જૈનધર્મમાં હશે? આ તે કાંઈ જૈનધર્મ હશે આવો? ભાઈ જૈનધર્મમાં તો અમે સાંભળ્યું છે કે એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા, ત્રણ ઈન્દ્રિયા, ચૌ ઈન્દ્રિય, પંચેન્દ્રિયા.. જીવિયા વહોરવિયા તસ્સ મિચ્છામી દુક્કડમ. લ્યો. છ કાયના જીવની રક્ષા કરવી, ચોવિહાર કરવો, કંદમૂળ ન ખાવા. આવું બધું અમે સાંભળ્યું હતું. હવે સાંભળને એ તો પર જડની પરની છે ક્રિયા. એના જરી કદાચ ભાવ થાય દયાનો, હિંસા ન કરવાનો, કંદમૂળ ન ખાવો એ ભાવ હોય તો એ શુભભાવ છે. એ કોઈ જૈનધર્મ નથી. જૈન એટલે વીતરાગ પર્યાય એને જૈનધર્મ કહીએ. રાગભાવને જૈનધર્મ કહેવાય? અને ક્રિયા થાય જડની છૂટવાની એ તો પરદ્રવ્યની ક્રિયા છે.

કહે છે એ '**નિરંતરપણે...**' જોયું! '**आरब्धकेलि**' '**પ્રાપ્ત કર્યું છે પરિણમન જેણે,...**' એવો ભગવાન પ્રગટ થાય છે. '**વળી કેવો છે?**' '**कवलिततमः**' '**દૂર કર્યો છે મિથ્યાત્વ–અંધકાર જેણે,...**' લ્યો અહીં તો ત્યાંથી હેઠેથી વાત લે છે. કહે છે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય પ્રભુ અંતરમાં અંતર્મુખ દૃષ્ટિ કરતાં પોતાના જ્ઞાનની પર્યાયપણે પ્રગટ થતાં સંપૂર્ણ સ્વભાવના સામર્થ્ય દ્વારા અતીન્દ્રિય આનંદ લેતો આત્મા સહજપણે પોતાને પ્રગટ કરે છે. ત્યારે તેને '**મિથ્યાત્વ અંધકાર જેણે,...**' દૂર કર્યો છે. એ પછી મિથ્યાત્વનો અંધકાર એ ચૈતન્યના પ્રકાશના ભાનમાં રહેતો નથી. આ મિથ્યાત્વ એને કહીએ કે આ પુણ્ય-પાપના ભાવ એ મને પુણ્ય પરિણામ એ મને ધર્મ થાય, પાપના ભાવમાં મજા પડે, આ દેહની જડની ક્રિયા એ હું કરી શકું. એ અજીવને જીવને માનનારા મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

'**મિથ્યાત્વ અંધકાર જેણે,...**' દૂર કર્યો છે. '**कवलित**' '**कवलित**' કોળિયો કરી ગયા. ખાઈ ગયો. સમાવી દીધું. નાશ થઈ ગયો. કોળિયો કરી ગયો. ક્યાંય રહી ગઈ. મિથ્યાત્વ પર્યાય ક્યાંય ચાલી ગઈ એમ કહે છે. '**कवलिततमः**' ભગવાન આત્મા ચૈતન્યના તેજ એ દિવ્ય પ્રભુ ચૈતન્યના પ્રકાશના નૂર એને પુણ્ય-પાપના રાગથી ભિન્ન કરીને અંદરમાં પોતાના સ્વભાવના સામર્થ્ય દ્વારા પર્યાયમાં પ્રગટ થતાં, સમ્યગ્દર્શન પ્રગટ થતાં મિથ્યાત્વ અંધકાર નાશ થઈ જાય છે. લ્યો આ ક્રિયા દ્વારા મિથ્યાત્વ નાશ થાય. બીજી કોઈ ક્રિયા દ્વારા મિથ્યાત્વ નાશ થતું નથી. સમજાણું કાંઈ? '**આવો કઈ રીતે થયો છે તે કહે છે–**'

'**तत्कर्म सकलम् अपि बलेन मूलोन्मूलं कृत्वा**' '**કહી છે અનેક પ્રકારની ભાવરૂપ અથવા દ્રવ્યરૂપ ક્રિયા–**' દેખો! શું કહે છે? આ જડની ક્રિયા શરીરની. આમ થાય આમ

આ તો માટીની ક્રિયા છે આ તો. રજકણરૂપી પરમાણુ છે આ માટી. આમ આમ થાય એ બધી જડની ક્રિયા છે. એ જડની ક્રિયા દૂર કરતો. અને ભાવરૂપ. પુણ્ય-પાપના વિકલ્પો જે ભાવરૂપ રાગ એને પણ ક્રિયા **'પાપરૂપ અથવા પુણ્યરૂપ-'** અશુભરૂપ અને શુભરૂપ **'બળજોરીથી ઉખેડી નાખીને અર્થાત્ જેટલી ક્રિયા છે તે બધી મોક્ષમાર્ગ નથી...'** સમજાણું કાંઈ? મિથ્યાત્વનો નાશ થતાં પોતાના આત્મબળથી જેટલી શરીરની ક્રિયા એ જડમાં જાય છે. પુણ્યના પરિણામ એ બંધમાં જાય છે. એ પાપ અને પુણ્યરૂપ બળજોરીથી **'જેટલી ક્રિયા છે...'** .. લગાડ્યો છે હોં. **'પાપરૂપ અથવા પુણ્યરૂપ બળજોરીથી ઉખેડી નાખીને અર્થાત્ જેટલી ક્રિયા છે...'** એય..! કેમકે એને નિમિત્તના અવલંબે જે પ્રગટ થાય છે જે જ્ઞાન. એમ. સમજાણું?

**'જેટલી ક્રિયા છે તે બધી...'** (मूलोन्मूलं कृत्वा) મૂળમાંથી કાઢી નાખીને. મૂળમા ઉખેડી નાખીને. **'બળજોરીથી ઉખેડી નાખીને અર્થાત્ જેટલી ક્રિયા છે તે બધી મોક્ષમાર્ગ નથી...'** સમજાણું કાંઈ? **'એમ જાણી સમસ્ત ક્રિયામાં મમત્વનો ત્યાગ કરીને.'** જ્ઞાતા ચિદાનંદ પ્રભુ સહજાનંદ સ્વરૂપ પરમાત્મા પોતાને જેવું સર્વજ્ઞ પરમાત્માને પૂર્ણ પ્રગટ થયું વીતરાગને. એવો જ મારો આત્મા પૂર્ણ પ્રગટ કરવાને લાયકવાળો, એવું સ્વભાવનું ભાન થતાં **'સમસ્ત ક્રિયામાં મમત્વનો ત્યાગ કરીને.'** વ્યવહારનો વિકલ્પ દયા, દાન મારા છે એ મમત્વ છૂટી ગયું.

**'શુદ્ધ જ્ઞાન મોક્ષમાર્ગ છે...'** શુદ્ધજ્ઞાન એટલે આ પર્યાય હોં. પર્યાય શું, ગુણ શું અને દ્રવ્ય શું? જૈનદર્શનનું મૂળ એક જણો કહેતો હતો ભાઈ .. કહે ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એ બ્રાહ્મણોમાંથી જૈનમાં આવ્યા છે. આવા ને આવા. એક જણાને પૂછયું જ્યારે ઓલામાં. શું કહે છે? ... ૭૯. ૭૯ની સાલમાં. કીધું આ ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ત્રણ શબ્દો આ ૩૨ સૂત્ર અને ૭૧ હજાર શ્લોકમાં આવ્યા ક્યાં? એટલો પ્રશ્ન. ૭૫ના જેઠ મહિનાની વાત છે. .. રાજકોટ.. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ આ શબ્દો ૩૨ સૂત્રના ૭૧ હજાર શ્લોક છે. એના આ શબ્દો ક્યાં આવ્યા? ભાવની પછી વાત. કહે એવી વાત અમારે ચાલતી નથી. જેઠ વદ ચોથ. પાંચમે અમારે.. મગનલાલ હતા. જેઠ વદ પાંચમે ગુજરી ગયા. જુઓ આ ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એ શાસ્ત્રના શબ્દો જે તમે કહો છો એમાં ક્યાં છે? એવી વાત તો આવતી નથી ક્યાંય. પણ ચાલતી નથી આ વીતરાગના મૂળ તત્ત્વની ખબર ન મળે?

એક જણો ૮૮ એના પહેલાની વાત. આ ૭૯ની નહોતી થઈ. કહે કે ઉત્પાદ, વ્યય, ધ્રુવ બ્રાહ્મણને. એલા પણ બ્રાહ્મણમાં કેદી હતા ઉત્પાદ, વ્યય, ધ્રુવ? દરેક આત્મા અને દરેક પરમાણુ ભગવાને કેવળજ્ઞાનમાં છ પદાર્થ જોયા, છ દ્રવ્ય. એમાં અનંતા આત્મા, અનંતા પરમાણુ, અસંખ્ય કાળાણું, એક ધર્માસ્તિ અને આકાશ. દરેકને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં

અનંતાગુણોની શક્તિવાળું તત્ત્વ દરેક દ્રવ્ય, પરમાણુ હોય તો આ રજકણ. અનંતાગુણની નવી પર્યાય ઊપજે છે. પૂર્વની વ્યય થાય, સદશ્યપણું ધ્રુવપણું કાયમ રહે. એ તો વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું? કારણ કે ઉત્પાદ વ્યય નક્કી કરવા જાય, તો તો ઉત્પાદ પોતાથી થાય એમ થયું. પરથી થાય અને કર્મથી થાય એમાં વાંધો ઉઠે તો તો. ધર્મને લઈને આત્મામાં ઉત્પાદ થાય. અરે.. પણ ઉત્પાદ પરને લઈને થાય કે પોતાને લઈને થાય? સમજાણું કાંઈ? અને ઉત્પાદ એટલે કાર્ય છે ખરેખર તો. દરેક દ્રવ્યનું ઉત્પાદ સમય સમયનું કાર્ય છે. એ કાર્યનું કાર્ય પોતે પોતાથી થાય છે. સમજાણું કાંઈ? એમાં તો મહાસિદ્ધાંત પડ્યા છે.

ધ્રુવ વસ્તુ સામાન્ય છે. એ વિશેષપણે ઉત્પાદપણે પરિણમે છે. વિશેષપણે પરિણમે છે એ પોતે સામાન્ય વિશેષપણે પરિણમે છે. ખલાસ બધી વાત આખી ઊડી ગઈ. બીજી ચીજ હોય. સમજાય છે કાંઈ? કાર્યકાળે બીજી હોય, ઉત્પન્નકાળે બીજી હોય, પણ પોતે પોતાથી સામાન્ય વિશેષપણે પરિણમે છે. અને પોતાને જ કારણે દરેક દ્રવ્ય પોતાના ઉત્પાદપણાની પર્યાયને પ્રગટ કરે છે. અહીં પણ એ જ કહે છે જુઓ.

**'સમસ્ત ક્રિયામાં મમત્વનો ત્યાગ કરીને. શુદ્ધ જ્ઞાન મોક્ષમાર્ગ છે એવો સિદ્ધાંત સિદ્ધ થયો.'** અહીં તો ઉપદેશની વાત કરી ને. પર્યાયમાં એ દશા પ્રગટ થઈ કે શુદ્ધ સ્વરૂપ પરમાનંદ ધ્રુવ ત્રિકાળ, એનો અનુભવ કરતાં શુદ્ધ સ્વભાવની પર્યાય પ્રગટ થઈ એ ઉત્પાદ. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઉત્પાદ. એ જ કાળે મિથ્યાત્વનો, અંધકારનો દૂર નામ. વ્યય અને ધ્રુવપણે ત્રિકાળ છે? સમજાણું કાંઈ? એક કલાકમાં યાદ કેટલું રાખવું આમાં? ઘરનો માલ હોય તો યાદ રાખે. કેટલી જાતનું હોય. પાંચ હજાર ચીજો પડી હોય તો કેટલું યાદ રાખે. આનું આ ભાવ, આનો આ ભાવ. આનો આ ભાવ. .. વિષે તો બહુ ભાવ યાદ રાખતો. ... બહુ ભાવ રાખે. કેટલા. ક્યાં માલ પડ્યો, કેટલા ક્યાંથી આવ્યા અને ક્યાંથી આવ્યો અને કેટલો વેચાણો હવે વખારમાં કેટલો પડ્યો એ બધી ખબર હોય.

**શ્રોતા :-** ચોપડા જોઈને કહી દે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચોપડા જોયા વિના કહે. પણ હુશિયાર ધૂળના હુશિયાર હવે જુઓને પડ્યા છે અત્યારે. મરવા પડ્યા છે. અરે.. અમે કાંઈ ન કર્યું. મારી પાસે આવે ને. અમે તો ભેગા રહેલા ને ત્યાં. અરે.. અમને કોઈ સાથ ન મળ્યો હો. શું કીધું? સલાહ-સલાહ. એમ કીધું. હમણા આવ્યા હતા ને અહીંયાં. કોઈ સલાહકાર ન મળ્યો. પણ કીધું હતું ને તને આ ઘણા વખતથી કે આ ધૂળમાં કાંઈ નથી. આમાં બધા મરી જસે આમાં છેલ્લે. એય.. ભાઈ! એમ બોલતા હતા. અંદર બેસેને આવાસમાં કોઈ સલાહકાર મળ્યો નહિ, હવે કાંઈ થાય નહિ. ટાણા હતા ત્યારે કોઈએ સલાહ ન આપી. એય.. છોટાભાઈ! .. મરી ગયા કરી કરીને હોળી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. એના .. મરને તું તારે ત્યાં. કરને પાપ અમારા.. પાપ લાગશે તને. એ શું કરવા કહે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ કે સલાહકાર ન મળ્યા. આપ તો બહુ કહેતા હતા એમ કહે બિચારા. ઘણા ભેગા રહેલા ને. પણ કોઈ એનાથી એમ ન કહેનારો ન મળ્યો કે હવે તમારા શરીર મોળા પડ્યા આ થયા. આ કરવા જેવું છે. કોઈ સલાહકાર ન મળ્યા. હવે કાનમાં બેરાશ, પગ બેલૂલા બે માણસ ઉપાડે ત્યારે ચાલે. શું રૂપિયા કરવા ધૂળ? લાખો રૂપિયા. બાયડી-ભાયડો બે. શું કરે ત્યાં હવે? હાય.. હાય.. ક્યાં જશે?

કહે છે એ ટાણા આવ્યા અને કામ ન કર્યા તો એ ટાણા ખોવાઈ ગયા પછી રોવું પડશે. આહાહા..! માણસ હતો એક ગામમાં હુશિયાર. પછી મરવા ટાણે. આમ લોકો જોવા આવે ને જોવા? એટલે એને એમ થઈ ગયું કે અરે.. મેં કાંઈ કર્યું નથી. આ જોવાવાળા એની દૃષ્ટિમાં એમ તો નથી કહેતા કે આણે કાંઈ કર્યું નથી. એમ રોવે છે. આંખમાંથી આંસુ આવી ગયા. ગામનો ડાહ્યો માણસ હતો. આંસુ આવ્યા. ચાલ્યા. હવે આમાંથી મેં તો કાંઈ આત્માનું ધર્મ બર્મ શું કહેવાય કાંઈ કર્યું જ નથી. આપણે સમજ્યા જ નથી. અને આ બધા કહે છે એલા કાંઈ કર્યું નહિ. પહેલા .. ધમાલ થઈ ગઈ અને ટાણા આવ્યા ત્યારે આ મરવાના. આહાહા..!

કહે છે કે વસ્તુનું સ્વરૂપ ભગવાન આત્મા પોતાની અંતર સંભાળ કરતા શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ થતાં એ ક્રિયાનું મમત્વ છૂટી જાય છે અને શ્રદ્ધા-જ્ઞાનમાં એમ આવે છે કે શુદ્ધજ્ઞાન એ મોક્ષનો માર્ગ છે. બીજો કોઈ મોક્ષમાર્ગ છે નહિ. કહો, સમજાણું આમાં? આહાહા..! '**એવો સિદ્ધાન્ત સિદ્ધ થયો.**' ટાણા આવે ત્યારે કરે નહિ અને ટાણા હોય ત્યારે કહે અરે.. હવે આવું. લ્યો.

'**કેવું છે કર્મ અર્થાત્ ક્રિયા?**' '**भेदोन्मादं**' શું કહે છે? '**શુભ ક્રિયા મોક્ષમાર્ગ છે એવા પક્ષપાતરૂપ ભેદ (અન્તર)...**' એ દયા, દાન, વ્રતના પરિણામ એ ધર્મ છે હોં એ મોક્ષમાર્ગ. એમ માનીને મૂઢ જીવ અનાદિકાળથી એમાં પડ્યો છે. ભેદમાં ઉન્માદ થઈ ગયો છે એને. '**ઘેલાપણું...**' ઘેલપણું. ગાંડો-પાગલ થઈ ગયો છે પાગલ. ભગવાન આત્મા એ પુણ્યના દયા, દાન, વ્રતના વિકલ્પ છે એ રાગ છે. એનાથી એ ભિન્ન છે. એનું એને ભાન નહિ, મૂર્ખ, ગાંડો થઈ ગયો છે. ગાંડો થઈ ગયો. એમ કોઈ કહે તો નહિ. નહિ એ ધર્મ નહિ. રાખ. મરી ગયો મરતા મરતા સુધી આ કરી કરીને. સાધુ નામ ધરાવીને, શ્રાવક નામ ધરાવીને, એ શુભ પરિણામ કરી જે મોક્ષમાર્ગ નથી. એને ઉન્માદ '**ઘેલપણું જેમાં,**

એવું છે.' દુનિયા એને ડાહ્યો કહે.

અહીં તો એ કહે છે કોઈ જગતમાં જૈન નામ ધરાવીને શુભભાવથી ધર્મ મનાવે એ દુનિયામાં તો લોકો ઠીક કહેશે. પણ તું ગાડો થઈ ગયો મૂર્ખ એમ કહે છે અહીંયાં. પાગલ થઈ ગયો પાગલ. આહાહા..! એય..! **'વળી કેવું છે?' 'पीतमोहं' 'ગળ્યું (પીધું) છે વિપરીતપણું જેણે,...'** મિથ્યા શ્રદ્ધા પી ગયો તું. ઊંધી માન્યતા. વ્રત કર્યા, અપવાસ કર્યા, ધૂળ કરી, આ કર્યું. એ શુભરાગનું કદાચિત રાગ મંદ કર્યો હોય તો પુણ્ય. એમાં ગાંડો થઈ ગયો પાગલ. કેમ કે વિપરીત મિથ્યાત્વને પીધું છે. બરાબર છે? ક્યાં ગયા તમારા ધન્યકુમાર? અહીં બેઠા. ઠીક. કહો, સમજાણું આમાં?

શબ્દો કેવા લીધા છે. ભાઈ! એ પુણ્ય દુનિયા ઠીક કહેશે હોં. દુનિયા આગળ આ દુનિયા કહે આહાહા..! શું પણ માર્ગ તો આ હોય હોં. વાત .. કલાક પૂજા કરીએ. કહે છે કે એવા ભાવના, ભેદના રાગમાં પાગલ થઈ ગયો તે મિથ્યાત્વના પરિણામ પીધા છે. ગાંડો થઈ ગયો, પાગલ. દુનિયા કહે છે ડાહ્યો અને અમે કહીએ પાગલ. અરર..! પંડિતજી! આ **'पीतमोहं'** કીધુંને! વિપરીત મોહ પી ગયો છે કહેશે હોં. આહાહા..! ભારે આકરું. માર્ગ તો એવો હોય. એ મલુકચંદભાઈ પૈસાવાળાને એમ કહે પૈસા ખર્ચો ધર્મ થાશે. તો રાજી થાય ફટ દઈને.

**શ્રોતા :-** તો ધર્મ રાખવાથી અધર્મ થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાખવાથી પર થાય. મંદ રાખે. દયા, દાનના ભાવ હોય તો શુભ થાય, પુણ્ય થાય. ધર્મ બર્મ નહિ. એમ કે પૈસા દીધાંને એટલે ત્રણ કાળમાં? પાપ થાય રાગની મમતા ઘટાડે અને રાગની મંદતાથી પુણ્ય થાય. ધર્મ નહિ. આ બધા રાગ છે ને જુઓને. જાત્રા નીકળી તો ધર્મ થયો એમાં ધર્મ થયો. ભાઈ એ તો શુભભાવ છે. ધર્મ તો અંતરમાં શુભ પરિણામથી રહિત શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ ધર્મ છે. પણ આ તો કહે છે અજ્ઞાની. ઓલો મિથ્યાત્વનું નાશ કરીને સવળું કીધું પહેલું. પછી હવે અવળું કીધું આમાં. કે શુદ્ધ જ્ઞાન મોક્ષમાર્ગ એમ ન માનતા ભેદ **'भेदोन्मादं'** એમ કરીને શુભ ક્રિયા એનો પક્ષપાત કરીને. સમજાય છે. આંતરો પડી ગયો શુભભાવમાં ધર્મ છે. શુભભાવમાં ધર્મ છે. એમ કરતા કરતા થાતું હશે? એમ ને એમ થાતું હશે પાધરું?

**શ્રોતા :-** શરૂઆતમાં એમ થાતું હશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શરૂઆતમાં કહે એલ.એલ.બી.ની વાતું કરો મોટી. એય.. છોટાલાલભાઈ! એ બધા દલીલ કરે. એમ પાધરા થઈ જતા હશે? હવે સાંભળને! પાધરો એટલે શું? શુભભાવ છે એ પુણ્ય બંધનું કારણ છે ધર્મ બર્મ નહિ. લાખ તારા વ્રત પાળ અને લાખ તારા દયા, દાન કર, કરોડ અબજો રૂપિયા ખર્ચ. દયામાં, પાંજરાપોળમાં ફલાણે

ઠેકાણે. એ રાગની મંદતા કરી હોય તો પુણ્ય થાય. એમાં પાછા ચોપડા અહીંયાં. છાપામાં આવ્યું કે નહિ? પ્રશંસા આવી કે નહિ? આ તકતી ચોડી કે નહિ? તકતી સમજાણું? તકતી. બહુ મહેનત કરે બિચારા. મારું નામ રાખજો હોં આપીએ ૫૧ હજાર.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. પણ યાદ એનું થયું ને. ત્યાં આપ્યા તો ચોડે .. છે હોં. પરમાત્માના આવ્યા તો કેવા? પરમાત્મા પરમાત્મા છે. આહાહા..! પરમાત્મા તો સર્વજ્ઞ વીતરાગ છે. એને પૈસા કેવા? એ પોતાને માન ખાતર માન વધારે આબરૂ કાઢી. અરે.. ભગવાન! ત્યાં એમાં પુણ્યના ઠેકાણા ન મળે. એ રાગની કષાયની મંદતા થઈ હોય તો થાય.

કહે છે કે પણ મિથ્યાદૃષ્ટિ **'पीतमोहं'** સીધો નિગળી ગયો, પી ગયો અંદર. મોહને પી ગયો હતો. મોહ ભાષા એમ લખી. કર્મને લઈને તેને આમ થયું, કર્મના ઉદયને લઈને તેને મિથ્યાત્વ આવ્યું એમ વાત નથી કરી. તારા પરિણામથી તને થયું છે. સમજાણું કાંઈ? **'કોઈ ધતૂરો પીને ઘેલો થાય છે...'** ધતૂરો પીને ગાંડો થઈ જાય છે. **'એના જેવો તે છે જે પુણ્યકર્મને ભલુ માને છે.'** એમ અજ્ઞાની પુણ્ય પરિણામને અને પુણ્ય કર્મ બંધાય એને ભલું જાણે. ગાંડો પાગલ થઈ ગયો છે કહે. ધતૂરા પીવે અને ગહેલ આમ. શું કહેવાય? ઘૂરી-ઘૂરી ચડી આમ. એમ કહે છે તું પુણ્ય કર્મને મિથ્યાશ્રદ્ધા દ્વારા મિથ્યાદૃષ્ટિ, મિથ્યા પરિણામ દ્વારા એ પુણ્ય કર્મને તું ભલું માને. પુણ્યકર્મ સંસારમાં રખડાવે એને ભલું કેમ કહેવાય? એ તો પહેલું કહ્યું? કુશીલને સુશીલ કેમ કહેવાય? એ પુણ્યને સુશીલ કેમ કહેવાય? એ તો કુશીલ છે. એ ભાવ પણ આત્માનો બગાડ છે. એ કાંઈ આત્માની શાંતિનું કારણ નથી. પુણ્યવાળાને આમ સારું લાગતું હોય ને. જુઓ ભાઈ અત્યારે તમે પુણ્ય કર્યા તો આ પામ્યા. વળી પુણ્ય કરશો તો પામશો.

**શ્રોતા :-** શું પામે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળ. એય..! જુઓને આ છે ને આના છોકરાઓ. આ રહ્યા. ત્રણ કરોડ રૂપિયા એના છોકરા પાસે છે. .. માને છે. ભાન ન મળે .. છોકરા પૈસા.. છોકરાને પૂછ્યું હતું. .. હું બેઠો અંદર. એક છોકરા પાસે બે કરોડ અને બીજા છોકરા પાસે એ કરોડ અને બીજા બે છોકરા પાસે પાંચ-સાત લાખ. ચાર છોકરા. એનો બાપ આ. એના બાપ અહીં બેઠા. તો એ પૈસામાં સુખ હશે કે નહિ? ધૂળમાંય સુખ નથી. અજ્ઞાની એમ કહે. છોકરા પાસે પૈસા. એ છોકરાના ક્યાં પૈસા હતા? એ તો ધૂળના છે. અને પૈસામાંથી એમાં પાંચ-દસ લાખ આપી દે તો શું ધર્મ થતો હશે? સમજાણું કાંઈ?

ભાઈ! એમાં તો રાગની મંદતા હોય છે. દયા, દાન, ભક્તિ, મંદિર, પૂજા આદિ ભાવ હોય એ ભાવ તો શુભ છે. પણ એ પુણ્યને હેય માની લે. દયા એ ધર્મ છે. જુઓ 'દયા

તે સુખની વેલડી.' આવે છે કે નહિ? કઈ દયા? એ તો આત્માના સ્વભાવની પુણ્ય-પાપના ભાવ વિનાની. સવારમાં આવ્યું હતું ને. આત્માની દયા, રક્ષા, અભયદાન. શુદ્ધ ચૈતન્યભાવપ્રાણની રક્ષા એનું નામ અભયદાન, એનું નામ દયા. પરજીવની દયા તો કાંઈ નહિ રાગ છે શુભભાવ હોય. રાગ થાય. પણ એને ભલો જાણીને અટક્યો મિથ્યાત્વનો દારૂ પીધો છે કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અને એ વાત ચાલતી હોય તો સારી લાગે. એમ ભલો થાતો હશે. પણ પાછો પાછી દલીલ કરે. હવે સાંભળને. .. વાત ક્યાં? આ તો હજી એકડાની વાત છે. એ તો આત્મજ્ઞાન થયા પછી સમ્યગ્દર્શન.. અંતર સ્વરૂપમાં રમણતા જંગલમાં મુનિ રહેતા હતા. જંગલમાં મુનિ હોય એને આત્માના આનંદમાં અંદર મશગુલ હોય. જરી એક વિકલ્પ સાધારણ આહાર લેવાનો આવે તો જંગલમાં મુનિ વસતા હતા. એ મુનિનો માર્ગ ભગવાનના માર્ગમાં હતો. આ તો બધો ફેરફાર કરી નાખ્યો લોકોએ. સમજાય છે?

**શ્રોતા :-** આજે માર્ગ તો એ જ છે કે બીજો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ માર્ગ ત્રણ કાળમાં. મુનિપણું તો અંતર આત્માના આનંદનું ભાન થયા પછી, અંતરના આનંદની મઝા માણવા અંતર લીન થવા જંગલમાં ચાલ્યા જાય છે. ચક્રવર્તી હો, ચક્રવર્તીના દીકરા હો. રહે જંગલમાં એકલા-એકલા. વાત પણ ક્યાં કરવા નવરા છે. આહાહા..!

ભગવાન અતીન્દ્રિય આનંદનો અંદરથી ચડ્યો છે. અંદરમાં ઝરતો હોય આનંદ. ચારિત્ર એટલે શું? એને ગણધર નમસ્કાર કરે. ચાર જ્ઞાન અને ચૌદપૂર્વને ધરનાર ગણધરના ચારિત્ર કેવા. આવા માને. લોકો માને છે એવા નહિ. સમજાણું કાંઈ? 'નમો લોએ સવ્વ સાહુણં' ગણધર કરતા હશે કે નહિ? ગૌત્તમસ્વામીએ બાર અંગની રચના કરી. નમો લોએ સવ્વ સાહુણં કરતા હશે કે નહિ? ભગવાનપણે બિરાજે છે ગણધર મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. એ ગણધર પણ નમો લોએ સવ્વ. હે સાધુ! તારા ચરણકમળમાં મારા નમસ્કાર એ તે કેવા સાધુ હશે? બાપુ અંદરમાં આનંદની કેલી કરતા હોય છે. અતીન્દ્રિય આનંદને પ્રગટ કરીને એ અતીન્દ્રિય આનંદના ઘૂંટડા પીતા હોય છે. એવા અંતર દશા એને તોય વિકલ્પ ઉઠે શુભરાગ. એવા જીવને પણ કાંઈક બોલું, કહું. એની પાસે કંઈક સાંભળું એવો વિકલ્પ આવે શુભ. પણ એને એ ધર્મ માનતા નથી. સમજાણું કાંઈ?

'વળી કેવું છે?' '**भ्रमरसभरात् नाटयत्**' (भ्रम) નામ '**ભ્રાન્તિ, તેનો અમલ, તેનું અત્યંત ચડવું,...**' એ કેફ ચડી ગયો ઊંધો. એમ કહે છે. નશો ચડી ગયો નશો. એ શુભભાવને ધર્મ માને નશો ચડી ગયો મિથ્યાત્વનો તને. '**भ्रमरस**' ભ્રમ. ધોખો થયો છે હોં. ઊંધો પડ્યો છે. '**અમલ, તેનું અત્યંત ચડવું, તેનાથી નાચે છે,...**' એ નાચે છે મિથ્યાત્વરૂપી પરિણમનમાં. શુભ ક્રિયાનો રાગ, એવા રાગથી ધર્મ માનીને મિથ્યાત્વ પીધેલો છે. ભ્રમણામાં

ઘેલછાપણે પડી ગયો. અમલ ચડી ગયો છે, નશો ચડી ગયો છે. એ પુણ્યના પરિણામથી ભિન્ન ભગવાન આત્મા, એની શ્રદ્ધા-જ્ઞાનથી ભ્રષ્ટ થઈ ગયો છે. સમજાણું કાંઈ? કેટલું સ્પષ્ટ કરે છે. (नाटयत्)

**'ભાવાર્થ આમ છે—જેમ કોઈ ધતૂરો પીને સૂધ જવાથી...'** સૂધ જવાથી. ભાન ભૂલ્યો. ધતૂરો પીધો ને શુદ્ધતા ગઈ. **'નાચે છે, તેમ મિથ્યાત્વકર્મના ઉદયે શુદ્ધસ્વરૂપના અનુભવથી ભ્રષ્ટ છે.'** મિથ્યાત્વ છે ને. ભાવ મિથ્યાત્વના પરિણામ કરવાથી એ મિથ્યાત્વ દર્શનમોહના ઉદયમાં જોડાવાથી મિથ્યાત્વ પરિણામને લઈને **'શુદ્ધસ્વરૂપના અનુભવથી ભ્રષ્ટ છે.'** ભગવાન આત્મા નિર્મળાનંદ પુણ્ય-પાપના રાગ વિનાનો, એના સ્વરૂપથી અજ્ઞાની ભ્રષ્ટ છે.

**'શુભ કર્મના ઉદયે જે દેવ આદિ પદવી,...'** લ્યો! આ પુણ્યને લઈને મળે શું દેહ. આ આદિ નામ આ શેઠિયા બે, પાંચ, દસ કરોડના આસામી થાય ધૂળમાં.


**શ્રોતા** :- રાજા થાય તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- રાજા થાય તો પણ ધૂળનો. શું છે રાજામાં? હતુ શું રાજા? જુઓ દેવાદિ શબ્દ છે ને?

શુભકર્મથી દેવ થયો કે મનુષ્ય થયો **'તેમાં રંજિત થાય છે...'** લીન લીન થઈ જાય છે. ઓહોહો..! અમે શેઠિયા, અમે દેવ, અમે મોટા માનવ, મોટા માનવ. મોટા માણસ નથી કહેતા? અમે મોટા માણસ. અમારી સાથે તમારે ઓછું બોલવું. ઓહોહો..! શું મોટો .. થઈ ગયો. ..

**'હું દેવ, મારે આવી વિભૂતિ,...'** આહાહા..! **'તે તો પુણ્યકર્મના ઉદયથી; આવું માનીને વારંવાર રંજિત થાય છે.'** એમ પુણ્યથી ધર્મ માન્યું છે તો એ પુણ્યના ફળમાં રંજાઈમાન થઈ જઈશ કહે છે. મૂઢ થઈને આ પૈસા મને મળ્યા, મિથ્યાત્વ મને મળ્યા. મૂઢ થઈને ચાર ગતિમાં રખડશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



## પાઠકોની નોંધ માટે

શ્રી કુંદકુંદ–કહાન શ્રુતપ્રભાવના પરિવાર

દુબઈ